POWDER COATED
FOLDING RACK
15+ COLOR
Wholesale price as per shop/ showroom size
CUSTOMIZED
RION INDUSTRIES
FACTORY R. K. IND. ZONE-6 KUCHIYADAL TA. DIST. RAJKOT.
Rangoli FURNITURE
DHEBAR ROAD, RAJKOT.
99094 44485
97239 18483

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

જેઠ વદ-૬ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૧૭-૬-૨૦૨૫ - મંગળવાર | રાજકોટ (સીટી)

દિપકભાઈ-૯૮૨૫૩ ૫૭૧૨૪ • મહેશભાઈ-૯૭૨૫૭ ૪૫૭૪૩
રવા નાનખટાઇ
કેસર રોલ
ચોકોજામ નાનખટાઇ
ચોકો વેનીલા નાનખટાઇ
હોલસેલ અને કોર્પોરેટ ગીફ્ટ માટે પણ ઉપલબ્ધ
250 g - 500 g 1 kg પેક
ધી બોમ્બે બેકરી
સદર બજાર મેઈન રોડ, રાજકોટ

વર્ષ : ૩૯ અંક : ૨૫૩ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT

### વરસતા વરસાદ વચ્ચે પણ લોકો શ્રધ્ધાંજલી આપવા ઉમટી પડયા : અભૂતપૂર્વ દ્રશ્યો

# સ્વ.વિજયભાઈ રૂપાણીનો નશ્વરદેહ પંચતત્વમાં વિલીન



**રાજકોટ સહિત પુરા સૌરાષ્ટ્રે આપી અશ્રુભીની વિદાયઃ અંતિમયાત્રામાં લાખો ઉમટયાઃ યાત્રાના દરેક માર્ગ પર સૌના ચહેરા પર સ્વજન ગુમાવ્યાનો વિષાદઃ પુત્ર ઋષભે મુખાગ્નિ આપી**

**રાજયપાલ આચાર્ય દેવવ્રત, કેન્દ્રીય મંત્રી અમીત શાહ, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, બે કેન્દ્રીય મંત્રીઓ સી.આર.પાટીલ તથા મનસુખભાઈ માંડવીયા, ભાજપના સંગઠન મહામંત્રી બી.એલ.સંતોષ, સ્વ.વિજયભાઈના જૂના સાથીઓ, વર્તમાન મંત્રીમંડળના સભ્યો, સમાજના દરેક વર્ગના લોકો જોડાયાઃ રાજકોટના પનોતા પુત્રને જબરૂ સન્માન**

રાજકોટ: ગઈકાલે રાજકોટમાં જેટલી મેઘવર્ષા થઈ તેટલીજ અશ્રુવર્ષા પણ થઈ હતી અને એ આંસુ વહ્યા રાજકોટના પનોતા પુત્ર અને ગુજરાતના પુર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના અંતિમ દર્શન માટે ઉમટેલી માનવ મેદની ગુજરાતના દિવંગત ને અત્યાર સુધીમાં અપાયેલી સૌથી ભવ્ય અને લાગણીસભર વિદાય હતી... અમદાવાદની વિમાની દુર્ઘટનામાં દિવંગત થયેલા પુર્વ મુખ્યમંત્રી સ્વ.વિજયભાઈ રૂપાણીને રાજકોટએ વરસતા વરસાદમાં માર્ગની બંને તરફ ૧ લાખથી વધુ લોકોએ એકત્ર થઈને તથા લાંબા રૂટ પર પગપાળા ચાલીને અંજલી આપી હતી તે તેમાં રાજયપાલ આચાર્ય

(અનુસંધાન ૪ મા પાને)

## ગઢડામાં ૧૪, પાલીતાણા-શિહોરમાં ૧૦-૧૦, બોટાદ-જેસરમાં ૯-૯ ઈંચ વરસાદ

# ભાવનગર-બોટાદ-અમરેલીમાં તૂટી પડતા મેઘરાજાઃ ૬૦નુ રેસ્કયુ



**સૌરાષ્ટ્રભરમાં ચોમેર વરસાદઃ જુનાગઢ-ગીર સોમનાથ-રાજકોટ- મોરબી-સુરેન્દ્રનગર જીલ્લામાં પણ સાર્વત્રિક ૬ ઈંચ સુધીનો વરસાદ**

રાજકોટ તા.૧૭

સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના ભાગોમાં નૈઋત્ય ચોમાસાની વિધિવત એન્ટ્રી સાથે જ મેઘકૃપા શરૂ થઈ ગઈ હોય તેમ સમગ્ર સૌરાષ્ટ્ર હળવા-ભારે વરસાદમાં ભીંજાયુ હતું. ખાસ કરીન ભાવનગર-અમરેલી તથા બોટાદ જીલ્લામાં મેઘરાજાએ ભુકકા કાઢયા હતા. અનરાધાર વરસાદને કારણે આ જીલ્લાઓમાં ૬૫ લોકોનું રેસ્કયુ કરવામાં આવ્યુ હતું. કચ્છમાં પણ મેઘરાજાએ મહેર વરસાવી હતી.

ભારતમાં નૈઋત્ય ચોમાસાના વ્હેલા આગમન બાદ અધવચ્ચે અટવાઈ ગયા બાદ રવિવારથી ફરી સક્રીય શરૂ થયુ હતું. આગળ વધવા સાથે જ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના સાગરકાંઠાના ભાગોમાં પ્રવેશ કરી લીધો હતો અને તે સાથે જ સમગ્ર સૌરાષ્ટ્રમાં મેઘસવારી શરૂ થઈ હતી.

**રેસ્કયુ માટે હેલીકોપ્ટરની મદદ લેવાઈઃ તલગાજરડા-રાતોલમાં ૩૫ વિદ્યાર્થી, પીપાવાવ પોર્ટમાં ૨૪ તથા સાવરકુંડલા પંથકમાં ૬ ને બચાવાયા**

સૌરાષ્ટ્રના તમામ ભાગોમાં હળવો-ભારે વરસાદ હતો પરંતુ ભાવનગર, અમરેલી તથા બોટાદમાં જોર વધુ હતું. બોટાદ જીલ્લામાં અનરાધાર વરસ્યો હોય તેમ ગઢડામાં ૧૪ ઈંચ ખાબકયો હતો. બોટાદ શહેરમાં ૧૧ ઈંચ, બરવાળામાં અઢી ઈંચ તથા રાણપુરમાં બે ઈંચ વરસાદ થયો હતો.

ભાવનગર જીલ્લામાં પણ મેઘરાજા તૂટી પડયા હતા. પાલીતાણા તથા શિહોરમાં ૧૨-૧૨ ઈંચ વરસાદ ખાબકયો હતો. મહુવામાં ૯ ઈંચ, જેસરમાં ૧૧ ઈંચ, ઉમરાળામાં સાડા દસ ઈંચ વરસાદ થયો હતો. ભાવનગર શહેરમાં સાડા ત્રણ ઈંચ, ગારીયધારમાં ૬ ઈંચ, ઘોઘામાં અઢી ઈંચ, તળાજામાં ૬ ઈંચ તથા વલ્લભીપુરમાં સાડા છ ઈંચ વરસાદ નોંધાયો હતો.

(અનુસંધાન ૧૨ મા પાને)

### ન્યુઝ ફલેશ

**આજી-૧, ભાદર-૧માં પાણીની આવકના શુકન : સૌની યોજનાનું પાણી બંધ કરાયું**

## ઈરાન પર હવે અમેરિકા પણ ત્રાટકશે?

# તહેરાન ખાલી કરો! ટ્રમ્પની ધમકીઃ જી-૭ સમિટ અધવચ્ચે છોડી

તહેરાન તા.૧૭

મધ્યપુર્વમાં પાંચ દિવસથી ઈઝરાયેલ-ઈરાન વચ્ચે ભડકેલા યુધ્ધમાં કોઈ સમાધાન નથી અને વધુ ભડકી રહ્યું

**ઈઝરાયેલ-ઈરાન વચ્ચે સામસામા હુમલા ચાલુઃ આખીરાત ઘમાસાણ**



છે ત્યારે એક ગંભીર વળાંક અંતર્ગત અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે લોકોને તહેરાન ખાલી કરી દેવાની ચેતવણી આપી છે. એટલુ જ નહીં જી-૭ દેશોની બેઠક છોડીને પરત ફરી ગયા છે. આ સંજોગોમાં અમેરિકા યુદ્ધમાં ઝંપલાવે છે કે યુદ્ધવિરામ માટેના નિર્ણાયક પ્રયત્નો કરે છે તેના પર મીટ માંડવામાં આવી રહી છે.

ઈઝરાયેલ-ઈરાન વચ્ચેનો જંગ પાંચમા દિવસમાં પ્રવેશ્યો છે. ઈઝરાયેલ હજુ ઈરાનના અણુ કાર્યક્રમનો ધ્વંશ કરી

(અનુસંધાન ૧૨ મા પાને)

**યુદ્ધ-તનાવ રોકવાના જી-૭ રાષ્ટ્રોના પ્રસ્તાવમાં સહી નહીં કરવા ટ્રમ્પની જાહેરાતઃ અમેરિકામાં તાકિદની સુરક્ષા પરિષદની બેઠક**

### ઈરાન યુદ્ધ વિરામ માટે કરગરયુઃ ઈઝરાયેલે કહ્યુ હજું મોટા હુમલા આવે છે

તહેરાનઃ પાંચ દિવસના ઈઝરાયેલી હુમલામાં તબાહ થઈ રહેલા ઈરાને હવે યુદ્ધ વિરામ માટે આરબ દેશોને મધ્યસ્થી કરવા અપીલ કરી છે. જો કે ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામીન નેતાનયાહુએ હાલ કોઈ રીતે યુદ્ધ રોકાશે નહી એવું જાહેર કરીને ઉમેર્યુ કે ઈઝરાયેલે ઈરાનના આકાશ પર સરસાઈ સ્થાપી દીધી છે અને હજુ મોટા હુમલા આવી રહ્યા છે.

**આરબ દેશો પાસે ખોળા પાથરતુ ઈરાન**

ઈરાન જે છેલ્લા પાંચ દિવસથી ઈઝરાયેલના ભીષણ હુમલાનો ભોગ બની રહ્યો. તેણે આરબ દેશોને મધ્યસ્થી બનવા અપીલ કરી છે અને કહ્યું છે તે અમેરિકા અને ઈઝરાયેલ પર દબાણ વધારે તે જરૂરી છે. પણ નેતાન યાહુએ હુકાર કરતા કહ્યું કે હુમલા રોકાશે નહીં. અમો ઈરાનને તેના અણુ કાર્યક્રમને ખત્મ કરીને જંપીશુ. સૂત્રોના જણાવ્યા મુજબ અમેરિકા પણ હવે પુરી રીતે ઈઝરાયેલની સાથે છે અને ઈરાનને દબાણમાં લાવી તેના અણુ કાર્યક્રમોને પુરી રીતે ખત્મ કરશે તે નિશ્ચિત છે.

### ઈઝરાયેલનો બોમ્બ પડતા જ મહિલા એન્કર ભાગ્યાઃ જો કે ફરી લાઈવ પ્રસારણ શરૂ કર્યુ

**ઈરાનીયન ટીવીના એન્કરની ખામેનેઈ એ પ્રશંસા કરીઃ ઈરાનનો અવાજ ગણાવ્યો**

તહેરાન તા.૧૭

ઈઝરાયેલે ઈરાનની રાજધાની તહેરાનમાં ગઈકાલે કરેલી બોમ્બવર્ષામાં અહીના સરકારી ટીવી ચેનલ આઈઆરઆઈબી મેઈન બિલ્ડીંગને પણ નિશાન બનાવ્યુ હતું અને ઈઝરાયેલના બોમ્બ પડતા જ ટીવી પ્રસારણ વચ્ચેથી રોકી દેવુ પડયુ હતું અને સમગ્ર ઈમારતમાં ધુમાડા



અને આગ દેખાવા લાગ્યા હતા જયારે બોમ્બ ઝીકાયો ત્યારે ટીવી એન્કર સહરા ઈમામી સમાચાર વાંચી રહ્યા હતા જેનો એક વિડીયો વાયરલ થયો છે. લાઈવ પ્રસારણ સમયે જ બોમ્બ ઝીકાતા ટીવી ચેનલના આ રૂમમાં પણ ધુમાડો ફેલાઈ ગયો હતો અને સ્ક્રીન પર પણ કંઈ દેખાતુ ન

(અનુસંધાન ૧૨ મા પાને)

## નવો કાયદો લાવવાની સરકારની તૈયારી

# ઓનલાઈન દવાના વેચાણ પર લગામ કસવા તૈયારી

### ડોકટરના પ્રિસ્ક્રીપ્શનની અવગણના થતી હોવાની ફરિયાદો

નવી દિલ્હી તા.૧૭

માત્ર ૧૦થી૬૦ મિનિટમાં ઓનલાઈન દવા પહોંચાડવાની સુવિધા આપનાર ઈ-ફાર્મસી પ્લેટફોર્મ પર હવે સરકારની સખ્ત નજરે છે. સરકાર તેને તપાસના ક્ષેત્રમાં લઈ જઈ રહી છે અને તેના પર અંકુશ માટે નવો કાનૂન લાવવાની તૈયારીમાં છે. ખરેખર તો સરકારને સતત એ બાબતની ફરિયાદો મળી રહી છે કે ઓનલાઈન પ્લેટફોર્મ માત્ર ડોકટરની ચિઠ્ઠીને એ દવાઓ માટે આંખ આડા કાન નથી કરી રહી, જેના માટે જરૂરી છે, બલકે સુરક્ષા સાથે જોડાયેલા અન્ય નિયમો ન માનવાના પણ આરોપ છે.

સ્વાસ્થ્ય મંત્રાલયના એક અધિકારી મુજબ, ઈ-ફાર્મસી પ્લેટફોર્મના બાબતે




ફરિયાદો હવે એ સ્તરે પહોંચી ચુકી છે કે હજુ પણ જો કાર્યવાહી ન કરવામાં આવી તો આગળ દર્દીઓની સુરક્ષા સાથે ચેડા થઈ શકે છે.

એક અહેવાલ મુજબ ઓનલાઈન દવા મંગાવનારા લોકોમાં સતત વધારો થઈ રહ્યો છે અને તેની સાથે આ સેવામાં તમામ નવી કંપનીઓ પગલા લઈ રહી છે. હાલ આ વર્ષ ફોન પે અને પીનકોડએ બેંગલુરુ, પુણે, મુંબઈ જેવા શહેરોમાં ૧૦ મિનિટમાં દવા પહોંચાડવાની સેવા શરૂ કરી છે. દવા ઈન્ડિયા પણ પૂણેમાં ૬૦ મીનીટમાં ડિલીવરી આપી રહી છે.

ટાટા ૧ એમજી, ફાર્મસી અને નેટમેડસ જેવી મોટી કંપનીઓ તો અગાઉથી જ આ બજારમાં છે. સરકારને એવી ફરિયાદો મળી છે કે તેમના ડાર્ક સ્ટોર્સમાં સફાઈ વગેરેની કમી છે. તેના પહેલા ફુડ ડિલીવરીના ડાર્ક સ્ટોર્સમાં પણ અનેક ખામીઓ બહાર આવી હતી.

કાયદામાં ફેરફારની જરૂરત કેમ?: સૂત્રોનું કહેવું છે કે હજુ ભારતમાં ઈ-ફાર્મસી

(અનુસંધાન ૧૨ મા પાને)

# સાન ફ્રાન્સીસ્કોથી મુંબઈ આવતી એર ઈન્ડિયાની ફલાઈટમાં ટેકનિકલ ખરાબી આવતા કોલકાતામાં યાત્રીઓને ઉતારાયા

### સદભાગ્યે કોઈ અનિચ્છનીય બનાવ નહીં, અમદાવાદની પ્લેન ક્રેશની ઘટના બાદ રાખવામાં આવતી સાવચેતી



કોલકતા તા.૧૭

અમેરિકાના સાન ફ્રાન્સીસ્કોથી કોલકતા થઈને મુંબઈ આવતી એર ઈન્ડિયાની ફ્લાઈટમાં મંગળવારે સવારે ટેકનીકલ ખામી આવી હતી. યાત્રીઓને કોલકાતાના નેતાજી સુભાષચંદ્ર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઉતારવા પડયા હતા. ફલાઈટના ડાબા એન્જીનમાં ટેકનીકલ ખરાબી આવી ગઈ હતી. આ કારણે કોલકાતાથી મુંબઈ ઉડાન ભરવામાં મોડું થયું હતું.

વિમાનમાંથી બધા યાત્રીઓને ઉતરવાનું કહેવામાં આવ્યું હતું. વિમાનના કેપ્ટને યાત્રીઓને જણાવ્યું હતું કે ઉડાનની સુરક્ષાની દ્રષ્ટિએ આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે એર ઈન્ડિયાની ફલાઈટ એઆઈ-૧૮૦ નિર્ધારિત સમયે સાન ફ્રાન્સીસ્કો એરપોર્ટથી રવાના થઈ હતી, જો કે કોલકતા એરપોર્ટ પર મધરાતે ૧૨.૪૫ વાગ્યે પહોંચવા પર તેના ડાબા એન્જીનમાં ખરાબી આવી ગઈ હતી. આથી બધા યાત્રીઓને ઉતારવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં અમદાવાદમાં લંડન જતી એર ઈન્ડિયાની ફલાઈટ ક્રેશ થતા ૨૭૦થી વધુ લોકોના મોત થયા હતા. આ ઉપરાંત તાજેતરમાં હોંગકોંગથી દિલ્હી જઈ રહેલી એર ઈન્ડિયાની ફલાઈટ એઆઈ ૩૧૫ને ઉડાન દરમિયાન ટેકનીકલ

(અનુસંધાન ૧૨ મા પાને)

# સુપ્રિમ કોર્ટની ઓફિસના કામકાજના સમયમાં બદલાવ

### શનિવારે પણ અડધો દિવસ ચાલુ રહેશે

નવી દિલ્હી તા.૧૭

સર્વોચ્ચ અદાલત દ્વારા તેની ઓફિસ-રજીસ્ટ્રીના કામકાજના સમયમાં બદલાવ જાહેર કર્યો છે. ૧૪મી જુલાઈથી તે અમલી બનશે.

સુપ્રિમકોર્ટના નિવેદન પ્રમાણે બંધારણની કલમ ૧૪૫ હેઠળના અધિકાર તથા રાષ્ટ્રપતિની મંજુરી સાથે કરાયેલા ફેરફાર મુજબ સુપ્રીમકોર્ટની રજીસ્ટ્રી દર મહિનાના બીજા તથા ચોથા શનિવારે બંધ રાખવાનો નિયમ રદ કરાયો છે અને તેના બદલે શનિવાર જાહેર રજા તથા આંશિક કામકાજના દિવસો સિવાય સર્વોચ્ચ અદાલતની કચેરી સવારે ૧૦થી સાંજે ૫ વાગ્યે કાર્યરત રહેશે. અરજન્ટ ન હોય તે સિવાય ૪.૩૦ વાગ્યા બાદ નવા કેસ દાખલ નહીં કરાય.

આ સિવાય આંશિક કામકાજના દિવસો સિવાય શનિવારે સુપ્રિમકોર્ટની કચેરી સવારે ૧૦થી બપોરે ૧ વાગ્યા સુધી ખુલ્લી રહેશે અને આ દિવસોમાં બપોરે ૧૨ વાગ્યા બાદ નવા કેસ દાખલ નહીં કરાય.

જોઈએ છે
કાલાવડ રોડ ઉપર ઘરનું પરચુરણ કામ તથા રસોઈ કામમાં મદદ કરી શકે તેવા (બહેન)
સમય : સવારે 9 થી સાંજે 7.30
Mo. 96389 13232

### એક સ્વજન ગુમાવ્યા હોય તેવી લાગણી 'સાંજ સમાચાર' પરિવારે અનુભવી

# પારિવારિક આત્મીયતાઃ અંતિમયાત્રામાં કરણભાઈ સતત સાથે રહ્યા

## સ્વ.વિજયભાઈ રૂપાણીની અંતિમયાત્રા 'સાંજ સમાચાર' કોર્પોરેટ હાઉસે પહોંચતા જ લાગણીસભર દ્રશ્યો સર્જાયાઃ પુર્વીબેન તથા અનુજાબેન શાહે સ્વ.ને પુષ્પાંજલી- અંજલીબેન રૂપાણીને સાંત્વના આપી


કરણભાઈ શાહે અંતિમ દર્શન કર્યા


પાર્થિવદેહને પુષ્પ અર્પણ


મેહુલભાઈ રૂપાણી


'સાંજ સમાચાર' કોર્પોરેટ હાઉસ બહાર ઋષભ રૂપાણીને સધિયારો આપતા કરણભાઈ શાહ અને 'સાંજ સમાચાર' પરિવાર


મુક્તિધામમાં મુખાગ્નિ આપતા ઋષભ રૂપાણી


પરિવારજનોને હિંમત આપી


આખરી વિદાય




(તમામ તસ્વીરો : દેવેન અમરેલીયા, ભાવિન રાજગોર, પંકજ શીશાંગીયા)

વિજયભાઈ અમર રહો ના નારા લાગ્યા

રાજકોટ: અમદાવાદમાં સર્જાયેલી વિશ્વની દુર્ઘટનામાં જયારે એ ફલાઈટમાં પુર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી પણ હતા તે સમાચાર જયારે આવ્યા તો સાંજ સમાચાર પરિવારમાં પણ ખૂબજ ઉચાટ સર્જાઈ ગયો. પુર્વ મુખ્યમંત્રી અને સાંજ સમાચાર પરિવાર અને ખાસ કરીને સાંજ સમાચારના તંત્રી પ્રદિપભાઈ શાહ તથા શ્રી અંકુરભાઈ અને કરણભાઈ સાથેનો તેમનો નાતો એ દશકાઓથી પરિવાર જેવો જ રહ્યો છે અને તેથી જ વિજયભાઈની વિદાય એ સાંજ સમાચાર પરિવાર માટે એક ખૂબજ નજીકના ગાઢ સ્નેહીની વિદાય બની રહી છે. તે સમયે ગઈકાલે સ્વ.ની અંતિમયાત્રા જયારે સાંજ સમાચાર

## કરણભાઈ શાહે નાનાભાઈ સમાન ઋષભ રૂપાણીને ગળે લગાડી દુઃખમાં સહભાગી હોવાનો અહેસાસ દર્શાવ્યોઃ રાત્રીના છેક અંતિમવિધિ સુધી સતત હાજર રહ્યા

કોર્પોરેટ હાઉસ પહોંચી તો પરિવારના પુર્વીબેન શાહ, અનુજાબેન શાહ તથા કરણભાઈ શાહે સ્વ.પાર્થિવ દેહને પુષ્પાંજલી આપીને નમન કર્યા હતા અને ખાસ કરીને પુર્વીબેન શાહ તથા અનુજાબેન શાહે સ્વ.ના ધર્મપત્ની અંજલીબેનને દિલાસો આપ્યો હતો. લાગણીસભર એક દ્રશ્ય જે સૌની આંખો ભીની કરી ગયુ તે સ્વ.વિજયભાઈ રૂપાણીના પુત્ર ઋષભ રૂપાણીને સાંજ સમાચારના એકઝીકયુટીવ એડીટર- કરણભાઈ શાહે ગળે મળીને સાંત્વના આપી તો એક મોટાભાઈ તેમના નાનાભાઈની દુઃખની ઘડીએ તેમની સાથે જ હોય તેવો અહોભાવ દેખાયો એટલું જ નહી શ્રી કરણભાઈ શાહે બાદમાં અંતિમયાત્રામાં જોડાઈને છેક સુધી પગપાળા ચાલીને રૂપાણી-શાહ પરિવારની આત્મીયતા દર્શાવી સ્વ. રૂપાણીના નિવાસે પણ તેઓએ શ્રદ્ધાંજલી આપી અને ત્યારબાદ પણ સાથે રહીને અંતિમયાત્રાના અંતિમ પડાવ સમાન રામનાથ સ્મશાનમાં પણ પરિવારના સભ્યની જેમ જ સામેલ રહ્યા. સ્વ.વિજયભાઈની 'સાંજ સમાચાર'ની દરેક મુલાકાત એ પારિવારિક પ્રસંગ જેવી બની રહેતી હતી તે અને બન્ને પરિવારનો જે નાતો છે. તે નવી પેઢી સુધી આગળ વધ્યો છે. સ્વ.ના નિધન પર 'સાંજ સમાચાર' તેટલું જ શોકાતૂર બની ગયુ છે જે પુરૂ રાજકોટ આજે અનુભવે છે.

# સાંજ સમાચાર




## દેશ - વિદેશના સચોટ સમાચાર ઝડપથી વાંચવા માટે આજે જ ડાઉનલોડ કરો સાંજ સમાચાર મોબાઈલ એપ

GET IT ON Google Play

Download on the App Store

( એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો )

TWITTER
@sanj_news

FACEBOOK
@Sanj Samachar

YOUTUBE
SanjSamachar Video News

INSTAGRAM
@sanjsamachar

TELEGRAM
Sanj Samachar

WEBSITE
www.sanjsamachar.net

( સોશિયલ મીડિયા પર 'સાંજ સમાચાર' ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો )

96622 96699

( વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ "Hi" મેસેજ કરો )

# સૌરાષ્ટ્રના ઈતિહાસની સૌથી ગરિમાપૂર્ણ વિદાય

રાજકોટ–સૌરાષ્ટ્ર, ગુજરાતના ઈતિહાસમાં લગભગ કોઇ મહાનુભાવની આટલી ગરિમાપૂર્ણ અને લોકોના પ્રેમથી છલકાતી, તિરંગા સન્માન સાથેના પ્રોટોકોલ સાથેની આ કદાચ પહેલી અંતિમ યાત્રા હતી. સ્વ. વિજયભાઇ રૂપાણીનો પાર્થિવદેહ તેમના નિવાસસ્થાને ગઇકાલે દર્શનાર્થે રાખવામાં આવતા કેન્દ્ર સરકાર, રાજય સરકાર, ભાજપ, સંઘ પરિવારના તમામ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. ૨૧ સલામી અને ત્રણ ફાયર સાથે તેમને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવતા હાજર લોકોની આંખ ભીની થઇ હતી. આટલી વસમી વિદાય રાજકોટના લોકોએ કદાચ કયારેય જોઇ નથી. આપણા નેતાને વિદાય આપવા ગ્રીન લેન્ડ ચોકડીથી નિર્મલા રોડ અને ત્યાંથી રામનાથ પરા સુધીના રસ્તે ચાલુ વરસાદે પણ લોકો ઉમટયા હતા. જે અંતિમ વિદાયની તસ્વીરો પણ કઠણ કાળજાના માનવીને દુઃખી કરી ગઇ હતી.



### સ્વ. વિજયભાઇને શોકમગ્ન શ્રદ્ધાંજલી


ગૃહમંત્રી અમિતભાઇ શાહ, રાજયપાલ દેવવ્રતજી, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલ, બી.એલ.સંતોષજી, કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલ, પુનમબેન માડમ, 'સાંજ સમાચાર'ના યુવા એકઝીકયુટીવ કરણભાઇ શાહ, પ્રદીપસિંહ વાઘેલા, જીતુભાઇ વાઘાણી, આર.સી.ફળદુ, મનસુખભાઇ માંડવીયા, પ્રદીપસિંહ જાડેજા, પૂર્ણેશભાઇ મોદી, કાંતિભાઇ અમૃતિયા, ધનસુખભાઇ ભંડેરી, નીતિનભાઇ ભારદ્વાજ



૨૧ ગન સેલ્યુટ, ત્રણ ફાયર સાથે ગાર્ડ ઓફ ઓનર



અમિતભાઇ શાહે અંતિમ દર્શન કર્યા



પાર્થિવદેહ સાથેના મોક્ષરથ ફરતે લોકોની ભીડ



રૂપાણી પરિવાર પ્રત્યેના પ્રેમ–ઋણનો સ્વીકાર કરતા અંજલીબેન



અંતિમ દર્શન માટે કતાર



ઋષભ રૂપાણીએ પિતાની અર્થીને કાંધ આપી



અમિતભાઇ શાહે હિંમત આપી



સૌની સહાનુભૂતિ અંજલીબેનને પહોંચાડતા અમિતભાઇ



અંજલીબેને કર્યા અંતિમ દર્શન

રાજકોટના દરેક માર્ગ પર ૧ લાખથી વધુ લોકો અંતિમયાત્રા માટે ઉમટયા

# ગુજરાતના ઈતિહાસમાં સૌથી વિશાળ-હૃદયસભર અંતિમ સન્માન

## બપોરે ૩ વાગ્યે પ્રારંભ થયેલી અંતિમયાત્રા-મહાનગરના વિવિધ માર્ગો પરથી સ્વ.ના નિવાસને અને બાદમાં રામનાથપરા સ્મશાનઘાટ સુધી દરેક સ્થળે લોકો ધ્રુસકે ચડયા

### સ્વ.વિજયભાઈ

(પહેલા પાનાનું ચાલુ)

દેવવ્રત, કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ, કેન્દ્રીય મંત્રી તથા ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ શ્રી સી.આર.પાટીલ, કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયા, ભાજપના રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી બી.એલ.સંતોષ તથા રાજયના મંત્રીઓ અને ભાજપ અગ્રણીઓ તથા સમાજના દરેક વર્ગના લોકો આ અંતિમ વિદાય માનમાં જોડાયા હતા. ગઈકાલે બપોરે અમદાવાદના વિમાન માર્ગે સ્વ. રૂપાણીનો પાર્થિવ દેહ વિમાનમાર્ગે આવી પહોંચ્યા બાદ રાજકોટના ગ્રીનલેન્ડ ચોકડીથી બપોરે ૩ વાગ્યે શરૂ થયેલી અંતિમયાત્રામાં ઠેર ઠેર લોકોએ સ્વ.ના અંતિમ દર્શન અને શ્રદ્ધાંજલી આપવા માટે ઉમટયા હતા. મહિલાઓ ખાસ કરીને તેમના આંસુ રોકી શકતી ન હતી.

જેમ જેમ અંતિમયાત્રા આગળ વધતી ગઈ તેમ તેમ માનવ પ્રવાહ વધતો ગયો હતો અને હળવા વરસાદ વચ્ચે પણ તે અવિરત ચાલુ જ રહ્યો હતો. રાજકોટના વિવિધ માર્ગો પરથી પસાર થઈને અંતિમયાત્રા સ્વ.ના નિવાસ પ્રકાશ સોસાયટીએ પહોંચી તો તે સમયે સ્વ.વિજયભાઈના કુટુંબીજન જેવા બની ગયેલા આસપાસની સોસાયટીના રહેવાસીઓ હીબકે ચડયા હતા.

આ અંતિમયાત્રામાં ખાસ હાજરી આપવા આવેલા રાજયપાલ આચાર્ય દેવવ્રત, કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમીત શાહ, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તથા કેન્દ્રીયમંત્રી મનસુખભાઈ માંડવીયા તથા ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ શ્રી સી.આર.પાટીલ ભાજપના રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી બી.એલ.સંતોષ સહિતના મહાનુભાવો પણ સ્વ.રૂપાણીના નિવાસે પહોંચી ગયા હતા. અહી તેઓએ સ્વ.ના પાર્થિવદેહને શ્રદ્ધાંજલી આપીને પરિવારના સભ્યો- શ્રીમતી અંજલીબેન તથા ઋષભ રૂપાણી અને અન્યને સધિયારો આપ્યો હતો. સ્વ.ના નિવાસે જૈન ધર્મની પરંપરા મુજબ અંતિમ વિદાય વિધિ કર્યા બાદ તેમના પાર્થિવ દેહને નજીક જ મહાદેવ મંદિરના પ્રાંગણમાં દર્શનાર્થે રખાયો હતો. જયાં પણ લોકોએ પોતાની ભાવભીની શ્રદ્ધાંજલી આપી હતી. સ્વ.વિજયભાઈ રૂપાણીને અપાયેલુ આ સન્માન તથા તેમના નિવાસે બાદમાં ગાર્ડ ઓફ ઓનરમાં રાજય સરકારના પોલીસ બેન્ડે કરૂણ સુરાવલી છેડી હતી તથા ઉંધી બંદૂકથી સલામી આપીને હવામાં ધડાકા કરી અંતિમ વિદાય આપી હતી.

હાલમાં જ અમેરિકાથી પરત ફરેલા સ્વ.ના પુત્રએ હિન્દુ ધર્મની પરંપરા મુજબ હાથમાં દોણી લઈને પિતાની અંતિમયાત્રાને તેમના નિવાસેથી સ્મશાન સુધીની યાત્રાનો પ્રારંભ કરાયો તો સૌની આંખો ફરી એક વખત આંસુથી ઉભરાઈ ગઈ હતી. ભાગ્યે જ કોઈએ આ દ્રશ્યોની કલ્પના કરી હશે તે સ્થિતિ સર્જાઈ હતી. અંતિમયાત્રા આગળ વધતા રાજકોટના વિવિધ માર્ગો પરથી પસાર થઈ અને રાત્રીના પણ લોકો સ્વ.ને વિદાય આપવા માટે રાહ જોતા હતા. રામનાથપરા સ્મશાનગૃહ ખાતે પણ હજારો લોકો ઉમટયા હતા તથા સ્વ.વિજયભાઈ રૂપાણીને વિદાય આપવા રાજયપાલ, કેન્દ્રીય ગૃહમંત્રી તથા મુખ્યમંત્રી અને કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા સહિતના મહાનુભાવો પણ રાત્રીના ૧૦ સુધી સ્મશાનગૃહમાં રોકાયા હતા અને વિજયભાઈ રૂપાણી પ્રત્યેની તેમની લાગણી પ્રદર્શિત કરી હતી. સ્વ.ના પુત્ર ઋષભે પિતાને મુખાગ્ની આપી હતી તે સમયે સૌ ગમગીન બની ગયા હતા. સ્વ.વિજયભાઈ રૂપાણીના પરિવારજનો, મિત્રો, સ્વજનો આ બધુ પુરૂ રાજકોટ બની ગયું હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા.

## સ્વ.ના નિવાસે કેન્દ્રીયમંત્રી સહિતના મહાનુભાવોએ શ્રદ્ધાંજલી આપી- પરિવારને સધિયારો આપ્યો અને છેક સુધી સાથે રહ્યા

## વિજયભાઈ અમર રહો, ભારત માતા કી જયના નારાઃ વરસતા વરસાદ વચ્ચે પણ અંતિમ દર્શન માટે કતારો; સ્વ.ના પાર્થિવદેહ પર લપેટાયેલો ત્રિરંગો પણ ફુલોસભર બન્યો



(તમામ તસ્વીરો : દેવેન અમરેલીયા, ભાવિન રાજગોર, પંકજ શીશાંગીયા)

### મહાનુભાવોની હાજરી

- ★ રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રત
- ★ કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમીત શાહ
- ★ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ
- ★ પુર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નિતીનભાઈ પટેલ
- ★ પુર્વ રાજયપાલ શ્રી વજુભાઈ વાળા
- ★ ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ
- ★ કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા
- ★ ભાજપના સંગઠન મહામંત્રી બી.એલ.સંતોષ
- ★ વર્તમાન કેબીનેટ મંત્રી શ્રી મુળુભાઈ બેરા
- ★ પુર્વ કેબીનેટ મંત્રી શ્રી આર.સી.ફળદુ, પ્રદીપસિંહ જાડેજા, ભુપેન્દ્રસિંહ, ગોવિંદભાઈ પટેલ, પુર્વ સાંસદ મોહનભાઈ કુંડારીયા, ભાજપના ઉપપ્રમુખ શ્રી ભરતભાઈ બોઘરા પુર્વ મહામંત્રી પ્રદીપસિંહ વાઘેલા, રાજકોટના ધારાસભ્ય ઉદય કાનગડ, કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, ધારાસભ્ય દર્શિતાબેન શાહ, ધારાસભ્ય શ્રી રમેશભાઈ ધડુક, પુર્વ મંત્રી શ્રી કિરીટસિંહ રાણા, જીલ્લા પંચાયતના સભ્ય પ્રવિણાબેન રંગાણી, પુર્વ મેયર બિનાબેન આચાર્ય સહિતના મહાનુભાવો હાજર હતા.

### વિજયભાઈના સાથીદારોએ જવાબદારી સંભાળી

રાજકોટઃ શહેર ભાજપમાં સ્વ.વિજયભાઈ રૂપાણી એક મેન્ટર જેવા બની રહ્યા. ખાસ કરીને બીજી પેઢીના નેતૃત્વના ઘડતરમાં તેમનો ફાળો એટલો જબરો હતો કે જેના કારણે રાજકોટ શહેર ભાજપ એ ગુજરાત ભાજપનું પાવર હાઉસ બની રહ્યુ હતુ અને ગઈકાલે આ પાવરહાઉસના સભ્યો જેઓ સ્વ.રૂપાણી પરિવાર સાથે જેનો નાતો અતૂટ અને સ્નેહસભર રહ્યો છે તે શ્રી નીતીનભાઈ ભારદ્વાજ એ પુરી અંતિમયાત્રામાં સતત છેક છેલ્લે સુધી આગળ ચાલીને વ્યવસ્થા કરી હતી તો શ્રી ધનસુખભાઈ ભંડેરીએ સ્વ.ના ઘર તથા અંતિમદર્શન માટેની તમામ વ્યવસ્થા જોઈ હતી અને તેની સાથે કમલેશ મીરાણી, કશ્યપ શુકલ, ભાજપ શહેરના પુર્વ પ્રમુખ મુકેશ દોશી, વર્તમાન પ્રમુખ માધવ દવે અને મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા જોડાયા હતા.

### મહાદેવ મંદિરમાં સ્વ.વિજયભાઈ રૂપાણીને ૨૧ ગનની સેલ્યુટ અપાઈ

ગઈકાલે રાજકોટમાં યોજાયેલી અંતિમ યાત્રા જયારે સ્વ.ના નિવાસે પહોંચી પછી પ્રકાશ સોસાયટીના મહાદેવ મંદિરના પ્રાંગણમાં સ્વ.ના પાર્થિવ દેહને દર્શન માટે રખાયો હતો. આ બાદ અંતિમયાત્રા પુર્વે રાજયના પોલીસદળ દ્વારા સ્વ.ને ૨૧ ગનથી સેલ્યુટ અપાઈ હતી.

## પુજીત રૂપાણી ટ્રસ્ટના લાભાર્થીઓ તો ચોધાર આંસુએ રડયા સ્વ.વિજયભાઈની રાજકોટ સાથેની લાગણી અને રાજકોટની સ્વ.પ્રત્યેનું સન્માન ઠેર ઠેર જોવા મળ્યું

સ્વ.શ્રી વિજયભાઈ રૂપાણી મુખ્યમંત્રી બન્યા પછી રાજયની ચિંતા કરવાની સાથે રાજકોટની પણ ખાસ ચિંતા કરી હતી. મોસાળે જમણ અને મા પીરસનાર જેવી સ્થિતિ રાજકોટે તે સમયે અનુભવી તેના પ્રતિબિંબ ગઈકાલે અંતિમયાત્રામાં જોવા મળ્યા હતા. જયાં ગ્રીનલેન્ડ ચોકડીથી સ્મશાન સુધી લગભગ ૧૦૦થી વધુ સ્થળોએ સ્વ.ની અંતિમયાત્રા પસાર થઈ તેમાં દરેક સ્થળો પર લાગણીસભર દ્રશ્યો જોવા મળ્યા. લોકો એ અંતિમયાત્રા વાન અટકાવીને પણ સ્વ.ને શ્રદ્ધાંજલી આપી હતી અને તેમાં પુજીત રૂપાણી ટ્રસ્ટ જેના સારથી સ્વ. વિજયભાઈ રૂપાણી હતા. તેમના લાભાર્થી-કર્મચારીઓ તથા સ્વયંસેવકો માટે તો સ્વ.ની વિદાય એક વસમી ઘડી હતી તો ભુપેન્દ્ર રોડ જયાં સ્વ.નુ જુનુ ઘર હતુ તે દિવાનપરા સહિતના વિસ્તારના લોકો માટેનો શેરીમાં રમતા છોકરાઓ પણ વિજયભાઈને ઓળખતા હતા તે દ્રશ્યો જોવા મળ્યા હતા.

## વિજયભાઈ રૂપાણી પરિવારના નિવાસસ્થાને પૂ.નમ્રમુનિ મ., પૂ.સ્મિતાબાઈ મ.આદિ મહાસતી વૃંદે માંગલિક ફરમાવ્યું

### ગોંડલ સંપ્રદાય વતી જૈન અગ્રાણી ચંદ્રકાંતભાઈ શેઠ તથા અન્ય જૈન અગ્રાણીઓએ પરિવારને સાંત્વના પાઠવી

રાજકોટ તા.૧૭ લોકલાડીલા પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નિવાસસ્થાને રૂપાણી પરિવારને માંગલિક ફરમાવવા રાષ્ટ્રસંત પૂ.નમ્રમુનિ મ. ઉપરાંત પૂ.સ્મિતાબાઈ મહાસતીજી, પૂ.જયોતિબાઈ મહાસતીજી, પૂ. પરમસંબોધિજી મ. તથા પૂ. પરમ દિવ્યતાજી મહાસતીજી પધારેલા હતા અને માંગલિક ફરમાવેલ હતું.


આ પ્રસંગે ગોંડલ સંપ્રદાય વતી જૈન સમાજના અગ્રાણી ચંદ્રકાંતભાઈ શેઠ, સુજીતભાઈ ઉદાણી, ઋષભભાઈ શેઠ, સંજયભાઈ શેઠ, જીમ્મી શાહ, સેતુરભાઈ દેસાઈ, નીતિનભાઈ, ટી.આર. દોશી, જગુભાઈ દોશી, જીતુભાઈ વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને પરિવારને સાંત્વના આપી હતી.

## ભૂપેન્દ્ર રોડ પર આવેલ વિજયભાઈ રૂપાણીનું જૂનું ઘર : જયાં જયાં પૂર્વ મુખ્યમંત્રીનું આત્મીય જોડાણ રહ્યું ત્યાં યાત્રાને રોકવામાં આવી

રાજકોટ : ગઈકાલે પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની અભૂતપૂર્વે અને ઐતિહાસિક અંતિમ યાત્રા નીકળી હતી. અમદાવાદ થી રાજકોટ હીરાસર એરપોર્ટ પર લેન્ડ થયા બાદ ગ્રીનલેન્ડ ચોકડી થી શ્રધ્ધાંજલી યાત્રા શરૂ થઈ જ્યાં શરૂઆતથી માનવ મહેરામણ ઉમટ્યું. પરંતુ તે સમયે અને અંતિમ યાત્રા સમયે જ્યાં જ્યાં વિજયભાઈનું અટેચમેન્ટ રહ્યું છે ત્યાં ગાડી ઊભી રાખવામાં આવી હતી. પેડક રોડ પર પૂજિત ટ્રસ્ટ હોય, કે પછી ''સાંજ સમાચાર પ્રેસ'', ભૂપેન્દ્ર રોડ પર આવેલ તેમનું જૂનું ઘર હોય, વગેરે સ્થળો પર થોડી જ ક્ષણો માટે શબવાહિની ઊભી રાખવામાં આવી હતી.




શ્રદ્ધાંજલી



સ્વ. વિજયભાઈ રમણિકભાઈ રૂપાણી
સ્વ. તા.૧૬/૦૬/૨૦૨૫, સોમવાર

કલ્પી ન શકાય તેવી તમારી અણધારી વિદાય અમ સૌના કાળજા કંપાવી ગઈ
મન હજુ માનતુ નથી કે આપ અમારી વચ્ચે નથી તમો સદાય
અમારે મન જીવંત છો પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

લી.
સાઈનીંગ એન્જીનીયરીંગ એન્ડ ફાઉન્ડર્સ પ્રા.લી.
સર્વે નં.૮૧-૮૨, સાઈનીંગ ગેટ, આનંદી આશ્રમ પાસે, શાપર
વિજય પટેલ - મેનેજીંગ ડાયરેકટર



MARWADI CHANDARANA GROUP
Marwadi University
Marwadi Chandarana Group


ગુજરાત ના પૂર્વ મુખ્યમંત્રી, રાજકોટ ના પનોતા પુત્ર,
શ્રી વિજયભાઈ રૂપાણી
ને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



કેતનભાઈ મારવાડી - જીતુભાઈ ચંદારાણા
મારવાડી ચંદારાણા ગ્રુપ પરિવાર



શ્રધ્ધાંજલી



સ્વ. વિજયભાઈ રમણિકભાઈ રૂપાણી
સ્વ. તા.૧૬/૦૬/૨૦૨૫, સોમવાર

પ્રખર રાષ્ટ્રવાદી રાજપુરૂષ
પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને
ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

લી.
આજી G.I D.C. ઈન્ડસ્ટ્રિયલ એસોસિયેશન





સ્વ. વિજયભાઈ રૂપાણી
સ્વ.તા.૧૨/૦૬/૨૦૨૫

શ્રદ્ધાંજલિ
પ્રખર રાષ્ટ્રવાદી રાજપુરૂષ
પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને
ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

ભાડલીયા પરિવાર
અશોકભાઈ ભાડલીયા - સિધ્ધાર્થ એન્જી. કોર્પો
કીશોરભાઈ ભાડલીયા - સપના એન્જી. કોર્પો
ઘનશ્યામભાઈ ભાડલીયા - શીતલ એન્જી. કોર્પો
રાજુભાઈ ભાડલીયા - સાગર એન્જી. કોર્પો
જતીનભાઈ ભાડલીયા - બાલાજી માર્કેટીંગ
સાવનભાઈ ભાડલીયા - પાર્થ એન્જી. કોર્પો






રાજકોટ મશીનરી ડીલર્સ એસોસીએશન દ્વારા શ્રદ્ધાંજલી
સ્વ. વિજયભાઈ રમણિકભાઈ રૂપાણી
સ્વ. તા. ૧૬-૬-૨૦૨૫, સોમવાર

રાજકોટના સર્વાંગી વિકાસ ના સ્વપ્નદ્રષ્ટા, પ્રજાવત્સલ લોકસેવક
અજાતશત્રુ રાજપુરૂષ વિજયભાઈ રૂપાણીને ભાવાંજલિ...

રાજકોટ મશીનરી ડીલર્સ એસોસીએશન
જયંતિભાઈ કે. ટીલવા - પ્રમુખશ્રી • અશ્વિનભાઈ સી. પટેલ - મંત્રીશ્રી
જીતેન્દ્રભાઈ એન. મહેતા - ઉપ પ્રમુખશ્રી • મુકેશભાઈ આર. વડગામા - સહ મંત્રીશ્રી
પ્રકાશભાઈ એમ. કોરડીયા - ટ્રેઝરર

: કારોબારી સભ્યશ્રી :
પિયુષભાઈ એમ. પટેલ — જીતેશભાઈ આર. પરસાણીયા
પ્રકાશભાઈ સી. અંબાણી — વરૂણભાઈ એ. પટેલ
રાકેશભાઈ બી. રૂપારેલ — નીલેશભાઈ જે. પનારા
વિપુલભાઈ વી. કણસાગરા — અતુલભાઈ સી. કુંવારદીયા




## વિજયભાઈ રૂપાણીના નિધનથી ભાજપ સંગઠનમાં મોટી ખોટ: ચમનભાઈ સિંધવ

રાજકોટ,તા.૧૭

સ્વ. વિજયભાઈ રૂપાણીનું નિધન થતા રાજકોટ- ભારતીય જનતા પાર્ટી સંગઠન માં મોટી ખોટ પડેલ છે.તેમ ચમનભાઈ સિંધવ, (પ્રભારી, બક્ષીપંચ મોરચા સુરેન્દ્રનગર જિલ્લા)એ જણાવેલ છે.

અરવિંદભાઈ મણિયાર, ચીમનભાઈ શુકલ, કેશુભાઈ પટેલ, સ્વ. અભયભાઈ ભારદ્વાજ પછી રાજકોટ એ એક વિરલ વ્યકિતત્વ ધરાવતા તમામ સમાજ સાથે રાખીને ચાલતા નાના માણસોના દુ:ખમાં સહભાગી મૂલ્યનિષ્ઠ રાજકીય નેતા સ્વ. વિજયભાઈ



રૂપાણીની વિદાય વસમી બની છે.

સ્વ.વિજયભાઈ રૂપાણીજીના સ્વભાવમાં સાદગી, સૌમ્યતા અને સદવિચાર દ્રષ્ટિની ઝાંખી જોવા મળતી હતી. તેઓ માત્ર એક નેતા નહોતા, પરંતુ જનમાનસના હ્રદયમાં વસેલા શ્રદ્ધેય કાર્યકર હતા. તેમના શાસનકાળ દરમિયાન ગુજરાતના વિકાસ યાત્રામાં અનેક મહત્વપૂર્ણ ઐતિહાસિક પગલાં ભરવામાં આવ્યા હતા.

કોમનમેનથી સી.એમ સુધીની સફરમાં ‘‘ વાદ નહીં, વિવાદ નહીં સંવાદ‘‘ થી સરકાર અને સંગઠનને બેખૂબી રીતે મજબૂત બનાવ્યું છે. તેમના કરેલા સેવાકીય કાર્યો ક્યારેય ભુલાશે નહીં.























# સવારથી બોટાદ-સુરેન્દ્રનગર-ભાવનગર જીલ્લામાં મેઘરાજાનુ 'દે ધનાધન': બરવાળામાં ૬.૫ ઈંચ

## સાયલામાં બે કલાકમાં મુશળધાર ચાર ઈંચ, મુળીમાં ૫, ઉમરાળામાં ૪.૭૫, બોટાદમાં ૪.૨૫ ઈંચ

**છેલ્લા સમાચાર**

રાજકોટ તા.૧૭

નૈઋત્ય ચોમાસાએ સમગ્ર સૌરાષ્ટ્ર સહિત ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં પ્રવેશ કરી લીધો છે. વરસાદી સિસ્ટમ સક્રીય હોય તેમ આજે સવારથી ફરી બોટાદ, ભાવનગર જેવા જીલ્લાઓમાં દે ધનાધન વરસાદ ખાબકયો હતો. બોટાદના બરવાળામાં સાડા છ ઈંચ પાણી વરસ્યુ હતું. સુરેન્દ્રનગરના સાયલામાં બે કલાકમાં ચાર ઈંચ સહિત સાડા પાંચ ઈંચ વરસાદ થયો હતો.

હવામાન વિભાગના સૂત્રોએ કહ્યું કે બોટાદના બરવાળામાં સવારે ૬થી બપોરે ૨ વાગ્યા સુધીમાં સાડા છ ઈંચ વરસાદ થતા તમામ વિસ્તારો જળબંબાકાર થયા હતા. સુરેન્દ્રનગર સાયલામાં ૫.૫૦ ઈંચ વરસાદ થયો હતો. તેમાંથી ચાર ઈંચ તો બપોરે ૧૨થી૨ વાગ્યા સુધીના બે કલાકમાં જ વરસ્યો હતો. સુરેન્દ્રનગરના મુળીમાં ૫ ઈંચ વરસાદ પડયો હતો. આ સિવાય ભાવનગરના ઉમરાળામાં પોરા પાંચ ઈંચ, બોટાદમાં સવા ચાર ઈંચ, સુરેન્દ્રનગરના ચુડામાં સાડા ત્રણ, બોટાદના રાણપુરમાં સાડા ત્રણ ઈંચ વરસાદ હતો. વઢવાણમાં તથા હળવદમાં સવા બે ઈંચ વરસાદ પડયો હતો. શિહોરમાં અઢી ઈંચ પાણી વરસ્યુ હતું. મધ્ય ગુજરાતના આણંદના પેટલાદમાં ૩ ઈંચ, અમદાવાદના ધંધુકા તથા ધોલેરામાં અઢી ઈંચ વરસાદ હતો.

હવામાન વિભાગના રિપોર્ટ પ્રમાણે સવારથી બપોર સુધીમાં રાજયના ૧૫૧ તાલુકામાં સામાન્યથી ભારે વરસાદ થયો હતો.

ગુજરાતમાં લો-પ્રેસર હોવાના કારણોસર વરસાદી સિસ્ટમ સક્રીય છે અને વધુ વરસાદ થવાની સંભાવના છે.

# ગુરૂવારથી DEO દ્વારા ૨૫ ખાનગી શાળા સંચાલકોના હિયરીંગ

## પાઠ્ય પુસ્તકો, ગણવેશ, સ્કૂલબેગ, ચોકકસ સ્થળેથી ખરીદ કરવા છાત્રોને ફરજ પડાયાની ફરિયાદ બાદ હવે રૂબરૂ સુનાવણી માટે હાજર થવા શાળા સંચાલકોને ફરમાન

રાજકોટ તા.૧૮

વિદ્યાર્થીઓને ચોકકસ સ્થળેથી પાઠય પુસ્તકો, દફતર, યુનિફોર્મ ખરીદવાની ફરજ પાડવા સબબ શહેરના ૨૫ જેટલા શાળા સંચાલકોને નોટીસ ફટકારવામાં આવ્યા બાદ આ શાળા સંચાલકોના હિયરીંગ આગામી તા.૧૯ને ગુરૂવારથી ઈન્ચાર્જ જિલ્લા માધ્યમિક શિક્ષણાધિકારી દિક્ષિત પટેલ દ્વારા હાથ ધરવામાં આવનાર છે.

આ અંગે ઈન્ચાર્જ જિલ્લા માધ્યમિક શિક્ષણાધિકારી દિક્ષિત પટેલનો સંપર્ક કરાતા તેઓએ જણાવ્યું હતું કે જેઓને નોટીસ આપવામાં આવેલ છે તેઓના હિયરીંગ તા.૧૯ને ગુરૂવારથી ચાર દિવસ યોજાશે જે બાદ આગળની કાર્યવાહી હાથ ધરાશે.

અહીં એ ઉલ્લેખનીય છે કે રાજકોટમાં કેટલીક ખાનગી શાળાઓ વિદ્યાર્થીઓને ચોકકસ સ્થળે જ પાઠય પુસ્તકો, ગણવેશ, સ્કૂલબેગ તેમજ સ્ટેશનરી ચોકકસ સ્થળેથી ખરીદ કરવા માટે વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને ફરજ પાડી રહ્યાની ફરિયાદો ઉઠી હતી. આ મામલે વિદ્યાર્થી આગેવાનો દ્વારા પણ જિલ્લા શિક્ષણાધિકારીને રજૂઆત કરવામાં આવી હતી.

જે બાદ ઈન્ચાર્જ જિલ્લા માધ્યમિક શિક્ષણાધિકારી દ્વારા આ ૨૫ જેટલી ખાનગી શાળાઓનો નોટીસ ફટકારી ખુલાસો પૂછવામાં આવેલ હતો. જેના હિયરીંગ હવે તા.૧૯ને ગુરૂવારથી ચાર દિવસ ગોઠવવામાં આવેલ છે.

અહીં એ ઉલ્લેખનીય છે આ મામલે ઈન્ચાર્જ શિક્ષણાધિકારી પટેલ દ્વારા રાજકુમાર કોલેજ મહાત્મા ગાંધી સ્કૂલ, ઉડાન સ્કૂલ, વાસુદેવ વિદ્યાલય, વિદ્યા આરાધના, અંબીકા, સર્વોદય, તપોવન, ક્રિષ્ના વિદ્યાલય ખોડાપીપર હાઈસ્કુલ, જ્ઞાનદિપ વિદ્યાલય, વિપુલ વિદ્યાલય, રામકૃષ્ણ વિદ્યાલય, વિનય મંદિર, સહજાનંદ વિદ્યાસંકુલ, સહિતની ૨૫ શાળાઓને નોટીસ ફટકારવામાં આવી હતી.

શું અમેરિકા પણ ઈરાન પર ત્રાટકશે!

# ટ્રમ્પ કેમ અચાનક અમેરિકા પરત ફર્યા! સસ્પેન્સ

## યુધ્ધ કારણ નથીઃ ખુદ ટ્રમ્પે પોસ્ટ કરીઃ માટે બીજી મહત્વની બાબતો જોવાની છે



વોશિંગ્ટનઃ કેનેડામાં ચાલી રહેલી જી-૭ દેશોની શિખર પરિષદ વચ્ચેથી છોડીને ડોનાલ્ડ ટ્રમ્પ જે રીતે વોશિંગ્ટન પરત ફર્યા તેમાં ઈઝરાયેલ-ઈરાન વચ્ચેનું યુધ્ધ કારણ અંગે ખુદ પ્રમુખ ટ્રમ્પે તેમના સોશ્યલ મીડીયા હેન્ડલ પર કહ્યું કે મારે બીજા મોટા કામ છે અને તેથી હું વોશિંગ્ટન પરત ફરી રહ્યો છું. અગાઉ ટ્રમ્પની અમેરિકા વાપસીને ફ્રાન્સના પ્રમુખ ઈમાનુલ મેકોનીએ એવું દર્શાવ્યું કે ઈઝરાયેલ-ઈરાન વચ્ચે યુધ્ધ વિરામ કરાવવા પ્રમુખ ટ્રમ્પ જી-૭ બેઠક છોડી ગયા છે પણ ટ્રમ્પે વોશિંગ્ટન પરત ફરતા તેમના સોશ્યલ મીડીયા હેન્ડલ ટુ સોશ્યલ પર લખ્યું કે હું આ યુધ્ધ નહી બીજા મોટા કારણથી વોશિંગ્ટન પાછો જઈ રહ્યો છે. ટ્રમ્પે અગાઉ ઈરાનને તેનું પાટનગર તહેરાન ખાલી કરવા જાણાવ્યું હતું. જેથી એવો ભય ફેલાયો કે હવે અમેરિકા પણ ઈરાન પર હુમલો કરવા જઈ રહ્યું છે. અગાઉ વ્હાઈટ હાઉસના પ્રવકતા કેરોલીન એ દાવો કર્યો કે ટ્રમ્પને અનેક મહત્વની બાબતો જોવાની છે અને તેથી તેઓ કેનેડાથી પરત ફરી રહ્યા છે પણ કઈ મહત્વની બાબતો છે. તે અંગે કોઈ માહિતી આપી ન હતી. તેથી સસ્પેન્સ વધ્યો છે. માનવામાં આવે છે કે જે રીતે અમેરિકામાં ટ્રમ્પ સામે વિરોધ વધી રહ્યો છે તેથી તેઓ હવે એ બાબત પર ધ્યાન આપવા માંગે છે.

# ઈરાને અણુશસ્ત્રો છોડવા જ પડશેઃ અમેરિકા પહોંચતા જ ડોનાલ્ડ ટ્રમ્પની ચેતવણી

ઈરાન પરના ઈઝરાયેલના હુમલા સંદર્ભમાં આજે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે યુધ્ધ વિરામ અંગે કહ્યું કે ઈરાને તેના તમામ અણુશસ્ત્રો છોડવા જ પડશે તો જ યુધ્ધનો અંત આવશે. શ્રી ટ્રમ્પ કેનેડામાં જી-૭ દેશોની શિખર પરિષદ અધુરી છોડીને અમેરિકા પરત ફર્યા છે. તેઓએ અગાઉ એવુ કહ્યું હતું કે કંઈક ખોટુ થવાનુ છે. હવે તેમાં ટ્રમ્પનું પુનરાગમન શું મોટું હશે તે પ્રશ્ન છે.

# અમદાવાદ દુર્ઘટનાઃ ૧૬૨ના ડીએનએ મેચ થયાઃ રાજયમંત્રી હર્ષ સંઘવીનું ટવીટ

અમદાવાદની વિમાની દુર્ઘટનામાં આજે બપોરે ૨ વાગ્યા સુધીમાં ૧૬૨ લોકોના ડીએનએ મેચ થયા છે તેવું ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ ટવીટ કરીને માહિતી આપી હતી. અગાઉ ગઈકાલના રિપોર્ટ મુજબ ૧૦૧ મૃતકોના પાર્થિવ દેહ સુપ્રત કરાયા હતા.

ટ્રમ્પે જાણે સમિટમાં મેસેજ આપ્યો-તે કેનેડાને ૫૧મું રાજય માને છે!

# જી-૭ સમિટમાં ટ્રમ્પ અમેરિકાની સાથે સાથે કેનેડાનો પણ ફલેગ કોટમાં લગાડીને પહોંચ્યા!

## ટ્રમ્પ બિઝનેસ ડીલના ડોકયુમેન્ટ બતાવી રહ્યા હતા ત્યારે પેજ નીચે પડતા બ્રિટનના પીએમ સ્ટાર્મરે ઉઠાવી લીધા?



કનનાસ્કિસ (કેનેડા) તા.૧૭

કેનેડાના અલ્બર્ટા પ્રાન્તના કનતાસ્કિસમાં જી-૭ની શરૂઆત થઈ ગઈ છે. સમિટના પહેલા દિવસે વન-ટુ-વન વાર્તા, રાઉન્ડ ટેબલ મીટીંગ અને ફેમિલી ફોટો સેશન થયું હતું. આ સમિટ દરમિયાન ટ્રમ્પે અમેરિકા અને કેનેડાની સાથેના ઝંડા વાળી પીન પોતાના કોટ પર લગાવી હતી. જેણે સૌનું ધ્યાન ખેંચ્યું હતું. ઉલ્લેખનીય છે કે ટ્રમ્પ કેનેડાને અમેરિકાનું ૫૧મું રાજય બનાવવા માગે છે.

**ટ્રમ્પથી ડીલના પેજ પડી ગયા, બ્રિટિશ પીએમે ઉઠાવીને આપ્યા**

જી-૭ સમિટ દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને બ્રિટનના પીએમ કીર સ્ટાર્મર વચ્ચે દ્વિપક્ષીય મુલાકાત થઈ હતી. ટ્રમ્પ પ્રેસની સામે બિઝનેસ ડીલના ડોકયુમેન્ટ દેખાડી રહ્યા હતા, ત્યારે ફાઈલના કેટલાક પાના નીચે પડી ગયા હતા. ત્યારે ટ્રમ્પે બ્રિટીશ પીએમ સ્ટાર્મરને કહ્યું હું માફી માગુ છું, અહીં થોડી અવા આવી રહી છે સ્ટાર્મરે કહ્યું-આ ખૂબજ મહત્વના કાગળો છે. ત્યારબાદ સ્ટાર્મર નીચે પડેલા પાના ઉઠાવવા લાગે છે.

**ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોની વાત પર ઈટલીના પીએમ મેલોની શોકડ**

જી-૭ મીટીંગ દરમિયાન ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોએ ઈટલીના પીએમ મેલોનીને કંઈક એવું ધીરેથી કહ્યું કે મેલોનીના ચહેરા પર શોકીંગ રિએકશન પેદા થયા હતા. સોશિયલ મીડિયા પર તેમના રિએકશનની ચર્ચા થઈ રહી છે.

જી-૭માં પહેલા સેશનની રાઉન્ડ ટેબલ બેઠક થઈ હતી. કેનેડાના પીએમ માર્ક કાર્નીએ જણાવ્યું હતું કે અમેરિકા, જાપાન, જર્મની, ફ્રાન્સ, યુનાઈટેડ કિંગ્ડમ અને ઈટલી નેતા એક સાથે બેઠા છે. દુનિયા આપણી તરફ જોઈ રહી છે. આગામી બે દિવસ સમિટમાં ખુલીને ચર્ચા કરીશું.

યુરોપિયન કાઉન્સીલ ચીફ એન્ટોનિયો પોસ્ટાએ જી-૭ સમિટમાં ટ્રમ્પ સાથે મુલાકાત કરી હતી. તેમણે ફૂટબોલ સ્ટાર ક્રિસ્ટીયાનો રોનાલ્ડોની સાઈન વાળી જર્સી ગિફટ કરી હતી, બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટાર્મર જી-૭ સમિટ પહેલા ઓટાવામાં પબ્લિક ટ્રાન્સપોર્ટની બ્રેમ્પટન ટ્રાન્ઝીટ બસમાં યાત્રા કરતા નજરે પડયા હતા. આ બસ ૧૯૭૪થી કેનેડામાં ચાલે છે.

# કમલ હાસન પાસે માફીનો આગ્રહ શા માટે રાખ્યોઃ હાઈકોર્ટને તતડાવતી સુપ્રીમ

## ટોળાને માર્ગ પર આવીને કોઈ મુદે નિર્ણય લેવાની છૂટ આપી શકાય નહીઃ વિરોધની પણ ટીકા



નવી દિલ્હીઃ તામિલ ફિલ્મના સુપર સ્ટાર કમલ હાસનની ફિલ્મ ઠગ્સ લાઈફના રીલીઝ સમયે જ તેણે કન્નડા ભાષા અંગે કરેલા વિધાનમાં તેમને માફીનો આગ્રહ રાખવા બદલ સુપ્રીમકોર્ટે કર્ણાટક હાઈકોર્ટની આકરી ટીકા કરી હતી. જો કે અભિનેતાએ માફી માંગવાના બદલે તે પોતાની ફિલ્મ કર્ણાટકમાં રિલીઝ નહી કરે તેવું વલણ રાખ્યુ છે. સર્વોચ્ચ અદાલતે કહ્યું કે આ પ્રકારના મુદાઓ પર ભીડને સડકો પર આવીને નિર્ણય લેવાની મંજુરી આપી શકાય નહી. સુપ્રીમકોર્ટ આ વિવાદ અંગેની તમામ પીટીશન હવે પોતાની પાસે ટ્રાન્સફર કરી છે.

જેમાં કર્ણાટક હાઈકોર્ટમાં થયેલી અરજીનો પણ સમાવેશ થાય છે. ગત સપ્તાહે કર્ણાટક હાઈકોર્ટે આ અંગેની સુનાવણી સમયે અભિનેતા કમલ હાસનને તેની સલાહ સાથે એવો આગ્રહ કર્યો હતો કે તેમના વિધાનો બદલ શા માટે હજું માફી માંગી લેતા નથી. હાઈકોર્ટે અગાઉના પણ અનેક દ્રષ્ટાંત આપ્યા હતા જેમાં તેઓએ આ પ્રકારના વિવાદમાં માફી માંગી લીધી હતી પણ સુપ્રીમકોર્ટે તેના પર ટીકા કરતા કહ્યું કે હાઈકોર્ટે શા માટે માફીનો આગ્રહ રાખ્યો છે તે સમજાતુ નથી.



# રોબર્ટ વાડ્રા આજે પણ ઈડી સામે રજૂ ન થયાઃ વિદેશમાં હોવાનું કારણ

## મની લોન્ડ્રીંગ કેસમાં થવાની હતી પૂછપરછ

નવીદિલ્હી તા.૧૭


ઈડી દ્વારા સમન પાઠવવા છતા પણ વેપારી અને કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીના પતિ રોબર્ટ વાડ્રા આજે ઈડી સમક્ષ રજૂ નહીં થઈ શકે. મની લોન્ડ્રીંગ કેસમાં તેમની પૂછપરછ થવાની હતી. તેમના નજીકના સૂત્રોના જાણાવ્યા મુજબ તેઓ વિદેશયાત્રા પર છે, અને પરત ફર્યા બાદ તે તપાસમાં સામેલ થશે.

ઉલ્લેખનીય છે કે આ પહેલા ઈડીએ મની લોન્ડરીંગ કેસમાં પૂછપરછ માટે ઈડીએ મની લોન્ડ્રીંગ કેસમાં વાડ્રાને પૂછપરછ માટે પોતાની ઓફિસે બોલાવ્યા હતા. મામલો બ્રિટનમાં રહેતા સંજીવ ભંડારી સાથે જોડાયેલો છે. મામલાની તપાસ પ્રિવેન્સન ઓફ મની લોન્ડ્રીંગ એકટ (પીએમ એલએ) અંતર્ગત કરવામાં આવી રહી છે. આ પહેલા પણ વાડ્રાને ઈડીએ મની લોન્ડ્રીંગ મામલે પુછપરછ માટે પોતાની ઓફીસે બોલાવ્યા હતા પરંતુ ત્યારે તેમણે એમ કહીને રજૂ થવાનો ઈનકાર કર્યો હતો તેમને ફલુ જેવા લક્ષણ હતા. અને તેણે કોરોના યેસ્ટ કરાવ્યો હતો. આ સમયે વાડ્રાના વકીલે કહ્યું હતું કે વાડ્રા સમનથી બચવાની કોશિષ નથી કરતા. તેઓ દેશની બહાર જતા પહેલા કે બાદમાં કયારેય પણ ઈડી સમક્ષ રજૂ થવા માટે પ્રયાસ છે.

ઉલ્લેખનીય છેકે હરિયાણામાં ૨૦૦૮ની એક જમીન ડીલમાં કથીત ગરબડીઓને લઈને એક અન્ય મની લોન્ડરીંગ મામલામાં પૂછપરછ ઈડીએ કરી છે. વાડ્રાએ કહ્યું હતું કે લંડનમાં તેની કોઈ પ્રોપર્ટી નથી રાજનીતિક ઉદેશથી તેમને પરેશાન કરવામાં આવી રહ્યા છે.

# ટ્રમ્પે મોબાઈલના બિઝનેસમાં ઝંપલાવ્યું સ્માર્ટ ફોનની કિંમત માત્ર ૪૨૯૧૩ રૂપિયા

## એપલને પછાડવા ટ્રમ્પનો પ્લાન !




વોશિંગ્ટન,તા.૧૭

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ એપલ, સેમસંગ સહિતની સ્માર્ટફોન બ્રાન્ડને ટેરિફ વોર્નિંગ આપ્યા બાદ પોતે સ્માર્ટફોન બ્રાન્ડ અને નેટવર્ક સર્વિસ લોન્ચ કર્યો છે. ટ્રમ્પની કંપની ટ્રમ્પ ઓર્ગેનાઈઝેશને ટ્રમ્પ મોબાઈલ નામથી એક નવી સ્માર્ટફોન બ્રાન્ડ અને નેટવર્ક સર્વિસ લોન્ચ કરી છે. આ લોન્ચિંગ સમયે રાષ્ટ્રપ્રમુખના પુત્ર એરિકે જણાવ્યું હતું કે, નવુ વેન્ચર માત્ર અમેરિકામાં ઉત્પાદિત ફોન જ વેચશે.

ટ્રમ્પ ઓર્ગેનાઈઝેશને T1 નામથી એક 5G સ્માર્ટફોન લોન્ચ કર્યો છે. જેની કિંમત ૪૯૯ યુએસ ડોલર (રૂ. ૪૨૯૧૩) છે. આ સંપૂર્ણપણે મેડ ઈન અમેરિકા ફોન રહેશે. કંપનીની સત્તાવાર વેબસાઈટ પરથી ૧૦૦ ડોલર (રૂ. ૮૬૦૦)માં પ્રિ-ઓર્ડર કરી શકે છે. ટ્રમ્પનો પરિવાર પહેલાંથી જ રિઅલ એસ્ટેટ, લકઝરી હોટલ અને ગોલ્ફ રિસોટ્સ બિઝનેસમાં છે. હાલના વર્ષોમાં તેમણે ડિજિટલ મીડિયા અને ક્રિપ્ટોકરન્સી જેવા નવા સેકટરમાં પણ પ્રવેશ કર્યો છે અને હવે સ્માર્ટફોન અને મોબાઈલ નેટવર્ક બિઝનેસમાં પ્રવેશ્યા છે. સ્માર્ટફોનની સાથે '47 Plan' નામથી માસિક સબ્સક્રિપ્શન પ્લાન પણ લોન્ચ કર્યો છે. જેની કિંમત ૪૭.૪૫ ડોલર (રૂ. ૩૯૫૦) છે. જેમાં ૧૦૦ દેશોમાં અનલિમિટેડ કોલિંગની સુવિધા ઉપરાંત 20GB હાઈ સ્પીડ ડેટા પણ મળશે.

ટ્રમ્પની આ મોબાઈલ નેટવર્ક સર્વિસ અને ડિવાઈસ થોડા મહિનામાં જ ઉપલબ્ધ થશે. શું ટ્રમ્પ એપલને ટક્કર આપવા માગે છે. હાલમાં જ ટ્રમ્પે એપલને ધમકી આપી હતી કે, જો આઈફોન ભારતમાં બનાવવામાં આવ્યા તો ૨૫ ટકા ટેરિફ લાગુ પડશે. તેમ છતાં ટીમ કુકની કંપની ભારતમાં મેન્યુફેક્ચરિંગ વધારી રહી છે. એવામાં ટ્રમ્પ એપલ સાથે આકરી હરીફાઈ કરવા સ્માર્ટફોન લોન્ચ કરી રહ્યા હોવાના અહેવાલો મળ્યા છે.

# ઓનલાઈન બેટીંગ કેસમાં ઈડીએ યુવરાજસિંહ હરભજન, ઉર્વશી રૌતેલાની કરી પુછપરછ

## એપ્સ પર પ્રતિબંધ છતાં તેનો પ્રસાર-પ્રચાર કેમ કરાયો? ઈડીના સેલિબ્રિટીઓને સવાલોઃ પ્રતિબંધિત એપમાં વનબેંટ,મહાદેવ બેટીંગનો સમાવેશ




નવીદિલ્હી,તા.૧૭

ઓનલાઇન બેટિંગ કેસમાં અનેક મોટા સેલેબ્સની પૂછપરછ કરવામાં આવી રહી છે. EDના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ભારતના પૂર્વ દિગ્ગજ ક્રિકેટર્સ યુવરાજ સિંહ, હરભજન સિંહ અને સુરેશ રૈના સાથે ઈડીએ પૂછપરછ કરી હતી. આ સાથે જ બોલિવૂડ કલાકાર સોનુ સૂદ અને ઉર્વશી રૌતેલા સાથે પણ આ મામલે પૂછપરછ કરવામાં આવી રહી છે. ઈડી દ્વારા હાલ આ સેલેબ્સની પૂછપરછનું કારણ એ છે કે, જે એપ્સ પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે, તેનો પ્રચાર-પ્રસાર કેમ કરવામાં આવી રહ્યો છે? આ એપ્લિકેશનમાં વન બેટ, ફેયર પ્લે અને મહાદેવ ઓનલાઇન બેટિંગ પ્લેટફોર્મનો સમાવેશ થાય છે.

છેલ્લાં થોડા દિવસ પહેલાં કોલકાતામાં EDએ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ એક મોટા ઓનલાઈન સટ્ટાબાજ અને મની લોન્ડરિંગ રેકેટનો પર્દાફાશ કર્યો હતો. આ રેકેટને ઉજાગર કરવા માટે પશ્ચિમ બંગાળ સહિત દિલ્હી, બિહાર, ઉત્તર પ્રદેશ અને આસામમાં અનેક ઠેકાણાઓએ સર્ચ ઓપરેશન ચલાવવામાં આવ્યું હતું. આ ઓપરેશન દરમિયાન મોટી સંખ્યામાં ઇલેક્ટ્રોનિક ડિવાઇસ અને શંકાસ્પદ દસ્તાવેજ જપ્ત કરવામાં આવ્યા હતા.

મળતી માહિતી મુજબ, આ ઓપરેશન દરમિયાન EDએ ૭૬૬ બેન્ક એકાઉન્ટ અને ૧૭ ડેબિટ તેમજ ક્રેડિટ કાર્ડ ફ્રીઝ કરી દીધા છે. આ એકાઉન્ટનો ગેરકાયદે સટ્ટાબાજી સાથે જોડાયેલા પૈસાની લેતીદેતી માટે ઉપયોગ થઈ રહ્યો હતો. EDએ વિશાલ ભારદ્વાજ અને સોનું કુમાર ઠાકુર નામના બે આરોપીઓની ડ્ઢખક્અ હેઠળ ધરપકડ કરી હતી. બંનેને કોલાકાતાની વિશેષ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા, જ્યાંથી તેમને ૧૦ દિવસની કસ્ટડીમમાં મોકલવામાં આવ્યા હતા.

નોંધનીય છે કે, એપ્રિલ મહિનામાં પણ મહાદેવ ઓનલાઇન બેટિંગ એપ કેસમાં EDએ મોટી કાર્યવાહી કરી હતી. ત્યારે EDએ આ મામલે વિવિધ ઠેકાણે દરોડા પાડી ૫૭૩ કરોડ રૂપિયાની સંપત્તિ ફ્રીઝ કરી હતી.



# પ્રકૃતિની કૃતિ! પેઈન્ટેડ ડયુન્સઃ જેના રંગોની છટા હવામાન અને સૂર્યના પ્રકાશ મુજબ બદલે છે!

કેલિફોર્નિયામાં લેન્સન વોલ્કેનિક નેશનલ પાર્કના પેનઈન્ટેડ ડયુન્સ પ્રકૃતિની અનોખી અને મંત્રમુગ્ધ કરી દેનારી કલાકૃતિ છે. સિન્ડર કોનના દક્ષિણ-પશ્ચિમમાં ફેલાયેલ આ રંગીન લાવા ક્ષેત્ર જવાલામુખીની ગતિવિધિ દરમિયાન પડેલી રાખ અને તેના ઓકસીકરણનું પરિણામ છે. જવાલામુખીમાંથી નીકળેલી લાશ રાખ જયારે પણ ગરમ અને તરલ લાવા પર પડી તો તેમાં રાસાયણિક પરિવર્તન થયા અને આ આકિસકરણ આ ઢગલા જેવી રચનાઓ લાલ, નારંગી, પીળા અને ભુરા રંગમાં રંગતું ગયું. દરેક દિશામાં ફેલાયેલી આ પ્રાકૃતિક રંગીન સપાટીને જોઈને એવુ લાગે કે જાણે ધરતીએ ખુદને કોઈ ચિત્રકારની જેમ કેન્વાસ પર ઉપસાવી હોય. બદલાતું હવામાન અને સૂર્યના પ્રકાશ મુજબ પેઈન્ટેડ ડયુન્સના રંગોની છટા પણ બદલાતી રહે છે.

જાણવા જેવું

# ઇ-આધારમાં શું બદલાવ આવશે ?



નવી દિલ્હી : યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઇન્ડિયા (UIDAI) ટૂંક સમયમાં ઇ-આધારને સંપૂર્ણપણે ડિજિટલ અને યુઝર ફ્રેન્ડલી બનાવવા જઇ રહી છે. આ પછી, આધાર કાર્ડની ફોટોકોપી આપવાની જરૂર રહેશે નહીં. તેના બદલે, નવી ક્યૂઆર કોડ-આધારિત એપ્લિકેશન વપરાશકર્તાઓને ડિજિટલ સ્વરૂપમાં તેમના આધારને શેર કરવાની મંજૂરી આપશે. સંપૂર્ણ માહિતી અથવા ફક્ત માસ્ક વર્જન (જ્યાં કેટલીક માહિતી છુપાયેલી છે) શેર કરવાનો વિકલ્પ પણ હશે.

નવેમ્બર ૨૦૨૫ સુધીમાં યુઆઇડીએઆઇ આ પ્રકારની સિસ્ટમ લાગું કરશે. આધાર અપડેટ માટે કેન્દ્ર પર વારંવાર જવાની પણ જરૂર રહેશે નહીં. બાયોમેટ્રિક્સ સિવાય બાકીની માહિતી જેમ કે નામ, સરનામું, મોબાઇલ નંબર વગેરેને સરકારી ડેટાબેઝ જેમ કે જન્મ પ્રમાણપત્ર, ડ્રાઇવિંગ લાઇસન્સ, પાસપોર્ટ, પાનકાર્ડ, પીડીએસ, મનરેગા વગેરે સાથે લિંક કરીને આપમેળે અપડેટ કરવામાં આવશે. આનાથી આ પ્રક્રિયા સરળ થવાની સાથે નકલી દસ્તાવેજોની સમસ્યા પણ ઓછી થશે.

યુઆઇડીએઆઇ પણ આ સિસ્ટમ સાથે વીજળીના બિલને જોડવાની યોજના બનાવી રહી છે, જેથી વપરાશકર્તાની સુવિધામાં વધુ વધારો કરી શકાય. ઞઈઉઅઈના સીઇઓ ભુવનેશ કુમારના જણાવ્યાં અનુસાર, હવે તમે આધાર સાથે જોડાયેલા મોટા ભાગનાં કામ ઘરે બેઠાં કરી શકશો, સેન્ટર પર ફિંગરપ્રિન્ટ અને આઇરિસ માટે જ જવું પડશે.

**આ સુવિધાઓ ટૂંક સમયમાં ઉપલબ્ધ થશે**

ક્યુઆર કોડ આધારિત એપ્લિકેશન દ્વારા, વપરાશકર્તાઓ ડિજિટલ સ્વરૂપમાં તેમનાં આધારને શેર કરી શકશે. એપ દ્વારા નામ, સરનામું, જન્મતારીખ વગેરે અપડેટ કરી શકાય છે. ક્યૂઆર કોડથી હોટલ ચેક-ઇન, રેલ ટ્રાવેલ, પ્રોપર્ટી રજિસ્ટ્રેશન વગેરેમાં ઓળખ શેર કરવાનું સરળ અને સુરક્ષિત બનશે.

# આમિરખાનની ફિલ્મ 'સિતારેં જમીન પર' સેન્સર બોર્ડની પરીક્ષામાં હેમખેમ પાસ

## ૨૦મી જૂને રિલીઝઃ 'તારે જમીન પર'ની સીકવલ નહી, પણ મૂળ ભાવના તે, વાર્તા બિલકુલ નવી



મુંબઈ તા.૧૭

બોલીવુડના મિસ્ટર પર્ફેકશનિસ્ટ તરીકે ઓળખાતા આમીરખાન ફરી એકવાર મોટા પરદે વાપસી કરી રહ્યા છે, તેની આતુરતાથી રાહ જોવાતી, તેની ફિલ્મ 'સિતારેં જમીન પર'ને સેન્સર બોર્ડ ઓફ ફિલ્મ સર્ટીફીકિશન સીબીએફસીએ કોઈપણ કટ વિના લીલીઝંડી બતાવી દીધી છે. જેને લઈને આમીરના ફેન્સમાં ઉત્સાહનો માહોલ છે. ફિલ્મ ૨૦મી જૂને રિલીઝ થઈ રહી છે. રિલીઝ પુર્વે ફિલ્મે અનેક અડચણોનો સામનો કરવો પડયો હતો. સીબીએફસી તરફથી ફિલ્મોમાં બે ફેરફારનું સૂચન કરાયુ હતું, જેના કારણે ફિલ્મની રિલીઝને લઈને અસમંજસની સ્થિતિ ઉત્પન્ન થઈ હતી. પરંતુ આમીરખાન અને તેની ટીમે પોતાનો પક્ષ મજબૂતીથી રજુ કર્યો હતો અને કહ્યું હતું કે ફિલ્મની સ્ક્રીપ્ટ અને તેની રજુઆત સમજી-વિચારીને કરાયું છે. આખરે સેન્સર બોર્ડે ફિલ્મને એકપણ કટ વિના પાસ કરી દીધી હતી.

'સિતારેં જમીન પર' એ આમીરની ૨૦૦૭માં રિલીઝ 'તારેં જમીન પર' ફિલ્મનો નવો અધ્યાય છે, અલબત, સિકવલ નથી. 'તારે જમીન પર'માં બાળકોની માનસીકતા અને શિક્ષણ પ્રણાલી પર પ્રભાવશાળી ચર્ચા હતી. હવે ૧૮ વર્ષ બાદ આમીરખાન આ ફિલ્મની એક વધુ ઈમોશનલ જર્ની લઈને આવ્યા છે. મતલબ કે ફિલ્મનો આઈનો અને મૂળ ભાવના એ જ છે, પણ કથા બિલકુલ નવી છે. 'સિતારેં જમીન પર'માં ૧૦ નવા ચહેરાઓને તક આપવામાં આવી છે. આમીરખાન સામે જેનેલિયા દેશમુખ ચમકે છે. બન્ને પહેલીવાર ફિલ્મમાં સાથે જોવા મળો. ફિલ્મનું નિર્દેશન આર.એસ.પ્રસન્નાએ કર્યુ છે, જેમણે 'શુભ મંગલ સાવધાન' ફિલ્મને બનાવી છે.

# શેરબજારમાં સાવચેતી વચ્ચે મંદીનો આંચકોઃ ડોલર સામે રૂપિયો તૂટયો

રાજકોટ તા.૧૭

મુંબઈ શેરબજારમાં સાવચેતીનું માનસ હોય તેમ આજે મંદીનો આંચકો અનુભવાયો હતો. સેન્સેકસમાં ૧૭૧ પોઈન્ટનુ ગાબડુ હતું.

શેરબજારમાં આજે શરૂઆત નબળા ટોને થઈ હતી. ઈઝરાયેલ-ઈરાન વચ્ચેના યુદ્ધ મામલે અમેરિકાના આક્રમક વલણથી તેના અંજામ વિશે અટકળો વ્યક્ત થવા લાગતા માનસ સાવચેતીનુ બન્યુ હતું. વિદેશી નાણાં સંસ્થાઓની વેચવાલીનો ખચકાટ હતો. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે યુદ્ધમાં કેવા વળાંક આવે છે તેના પર ટુંકાગાળાની ચાલનો આધાર રહી શકે છે.

શેરબજારમાં આજે ટીસીએસ, ટેક મહીન્દ્ર, એશિયન પેઈન્ટસ, ઈન્ફોસીસ, મારૂતી એનટીપીસીમાં સુધારો હતો. ટાઈટન, અદાણી પોર્ટ, બજાજ ફાઈનાન્સ, ભારતી એરટેલ, એચડીએફસી બેંક, ઈન્ડુસઈન્ડ બેંક, મહીન્દ્ર, નેસલે, રિલાયન્સ, ટાટા મોટર્સ, ટાટા સ્ટીલ, અદાણી એન્ટરપ્રાઈઝ, સનફાર્મા, ડો.રેડ્ડીમાં ઘટાડો હતો.

મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ ૧૭૧ પોઈન્ટના ઘટાડાથી ૮૧૬૨૪ હતો તે ઉંચામાં ૮૧૮૯૦ તથા નીચામાં ૮૧૪૨૭ હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નિફટી ૮૨ પોઈન્ટ ઘટીને ૨૪૮૬૪ હતો તે ઉંચામાં ૨૪૯૮૨ તથા નીચામાં ૨૪૮૧૩ હતો.

કરન્સી માર્કેટમાં રૂપિયો ગગડયો હતો. ડોલર સામે ૨૨ પૈસા ઘટીને ૮૬.૨૮ હતો.

# સૌરાષ્ટ્ર યુનિ. ભવનો-કોલેજોમાં નવા શૈક્ષણિક સત્રનો આરંભઃ સ્નાતક કક્ષાએ માંડ ૨૧૨૨૪ છાત્રોના એડમિશન

## અનુ.સ્નાતક કક્ષાએ ૫૪૦૦ અને બીએડ પ્રવેશ માટે ૩૭૩૭ વિદ્યાર્થીઓના જીકાસ પોર્ટલ મારફત રજીસ્ટ્રેશનઃ યુનિ.માં ફી સ્વીકારવા વિન્ડો સાંજના છ વાગ્યા સુધી ખુલ્લી રાખવા કુલપતિનો આદેશ

રાજકોટ તા.૧૭

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અનુસ્નાતક ભવન તેમજ યુનિ. સંલગ્ન કોલેજોમાં આજથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થવા પામેલ છે. જેના પગલે ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ ધમધમવા લાગેલ છે. જોકે કોલેજોમાં પ્રથમ વર્ષની મોટા ભાગની બેઠકો ખાલી રહેવા પામેલ છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે સૌરાષ્ટ્ર યુનિ. સહિત રાજયભરની સરકારી યુનિ.ઓમાં વિદ્યાર્થીઓને જીકાસ પોર્ટલ મારફત એડમીશન આપવામાં આવી રહ્યા છે. જેમાં સૌરાષ્ટ્ર યુનિ. સંલગ્ન ૨૯૪ કોલેજોની ૮૬૦૦૦ બેઠકો માટે ૫૧૮૬૯ વિદ્યાર્થીઓએ સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે રજીસ્ટ્રેશન કરાવેલ હતા.

જેમાંથી ૨૧૨૨૪ વિદ્યાર્થીઓએ કોલેજોમાં ફી ભરી પ્રવેશ કન્ફર્મ કરાવી લીધુ છે. જોકે આ વખતે કોલેજોની સ્નાતક કક્ષાના અભ્યાસ ક્રમોમાં મોટાભાગની બેઠકો ખાલી રહેવા પામી છે. એવી જ રીતે યુનિવર્સિટીના અનુસ્નાતક કક્ષાના અભ્યાસ ક્રમોમાં પ્રવેશ મેળવવા માટે જીકાસ પોર્ટલ મારફત ૫૪૦૦ વિદ્યાર્થીઓએ તેમજ બીએડના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે ૩૭૩૭ વિદ્યાર્થીઓએ જીકાસ પોર્ટલ મારફત પ્રવેશ માટે રજીસ્ટ્રેશન કરાવેલ છે. દરમ્યાન આ અંગે સૌરાષ્ટ્ર



યુનિવર્સિટીના કુલપતિ ઉત્પલ જોશીનો સંપર્ક કરાતા તેમણે જણાવ્યું હતું કે સૌરાષ્ટ્ર યુનિ.ના સ્નાતક અને અનુસ્નાતકના અભ્યાસ ક્રમોમાં પ્રવેશ મેળવવા માટે આ વખતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સહિત બહારની વિશ્વ વિદ્યાલયના કુલ ૬૫૫૯૨થી વધુ વિદ્યાર્થીઓએ સૌ.યુનિ.ના ભવનો અને કોલેજોમાં પ્રવેશ મેળવવા માટે જીકાસ પોર્ટલ મારફત રજીસ્ટ્રેશન કરાવેલ છે.

ગત વર્ષની સાપેક્ષમાં આ વખતે સૌરાષ્ટ્ર યુનિ.માં પ્રવેશ માટે વધુ વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન થવા પામેલ છે. વિદ્યાર્થીઓને પ્રવેશ મેળવવા માટે કોઈ મુશ્કેલી ન પડે તે માટે ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે. આ ઉપરાંત શૈક્ષણિક ફી ભરવામાં વિદ્યાર્થીઓને કોઈ મુશ્કેલી ન પડે તે માટે યુનિવર્સિટીની ફી સ્વીકારવાની વિન્ડો સાંજના છ વાગ્યા સુધી ખુલ્લી રાખવા માટે કર્મચારીઓને તાકીદ કરી દેવામાં આવી છે.

# હવે ટ્રમ્પનો આઈસીઈને શિકાગો એન્ડ ન્યુયોર્કમાં ઈલલિગલ વસ્તી પર ફરી વળવા આદેશ

## આઈસીઈની કામગીરી વખાણતા ટ્રમ્પે લખ્યું-તેઓ જીવના જોખમે ફરજ બજાવે છેઃ અમેરિકાની જનતા ટ્રમ્પથી નાખુશ પણ ઈમિગ્રેશન મુદ્દે કાર્યવાહીને સપોર્ટ

વોશિંગ્ટન(અમેરિકા) તા.૧૭

અમેરિકામાં ડોનલ્ડ ટ્રમ્પના જન્મ દિને જ તેમની સામે થયેલા વિરોધ પ્રદર્શનો બાદ દેશના પ્રેસિડેન્ટે ડેમોક્રેટિક સિટીઝમાં ફરી વળવા માટે ઈમિગ્રેશન ઓથોરિટીને આદેશ આપ્યો છે. લોસ એન્જેલસમાં ચાલી રહેલા પ્રોટેસ્ટ વચ્ચે ટ્રમ્પે રવિવારે ICE સહિતની એજન્સીઓને ડિપોર્ટેશન ડ્રાઈવને વધુ સઘન બનાવવા માટે જણાવ્યું છે.

ટ્રુથ સોશિયલ પર લખતા ટ્રમ્પે જણાવ્યું હતું કે લાખો ઈલીગલ વસ્તી ધરાવતા LA, શિકાગો અને ન્યૂયોર્ક જેવા શહેરોમાં ઈમિગ્રેશન એન્ફોર્સમેન્ટનો વ્યાપ વધવો જોઈએ. તેમણે એમ પણ જણાવ્યું હતું કે આ સિવાયના બીજા શહેરો પણ ડેમોક્રેટસના પાવર સેન્ટર્સ છે અને તેનો ઉપયોગ ડેમોક્રેટસ પોતાનો વોટર બેઝ વધારવા, ઈલેક્શનમાં ફ્રોડ કરવા માટે કરે છે અને અમેરિકનો પોતાની મહેનતની કમાણીથી જે ટેક્સ ભરે છે તેના દ્વારા વેલ્ફેર સ્ટેટ્સ ચલાવવામાં આવે છે.

પોતાની લાંબી પોસ્ટમાં ટ્રમ્પે ICEની કામગીરીના વખાણ કરતા લખ્યું હતું કે તેના એજન્ટ્સ જીવના જોખમે પણ ફરજ બજાવી રહ્યા છે. સાથે જ તેમણે આ પોસ્ટના માધ્યમથી ICEને એવો પણ ઓર્ડર આપી દીધો હતો કે અમેરિકાના ઈતિહાસમાં અગાઉ ક્યારેય ના થયું હોય તેવું માસ ડિપોર્ટેશન કરવા માટે તેમણે પોતાનાથી જે થઈ શકે તે બધું જ કરવું જોઈએ. શિકાગોમાં આગામી દિવસોમાં ICEની મોટાપાયે રેડ શરૂ થવાની છે તેવી અટકળો વચ્ચે હવે ખુદ અમેરિકાના પ્રેસિડેન્ટે જ ઈમિગ્રેશન ઓથોરિટીને શિકાગો અને ન્યૂયોર્ક સહિતના ઈલીગલ એલિયન્સની




મોટી વસ્તી ધરાવતા શહેરોને ટાર્ગેટ કરવાનો આદેશ આપી દેતાં અમેરિકામાં આગામી દિવસોમાં ફરી હાઈ વોલ્ટેજ ડ્રામા શરૂ થઈ શકે છે. ટ્રમ્પે જાન્યુઆરી ૨૦ના રોજ સત્તા ગ્રહણ કરી ત્યારે શિકાગો અને ન્યૂયોર્કમાં એવો માહોલ હતો કે ગુજરાતીઓ સહિતના ઈલીગલ ઈમિગ્રન્ટ્સે ઘરની બહાર નીકળવાનું બંધ કરી દીધું હતું અને વર્ક પરમિટ ના હોય તેવા ઘણા લોકોને નોકરીમાંથી પણ કાઢી મૂકવામાં આવ્યા હતા.

હાલમાં જ યુએસમાં થયેલા કેટલાક પોપ્યૂલારિટી સરવે એવું દર્શાવી રહ્યા છે કે અમેરિકાની જનતા ટ્રમ્પથી ખાસ ખુશ નથી પરંતુ ઈમિગ્રેશન મુદ્દે તેઓ જે કાર્યવાહી કરી રહ્યા છે તેને મેજોરિટી અમેરિકન્સ સપોર્ટ કરી રહ્યા છે.

# શહેરમાં વરસાદ વચ્ચે કોરોનાના કેસ ઘટયા; તરૂણી સહિત ૬ને સંક્રમણ

## રાજકોટમાં નોંધાયેલા કુલ ૧૭૮ દર્દીમાંથી ૧૨૪ સ્વસ્થ બની ગયા

રાજકોટ, તા. ૧૭

રાજકોટ શહેરમાં ગઈકાલે ચાલુ વરસાદે કોરોના કેસ ઘટીને માત્ર ૬ નોંધાતા થોડી રાહત થઈ છે. નવા અર્ધો ડઝન કેસમાં એક ૧૪ વર્ષ તરૂણીનો પણ સમાવેશ થાય છે.

ગઈકાલ તા. ૧૬ના રોજ રાજકોટ શહેરમાં કોવિડ-૧૯ના ૬ નવા પોઝીટીવ કેસ નોંધાયાનું જાહેર થયું છે. આ સાથે રાજકોટમાં આજ સુધીમાં નોંધાયેલા દર્દીઓનો આંકડો ૧૭૮ ઉપર પહોંચ્યો છે. આ પૈકી ૧૨૪ દર્દી કોરોના મુક્ત થયા છે. તો ૫૪ દર્દી સારવાર હેઠળ છે. નવા જાહેર થયેલા કેસમાં તમામ દર્દી ઘરે હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

વોર્ડ નં.૧૦માં ફરી બે કેસ આવ્યા છે. આફ્રિકા કોલોનીમાં રહેતા અને અમદાવાદથી પરત ફરેલા ૪૧ વર્ષના મહિલાને સંક્રમણ થયું છે. આ જ વોર્ડના તિરૂપતિનગરમાં રહેતા ૭૨ વર્ષના વૃધ્ધાને પણ ચેપ લાગ્યો છે. વોર્ડ નં.૨માં અવંતી પાર્કમાં રહેતા અને સુરેન્દ્રનગર ગયેલા ૩૭ વર્ષના પુરૂષને પણ કોરોના નિદાન થયું છે.

આ સિવાય વોર્ડ નં.૧૧ના જીવરાજ પાર્કમાં રહેતી ૨૩ વર્ષની યુવતિ, વોર્ડ નં.૫માં એલપી પાર્કમાં રહેતી ૧૪ વર્ષની તરૂણી અને વોર્ડ નં.૧૪ના ભકિતનગર સર્કલ વિસ્તારમાં રહેતા ૬૫ વર્ષના પુરૂષને કયાં બહાર ગયા વગર કોરોનાનો ચેપ લાગી ગયો છે. ગઈકાલે વરસાદના કારણે પણ કોરોનાના ટેસ્ટ ઓછા થયાનું માનવામાં આવી રહ્યું છે.

### કોરોનાના ૬ નવા કેસ

| વોર્ડ | વિસ્તાર | જાતિ/ઉંમર/પ્રવાસ |
|---|---|---|
| ૧૧ | જીવરાજપાર્ક | મહિલા-૨૩ વર્ષ |
| ૨ | અવંતી પાર્ક | પુરૂષ-૩૭ વર્ષ (સુરેન્દ્રનગર પ્રવાસ) |
| ૧૦ | આફ્રિકા કોલોની | મહિલા-૪૧ વર્ષ (અમદાવાદ પ્રવાસ) |
| ૫ | એલ.પી.પાર્ક | તરૂણી-૧૪ વર્ષ |
| ૧૦ | તિરૂપતિનગર | મહિલા-૭૨ વર્ષ |
| ૧૪ | ભક્તિનગર સર્કલ | પુરૂષ-૬૫ વર્ષ |


## સિવિલ કોર્ટ નોટીસ

રાજકોટના **મહે. ૧૧માં એડી. સિવીલ જજ શ્રી એ.પી.વર્મા સાહેબની કોર્ટમાં દિવાની પર. અરજી નંબર ૧૨૨૫/૨૦૨૫થી** શોભનાબેન જંબુભાઈ શાહએ ગુજ. જંબુભાઈ નંદલાલ શાહની સ્થાવર તેમજ જંગમ મિલ્કત અન્વયે દિવાની પર. અરજી નંબર ૨૬૯૧/૨૦૨૩થી લેટર ઓફ એડમીનીસ્ટ્રેશન વિધાઉટ વીલ સર્ટીફીકેટ મેળવેલ છે. આ સર્ટીફીકેટમાં શરતચુકથી દુકાન નંબર-૫ જણાવવામાં આવેલ છે જે હકીકતમાં દુકાન નંબર-૨ છે. જે અન્વયે સર્ટીફીકેટમાં જરૂરી સુધારો કરવા તેમના **વકીલ શ્રી આશિષ વાય. શાહ** મારફતે અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી દિવાની પર. અરજી દાખલ કરેલ છે. તે સંબંધે જે કોઈ વ્યકિતને વાંધો તકરાર હોય તેમણે તા. ૨૮/૭/૨૦૨૫ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે લેખિત વાંધા અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવા, ગેરહાજર રહ્યે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટપણે નોંધ લેવી.

આજ તા. ૧૬, જુન ૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યું.

તૈયાર કરનાર સીની. કલાર્ક | કોર્ટનો સિકકો | (એન.આર.વ્યાસ) રજીસ્ટ્રાર

## સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. ૧૦માં એડી. સીવીલ જજ સાહેબ શ્રી એ.એસ.ખેડેલવાલ સાહેબની કોર્ટમાં દીવાની પરચુરણ અરજી નંબર-૧૦૬૨/૨૦૨૫થી અરજદાર કશ્યપ રમેશભાઈ મોણપરાએ સ્વ. રમેશ માવજી મોણપરાની સ્થાવર મિલ્કત કે જે ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના, રાજકોટ તાલુકાના, ગામ-મોટામવાના રેવન્યુ સર્વે નંબર-૧૪૮ની જમીન ચો.મી.-૭૯-૯૩-૦૦ ઉપર રહેણાક હેતુ માટેના બિનખેડવાણ પ્લોટસ કે જે **'ભગવતી પાર્ક'** તરીકે ઓળખાય છે. તે પ્લોટસ પૈકી પ્લોટ નંબર -૧થી ૩૪ ની કુલ જમીન ચો.મી. ૫૧૦૮-૫૫ તથા કોમન પ્લોટ તેમજ આંતરિક રસ્તાના અવિભાજય હિસ્સાની જમીન ચો.મી. ૪૧૨-૦૫ સહિતની કુલ જમીન ૫૫૨૦-૬૦ માંથી ગુજરનારનો ૧.૮૮% અવિભાજય હિસ્સાની માલીકી આવેલ છે, હાલની જમીનના ટોવન પ્લાનિંગ સ્કીમ નંબર-૨૪ મોટામવા તથા ઓરીજનલ પ્લોટ નંબર-૧૮, ફાઈનલ પ્લોટ નંબર-૧૮/૧ + ૧૮/૨ આવેલ છે તે મિલ્કતનું હેરશીપ સર્ટીફીકેટ તેમના વકીલો **શ્રી ભાવેશ રંગાણી, વિશાલ ગિનોયા તથા ઈશાન એચ. ભટ્ટ** મારફતે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે તે સંબંધે જો કોઈ વ્યકિતને વાંધો તકરાર હોય તેમને મુદત તારીખ ૨૮/૭/૨૦૨૫ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવા, ગેરહાજર રહીયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટપણે નોંધ લેશો.

આજ તારીખ ૧૬ માંહે જુન સને ૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકો કરીને આપ્યા.

તૈયાર કરનાર (હરકિશન એમ.રામાણી) | કોર્ટનો સીકકો | હુકમથી (એન.આર.વ્યાસ) રજીસ્ટ્રાર

## મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, હળવદ, મુ.હળવદ

જન્મ-મરણ પરચૂરણ અરજી નં.૯૪/૨૦૨૫

અરજદારશ્રી .... શ્રી ડાંગર વસુભાઈ કરમણભાઈ
ઉ.વ.આ.પુખ્ત વર્ષ, ધર્મે-હિન્દુ,
ધંધો-ખેતી
મુ.મયુરનગર, તા.હળવદ, જી.મોરબી

વિરૂધ્ધ

સામાવાળા .... જન્મ મરણ નોંધણી અધિકારી અને તલાટી-કમ-મંત્રીશ્રી,
મયુરનગર, તા.હળવદ, જી.મોરબી

જન્મ-મરણ અધિનિયમ કલમ-૧૩(૩) અન્વયે જન્મ-મરણની નોંધ કરાવવા માટેના હુકમ મેળવવા માટેની અરજી અન્વેની નોટીસ

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી ડાંગર વસુભાઈ કરમણભાઈએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ તેમના બહેન શ્રી જયાબેન કરમણભાઈ ડાંગરનું તા.૦૩/૦૪/૧૯૬૫ના રોજ હળવદ તાલુકાના મયુરનગર મુકામે જન્મ થયેલ છે. જે તે વખતે કાયદાની અજ્ઞાનતા અને શરતચૂકના કારણે તેમના જન્મની નોંધણી કરાવવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફતે આ નોટીસ પ્રસિદ્ધ થયાના દિવસથી ૩૦ દિવસ સુધીમાં મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીની કચેરી, તાલુકા સેવા સદન, હળવદ મુકામે વાંધો રજૂ કરવો. જે તેમ કરવામાં કસૂર કરશો તો તમોને કોઈ વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

તા.૩/૫/૨૦૨૫

કોર્ટનો સીકકો | મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ હળવદ તાલુકા

## સિવિલ કોર્ટ નોટીસ

રાજકોટના **મહે. ૩જા એડી. સીની. સીવીલ જજ સાહેબની કોર્ટમાં દિવાની પર. અરજી નં. ૧૨૨૦/૨૦૨૫ના કામમાં પરેશભાઈ વલ્લભભાઈ વીરપરીયા એ વલ્લભભાઈ રામજીભાઈ વીરપરીયાની** માલિકીની રાજકોટ શહેરમાં ગામ નાનામવાના રેવન્યુ સર્વે નાં. ૮૩ પૈકીના ટી.પી. સ્કીમ નાં. ૨ (નાનામવા), મુળ ખંડ નાં. ૩૬, ફાઈનલ પ્લોટ નાં. ૩૭૯ની જમીન ચો.મી.આ. ૬૭૦.૦૦ (ચો.વા.આ. ૮૦૦.૦૦) ઉપર આવેલ શ્યામલ એન્કલેવના સેકન્ડ ફલોર ઉપર આવેલ ફલેટ નાં. ૨૦૧ બિલ્ટઅપ એરીયા ૮૩.૩૭૫ ચો.મી.આ. અન્વયે લેટર ઓફ એડમીનીસ્ટ્રેશન વિકલ્પે લીગલ હેરશીપ સર્ટીફીકેટ મેળવવા તેમના **વકીલશ્રી આશિષ વાય. શાહ, ચંદ્રશેખર એલ.ધ્રુવ, ડિમ્પલ ડી. મોદી, મિલન એસ. માટલીયા, યતિન એમ. જોષી, મીત એસ.શાહ** મારફતે અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની દિવાની પર. અરજી દાખલ કરેલ છે. તે સંબંધે જે કોઈ વ્યકિતને વાંધો તકરાર હોય તેમણે તા. ૨૮/૦૭/૨૦૨૫ના રોજ સવારે ૧૦/૩૦ કલાકે અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવા, ગેરહાજર રહ્યે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટપણે નોંધ લેવી.

આજ તા. ૧૬/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યું.

તૈયાર કરનાર (એચ.જે.ગઢવી) આસીસ્ટન્ટ | કોર્ટનો સિકકો | (એન.આર.વ્યાસ) રજીસ્ટ્રાર

## નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની કચેરી, જસદણ પ્રાંત,

પ્રથમ માળ, તાલુકા સેવા સદન, જિલેશ્વર પાર્ક પાસે, કમળાપુર રોડ, જસદણ
ફોન નં. ૦૨૮૨૧-૨૨૧૨૩૨ Email id : prant-rev-raj@gujarat.gov.in

### જાહેર નોટીસ

પરચુરણ અરજી નં. ૨૫૨/૨૦૨૫

શ્રી ઘુઘાભાઈ સિંઘાભાઈ પડસારિયા
રહે. કનેસરા તા. જસદણ જિ. રાજકોટ ...અરજદાર

**વિરૂ ધ્ધ**

સબ રજીસ્ટ્રારશ્રી
જન્મ અને મરણ નોંધણી અધિકારી અને તલાટી-કમ-મંત્રીશ્રી, કનેસરા તા. જસદણ ...સામાવાળા

વિષય :- **મરણની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારના પત્નીશ્રી જસુબેન ઘુઘાભાઈ પડસારીયાનો મરણ તા. ૨૬-૦૩-૨૦૦૪ના રોજ જસદણ તાલુકાના કનેસરા ગામે થતા તેના મરણની નોંધ જે તે સમયે સામાવાળાના મરણ રજિસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ **મુદત તા. ૧૪/૦૭/૨૦૨૫ના રોજ બપોરના ૩:૦૦ કલાકે** હાજર રહેવુ તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધી કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૯/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપી.

કોર્ટનો સીકકો | સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ જસદણ

## નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની કચેરી, જસદણ પ્રાંત,

પ્રથમ માળ, તાલુકા સેવા સદન, જિલેશ્વર પાર્ક પાસે, કમળાપુર રોડ, જસદણ
ફોન નં. ૦૨૮૨૧-૨૨૧૨૩૨ Email id : prant-rev-raj@gujarat.gov.in

### જાહેર નોટીસ

પરચુરણ અરજી નં. ૨૫૧/૨૦૨૫

શ્રી અશોકભાઈ [illegible]
રહે. [illegible] તા. જસદણ જિ. રાજકોટ ...અરજદાર

**વિરૂ ધ્ધ**

સબ રજીસ્ટ્રારશ્રી
જન્મ અને મરણ નોંધણી અધિકારી અને તલાટી-કમ-મંત્રીશ્રી, [illegible] તા. જસદણ ...સામાવાળા

વિષય :- **જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારના [illegible] જન્મ તા. [illegible]ના રોજ જસદણ તાલુકાના [illegible] ગામે થતા તેના જન્મની નોંધ જે તે સમયે સામાવાળાના જન્મ રજિસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ **મુદત તા. ૧૪/૦૭/૨૦૨૫ના રોજ બપોરના ૩:૦૦ કલાકે** હાજર રહેવુ તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધી કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૯/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપી.

કોર્ટનો સીકકો | સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ જસદણ

## નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની કચેરી, જસદણ પ્રાંત,

પ્રથમ માળ, તાલુકા સેવા સદન, જિલેશ્વર પાર્ક પાસે, કમળાપુર રોડ, જસદણ
ફોન નં. ૦૨૮૨૧-૨૨૧૨૩૨ Email id : prant-rev-raj@gujarat.gov.in

### જાહેર નોટીસ

પરચુરણ અરજી નં. ૨૫૪/૨૦૨૫

શ્રી [illegible]
રહે. [illegible] તા. જસદણ જિ. રાજકોટ ...અરજદાર

**વિરૂ ધ્ધ**

સબ રજીસ્ટ્રારશ્રી
જન્મ અને મરણ નોંધણી અધિકારી અને તલાટી-કમ-મંત્રીશ્રી, [illegible] તા. જસદણ ...સામાવાળા

વિષય :- **મરણની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારના [illegible] મરણ તા. [illegible]ના રોજ જસદણ તાલુકાના [illegible] ગામે થતા તેના મરણની નોંધ જે તે સમયે સામાવાળાના મરણ રજિસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ **મુદત તા. ૧૪/૦૭/૨૦૨૫ના રોજ બપોરના ૩:૦૦ કલાકે** હાજર રહેવુ તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધી કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૯/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપી.

કોર્ટનો સીકકો | સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ જસદણ

## નામ બદલાવેલ છે

હું, રેહાન ઈમ્તિયાઝભાઈ ભેડા, આ સાથે જાહેર કરૂ છું, કે મે મારૂ નામ રેહાન ઈમ્તિયાઝભાઈ ભેડાથી રેહાન ઈમ્તિયાઝ ભેડા કરેલ છે. હવેથી હું રેહાન ઈમ્તિયાઝ ભેડા ના નામથી ઓળખાઈશ.

રેહાન ઈમ્તિયાઝ ભેડા
બજરંગવાડી શેરી નં.૩, જામનગર રોડ, રાજકોટ-૬.

## સાંજ સમાચાર

ટૂંકી જાહેરાત સાંજ સમાચારમાં ગુરૂવાર-શનિવારનાઅંકમાં પ્રસિધ્ધ

★ ઓછામાં ઓછી ૪ લાઈન
★ ફકત રોકડા રૂપિયાથી સ્વીકારાશે
★ સવારના ૧૦ થી સાંજના ૮ સુધી
★ અમારે દરેક ગામ/શહેર એજન્ટ અને ખબરપત્રી દ્વારા પણ આપી શકાશે.

- વ્યવસ્થાપક

## RCC BANK | web : www.rccbank.in
## ધિ રાજકોટ કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક લિ.

નાના વેપારી,ઉદ્યોગો વ્યવસાયીકો માટે હોમ, મશીનરી, વાહન લોન

૧૦ લાખ સુધીના તમામ ધિરાણ 7.95 %વ્યાજના રાહતદરે | 0 પ્રોસેસીંગ ચાર્જ

**સભાસદ જોગ નોટીસ :** સભાસદે પોતાના આર.સી.સી. બેંકના કોઈપણ પ્રકારના ખાતામાં છેલ્લા બે નાણાંકીય વર્ષમાં ઓછામાં ઓછો એક વાર નાણાંકીય વ્યવહાર કરેલો હોવો જોઈએ અને સભાસદે રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાની માર્ગદર્શીકા અનુસાર KYC રજુ કરવા જોઈશે અન્યથા જે તે સભાસદના સભાસદ તરીકેના હક્કોને બેંક પરત્વેની જવાબદારી ઉપર વિપરીત અસર થયા વગર બેંક સભાસદના હક્કો સ્થગીત કરી શકશે.

'શેઠ શ્રી જયંતિલાલ કુંડલીયા સુવિધા સંકુલ', મહાત્મા ગાંધી મ્યુઝીયમ પાછળ, ચંદુલાલ બુચ માર્ગ, રાજકોટ.

## જાહેર નોટીસ

ગુજરાત રાજયના અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના ગામ ઘુઘરાળાના **રે.સ.નં. ૧૫૨**ની જુની શરતની **'વિરડાવાળુ'** તરીકે ઓળખાતી ખેડવાણ જમીન હે.આરે.ચો.મી. ૦-૦૪-૪૨ જેના ૮-અના **ખાતા નં. ૧૦૨૬**ની જમીન **કનુભાઈ સુરગભાઈ માલા** રહે. નડાળા, જી. અમરેલી એ મહેન્દ્રસિંહ લાલુભા સોલંકી પાસેથી વેચાણ દસ્તાવેજ ૧૧૯૪, તા. ૨૬/૦૫/૨૦૨૩ ખરીદ કરેલ જેની નોંધ નં. ૩૫૫૪, તા. ૦૮/૦૬/૨૦૨૩થી પ્રમાણીત થયેલ ત્યારથી અમોની સ્વતંત્ર માલીકી, કબજા ભોગવટાની આવેલ છે તેઓ પાસેથી મારા અસીલ ખરીદ કરવા માંગે છે.

સદરહું જમીન કે તેના ટાઈટલ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે વાંધો તકરાર, અગ્રહકક, લીયન, લેણું, બોજો વિગેરે હોય તો દિવસ-૮(આઠ)માં નીચે દર્શાવેલ સરનામે લેખિત આધાર-પુરાવા સાથે જાણ કરવી જો નિયત સમયમાં કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર નહીં આવે તો કોઈને કોઈપણ પ્રકારનો વાંધો તકરાર નથી અને હોય તો તે જતો (WAIVE) કરેલ છે તેમ સમજી મારા અસીલ શુધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે સદરહું જમીન ખરીદ કરવા અંગેની કાર્યવાહી પૂર્ણ કરશે અને ત્યારબાદના કોઈના કોઈપણ પ્રકારના વાંધો તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહિ, જેની લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ તા. ૧૭/૦૬/૨૦૨૫

**(કનુભાઈ સુરગભાઈ માલા)**
તે અમારી સુચનાથી

## સંદિપ ડી. પાનસુરીયા એડવોકેટ

૪૧૬-રાષ્ટ્રદિપ કોમ્પ્લેક્ષ, રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ મો.નં. ૯૭૨૭૬ ૨૬૫૫૩

## સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહેરબાન રજામાં એડી. સીનીયર સીવીલ જજ શ્રી પી.જી.ગોસ્વામી સાહેબની કોર્ટમાં, મું. રાજકોટ દિ.પ.અ.નં. ૮૭૫/૨૦૨૫થી અરજદાર **KAMLABEN JESHINGBHAI DABHI એ ગુજ. જેસીંગભાઈ માધાભાઈ**ની સ્થાવર મિલ્કત રાજકોટ શહેરમાં રે.સ.નં.-૪૬૨ના બીનખેડવાણ પ્લોટસ પૈકી પ્લોટ નં.-૪૬ની (સીટી સર્વે વોર્ડ નં. -૧૬ના સીટી સર્વે નં-૧૨૪૯ પૈકી તથા ટી.પી. સ્કીમ નં-૧ રાજકોટ, એફ.પી.નં-૬૨૩ પૈકી) જમીન ચો.મી.આ. ૪૩૭-૨૧ ઉપર બાંધવામાં આવેલ **'અંબા આશીષ શોપીંગ સેન્ટર'**ના નામે ઓળખાતી બહુમાળી ઈમારત માંહેથી ગ્રાઉન્ડ ફલોરમાં આવેલ દુકાન નં-૮ ચો.ફુટ આ. ૧૮૦ સુપર બિલ્ટઅપ એરીયાવાળી દુકાન **ગુજ. જેસીંગભાઈ માધાભાઈ દાભી**એ દ.અનુ.નં.-૬૩૪૪ તા. ૧૦/૧૧/૨૦૦૪થી ખરીદ કરેલ હતી ત્યારથી આ મિલ્કત ગુજરનારની માલીકી તથા કબજા, ભોગવટાની આવેલ હતી. સદરહું ઉપરોકત મિલ્કતનું હેરશીપ/વારસા સર્ટીફીકેટ મેળવવા માટે તેમના **વકીલશ્રી શ્યામકુમાર કે. પરમાર-એડવોકેટ, વિજય ડી. સોજીત્રા-એડવોકેટ એન્ડ નોટરી, પ્રવિણ સી. ઝરીયા-એડવોકેટ, અભિષેક પી. જાડેજા-એડવોકેટ તથા કિર્તીરાજસિંહ એચ.ઝાલા-એડવોકેટ, રાજેશ જી. કનોજીયા-એડવોકેટ એન્ડ નોટરી, પી.ટી.મકવાણા-એડવોકેટ, મહેન્દ્ર શ્રીમાળી-એડવોકેટ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી દિવાની પરચુરણ અરજી દાખલ કરેલ છે તે સંબંધે જે કોઈ વ્યકિતને વાંધા, તકરાર તેમને મુદત તારીખ ૧૯/૭/૨૫ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે અત્રેની કોર્ટમાં રજુ કરવા, ગેરહાજર રહ્યે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ નોંધ લેશો.

આજ તારીખ ૧૬ માંહે ૬ સને ૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યું.

તૈયાર કરનાર (શ્રીમતી એન.વી.લાલ) સીની. કલાર્ક | કોર્ટનો સીકકો | હુકમથી (એન.આર.વ્યાસ) રજીસ્ટ્રાર

## નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની કચેરી, જસદણ પ્રાંત,

પ્રથમ માળ, તાલુકા સેવા સદન, જિલેશ્વર પાર્ક પાસે, કમળાપુર રોડ, જસદણ
ફોન નં. ૦૨૮૨૧-૨૨૧૨૩૨ Email id : prant-rev-raj@gujarat.gov.in

### જાહેર નોટીસ

પરચુરણ અરજી નં. ૨૫૦/૨૦૨૫

શ્રી ગોરધનભાઈ વિરજીભાઈ સાવલીયા
રહે. સાણથલી તા. જસદણ જિ. રાજકોટ ...અરજદાર

**વિરૂ ધ્ધ**

સબ રજીસ્ટ્રારશ્રી
જન્મ અને મરણ નોંધણી અધિકારી અને તલાટી-કમ-મંત્રીશ્રી, સાણથલી તા. જસદણ ...સામાવાળા

વિષય :- **જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારના પુત્રીશ્રી કૈલાશબેન ગોરધનભાઈ સાવલીયા વા/ઓ, નાગજીભાઈ રાદડિયાનો જન્મ તા. ૦૧-૦૬-૧૯૭૫ના રોજ જસદણ તાલુકાના સાણથલી ગામે થતા તેના જન્મની નોંધ જે તે સમયે સામાવાળાના જન્મ રજિસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ **મુદત તા. ૧૪/૦૭/૨૦૨૫ના રોજ બપોરના ૩:૦૦ કલાકે** હાજર રહેવુ તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધી કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૯/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપી.

કોર્ટનો સીકકો | સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ જસદણ

## નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની કચેરી, જસદણ પ્રાંત,

પ્રથમ માળ, તાલુકા સેવા સદન, જિલેશ્વર પાર્ક પાસે, કમળાપુર રોડ, જસદણ
ફોન નં. ૦૨૮૨૧-૨૨૧૨૩૨ Email id : prant-rev-raj@gujarat.gov.in

### જાહેર નોટીસ

પરચુરણ અરજી નં. ૨૫૩/૨૦૨૫

શ્રી રાણીબેન દેહાભાઈ ચાવડા
રહે. પ્રતાપપુર તા. જસદણ જિ. રાજકોટ ...અરજદાર

**વિરૂ ધ્ધ**

સબ રજીસ્ટ્રારશ્રી
જન્મ અને મરણ નોંધણી અધિકારી અને તલાટી-કમ-મંત્રીશ્રી, પ્રતાપપુર તા. જસદણ ...સામાવાળા

વિષય :- **જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારના પુત્રીશ્રી મંજુલાબેન દેવજીભાઈ ચાવડા વા/ઓ. નટવરભાઈ પરમારનો જન્મ તા. ૦૧-૦૩-૧૯૭૬ના રોજ જસદણ તાલુકાના પ્રતાપપુર ગામે થતા તેના જન્મની નોંધ જે તે સમયે સામાવાળાના જન્મ રજિસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ **મુદત તા. ૧૪/૦૭/૨૦૨૫ના રોજ બપોરના ૩:૦૦ કલાકે** હાજર રહેવુ તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધી કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૯/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપી.

કોર્ટનો સીકકો | સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ જસદણ

## વે બ્રીજ વેચાણ અંગે જાહેરાત

### શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ - જેતપુર

રેલ્વે ફાટક પાસે, જુનાગઢ રોડ, મું. જેતપુર, જી. રાજકોટ.

બજાર સમિતિ જેતપુરનો ચાલુ હાલતનો ૪૦ મે. ટન કેપેસીટીનો ફુલ્લી ઈલેક્ટ્રોનીક વજન કાંટો જય સ્કેલ મેન્યુફેકચરીંગ કાં. નો ૯ મી x ૩ મી પ્લેટફોર્મ સાથેના વે બ્રીજ જાહેર હરરાજીથી તા. ૨૭/૦૬/૨૦૨૫ ને શુક્રવારને સવારના ૧૧:૦૦ કલાકે રાખવામાં આવેલ છે. તો હરરાજીમાં ભાગ લેવા ઈચ્છતાં ઈસમોએ બજાર સમિતિની ઓફિસે રૂા. ૨૫,૦૦૦- ૦૦ ડિપોઝીટ ભરીને હરરાજીમાં ભાગ લઈ શકશે. ઉક્ત હરરાજી અંગેનો આખરી નિર્ણય બજાર સમિતિનો રહેશે.

શ્રી વિમલકુમાર વી. રૂપારેલીયા, સેક્રેટરીશ્રી | શ્રી વિનોદભાઈ વી. પાઘડાર, વાઈસ ચેરમેન | શ્રી જમનભાઈ એન. ભુવા, ચેરમેન

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ - જેતપુર

## વે બ્રીજ ખરીદી અંગે જાહેરાત

### શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ - જેતપુર

રેલ્વે ફાટક પાસે, જુનાગઢ રોડ, મું. જેતપુર, જી. રાજકોટ.

જેતપુર માર્કેટ યાર્ડ માટે ૪૦ મે. ટન કેપેસીટીનો ફુલ્લી ઈલેક્ટ્રોનીક વજન કાંટો ખરીદ કરવાનો છે. જેથી રસ ધરાવતી સ્ટાન્ડર્ડ વે બ્રીજ મેન્યુફેક્ચરીંગ કંપનીઓએ પ્લેટફોર્મ સાથેના વે બ્રીજ તથા તેની સાથેના જરૂરી ઈક્વીપમેન્ટસ સાથે કમ્પલીટ ફીટીંગ અને સ્ટેમ્પીંગ સાથેના ૪૦ મે. ટન કેપેસીટીના ભાવો તેમજ લોડશેલની સંખ્યા અને લોડશેલની મેન્યુફેક્ચરીંગ કંપનીની વિગતો તેમજ શરતો સાથે તા. ૩૦/૦૬/૨૦૨૫ સુધીમાં ભાવો મોકલી આપવાના રહેશે. કોઈ પણ ઓફર સ્વીકારવી ન સ્વીકારવી તે અંગેનો બજાર સમિતિનો નિર્ણય આખરી રહેશે.

શ્રી વિમલકુમાર વી. રૂપારેલીયા, સેક્રેટરીશ્રી | શ્રી વિનોદભાઈ વી. પાઘડાર, વાઈસ ચેરમેન | શ્રી જમનભાઈ એન. ભુવા, ચેરમેન

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ - જેતપુર

## સિવિલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે.પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ શ્રી સી.વી.રાણા સાહેબની કોર્ટમાં **દિ.પ.અ.નં. ૧૨૧૮/૨૦૨૫**ના કામના અરજદાર **શ્યામભાઈ દેવશીભાઈ વાજા**એ **ગુજ. શામજીભાઈ સુંદરજીભાઈ ચુડાસમા તથા ગુજ. મધુબેન ડો./ઓ. શામજીભાઈ ચુડાસમા વા./ઓ. દેવશીભાઈ વાજા**ની સંયુકત માલીકીની સ્થાવર મિલ્કત કે જે રાજકોટ તાલુકાના (હાલ રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનમાં સમાવિષ્ટ) ગામ રૈયાના સર્વે નં. ૧૩૦-૧ પૈકી, ટી.પી. સ્કીમ નં. ૧(રૈયા), એફ.પી. નં. ૫૫૬ના પ્લોટ નં. ૩૨ પૈકીની જમીન ચો.વા.આ. ૩૮-૦-૦ ઉપરના મકાન તથા મજમુ ચાલની જમીન ચો.વા.આ. ૩-૬-૦ મળી કુલ જમીન ચો.વા.આ. ૪૧-૬-૦ બરાબર ચો.મી.આ. ૩૪-૮૩ સહિતના ઉભા ઈમલાવાળા મકાન **શામજીભાઈ સુંદરજીભાઈ તથા મધુબેન શામજીભાઈ**એ સંયુકત રીતે રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં. ૨૯૯૮, તા. ૧૦/૦૫/૧૯૮૨ના રોજથી પરસોતમભાઈ હરજીભાઈ લાડવા પાસેથી ખરીદ કરેલ જે સ્થાવર મિલ્કત અંગેનું હેરશીપ સર્ટીફીકેટ મેળવવા માટે તેમના **એડવોકેટ શ્રી ડી.ડી.વ્યાસ** મારફતે અરજી કરેલ છે તે બાબતે જે કોઈને હકક, હિત, હિસ્સો હોઈ, વાંધો તકરાર હોય, તેમણે મુદત તા. ૧૭/૦૭/૨૦૨૫ના રોજ પોતે જાતે અથવા તેમના વકીલ મારફતે હાજર રહી વાંધા રજુ કરવા, જો કોઈ વાંધા આવશે નહી તો આગળ યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૧૬ માહે જુન સને ૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યું.

તૈયાર કરનાર (જે.એમ.અંસારી) આસીસ્ટન્ટ | કોર્ટનો સીકકો | હુકમથી (એન.આર.વ્યાસ) રજીસ્ટ્રાર

## સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના બીજા એડી. સીવીલ જજ અને જે.એમ.એફ.સી. શ્રી પી.જી.ગોસ્વામી સાહેબની કોર્ટમાં દી.પ.અ.ના. ૧૨૨૭/૨૦૨૫ના કામમાં અરજદાર **શ્રી અનીલભાઈ બેચરભાઈ ભાલારા તથા શ્રી પરેશ બેચરભાઈ ભાલારાના માતુશ્રી ગુજરનાર રમાબેન બેચરલાલ ભાલારાની** સ્થાવર મિલ્કત રાજકોટ શહેરના રેવન્યુ સર્વે નં. ૩૭૫-૧-૩ના બીનખેતી પ્લોટસ પૈકી પ્લોટ નં. ૫૩-સીની જમીન ચો.વા.આ. ૯૩-૭-૦ તથા પ્લોટ નં. ૫૩-એની મકાન બાંધકામના ઉપયોગની જમીન ચો.વા.આ. ૬-૫-૭૨ તથા ખાનગી ચાલની જમીન ચો.વા.આ. ૨-૭-૦ મળી કુલ જમીન ૯-૩-૭૨ એમ બંને પ્લોટની મળી કુલ જમીન ચો.વા.આ. ૧૦૩-૧-૭૨ બરાબર ચો.મી.આ. ૮૫-૦-૦ ઉપરના મકાન જેના સીટી સર્વે વોર્ડ નં. ૭/૩, સીટી સર્વે નં. ૪૭૫૧, ટી.પી. સ્કીમ નં. ૪, એફ.પી.નં. ૫૩ પૈકી આવેલ છે તે મકાન રમાબેન બેચરલાલ ભાલારાએ અનુ. નં. ૬૬૭, તા. ૨૭/૦૧/૧૯૮૬ના વેચાણ દસ્તાવેજથી નિર્મળાબેન ધરમશીભાઈ સુતારના કુલમુખત્યાર દીનેશચંદ્ર નાનજીભાઈ ખંભાયતા પાસેથી ખરીદ કરેલ છે તે સ્થાવર મિલ્કતનું વારસા સર્ટીફીકેટ મેળવવા માટે ઉપરોકત અરજદારના **એડવોકેટ શ્રી કુંજન આર. વડગામા તથા શ્રી અશ્વિન એન. વડગામા** મારફત ઉપરોકત દી.પ.અ. દાખલ કરેલ છે. જે અંગે કોઈને વાંધો તકરાર હોય તો તેઓએ તા. ૧૯/૦૭/૨૦૨૫ના રોજ ઉપરોકત કોર્ટમાં લેખીત આધાર પુરાવા સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તારીખ ૧૬/૦૬/૨૦૨૫ના રોજ કોર્ટે સહી સિકકા કરી તૈયાર કરી આપેલ છે.

તૈયાર કરનાર (શ્રીમતી એન.વી.લાલ) સીની. કલાર્ક | કોર્ટનો સીકકો | હુકમથી (એન.આર.વ્યાસ) રજીસ્ટ્રાર

## સિવિલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. ૧૩માં એડી. સિવિલ જજ આર.એફ.ત્રિવેદી સાહેબની કોર્ટ સમક્ષ દિ.પ.અ.નં. ૧૨૧૫/૨૦૨૫ના કામના શ્રી નીલેશભાઈ મનસુખલાલ ભટ્ટી, રહે. 'શ્રી મોમાઈ કૃપા', રાજકોટ નાગરિક સહકારી બેંક સોસાયટી, નિર્મલા કોન્વેન્ટ સ્કુલ પાસે, રાજકોટવાળા એ ગુજ. મનસુખલાલ મોહનલાલ ભટ્ટીની સ્થાવર મિલ્કત ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ રાજકોટના સબ-ડિસ્ટ્રીકટ રાજકોટના, રાજકોટ શહેરના રેવન્યુ સર્વે નં. ૪૬૦ પૈકીના (સીટી સર્વે વોર્ડ નં. ૧૫/૨, સીટી સર્વે નં. ૬/૨૪, ટી.પી. સ્કીમ નં. ૧, એફ.પી.નં. ૬૨૦) બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનમાં આવેલ શ્રી રાજકોટ નાગરિક સહકારી બેંક પરિવાર કો-ઓપ. હાઉસીંગ સોસાયટી લી.-રાજકોટ (રજી. નં. ઘ-૬૪૮૧, તા. ૩૦-૯-૭૭)ના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૨૪ની જમીન ચો.મી.આ. ૧૩૦.૨૪ ઉપર મિલ્કત આવેલ છે. જે મિલ્કત ગુજ. મનસુખલાલ મોહનલાલ ભટ્ટીની સ્વતંત્ર માલીકી, કબજા ભોગવટાની આવેલ. સદરહું મિલ્કત ગુજ. મનસુખલાલ મોહનલાલ ભટ્ટીને શ્રી રાજકોટ નાગરિક સહકારી બેંક પરિવાર કો-ઓપ. હાઉસીંગ સોસાયટી લી. સોસાયટીએ સભ્ય દરજજે તા.૧૫-૦૧-૧૯૭૯ના રોજ એલોટ કરેલ છે. તેનું વારસા સર્ટીફીકેટ મેળવવા અંગે અરજદારએ તેઓના **વકીલશ્રી હિતેષ આર. ભાયાણી** મારફતે ઉપરોકત દિ.પ.અરજી અત્રેની કોર્ટ સમક્ષ દાખલ કરેલ હોય, સદરહું અરજી સંબંધે જે કોઈને વાંધો-તકરાર હોય તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયા બાદ મુદત તા. લેખીત વાંધા સાથે હાજર રહેવું. આવશે જેની સ્પષ્ટ નોંધ લેશો. ૨૨/૭/૨૦૨૫ના સવારના ૧૧.૦૦ કલાકે લેખીત વાંધા સાથે હાજર રહેવું. ગેરહાજર રહ્યે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ નોંધ લેશો.

આજ તારીખ ૧૬/૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપેલ.

તૈયાર કરનાર (જી.એન.ટિલાવત) આસી. | કોર્ટનો સિકકો | હુકમથી (એન.આર.વ્યાસ) રજીસ્ટ્રાર પ્રિન્સીપાલ સીનીયર સિવિલ કોર્ટ રાજકોટ

## ઓન લાઈન ટેન્ડરટુકી મુદૃતની જાહેર નિવિદા નં.૦૯ સને.૨૦૨૫-૨૦૨૬

કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ,(સ્ટેટ), મુખ્ય પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન નં. ૨૨૩૧૦૦, દ્વારા માન્ય ઈજારદારો પાસેથી આ વિભાગ હસ્તકના **બિલ્ડીંગવર્ક(ફર્નિચર વર્ક ) ના કામ** માટે ઈ-ટેન્ડર પધ્ધતીથી ટેન્ડરો માંગવામાં આવે છે. આ કામની વિગતવાર નોટીસ માહિતી વિભાગની વેબ સાઈટ www.statetenders.gujarat.gov.in & www.nprocure.com ઉપર જોવા મળશે.

| ક્રમ | વિગત | તારીખ / સમય |
|---|---|---|
| ૧ | કોરા ભાવપત્રકો ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ | ૨૪/૦૬/૨૦૨૫ ૧૬:૦૦ કલાકે |
| ૨ | ભરેલ ભાવપત્રકો ઓન લાઈન ભરવાની છેલ્લી તારીખ | ૨૪/૦૬/૨૦૨૫ ૧૮:૦૦ કલાકે |
| ૩ | ભાવપત્રક ખોલવાની સંભવિત તારીખ | ૨૫/૦૬/૨૦૨૫ ૧૦.૩૦ કલાકે |
| ૪ | ટેન્ડર ડોકયુમેન્ટ રજી.પોસ્ટ એ.ડી થી સબ મીટ કરવાની તારીખ | ૨૬/૦૬/૨૦૨૫ થી ૦૨/૦૭/૨૦૨૫ |

જિમાંક/અમર/૧૧૮/૨૫

## સુરેન્દ્રનગર કચેરી - મત્સ્યોદ્યોગ માટે જળાશયો ઇજારા ઉપર આપવાની જાહેર નોટીસ

સુરેન્દ્રનગર જિલ્લાનાં નીચે દર્શાવેલ ૨૦૦ હેક્ટર સુધીનાં જળાશયો મત્સ્યોદ્યોગ પ્રવૃત્તિના વિકાસ માટે તા.૨૫/૦૨/૨૦૦૪ની ઇજારાનીતિ તેમજ વખતોવખતના નિયમોને આધીન સ્પર્ધાત્મક ટેન્ડરથીતા.૦૧/૦૭/૨૦૨૫ થી તા.૧૦/૦૬/૨૦૩૦ સુધી પાંચ વર્ષ માટે વાર્ષિક ઇજારાની રકમથી ઇજારા પર આપવાના થાય છે. જે માટે રસ ધરાવનાર વ્યક્તિગત આસામી, સહકારી મંડળીઓ, સંસ્થાઓને સ્પર્ધાત્મક ધોરણે ટેન્ડર ભરવા જણાવવામાં આવે છે . જળાશયના ઇજારાની બોલીઓ અને શરતો ટેન્ડર ફોર્મ સાથે મત્સ્યોદ્યોગ ખાતાની કચેરીઓમાંથી નિયત થયેલ ટેન્ડરફી ભર્યેથી મળી શકશે. જે વ્યક્તિગત/ સંસ્થા/ મંડળી પાસે સરકારી લ્હેણું બાકી હશે,તો તેમણે ટેન્ડર ભરતાં પહેલા જે તે સ્થાનિક કચેરીમાં બાકી રકમ ભર્યા બાદ જ ટેન્ડર અરજી કરવાની રહેશે.

૧.માંગણીદારો કોરા ટેન્ડર ફોર્મ જાહેરાત પ્રસિદ્ધ થયેથી મત્સ્યોદ્યોગ ખાતાની કચેરીઓના કામકાજનાં દિવસો દરમિયાન તારીખ.૨૭/૬/૨૦૨૫ નાં ૧૭:૦૦ કલાક સુધી મળી શકશે

૨. માંગણીદારો ભરેલાં ટેન્ડરો તા.૮/૭/૨૦૨૫ નાં ૧૭:૦૦ કલાક સુધીમાં મળે તે રીતે જળાશયવાર બંધ કવરમાં રજી.એડી.પોસ્ટ / ટપાલખાતાની સ્પીડ પોસ્ટથી મદદનીશ મત્સ્યોદ્યોગનિયામકની કચેરી, બહુમાળી ભવન, બ્લોક નંબર-એ, બીજો માળ રૂમ નંબર-202 સુરેન્દ્રનગર ને મોકલવાના રહેશે ટેન્ડર રૂબરૂ કે આંગડીયામાં સ્વીકારવામાં આવશે નહીં. ટેન્ડરબંધ કવરમાંકવર ઉપર જળાશયનું નામ ફરજિયાત દર્શાવવાનું રહેશે, અન્યથા ટેન્ડૅર રદ થવાને પાત્ર રહેશે. સમય મર્યાદા સમયમર્યાદા બાદ આવેલ ટેન્ડરકચેરી દ્વારા પોસ્ટમાંથી સ્વીકારવામાં આવશે નહીં.

૩. ટેન્ડરમાં ભરેલ રકમનાં ૧૦ ટકા રકમનો ડિમાન્ડ ડ્રાફ્ટ રાષ્ટ્રીયકૃત બેંકનો ASSISTANT DIRECTOR OF FISHERIES SURENDRANAGAR ના નામનો ભરેલ ટેન્ડર ફોર્મ સાથે બિડવાનો રહેશે. , અન્યથા રદ થવાના પાત્ર રહેશે.

૪. .સમયમર્યાદામાં મળેલ ટેન્ડરો તા.૧૦/૭/૨૦૨૫ નાં રોજ ૨:૦૦ કલાકે મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામક,સુરેન્દ્રનગર ખાતે ટેન્ડર કમિટીની હાજરીમાં હાજર રહેલ પાર્ટીઓ સમક્ષ ખોલવામાં આવશે.

૫.જળાશયમાં ખાતાકીય રીતે છોડવામાં આવેલમત્સ્યબીજની રકમ ટેન્ડર મંજૂરીનો હુકમ થયે પ્રથમ હપ્તાની રકમ સહિત એકસાથે ભરવાની રહેશે.

૬.વ્યક્તિગત આસામી/ સહકારી મંડળી/ સંસ્થાએ "કોઇપણ પ્રકારનું સરકારી લ્હેણું બાકી નથી" તે અંગેનું સ્ટેમ્પ પેપર ઉપર નોટરાઇઝ્ડ કરેલઅસલ સોગંદનામુ ટેન્ડર સાથે ફરજિયાત બીડવાનું રહેશે. ભરેલ ટેન્ડરો કોઇપણ સંજોગોમાં પરત ખેંચી શકાશે નહીં.

૭. ટેન્ડર ભરનારે ટેન્ડર સાથે પોતાનો મોબાઈલ નંબર અને ઇ-મેઈલ આઈડી ફરજિયાત દર્શાવવાના રહેશે.

૮. જળાશયને ઇજારા ઉપર આપવાની પ્રક્રિયામાં ભરેલ ટેન્ડરોનો સ્વીકાર/ અસ્વીકાર કે મુલતવી રાખવાનો આખરી નિર્ણય મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામક , સુરેન્દ્રનગર નો અબાધિત રહેશે

| જળાશય નું નામ | તાલુકો | જિલ્લો | એફઆરએલ (હેક્ટર) | અપસેટ કિંમત | ટેન્ડર ફી |
|---|---|---|---|---|---|
| ભાસ્કરપરા | મુ.ભાસ્કરપરા,તા.લખતર | સુરેન્દ્રનગર | ૧૦૦.૦૦ | ૩૮૮૦૦/- | ૬૦૦ /- |
| ધારી | મુ. ધારેઇ, તા. ચોટીલા | સુરેન્દ્રનગર | ૮૬.૩૦ | ૧૨૧૬૬/- | ૬૦૦ /- |
| ત્રિવેણીઠાંગા | મુ.ડાકવડલા , તા.ચોટીલા | સુરેન્દ્રનગર | ૧૨૪.૬૯ | ૧૯૨૯૧ /- | ૬૦૦ /- |
| ધનશ્યામગઢ | મુ.જૂના ધનશ્યામગઢ, તા.ધાંગધ્રા | સુરેન્દ્રનગર | ૫૮.૯૦ | ૧૯૪૫૫ /- | ૬૦૦ /- |

મદદનીસ મત્સ્યોદ્યોગ નિયામક
સુરેન્દ્રનગર

માહિતી/સુરેન્દ્રનગર/૧૨૩/૨૦૨૫-૨૬

# ‘તુ મારી સામે કેમ જુએ છે’ કહીં કાર ચાલકે એડવોકેટને બેઝબોલ ધોકાના ઘા ઝીંકી દિધા

## મક્કમ ચોક પાસેની ઘટના: યુવા એડવોકેટ એક્ટિવા લઈ જતાં હતા ત્યારે ઈનોવાના ચાલકે બેફામ ગાળો ભાંડી અન્ય શખ્સો સાથે મળી હુમલો કર્યો, સારવારમાં ખસેડાયા: એ.ડિવિઝન પોલીસે ગુનો નોંધ્યો અજાણ્યાં શખ્સોની શોધખોળ આદરી

રાજકોટ. તા.૧૭

મક્કમ ચોક પાસે સામે જોવા જેવી સામાન્ય બાબતે કાર ચાલકે યુવા એડવોકેટને બેઝબોલ ધોકાના ઘા ઝીંકી દેતાં લોહીલુહાણ હાલતમાં સારવારમાં ખસેડાયા હતાં. બનાવ અંગે ત્રણ શખ્સો સામે એ.ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે ઢેબર રોડ પર શ્રમજીવી સોસાયટીની પાછળ ગોપાલનગર શેરીમાં રહેતાં ઈન્દ્રજીતસિંહ પૃથ્વીસિંહ મકવાણા (ઉ.વ.૨૭) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ઈનોવા કારનો ચાલક અને તેની સાથેના બે અજાણ્યાં શખ્સોના નામ આપતાં એ.ડિવિઝન પોલીસે બીએનએસ એક્ટ ૧૧૫(૨), ૧૧૮(૧) સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.



વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેમને વકીલાતનો અભ્યાસ કરેલ છે અને હાલ એડવોકેટ સાથે આસિસ્ટન્ટ તરીકે કામ કરે છે. ગઈકાલે સવારના અગિયારેક વાગ્યે તેઓ ઘરેથી કોર્ટે જવા જ્યુપીટર લઈને નીકલેળ હતો. મક્કમ ચોકથી આગળ સત્યવિજય આઈસ્ક્રીમ ધર્મશાળા પાસે પહોંચતા એક સફેદ કલરની ઈનોવા કાર જે તેમની આગળ ઉભી રાખેલ અને તેમાથી એક અજાણ્યો માણસ ઉતરી તેમની પાસે આવી કહેવા લાગેલ કે, તુ મારી સામે કેમ જુએ છે, જેથી અજાણ્યા માણસને કહેલ કે, સામુ જોવામાં તમને કાંઇ વાંધો છે, તેમ કહેતા ગાળો આપવા લાગેલ હતો.

તેમજ તેની ઈનોવા ગાડીની ડેકીમાંથી બેઝબોલનો ધોકો લઇને ધસી આવેલ અને માથાના ભાગે ઘા ઝીંકી દિધા હતાં. થોડીવાર બાદ બીજા બે અજાણ્યા શખ્સો પણ તેની સાથે આવેલ અને ગાળો આપી હતી. દરમિયાન બનાવ સ્થળે લોકો એકઠાં થઈ જતાં બે શખ્સો ત્યાંથી નાસી છૂટ્યા હતાં અને ઈનોવા કારનો ચાલક જતા જતા ત્યાં એક બાઈક ઉભુ હતુ તેને ભટકાડીને ત્યાંથી તેની ઈનોવા કારમાં ભાગ્યો હતો.

બાદમાં ઇજાગ્રસ્ત થયેલ એડવોકેટને ૧૦૮ મારફત સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડેલ હતાં. બનાવ અંગે એ.ડિવિઝન પોલીસે ગુનો નોંધી હુમલો કરનાર અજાણ્યાં શખ્સોની શોધખોળ આદરી છે.

# આજી જીઆઈડીસી પાસે પરપ્રાંતીય બે પરિવાર વચ્ચે બઘડાટી: મહિલા સહિત ત્રણ ઘવાયા

## મહિલા વિશે ખોટી ટિપ્પણી કરવા મામલે ચોખવટ કરવાં ભેગા થયાં અને પાઈપ વડે તૂટી પડ્યા: ઈજાગ્રસ્તને સારવારમાં ખસેડાયા

રાજકોટ. તા.૧૭

આજી જીઆઇડીસી પાસે રહેતા બે યુપીના પરિવાર વચ્ચે મારમારી થઇ હતી. જેમાં મહિલા સહિત ત્રણને ઇજા પહોંચતા સારવાર માટે સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં. મહિલા વિષે ખોટી વાતો કરવા બાબતે બંને પરિવાર વચ્ચે બોલાચાલી થયા બાદ મારામારી થઇ હતી. આ અંગે થોરાળા પોલીસ મથકમાં ફરિયાદ નોંધવવા તજવીજ હાથ ધરવામાં આવી છે. પ્રાપ્ત વિગત મુજબ, આજી જીઆઇડીસી પાસે આનંદનગર-૨ માં રહેતા મૂળ યુ.પી.ના વતની ગુડીયાબેન જેનુદીન ઇદ્રીશી(ઉ.વ ૪૦ રહે. આનંદનગર-૨ રાજકોટ, મૂળ યુ.પી) અને સામાપક્ષે પ્યારેલાલ કમરૂદીન બાગબાન(ઉ.વ ૪૯) અને તેના પુત્ર ખુશ્બુદીનને ઇજા પહોંચતા સારવાર માટે સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં. જેથી હોસ્પિટલ ચોકીના સ્ટાફે જરૂરી કાર્યવાહી કરી થોરાળા પોલીસને જાણ કરી હતી.



બનવાની વધુમાં જાણવા મળતી વિગતો મુજબ, પ્યારેલાલ ગુડીયા વીશે ખોટી વાત કરતો હોવાની જાણ થતા ગુડીયા તેનો જેનુદીન આ બાબતે પ્યારેલાલ સાથે વાત કરતા તેણે સાંજે મળવા આવ્યા કહ્યું હતું. બાદમાં બંને પરિવાર રાત્રીના ભેગા થતા ગુડીયા પર ખુશ્બુદીન, પ્યારેલાલ અને અજાણ્યા શખસે મળી પાઇપ વડે હુમલો કર્યો હતો. જયારે સામાપક્ષે સલમાન, જેનુદીન અને અજાણ્યા શખસે હુમલો કરતા પ્યારેલાલ અને તેના પુત્ર ખુશ્બુદીનને ઇજા પહોંચી હતી. આ અંગે પોલીસ ફરિયાદ નોંધવવા તજવીજ હાથ ધરવામાં આવી છે.

# મૈત્રી કરાર કરેલ યુવતી છોડીને જતી રહ્યાં બાદ ગુમસૂમ રહેતા યુવાને આપઘાત કરી લીધો

## ગાંધીગ્રામના ગોવિંદનગરનો બનાવ: ૨૮ વર્ષીય યુવાનને ફાંસો ખાધેલી હાલતમાં જોતાં જ પરીવારમાં આક્રંદ છવાયો, પોલીસ દોડી ગઈ, તપાસ આદરી

રાજકોટ.તા.૧૭

ગાંધીગ્રામના ગોવિંદનગરમાં રહેતા યુવાને ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે . આપઘાત કરી લેનારા યુવાને મૈત્રીકરાર કર્યા હતાં તે યુવતિ તેને છોડીને જતી રહેતાં માઠુ લાગી જતાં પગલુ ભર્યાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યું છે. બનાવ અંગે ગાંધીગ્રામ પોલીસે તપાસ આદરી છે.

વધુમાં મળેલ વિગત મુજબ ગોવિંદનગર-૨માં રહેતાં કિશનભાઈ લાલજીભાઈ જાદવ (ઉં.વ.૨૮)નામના યુવાને ઘરમાં ઉપરના માળે છતના હુકમાં કપડા સુકવવાની દોરી બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધાની જાણ ૧૦૮ના ઈએમટી તબિબ ગીરજાબેન રાઠોડે કરતાં કન્ટ્રોલ ઈન્ચાર્જ વી. એચ. ચૌહાણે જાણ ગાંધીગ્રામ પોલીસને જાણ કરી હતી. બનાવ અંગે હેડ કોન્સ્ટબલ મિહીરસિંહ બારડ, રાઈટર નિલેષ ડોડીયા સહિતે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ મૃતક કિશનભાઈ તેના ઉપરના રૂમમાંથી મોડે સુધી નીચે ન આવતાં તેના માતા ઉપર તપાસ કરવા જતા તે લટકતી હાલતમાં મળતાં કલ્પાંત સર્જાયો હતો. આપઘાત કરનાર કિશનભાઈ છુટક સેન્ટિંગ કામ કરતો હતો. તેના પિતા સેન્ટીંગ કામની મજૂરી કરે છે. કિશનભાઈએ એક યુવતિ સાથે મૈત્રીકરાર કર્યા હતાં. દરમિયાન આ યુવતિ તેને છોડીને જતી રહેતાં ત્યારથી તે ગુમસુમ રહેતો હતો. આ કારણે પગલુ ભરી લીધાની શક્યતા છે. વિશેષ તપાસ એએસઆઈ વી. વી. જાડેજા ચલાવી રહ્યા છે. યુવાન દિકરાએ ભરેલ અંતીમ પગલાથી પરીવારમાં કલ્પાંત સર્જાયો છે.

## ભાવનગર જિલ્લાની તમામ શાળાઓમાં કાલે રજા જાહેર ભારે વરસાદના કારણે કલેકટરનો આદેશ

ભાવનગર તા.૧૭

ભાવનગર જિલ્લા માં અતિશય વરસાદ ના લીધે કાલે તા.૧૮/૬/૨૫ ના દિવસે તમામ શાળાઓ બંદ રાખવાની રહેશે.આ ઓર્ડર પ્રિ પ્રાઇમરી થી માંડીને હાયર સેકન્ડરી સુધી ના તમામ સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી સ્કૂલો માટે લાગુ રહેશે.તેમ કલેક્ટર ડો. મનીષકુમાર બંસલ એ જ જણાવ્યું છે.

# રાજકોટ જિલ્લા માટે NDRFની ટીમ આવી પહોંચી

## ચોમાસામાં અતિવૃષ્ટિ, કુદરતી આપત્તિ દરમ્યાન રાહત–બચાવ કામગીરી માટે જવાનો સેવા આપશે

રાજકોટ તા.૧૭

રાજકોટ જીલ્લા માટે એનડીઆરએફની ટીમ રાજકોટ આવી પહોંચી છે. ચોમાસાના વિધિવત પ્રારંભ થતાની સાથે જ એનડીઆરએફની આ ટીમે રાજકોટમાં પડાવ નાખી દીધો છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે એનડીઆરએફની ટીમ અતિવૃષ્ટિ, વાવાઝોડા પુર પ્રકોપ સહિત વિવિધ પ્રકારની કુદરતી અને માનવ સર્જીત આપદા દરમ્યાન બચાવ કામગીરીમાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. આ બટાલીયન અર્ધ લશ્કરી દળની જેમ સંગઠીત છે.




રાજકોટ જીલ્લા માટે પ્રતિવર્ષ ચોમાસા દરમ્યાન એનડીઆરએફની ટીમ ફાળવવામાં આવે છે. જે સંભવિત અતિવૃષ્ટિ દરમ્યાન અસરગ્રસ્ત વિસ્તારોમાં દોડી જઈ રાહત બચાવની કામગીરીમાં યોગદાન આપે છે. અહીં એ પણ ઉલ્લેખનીય છે કે એનડીઆરએફની રચના વર્ષ ૨૦૦૬માં કરવામાં આવી હતી. એનડીઆરએફની એક બટાલીયન રાજકોટ આવી પહોંચતા જે હવે ચોમાસા દરમ્યાન અતિવૃષ્ટિના સંજોગોમાં રાહત બચાવની સેવા કલેકટર તંત્રના માર્ગદર્શન હેઠળ આપશે.

# ઈઝરાયેલ અને ઈરાનની લડાઈ દરમિયાન ફસાયેલા ભારતીય છાત્રોનું રેસ્કયુ શરૂ

## ઈરાનની એરસ્પેસ બંધ હોઈ ભારતીય છાત્રોનો પહેલો જથ્થો આર્મેનિયાની બોર્ડરે પહોંચ્યો

તહેરાન(ઈરાન),તા.૧૭

ઈઝરાયલ અને ઈરાન વચ્ચે તણાવ ચાલી રહ્યો છે. જેને ધ્યાનમાં રાખીને ભારતીય વિદેશ મંત્રાલયે ભારતીય વિદ્યાર્થીઓને ઈરાનથી સુરક્ષિત રીતે લાવવાની પ્રક્રિયા શરૂ કરી છે. ત્રણ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને હાલ માટે સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. અન્ય વિદ્યાર્થીઓને પણ ખસેડવામાં આવી રહ્યા છે. ઈરાનમાં લગભગ દસ હજાર ભારતીય વિદ્યાર્થીઓ છે જેમાં દોઢ હજાર કાશ્મીરીઓનો પણ સમાવેશ થાય છે. મોટાભાગના વિદ્યાર્થીઓ ત્યાં મેડિકલનો અભ્યાસ કરે છે.

સૂત્રોના જણાવ્યાનુસાર, ઈરાનના એરસ્પેસ બંધ થવાને કારણે વિદ્યાર્થીઓને આર્મેનિયા થઈને બહાર કાઢવામાં આવી રહ્યા છે. આર્મેનિયાથી, વિદ્યાર્થીઓને જ્યોર્જિયા અને પછી પશ્ચિમ એશિયા થઈને ભારત લાવી શકાય છે. ૧૧૦ વિદ્યાર્થીઓનો પહેલો જથ્થો આર્મેનિયા સરહદ પર પહોંચી ગયો છે.

ભારતીય દૂતાવાસે સોમવારે (૧૬મી જૂન) તેહરાનથી વિદ્યાર્થીઓને બહાર કાઢવા માટે બસોની વ્યવસ્થા કરી હતી. તેહરાન યુનિવર્સિટી ઓફ મેડિકલ સાયન્સ, ઈસ્લામિક આઝાદ યુનિવર્સિટી અને ઈરાન યુનિવર્સિટી ઓફ મેડિકલ સાયન્સના તમામ ભારતીય વિદ્યાર્થીઓને સલામત સ્થળોએ મોકલી દેવામાં આવ્યા છે. શાહિદ બેહેશ્તી યુનિવર્સિટી ઓફ મેડિકલ સાયન્સના ભારતીય વિદ્યાર્થીઓને સવારે ૧૦ વાગ્યે (ઈરાનના સમય મુજબ) વેલેન્કજાવિક યુનિવર્સિટીના ગેટ નંબર ૨ પરથી કોમ શહેરમાં ખસેડવામાં આવ્યા હતા. ઉર્મિયા યુનિવર્સિટી ઓફ મેડિકલ સાયન્સના વિદ્યાર્થીઓને પણ સલામત સ્થળે મોકલવામાં આવી રહ્યા છે. ભારતીય દૂતાવાસે શિરાઝ યુનિવર્સિટી અને ઇસ્ફહાન યુનિવર્સિટી ઓફ મેડિકલ સાયન્સના વહીવટીતંત્ર સાથે વાત કરી છે.

# શિવાજી ચોકમાંથી દારૂના જથ્થા સાથે પ્રકાશ ઉર્ફે લાલો ઝડપાયો

## ગાયકવાડીમાં નિર્મલ એપાર્ટમેન્ટની છત પરથી દારૂના જથ્થા સાથે વેપારી હિતેષ ટહેલીયાણી દબોચાયો : પુછતાછ

રાજકોટ, તા. ૧૭

શહેર પોલીસની ટીમે દારૂના દરોડા યથાવત રાખી પીસીબીની ટીમે શિવાજી ચોકમાંથી દારૂના જથ્થા સાથે પ્રકાશ ઉર્ફે લાલાને અને પ્ર.નગરની ટીમે ગાયકવાડીમાં નિર્મલ એપાર્ટમેન્ટની છત પરથી દારૂના જથ્થા સાથે વેપારી હિતેષ ટહેલીયાણીને પકડીને કાર્યવાહી કરી હતી.

દરોડાની વિગત મુજબ પીસીબી પીઆઇ એમ.આર.ગોંડલીયાની રાહબરીમાં ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડ કોન્સ્ટેબલ કરણ મારૂને મળેલ ચોક્કસ બાતમીના આધારે શિવાજી ચોક, માધવ હોલ સામેથી પ્રકાશ ઉર્ફે લાલા મહેશ દાણીધારીયા (ઉ.વ.૨૫, રહે. નંદા હોલ પાસે, ન્યુ સાગર સોસાયટી શેરી નં. ૬)ને પકડી પાડી તેણી પાસેથી દારૂની ૨૪ બોટલ રૂા. ૭ હજારનો મુદ્દામાલ કબ્જે કરી દારૂનો જથ્થો ક્યાંથી લાવ્યો અને ક્યાં સપ્લાય કરવાનો હતો તે અંગે પુછતાછ આદરી હતી. બીજા દરોડામાં પ્ર.નગર પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ મયુરરાજસિંહ છોટુભા જાડેજા સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે મળેલ ચોક્કસ બાતમીના આધારે ગાયકવાડી શેરી નં.૯, નિર્મલ એપાર્ટમેન્ટની ઉપર છત ઉપરથી દારૂની ૭૮ બોટલ સાથે હિતેષ લક્ષ્મણ ટહેલીયાણી (ઉ.વ.૪૮, રહે. હંસરાજનગર શેરી નં. ૨/૪)ને પકડી પાડી રૂા. ૨૭,૩૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. તેમજ દારૂ સપ્લાય કરવાનો હતો તે અંગે પણ તપાસ હાથ ધરી છે.

# દિલ્હી રાચી ફલાઈટમાં બોમ્બની ધમકી: નાગપુરમાં લેન્ડીંગ: વડોદરા સહિત બે ફલાઈટ પણ ડાઈવર્ટ થઈ

## ભારતીય વિમાની કંપનીઓ માટે માઠા દિવસોના સંકેત

નવી દિલ્હી: ભારતીય એરલાઈન્સની હાલ કમનસીબી ચાલી રહી હોય તેમ વધુ ત્રણ વિમાની સેવાને ઈમરજન્સી લેન્ડીંગ કરવું પડયું હતું. ઈન્ડીગોની કોચી-દિલ્હી ફલાઈટમાં બોમ્બ હોવાની ધમકી બાદ તેનું નાગપુરમાં ઈમરજન્સી લેન્ડીંગ કરવું પડયું. જો કે કોઈ શંકાસ્પદ ચીજ મળી ન હતી. બાદમાં વહેલી સવારે આ ફલાઈટ કોચી જવા રવાના થઈ હતી. બીજી એક ઘટનામાં એરઈન્ડીયાની દિલ્હીથી રાચી જતી ફલાઈટમાં મીડ એરજ ટેકનીકલ ખામી હોવાનું જાહેર થયુ હતું અને



વિમાનને ફરી દિલ્હી વિમાની મથકે લાવવામાં આવી હતી. બોઈંગ ૭૩૭ એકસ-૮ પ્રકારની આ ફલાઈટ જે રાચીમાં રાત્રીના ૮.૨૦ વાગ્યે પહોંચવાની હતી પણ તે રવાના થયા બાદ ટેકનીકલ ક્ષતિ માલુમ પડતા જ તેને દિલ્હી વિમાની મથકે પરત લાવવાની ફરજ પડી હતી.

વધુ એક ઘટનામાં એરઈન્ડીયાની દિલ્હી-વડોદરા ફલાઈટ એરબસ એ-૩૨૧ એ સાંજે ૬.૫૧ કલાકે દિલ્હીથી રવાના થયા બાદ પાઈલોટને લેન્ડીંગ ગીયરમાં કોઈ ક્ષતિ હોવાનું માલુમ પડયુ હતું અને તુર્તજ દિલ્હી એરપોર્ટ પર તે પરત આવી રહ્યાની જાણ કરી હતી. સાંજે ૭.૨૦ કલાકે તે દિલ્હી પરત ફરી હતી અને બાદમાં રાત્રીના તે વડોદરા જવા રવાના થઈ હતી.

# બોટાદ-અમરેલી જિલ્લામાં ત્રણ કાર તણાઈ: બેના મોત: પાંચ લાપત્તા

## બોટાદના લાઠીદડ નજીક ઈકો કાર: રાજુલાની જોલાપુર નદીમાં વેગન આર અને બાબરાના કોઝ-વેમાં રાજકોટની કાર તણાઈ ગઈ

રાજકોટ,તા.૧૭

સૌરાષ્ટ્રભરના જિલ્લાઓમાં ભારે વરસાદથી નદી-નાળાઓ બે કાંઠે વહેતા થતા અલગ-અલગ ત્રણ સ્થળોએ કાર તણાઈ જવાના બનાવોમાં બેના મોત અને પાંચ લાપતા પાંચનો બચાવ થયો છે.

બોટાદ જિલ્લાના લાઠીદડ સાંગાવદર ગામ વચ્ચે નદીના વહેણમાં ઈકો કાર સાથે ૭-૮ વ્યકિત તણાયાની જાણ થતા બોટાદ રેસ્કયુ ટીમ દ્વારા તાત્કાલીક બચાવ કામગીરી હાથ ધરતા બે વ્યકિતઓને બચાવી લેવાયા હતા.એક વ્યકિતનો મૃતદેહ મળ્યો હતો હજુ પાંચની શોધખોળ ચાલી રહી છે.રેસ્કયુ ટીમ દ્વારા તણાઈ






ગયેલી ઈકો કારને શોધી બહાર કાઢવામાં આવી હતી. અન્ય લાપતા લોકોની શોધખોળ ચાલી રહી છે. રાજુલા રાજપરડા-ગાજાવદર વચ્ચે જોલાપરી નદીમાં વેગન આર કાર તણાતા કાર ચાલક ભગવાનભાઈ લાખાભાઈ વાધી (ઉ.વ.૬૦)નું મૃત્યુ થયુ હતું. ઘટનાની જાણ થતા ટીડીઓ મામલતદારની ટીમો દોડી જઈ જેસીબીની મદદ કાર બહાર કાઢી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે રાજુલા દવાખાને ખસેડાયો હતો.

બાબરાના નાની કુંડળ ગામે કોઝવેમાં રાજકોટની એક કાર તણાતા ત્રણ વ્યકિતઓનો બચાવ થયો હતો. બોટાદ જિલ્લામાં રેસક્યુ ટીમે ખેતરમાં ફસાવેલા છ એન મજુરોનો બહાર કાઢી સલામત સ્થળે ખસેડયા હતાં.

# રાજકોટના પોલીસ કમિશ્નર સહિતના અધિકારીઓએ દિવંગત વિજયભાઈ રૂપાણીને શ્રદ્ધાસુમન પાઠવી

## અનેક સામાજિક કાર્યકરો, રાજકીય આગેવાનો અને રાજકોટવાસીઓ રૂપાણીના નિવાસસ્થાને પહોંચ્યા: લોકોએ અશ્રુ ભીની આંખે અંતિમ વિદાય આપી









રાજકોટ, તા.૧૭

ગત તા.૧૨ જૂને બનેલ એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનામાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનું દુ:ખદ નિધન થયું. ડીએનએ ટેસ્ટની પ્રક્રિયામાં વિજયભાઈ રૂપાણીના ડીએનએ મેચ થયા છે. જે બાદ તેમનો પાર્થિવ દેહ પરિવારને સોંપવામાં આવ્યો હતો. આ સાથે ગઈકાલે રાજકીય સન્માન સાથે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

રાજકોટના પનોતા પુત્ર અને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના અવસાનથી સમગ્ર રાજય શોકમગ્ન થયેલ છે. ગઈકાલે સ્વ.વિજયભાઈ રૂપાણીના નિવાસસ્થાને તેમના પાર્થિવ દેહના અંતિમ દર્શન માટે લોકો ઉમટી પડયા હતા. રાજકીય, સામાજિક અને શાસકીય ક્ષેત્રના અગ્રણીઓએ ઉપસ્થિત રહીને અંતિમ વિદાય આપી હતી.

પૂર્વ મુખ્યમંત્રી અને રાજકોટના પનોતા પુત્ર વિજયભાઈ રૂપાણીના નિધન બાદ ગઈકાલે તેમના નિવાસ્થાને રાખવામાં આવેલ પાર્થિવ દેહના અંતિમ દર્શન તેમજ શ્રદ્ધા સુમન પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, રાજકોટ રેન્જ આઈ જી અશોકકુમાર યાદવ, ડીસીપી ક્રાઈમ પાર્થરાજસિંહ ગોહિલ, ડીસીપી જગદીશ બાંગરવા, ડીસીપી સજ્જનસિંહ પરમાર, ડીસીપી ટ્રાફિક પૂજા યાદવ સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓએ અર્પણ કર્યા હતા. શહેરભરમાંથી અનેક સામાજિક કાર્યકરો, રાજકીય આગેવાનો અને રાજકોટવાસીઓ વિજયભાઈ રૂપાણીના નિવાસસ્થાને પહોંચ્યા હતા. સમગ્ર વાતાવરણ ગમગીન હતું તેમજ લોકોએ અશ્રુ ભીની આંખે વિજયભાઈ રૂપાણીને અંતિમ વિદાય આપી હતી.

(તસ્વીર: પંકજ શીશાંગીયા)

# બેકરીના કારણે શ્વાસ લેવામાં તકલીફ પડતી હોવાની ફરીયાદ કરતાં યુવાન પર હુમલો

## મુંજકા ગામનો બનાવ: સોફ્ટવેરનું કામ કરતો યુવાન પોતાનું મીટરના ફોટા પાડવા ગયો અને બેકરી સંચાલક પ્રશાંત ડાંગર તૂટી પડ્યો, હાથ ભાંગી નાંખ્યો, ગુનો નોંધાયો

રાજકોટ. તા.૧૭

મુંજકા ગામમાં તમારી બેકરીના કારણે શ્વાસ લેવામાં તકલીફ પડે છે તેવી ફરીયાદ કરવી યુવાનને મોંઘી પડી હતી અને બેકરી સંચાલકે હુમલો કર્યો હતો અને યુવાનનો હાથ ભાંગી નાંખ્યો હતો. બનાવ અંગે યુની. પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે મુંજકા ગામમાં આત્મીય હોટલ પાછળ રહેતા ધવલભાઈ નવીનચંદ્રભાઈ ચૌહાણ (ઉ.વ.૩૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે પ્રશાંત ડાંગર નામના શખ્સનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ ઘરની બાજુમાં આઈટી સોફ્ટવેર બનાવવાની ઓફિસ ધરાવે છે. ગઈકાલે બપોરના સમયે તે ઓફિસે હતો ત્યારે રાજકોટ જીઈબી ઓફિસ ખાતે મીટરના ફોટા વોટ્સઅપ કરવાના હોય જેથી તે સીડી ઉતરી ઓફિસના મીટર પાસે જતો હોય તે દરમિયાન બાજુમાં સ્વીટ ડિલાઇટ નામની બેકરીના માલિક પ્રશાંત ડાંગર કે જેવો છેલ્લા પાંચ વર્ષથી બેકરી ચલાવે છે.

ફરીયાદી મીટર નો ફોટો જીઈબીમાં મોકલતો હોય તે દરમિયાન પ્રશાંત તેઓની પાસે આવી અહીંયા શું કરે છે ? તેમ કહી ગાળો આપવા લાગેલ. જેથી તેને ગાળ શું કામ આપો છો તેમ કહેતા શખ્સે ઢીકા પાટુનો માર મારવા લાગેલ અને કાંઠલો પકડી છાતિના ભાગે મારમારી નીચેના ભાગે પછાડી દીધેલ અને તેઓની ઉપર ચડી ઢીકા મારવા લાગેલ હતો. દરમિયાન આસપાસમાંથી લોકો દોડી આવતાં તેને વધું મારમાંથી છોડાવેલ હતો. બાદમાં તેમને ઇજાગ્રસ્ત હાલતમાં સારવાર આઠે ૧૦૮ મારફત પ્રથમ સીવીલ હોસ્પિટલ બાદ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, આ બનાવ બનવાનું કારણ બાજુમાં બેકરી ધરાવતો પ્રશાંત ડાંગર છેલ્લા પાંચ વર્ષથી પોતાની બેકરી ચલાવતો હોય જેથી આજુબાજુ રહેણાંક વિસ્તારમાં બેકરીમાં નવી બનતી વસ્તુને લીધે શ્વાસ લેવામાં લોકોને તકલીફ પડતી હોય અને આ પ્રશાંત ડાંગરે ફરિયાદીના મકાનની સામે એક ખુલ્લો પ્લોટ લીધેલ હોય અને ત્યાં બીજી પોતાની નવી બેકરી ચાલુ કરવા અર્થે ખુલ્લા પ્લોટમાં છાપણી કરતા હોય જેથી અનેકવાર આ પ્રશાંતને રેસીડેન્ટસ એરિયામાં હવે પછી કોઈ બેકરી ન નાખવા તેમજ પરિવારજનોની શ્વાસ લેવામાં તકલીફ પડતી હોય જે બાબતે સમજાવી રજૂઆત કરેલ હોય જેનો ખાર રાખી હુમલો કર્યો હતો.બનાવ અંગેની ફરિયાદ પરથી યુનિ.પોલીસે ગુનો નોંધી એએસઆઈ મુકેશભાઈ ચરમટાએ તપાસ આદરી હતી.

# રતનપરમાં પેટમાં દુખાવો ઉપડ્યા બાદ મહિલાને હાર્ટએટેક આવ્યો: મોત

## ૪૫ વર્ષીય જોસનાબેન કુવાડવા ગામેથી સારવાર કરાવી ઘરે પહોંચ્યા, ચા– પાણી પીધા બાદ ઢળી પડ્યા: પરિવારમાં અરેરાટી

રાજકોટ. તા.૧૭

રતનપરમા રહેતા ૪૫ વર્ષીય મહિલાને પોતાના ઘરે ચા પાણી પીધાં બાદ પેટમાં દુખાવો ઉપડ્યા બાદ હાર્ટ એટેક આવી જતાં મોત નિપજ્યું હતું. બનાવથી પરીવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

પ્રાપ્ત વિગત મુજબ, રતનપર ગામમાં રહેતા જોસનાબેન ત્રીકમભાઈ ચૌહાણ (૪૫) ગઈકાલે પોતાના ઘરે હતા ત્યારે અચાનક હૃદયરોગનો તીવ્ર હુમલો આવતા બે ભાન થઈ ઢળી પડ્યા હતા. જેમને સારવાર અર્થે અત્રેની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા પરંતુ સારવાર મળે તે પહેલા જ તેમનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે કુવાડવા રોડ પોલીસને જાણ કરતા સ્ટાફ દોડી આવ્યો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે ખસેડાયો હતો.

વધુમાં મળેલ વિગત મુજબ મૃતકને સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી છે, તેમના પતિ મારવાડી કોલેજમાં સિક્યુરિટી તરીકે નોકરી કરે છે. મૃતકને ગઈકાલે પેટમાં દુખાવો ઉપડતા તેઓ કુવાડવા સારવાર અર્થે ગયેલ હતા. ત્યાંથી પરત પોતાના ઘરે આવી પરિવાર સાથે ચા પાણી પીધા બાદ ફરીવાર પેટમાં દુખાવો ઉપડ્યા બાદ બેભાન થઈ ઢળી પડ્યા હતા. બનાવથી પરિવારમાં શોક છવાયો હતો.

### અપશુકનીયાળ સાબીત થયેલી ફલાઈટના નંબર બદલ્યા છતા બદનસીબી એર ઈન્ડીયાનો પીછો છોડતી નથી

# એર ઈન્ડીયાની આજની અમદાવાદ-લંડન ફલાઈટ રદ: ડ્રીમલાઈનર હજુ જોખમી!

## ફલાઈટને ૧૫૯ છેલ્લી ઘડીએ ટેકનીકલ ક્ષતિ બતાવી રદ થતા ૨૫૦થી વધુ મુસાફરો માટે હાલાકી

રાજકોટ:

અમદાવાદમાં ગત સપ્તાહે એરઈન્ડીયાની લંડન જતી ફલાઈટનો દુર્ઘટના અને તેમાં માર્યા ગયેલા ૨૭૦થી વધુ લોકોના પુરા પાર્થિવદેહ પણ હજુ પરિવારજનોને સુપ્રત થયા નથી તે સમયે આજે ફરી એરઈન્ડીયાની અમદાવાદ-લંડન ફલાઈટ વિમાનમાં ટેકનીકલ ક્ષતિના કારણે રદ થતા મુસાફરોમાં આક્રોશ છવાઈ ગયો હતો તો બીજી તરફ એ પણ કહેવાય રહ્યું છે કે આ ડ્રીમલાઈનર જ હોવાનું માનવામાં આવે છે. એરઈન્ડીયાએ દુર્ઘટનાગ્રસ્ત થયેલી ફલાઈટ એ.આઈ.૧૭૧નો નંબર ફેરવીને એ.આઈ.૧૫૯ કર્યો છે અને રિટર્ન જર્નીનો પણ ફલાઈટ નંબર પણ બદલ્યા છે. આજે એરઈન્ડીયાની અમદાવાદ-લંડન ફલાઈટને બપોરે ૧.૧૦ કલાકે અમદાવાદથી રવાના થવાનુ હતુ. લંડનના સમય મુજબ સાંજે ૬.૨૫ પહોંચવાની હતી. આઠ કલાકની આ નોનસ્ટોપ જર્ની માટે મુસાફરો પણ પહોંચી ગયા હતા અને અચાનક જ હવે તે રીશેડયુલ થઈ છે. ટેક ઓફ પુર્વેની તપાસમાં જ આ ટેકનીકલ ક્ષતિ ઝડપાઈ હતી. વિમાનમાં ૨૫૦ મુસાફરો લંડન જવાના હતા.

હવે આજની ફલાઈટને કાલે રીશેડયુલ કરાશે તો કાલની ફલાઈટને પણ રીશેડયુલ કરવી પડે તેવી સ્થિતિ બની શકે છે. ગત સપ્તાહની ઘટના બાદ એક તરફ મુસાફરોમાં હવાઈ યાત્રાનો ભય છે છતાં પણ ફરજીયાત કરવી પડે છે તે વચ્ચે આ રીતે એરઈન્ડીયા સહિતની વિમાની સેવાઓમાં જે રીતે એક બાદ એક ગડબડ સર્જાય છે તેથી એરલાઈન્સની પ્રતિષ્ઠા સામે પણ પ્રશ્ન ઉભો થયો છે.

## ગઈકાલે પણ મુંબઈ વિમાની મથકે છેલ્લી ઘડીએ અમદાવાદ આવતી એરઈન્ડીયાની ફલાઈટ છેલ્લી ઘડીએ રદ થઈ હતી: વિમાન રનવે પરથી પાછુ ફર્યુ



ગત રાત્રે પણ મુંબઈના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર બીજી દુર્ઘટના થતા રહી ગઇ ગત રાત્રે પણ મુંબઈ એરપોર્ટ પર જ એર ઇન્ડિયાની લગભગ ૪ ફ્લાઇટમાં ટેક્નિકલ ખામી બહાર આવી હતી. અનેક પેસેન્જરોએ હોબાળો મચાવી એર ઇન્ડિયાના સ્ટાફ સામે પોતાનો ગુસ્સો ઠાલવ્યો. હજી અમદાવાદ-લંડનની ફ્લાઇટ ક્રેશ થઇને અનેક લોકો મોતને ભેટ્યા એ સમાચાર હજી ભૂલાયા નથી ત્યારે ગત રાત્રે મુંબઈના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર બીજી દુર્ઘટના થતા રહી ગઇ.


મુંબઈથી રાત્રે ૧૦:૪૫ વાગ્યે અમદાવાદ માટે ઉપડતી ફ્લાઇટ નં. અંઈ ૨૯૧૯ અંદાજિત ૧ કલાક ૨૫ મિનિટે ગેઈટ નં-૪૨ઇ પરથી સ્ટાર્ટ થયેલી પરંતુ, રન-વે પર પહોંચે તે પહેલા જ પાયલોટે યુ-ટર્ન મારી ફ્લાઇટમાં ટેક્નિકલ ખામી હોવાનું જાહેર કર્યું. પાર્કિંગમાં પરત લઇ દરવાજા ખોલી નાખવામાં આવ્યા અને જ્યાં સુધી રીપેર ન થાય ત્યાં સુધી આ ફ્લાઇટ જશે નહીં એવું પાયલોટ દ્વારા જાહેર કરવામાં આવ્યું.

એરપોર્ટનો સ્ટાફ મુસાફરોનો જવાબ આપવા માટે અસમર્થ હતો વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, લગભગ એક કલાક પછી પેસેન્જરોની ધીરજ ખૂટતા અને રીપેર થાય તો પણ આ ફ્લાઇટમાં નહીં જઇએ એવો હોબાળો કરતા શરૂઆતમાં કડક વલણ અપનાવી રહેલા ગ્રાઉન્ડ સ્ટાફને પેસેન્જરો સામે ઝુકવું પડ્યું. પેસેન્જરોને બસમાં બેસાડી બેગેજ બેલ્ટના દરવાજા પાસે લઇ જઇ ઉભા કરી દેવામાં આવ્યા. જેને અમદાવાદ જવું હોય તેને સવારે ૫:૨૫ની એર ઇન્ડિયા ફ્લાઇટમાં લઇ જવામાં આવશે.જેને ન જવું હોય તેની ટિકિટ કેન્સલ કરી ૧૦૦% રીફંડ આપવામાં આવશે.

### ભારે બોમ્બમારાથી હજારો લોકો તહેરાન છોડવા લાગ્યા

# ઈઝરાયેલના હુમલામાં હજુ ચાર દિવસ પુર્વે નિયુક્ત થયેલો ઈરાની સેના વડો પણ માર્યો ગયો

### વોર-ટાઈમ જનરલ તરીકે નિયુક્ત કરાયો હતો



તહેરાન: ઈરાન પરના ઈઝરાયેલના હુમલામાં પ્રારંભથી જ ઈરાનના રીવોલ્યુશનથી ગાર્ડના ટોચના કમાન્ડર અને અણુ વૈજ્ઞાનિકોને ટાર્ગેટ કરવામાં આવી રહ્યો છે. તેમાં હવે હજુ ચાર દિવસ પુર્વે જ ઈરાની સેનાના વોર-ટાઈમ કમાન્ડર તરીકે નિયુક્ત થયેલા સેનાના ડેપ્યુટી કમાન્ડર મેજર જનરલ અલી શાદમાનીને પણ હવાઈ હુમલામાં ખત્મ કર્યા છછે. તેઓને પુરા યુદ્ધની જવાબદારી સોંપાઈ હતી. ઈરાની સૈન્યના અલ-અનબીયા હેડકવાટર પર ઈઝરાયેલ એ બોમ્બ ઝીકયા હતા જેમાં આ ટોચનો કમાન્ડર પણ માર્યો ગયો છે. ગત શુક્રવારે ઈઝરાયેલના હુમલામાં રીવોલ્યુશનરી ગાર્ડનો વડો ગુલામ અલી રાશીદ માર્યો ગયો હતો. ઈઝરાયેલના હુમલામાં અત્યાર સુધી ૨૨૪ ઈરાની માર્યા ગયા છે. જયારે ઈઝરાયેલમાં ૨૪ લોકોના મોત થયા છે. ઈઝરાયેલના હુમલાની સંખ્યા વધતા જ હવે સેંકડો લોકો તહેરાન છોડતા નજરે ચડયા હતા.

બીજી તરફ ઈરાને પણ ઈઝરાયેલ પર મિસાઈલ હુમલાની હારમાળા શરૂ કરી છે. રાત્રીના તેલઅવીવમાં મોટા વિસ્ફોટ થતા સંભળાયા હતા અને લોકોમાં ગભરાટ જોવા મળ્યો હતો.

# મધરાતે એર ઈન્ડિયાની મુંબઈ-અમદાવાદ ફલાઈટ રન-વે પર થંભી ગઈ: આખરે ફલાઈટ કેન્સલ

મુંબઈ તા.૧૭

અમદાવાદની પ્લેન ક્રેશ દુર્ઘટના બાદ એર ઈન્ડિયાની હોંગકોંગ-દિલ્હી ફલાઈટ, બ્રિટીશ એરવેઝની લંડન-ચૈન્નઈ ફલાઈટ ઉડાન ભર્યા બાદ ખામી સર્જાતા પર ફરી હતી ત્યારે મધરાતે એર ઈન્ડિયાની ડોમેસ્ટિક ફલાઈટ મુંબઈ-અમદાવાદને રન-વે પર જ થંભાવી દેતા મુસાફરોએ હોબાળો બચાવ્યો હતો પરંતુ ટેકનીકલ કારણોસર ટેક ઓફ નહી થતા મુસાફરોએ રાહત પણ અનુભવી હતી.

ગત રાત્રીના ૧૦-૪૫ કલાકની એર ઈન્ડિયાની મુંબઈ-અમદાવાદ ફલાઈટ



### ટેક ઓફ પહેલા ટેકનીકલ ખામી જણાતા મુસાફરો રઝળ્યા છતાં એર લાઈન્સ કંપની-ઉડ્ડયન મંત્રાલયનો આભાર માન્યો

૧૨-૩૦ કલાકે રન-વે પહેલા જ ટેકનીકલ કારણોસર થંભી જતા મુસાફરોએ હોબાળો મચાવ્યો હતો. ટેકનીકલ કારણોસર અંતે રાત્રે ૧ કલાકે પાઈલોટ દ્વારા ફલાઈટ કેન્સલ કર્યાનું એનાઉન્સમેન્ટ કરવામાં આવ્યું હતું. ફલાઈટને રન-વે પરથી ફરી ગ્રાઉન્ડ કરવામાં આવી હતી. દરમિયાન પ્લેનમાં બેઠેલા પ્રવાસીઓને ટેકનીકલ ખામીની સમયસર જાણ થતા વિભાગને ગ્રાઉન્ડ કરવા બદલ એર લાઈન્સ કંપની ઉડ્ડયન મંત્રાલયનો આભાર માન્યો હતો.

### લોકો માટે ૨૪×૭ અવેલેબલ જનનાયકને વિદાય આપવા લોકો પણ બપોરથી રાત્રી સુધી આંખમાં આંસુ સાથે ઉભા રહ્યા

# વિજયભાઈએ કાયમ લોકો માટે ઘડિયાળ જોયા વગર કામ કર્યુ; લોકોએ પણ સમયની પરવા કર્યા વગર અંતિમ વિદાય આપી

### ‘જબ તક સુરજ-ચાંદ રહેગા, વિજયભાઈ કા નામ રહેગા’ મુક્તિધામ સુધી રસ્તા ગુંજી ઉઠયા : રસ્તા પર કોમનમેન રડતા રડતા કહેતા હતા ‘આવજો વિજયભાઈ’

### નિર્ધારીત કાર્યક્રમમાં ફેરફાર કરી અમિતભાઈ શાહ, ભુપેન્દ્રભાઈ પટેલ, સી.આર.પાટીલ રામનાથપરા સ્મશાનગૃહે પહોંચ્યા : લોકોનો અપાર પ્રેમ જોઈ વીવીઆઈપી પણ બન્યા ભાવુક

રાજકોટ, તા. ૧૭

રાજકોટના પનોતા પુત્ર, પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઇ રૂપાણી ખરેખર તેમના રાજકીય જીવનમાં કોમનમેન હતા અને દાયકાઓ સુધી તમામ કોમનમેન સાથે કેટલી સરળતાથી રહ્યા હશે તેનો અંદાજ ગઇકાલે ન માત્ર રાજકોટ પરંતુ સૌરાષ્ટ્ર-ગુજરાત અને દેશના લોકોને પણ આવ્યો હતો. ગઇકાલે બપોરે ૩ વાગ્યે તેમનો પાર્થિવદેહ ગ્રીન લેન્ડ ચોકડી પહોંચ્યા બાદ ઘરે અંતિમ દર્શન અને રાત્રે ૧૦ કલાકે અંતિમ વિધિ એટલે કે ૭ કલાક સુધી લોકોએ તેમને અંતિમ વિદાય આપવા સમયની પરવા કરી ન હતી.

રાજકોટના ઇતિહાસમાં આ સૌથી ગરિમાપૂર્ણ રાજકીય મહાનુભાવની અંતિમ વિદાય બની છે. વડીલોએ પણ કોઇ નેતા પ્રત્યે લોકોનો આટલો નિ:સ્વાર્થ પ્રેમ લગભગ કયારેય નહીં જોયાનું કહ્યું હતું. જે રીતે લોકોના કામ માટે વિજયભાઇએ કયારેય સમયની પરવા કરી ન હતી અને અડધી રાત્રે પણ લોકોના કામ કર્યાનો તેમનો પાંચ દાયકાનો ઇતિહાસ છે. આ જ રીતે ગઇકાલે રાજકોટના લોકોએ પણ પોતાના સમયની પરવા કર્યા વગર ખરા જનનાયકને વિદાય આપવા રાત્રી સુધી, ચાલુ વરસાદમાં પ્રતિક્ષા કરી હતી. રામનાથપરા મુકિતધામની બહાર પણ સેંકડો લોકો રાત્રે અંતિમ વિધિ સમયે ઉભા હતા.

ગઇકાલે બપોરે ૩ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધીના અંતિમ દર્શન અને અંતિમયાત્રા જોતા આ સૌથી લાંબી અંતિમયાત્રા પણ બની રહી હતી. અનેક રૂટ પર બહેનો ભાંગી પડેલા અને રડતા પણ જોવા મળ્યા હતા. મુકિતધામમાં જયારે ઋષભ રૂપાણીએ મુખાગ્નિ આપ્યો ત્યારે કરૂણાસભર દ્રશ્યો સર્જાયા હતા.

એક વધુ મહત્વની વાતમાં મુખ્યમંત્રી અને કેન્દ્રીય મંત્રી સહિતના મહાનુભાવો અંતિમ વિધિ સુધી રોકાયા હતા. મુળ કાર્યક્રમ મુજબ ગૃહમંત્રી અમિતભાઇ શાહ, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલ ૬.૩૦ કલાકે વળતી ફ્લાઇટમાં વિજયભાઇના નિવાસેથી પરત ફરવાના હતા પરંતુ સ્થળ પર લાગણી અને પ્રેમભર્યા દ્રશ્યો, કરૂણ વિદાય અને રસ્તા પર લોકોની ભાવના જોતા મહાનુભાવો પણ ભાવુક બની ગયા હતા. બાદમાં કેન્દ્રીય મંત્રી, મુખ્યમંત્રી સહિતના મહાનુભાવો રામનાથપરા સ્મશાન ગૃહે ગયા હતા અને અંતિમ વિધિ બાદ રાત્રે ૧૦.૩૦ કલાકે સ્મશાનથી પરત ફર્યા હતા.

વિજયભાઇ રૂપાણી પ્રત્યેનો રાજકોટનો પ્રેમ કેટલો હતો તેની નોંધ ગઇકાલે તેમની અંતિમ વિદાય સાથે રાજકોટથી માંડી ગાંધીનગર અને દિલ્હી સુધી લેવામાં આવી છે. સ્થાનિક ઉપરાંત નેશનલ પ્રિન્ટ અને ઇલેકટ્રોનિક મીડિયાના પ્રતિનિધિઓ પણ રાજકોટ હાજર રહ્યા હતા.

## વિજયભાઈ અને જુનુ રાજકોટ

### ખરા નેતા પાણીના ટેન્કર લોકોના ઘર સુધી પહોંચાડતા હતા

રાજકોટ, તા. ૧૭ : સ્વ. વિજયભાઇ રૂપાણીની અંતિમયાત્રા તેમની હોમપીચ જેવા જુના રાજકોટમાંથી પસાર થઇ ત્યારે યાજ્ઞિક રોડ, ત્રિકોણબાગ, જયરાજ પ્લોટ, દિવાનપરા, રાજેશ્રી સિનેમા રોડ પર રાત્રે પણ લોકો ઉમટી પડયા હતા. નવા રાજકોટના પ્રણેતા તેઓ જ હતા પરંતુ તે પૂર્વે તેઓ આ જુના રાજકોટના વોર્ડ નં.૧માંથી કોર્પોરેટર તરીકે ચૂંટાતા આવ્યા હતા. ચાર દાયકા પહેલાના જળ સંકટ વખતે વિજયભાઇને પાણીના ટેન્કર લાવી શેરીઓ સુધી પહોંચાડતા અને સ્કુટરમાં ફરતા પણ લોકોએ જોયા હતા. આ પેઢી પણ તેમની વિદાયથી દુ:ખી થઇ છે.

# સૌરાષ્ટ્રનો સૌથી મોટો શેત્રુંજી ડેમ ઓવરફલો: ૨૦ દરવાજા ખોલાયા

### ઉપરવાસનાં પાલીતાણા-તળાજા તાલુકામાં ભારે વરસાદથી ચોમાસાના પ્રારંભે જ ડેમ છલકાયો: બપોરે દરવાજા ખોલાતા નિચાણવાળા ગામોને એલર્ટ કરાયા

(વિપુલ હિરાણી દ્વારા)

ભાવનગર,તા.૧૭

ભાવનગર જિલ્લાનો શેત્રુંજી ડેમ આજે તા. ૧૭/૦૬/૨૫ ના બપોરે ૧ કલાકે ૧૦૦% ભરાઈ ગયો હતો. શેત્રુંજી ડેમ ૧૦૦% ભરાતા પાલીતાણા તથા તળાજા તાલુકાના અસરગ્રસ્ત ગામડાઓને એલર્ટ કરવામાં આવ્યા હતા.

છેલ્લા બે દિવસથી ભાવનગર જિલ્લામાં તેમજ પાલીતાણા અને તળાજા તાલુકાના ગામડાઓમાં વરસાદ વરસતો હોઈ શેત્રુંજી ડેમમાં પાણીની સારી આવક થતા તા. ૧૭ જૂનના રોજ બપોરે એક કલાકે શેત્રુંજી ડેમ ૧૦૦% ભરાઈ ગયો હતો. શેત્રુંજી ડેમ ૧૦૦% ભરાતા પાલીતાણા તાલુકાના અસરગ્રસ્ત ગામો નાની રાજસ્થળી, લાપાળીયા, લાખાવાડ, માયધાર અને મેઢા તેમજ તળાજા તાલુકાના ભેગાળી, દાત્રડ, પિંગળી, ટીમાણા, સેવાળીયા, રોયલ, માખણીયા, તળાજા, ગોરખી, લીલીવાવ, તરસરા અને સરતાનપરને એલર્ટ જાહેર કરવામાં આવ્યા હતા.

બપોરે એક વાગ્યાની સ્થિતિએ ૨૦ ગેટ ૦.૩૦ મી. જેટલા ખોલવામાં આવ્યા હતા. જયારે ગેટ ખોલવાના સમયે ૧૮૦૦ ક્યુસેક પાણીની આવક ચાલુ હતી.




### સ્વ.વિજયભાઈ રૂપાણીના નિવાસસ્થાને

# રાષ્ટ્રસંત પૂજય ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબે માંગલિક સંભળાવ્યું, પરિવારને સાંત્વના સાથે હિંમત આપી







રાજકોટ :

ગત ૧૨ જૂનના રોજ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનું વિમાની દુર્ઘટનામાં આકસ્મિક અવસાન થયું હતું. ગઈકાલે રાજકોટમાં તેમની અંતિમ યાત્રા થઈ હતી. તેમના પ્રકાશ સોસાયટી ખાતેના અંતિમ દર્શન વખતે હજારોની સંખ્યામાં લોકો તેમને શ્રદ્ધાંજલિ પાઠવવા પહોચ્યા હતા. કેન્દ્રીય મંત્રીઓ, કેબિનેટ મંત્રીઓ, ભાજપ સંઘના દિગ્ગજ નેતાઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. તે સમયે જૈન સંત, પરમ ગુરૂદેવ પૂજ્યશ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ પણ વિહાર કરી જૈન સમાજના રત્ન, જીવદયા પ્રેમી એવા સ્વ.શ્રી વિજયભાઈ રૂપાણીને શ્રદ્ધાંજલિ પાઠવવા પહોચ્યા હતા.

નિર્મલા રોડ પાસે પ્રકાશ સોસાયટીમાં આવેલ વિજયભાઇના નિવાસસ્થાન ‘‘પૂજિત’’ માં તેઓ ઉપસ્થિત રહ્યા, સમગ્ર પરિવારજનોને મળી સાંત્વના સાથે હિંમત આપી. તેઓએ દિવ્ય આત્માની મોક્ષ પ્રાપ્તિ થાય તે માટે માંગલિક પણ ફરમાવ્યું હતું. પૂજ્ય નમ્રમુનિ મહારાજ સાહેબને ઋષભ અને અંજલીબેન સહિત પરિવારજનોએ વંદન કર્યા હતા. વિજયભાઈ રૂપાણી અને પૂજ્ય નમ્રમુનિ મહારાજ સાહેબને વર્ષોથી આત્મીય નાતો રહ્યો છે.

# ચાંદીમાં ફરી તેજી: ભાવ રૂા.૧.૧૦ લાખની નવી ટોચે

### સોનામાં ૫૦૦નો ઘટાડો: યુદ્ધની સ્થિતિ પર વોચ

રાજકોટ તા.૧૭


ઈરાન-ઈઝરાયેલ યુદ્ધ સહિતના ભૌગોલિક ઘટનાક્રમોથી સોના-ચાંદીમાં કેટલાક દિવસોથી મોટી વધઘટ થઈ રહી છે ત્યારે આજે ચાંદીનો ભાવ નવા ઉછાળા સાથે નવી ઉંચાઈએ પહોંચ્યો હતો. સોનામાં ભાવ ઘટયા હતા.

રાજકોટમાં આજે ચાંદીનો ભાવ ૮૦૦ રૂપિયાના ઉછાળાથી ૧.૧૦ લાખ થયો હતો. પ્રથમ વખત આ સ્તરે પહોંચ્યો હતો. વિશ્વબજારમાં ચાંદી ૩૬.૪૪ ડોલર હતી. સોનામાં જો કે, ૫૦૦ રૂપિયાનો ઘટાડો હતો અને ભાવ ૧,૦૧,૯૦૦ થયો હતો. વિશ્વબજારમાં સોનુ ૩૩૮૫ ડોલર હતું.

સોનીબજારના વેપારીઓના કહેવા પ્રમાણે વૈશ્વિક ઘટનાક્રમોનો પ્રભાવ રહ્યો છે. ઈરાન-ઈઝરાયેલ જંગમાં કેવો વળાંક આવે છે તેના પર મીટ છે. ચાંદી તો તેજીના ઝોનમાં છે જ. યુદ્ધ વકરે તો સોનુ પણ ફરી સળગી શકે છે અને નવા ઉંચાસ્તરે પહોંચવાની સંભાવના નકારાતી નથી. નિષ્ણાંતો યુદ્ધ, ક્રુડતેલ, કરન્સી માર્કેટ પર નજર રાખી રહ્યા છે.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૩૮૦-૨૪૩૦ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | - |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૨૧૫૦-૨૨૦૦ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | - |
| પામોલીયન તેલ | ૧૯૦૫-૧૯૧૦ |
| મસ્ટર્ડ તેલ | ૨૧૩૦-૨૧૬૦ |
| સનફલાવર તેલ | ૨૦૭૦-૨૦૯૦ |
| મકાઇ તેલ | ૧૯૩૦-૧૯૪૦ |
| વનસ્પતિ ઘી | ૧૯૫૦-૧૯૮૦ |
| કોપરેલ | ૫૨૫૦-૫૪૫૦ |
| દિવેલ | ૨૨૪૦-૨૨૬૦ |



**સોનુ-ચાંદી**

| સોનુ (૧૦ ગ્રામ) |
|---|
| ૧૦૧૯૦૦(-૫૦૦) |

| ચાંદી |
|---|
| ૧૧૦૦૦૦(+૮૦૦) |



# વિજયભાઈ રૂપાણીના સંભારણા સાથે સમસ્ત બ્રહ્માકુમારીઝ પરિવાર દ્વારા શ્રધ્ધાંજલિ અર્પણ કરાઈ

બ્રહ્માકુમારીઝ રાજકોટ સાથે વિશાલ દિલ વિવેકશીલ.... વીર પુરૂષ વિજયભાઈ રૂપાણીના યાદ સંભારણા સાથે સમસ્ત બ્રહ્માકુમારીઝ પરિવાર તરફથી શત શત નમન કરવા આવે છે. સામાજિક સેવાઓ, પરિવારિક જવાબદારીઓ, રાજકીય કાર્યોની સાથે સાથે વિજયભાઈ આધ્યાત્મિક જગત સાથે પણ હંમેશા જોડાઈ રહ્યા. આંતરરાષ્ટ્રીય સંસ્થા બ્રહ્માકુમારી રાજકોટ તથા ગુજરાતના અનેક કાર્યક્રમોમાં વિજયભાઈની હાજરી રહી છે. ૨૦૧૯ માં રાજકોટ ત્રંબા ખાતે આવેલ હેપી વિલેજ રીટ્રીટ સેન્ટરના વિશાલ પાવનધામ ''ધ્યાન કક્ષ''નું ઉદઘાટન વિજયભાઈના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આજે પણ ત્યાં લગાવામાં આવેલી તકતી તેઓની યાદ તાજી કરાવે છે. આ ઉદઘાટન સમયે બ્રહ્માકુમારીઝ ગુજરાત ઝોન ડાયરેક્ટર ભારતીદીદી દ્વારા આત્મીય બંધુ વિજયભાઈના હસ્ત કમલ પર રક્ષા સૂત્ર બાંધવામાં આવ્યું હતું.

# જીવદયાના હિમાયતી સ્વ.વિજયભાઈ રૂપાણી તથા ૨૭૫ દિવંગતોને શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ

## જીવદયા ગ્રુપ રાજકોટ અને બાપા સીતારામ ગૌસેવા મંડળના સંયુક્ત ઉપક્રમે ગૌ માતાઓને ૪૦૦ મણ ઘાસચારો અર્પણ કરાયો

રાજકોટ, તા.૧૭

તાજેતરમાં અમદાવાદની પ્લેન દુર્ઘટના મૃત્યુ પામેલા નિર્દોષ ૨૭૫ દિવંગત આત્માઓ તથા ગુજરાતના સપુત સ્વ. વિજયભાઈ રૂપાણીને શ્રદ્ધાસુમન અને શ્રધાંજલિ અર્પણ કરવા 'જીવદયા ગ્રુપ તથા બાપા સીતારામ ગૌ સેવા મંડળના સંયુક્ત ઉપક્રમે જીવદયા ગ્રુપના મોભી ઉપેનભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ તથા બાપા સીતારામ ગૌ સેવા મંડળના સમીરભાઈ કામદારના સહકારથી કચ્છની આવેલ ન્યારા ખાતે આશ્રિત ગૌમાતાઓને ૨૦૦ મણ ઘાસચારો તેમજ વિજય હનુમાન મંદિરની ગૌશાળામાં ૨૦૦ મણ ઘાસચારો અર્પણ કરવામાં આવેલ.



આ માટે જીવદયા ગ્રુપના સભ્યો વિરેન્દ્રભાઈ સંઘવી, પ્રકાશભાઈ મોદી, હર્ષદભાઈ મહેતા, નિરવભાઈ સંઘવી, હિરેનભાઈ કામદાર, હિમાંશુભાઈ ચીનોય, મેહુલભાઈ રવાણી, હિતેશભાઈ દોશી, ભરતભાઈ બોરડીયા, દિનેશભાઈ મોદી, હરેશભાઈ દોશી, હીનાબેન સંઘવી પરિવાર, જયશ્રીબેન દોમડીયા, અજયભાઈ વખારીયા, હિરલ અને સલોની શાહ, શૈલેષભાઈ ઉદાણી, રૂબીબેન દોશી, વિહાન નીરવભાઈ પારેખ, નિખિલભાઇ શાહ, મિતલ શાહ, પ્રાચી શાહ, હેતાંશ શાહ, પ્રવિણાબેન શાહ, મિતુલભાઈ ચાવડા, ધૈર્ય અને યુગ સંઘવી, હર્ષ જયેશભાઈ મહેતા, હેતલબેન મહેતા, ફોરમ અને મલય મોદી, રાજુભાઈ મોદી, ડીનલ દોશી, સ્વ. કૃપાલીબેનના સ્મરણાર્થે હસ્તે અતુલભાઈ ઉદાણી, આરતીબેન દોશી અજયભાઈ દામાણી, વિશાખા દામાણી, દક્ષાબેન હર્ષદભાઈ મહેતા, માતૃશ્રી વસંતબેન એન. મોદી હસ્તે મિહિરભાઈ મોદી સહિતનાઓનો સહયોગ મળ્યો હતો.

# સ્ટોક એક્સચેન્જના ડિરેકટરો સાથે આત્મીય નાતો ધરાવતા વિજયભાઈની ખોટ કાયમ રહેશેઃ મુકેશ દોશી

## સ્ટોક એક્સચેન્જના બિલ્ડીંગ કોમ્પ્યુરાઈઝેશનનો યશ વિજયભાઈ રૂપાણીને ફાળેઃ મેમ્બરો દ્વારા શ્રદ્ધાસુમન અર્પણ કરાયા

રાજકોટ,તા.૧૭

પ્લેનક્રેશ દુર્ઘટનામાં દિવગંત થયેલા પૂર્વ મુખ્યમંત્રી અને રાજકોટના પનોતા પુત્ર સ્વ.વિજયભાઈ રૂપાણીનું વિવિધ ક્ષેત્રે યોગદાન રહ્યું છે તેમની અણધારી વિદાયની ખોટ કાયમ રહેશે.તેવા દુઃખ સાથે સૌરાષ્ટ્ર-કચ્છ એન્ટર પ્રાઈઝ લી.ના ડીરેકટર મુકેશ પી.દોશીએ શોક સંદેશ સાથે શ્રધ્ધાંજલિ અર્પણ કરી છે.મુકેશભાઈ દોશીનાં જણાવ્યા પ્રમાણે મારે તેમની સાથે ખુબ જ નાનપણથી મીત્રતા હતી તેઓ મારા પિતાજી ડો.પી.વી.દોશીને મળવા ઘરે આવતા હોવાથી વારંવાર મળવાનું થતુ હતું.સ્ટોક એંક્ષચેન્જમાં પણ સાથે રહેલ સૌરાષ્ટ્ર કચ્છ સ્ટોક



એંક્ષચેન્જમાં અમો અને વિજયભાઈએ પેનલ બનાવી સાથે ચુંટણી લડી હતી.ખૂબજ રસાકસી ભરી ચૂંટણીમાં અમો બંન્ને વિજય થયા.ત્યાર બાદ તેઓ પ્રમુખ થયા હુ ટ્રેઝરર થયો અને અમોએ સાથે કામ કર્યુ બધાને સાથે રાખીને વિજયભાઈએ સ્ટોક એંક્ષચેન્જમાં અનેક કાર્યો કર્યા.જેમાંના ખાસ સ્ટોક એંક્ષચેન્જમાં અનેક કાર્યો કર્યા.જેમાના ખાસ સ્ટોક એંક્ષચેન્જમાં અનેક કાર્યો કર્યા જેમાના ખાસ સ્ટોક એંક્ષચેન્જના બિલ્ડીંગની ખરીદી કોમ્પ્યુટરાઈઝેશન વગેરે છે ખૂબજ ત્વરીત નિર્ણય અને નિર્ણય લીધી બાદ તે કાર્ય સંપૂર્ણ કરવા માટે ખુબ મહેનત કરતા તેઓની વિદાયથી સમાજને ન પુરી શકાય તેવી ખોટ પડી છે.સ્ટોક એંક્ષચેન્જના મેમ્બરો વતી શ્રધ્ધાંજલી પાઠવું છું.



# વિજયભાઈ રૂપાણીના જવાથી અંગત રીતે એક સાથી કાર્યકર્તા ગુમાવ્યા છેઃ યશવંત જનાણી

રાજકોટ,તા.૧૭

સૌરાષ્ટ્ર વિદ્યાર્થી ઉત્કર્ષ સમાજના સ્થાપક ટ્રસ્ટી અને સમાજ સેવા સંગઠક યશવંત જનાણીએ પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને શોકાંજલિ અર્પણ કરતા જણાવેલ કે, ગુરૂવારે બનેલ એર ઇન્ડિયાની વિમાની દુર્ઘટના મેં એક સમકાલીન વિદ્યાર્થી પ્રવૃતિના સાથીદાર અને એક સમયના નવ નિર્માણ આંદોલનના મહત્વપૂર્ણ યોગદાન આપનાર સાથી કાર્યકર્તા ગુમાવેલ છે. વધુમાં જણાવેલ કે, તેમની રાજકીય યાત્રા વિદ્યાર્થી કાર્યકર થી મુખ્યમંત્રી સુધીની કલ્પના બહારની છે. આજ બતાવે છે કે ભાજપ નવા નેતૃત્વ ને કેટલું મહત્વ આપે છે. તેઓ હંમેશા પ્રખર રાષ્ટ્રવાદી રહ્યા અને દેશનું-પક્ષનું હિતને ધ્યાનમાં રાખી કામ કરતા રહ્યા. તેમના જવાથી અંગત રીતે એક સાથી કાર્યકર્તા ગુમાવ્યાની લાગણી થાય છે.

# વિજયભાઈ રૂપાણીની નિષ્ઠા અને સહયોગ હંમેશા યાદ રહેશેઃ સ્વામી નિખિલેશ્વરાનંદજી

## રામકૃષ્ણ આશ્રમ પરીવાર દ્વારા દુર્ઘટના મૃતકોને શ્રધ્ધાંજલિ અર્પણ કરાઈ

રાજકોટ,તા.૧૭

અમદાવાદમાં સર્જાયેલી વિમાન દુર્ઘટનામાં અને પ્રવાસીઓ સહિત ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના અવસાનના દુઃખદ સમાચાર મળતા અત્યંત દુઃખની લાગણી અનુભવીએ છીએ.જેનો જન્મ છે તેનું મૃત્યુ નિશ્ચિત છે. પરંતુ પોતાના સમગ્ર જીવનકાળ દરમિયાન કરેલા સત્કાર્યો દ્વારા મનુષ્ય અમર થઈ જાય છે. સ્વામી નિખિલેશ્વરાનંદજીએ જણાવ્યું કે, વિજયભાઈ રૂપાણીના જીવનમાં સંસ્કાર, સેવાભાવ, અને રાજકીય પ્રતિબદ્ધતા મહત્વપૂર્ણ હતા. તેઓ રામકૃષ્ણ મિશન સાથે અત્યંત નજીકથી સંકળાયેલા હતા અને આશ્રમ દ્વારા આયોજિત ઘણા કાર્યક્રમોમાં નિયમિત રીતે જોડાતા હતા. તેમની નિષ્ઠા અને સહયોગ અમને હંમેશા યાદ રહેશે. રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ પરિવાર તરફથી, અમે વિમાન દુર્ઘટનામાં અવસાન પામેલા તમામ પ્રવાસીઓ તથા વિજયભાઈના દિવંગત આત્માને શાંતિ મળે અને તેમના પરિવારજનોને માનસિક શાંતિ મળે તેવી તે માટે પ્રભુચરણમાં પ્રાર્થના કરીએ છીએ.



# સ્વાતંત્ર્ય સેનાની શુભેચ્છા પરિવાર દ્વારા સ્વ.વિજયભાઈ રૂપાણીને શ્રદ્ધાંજલી

રાજકોટ,તા.૧૭

સ્વાતંત્ર્ય સેનાની પરિવાર પ્રત્યે વિશેષ લાગણી ધરાવતા વિજયભાઈ રૂપાણી મુખ્યમંત્રીના કાર્યકાળ દરમિયાન ગુજરાત ભરના જિલ્લાઓ/તાલુકાઓ સુધી પરિપત્ર કરીને સ્વતંત્ર્ય સેનાની પરિવારને વિશેષ સ્થાન/સન્માન આપવા અને તેઓના પ્રશ્નો આધિકારિક લેવલે તુરંતમાં ઉકેલવા આગ્રહ રાખતા.કાર્યક્રમમાં સ્વાતંત્ર્ય સેનાની અને તેમના પરિવારને વિશેષ હાજરી માટે નિમંત્રણ આપવાનો શીલશીલો ચાલુ કરવાનો યશ વિજયભાઈને આપી શકાય.સ્વાતંત્ર્ય સેનાની પરિવાર પ્રત્યે આત્મીય નાતો ધરાવતા વિજયભાઈની ખોટ કાયમ રહેશે.તેમ પ્રમુખ અશ્વિનભાઈ વિઠલાણીએ શ્રધ્ધાંજલી અર્પણ કરતા જણાવ્યું હતું.

# વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ અને દુર્ગાવાહિની દ્વારા સ્વ.વિજયભાઈ રૂપાણીના પાર્થિવ દેહને શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ

રાજકોટ,તા.૧૭

રાજકોટ મહાનગર વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ અને દુર્ગાવાહિની તરફથી પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઇ રૂપાણીના પાર્થિવ દેહને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આદરમિયાન પરેશ રૂપારેલીયા, વિનય કારીયા, રવીન્દ્ર બડ ગુજર દીપક ગમઢા, આર. ડી. પટેલ, આલાપ બારાઇ, પૂર્વીબેન શુકલા (દુર્ગાવાહિની), દિલીપભાઈ દવે, જયદીપ વિસપરા, તથા અન્ય અનેક કાર્યકર્તાઓ અંતિમ યાત્રામાં ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે તમામ કાર્યકર્તાઓએ રૂશભ વિજયભાઇ રૂપાણી અને અંજલિબેનને



સંવેદના પાઠવી હતી અને આ દુઃખની ઘડીએ તેમને ધીરજ તથા હિંમત આપવાનો પ્રયાસ કર્યો. જય શ્રીરામ અને વિજયભાઈ અમર રહો''ના નારાઓ સાથે સમગ્ર વાતાવરણ ભાવુક બની ગયું હતું. પ્રત્યેક કાર્યકર્તાની આંખોમાં ભીની લાગણી અને ઊંડા શોકની છાયા સ્પષ્ટ જોવા મળી હતી.





# સ્વ. વિજયભાઈ રૂપાણીના પાર્થિવ દેહને દાઉદી બોહરા સમાજ દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરાઈ

ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્ય મંત્રી તેમજ રાજકોટના પનોતા પુત્ર સ્વ.વિજયભાઈ રૂપાણીના પાર્થિવ દેહને સોમવાર નાં રોજ અમદાવાદથી રાજકોટ હિરાસર એરપોર્ટ લાવવામાં આવ્યા ત્યાંથી તેમના નિવાસસ્થાને લઈ જવામાં આવતા રસ્તામાં કસ્તુરબા રોડ, મોહનભાઈ હોલની સામે સ્વ. વિજયભાઈ રૂપાણીના પાર્થિવ દેહને દાઉદી બોહરા સમાજ દ્વારા પુષ્પાંજલિ કરવામાં આવેલ હતી.

# હૃદય અને છાતીના રોગના ડોકટરની રાહતદરે સેવા

રાજકોટ,તા.૧૭

લોહાણા સેવા મંડળ સંચાલિત શ્રી કૃષ્ણ ચિકિત્સાલય (કનક રોડ, બસ સ્ટેન્ડ પાછળ રાજકોટ)માં રાહતદરે હૃદય અને છાતીના રોગોના ડો.મહેશભાઈ રાઠોડ દર સોમ થી શનિ અને ડો.વિરલભાઈ બલદાણીયા દર સોમ થી શુક્ર સવારે ૯ થી ૧૦ દરમ્યાન પોતાની રાહતદરે સેવા આપશે.



# વી.એમ.મેહતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદ દ્વારા વાજીકરણ ચિકિત્સા વિષયક ગેસ્ટ લેક્ચર યોજાયો

રાજકોટ,તા.૧૭

ગાર્ડી વિદ્યાપીઠ સાથે સંકળાયેલ વી.એમ.મેહતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદ દ્વારા ગત તા.૧૩ ના રોજ વાજીકરણ ચિકિત્સા વિષયક ગેસ્ટ લેક્ચરનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં મુખ્ય વકતા સ્થાને દિલ્હી ખાતે આવેલ ચૌધરી બ્રહ્મપ્રકાશ આયુર્વેદ ચરક સંસ્થાનમાં કાયચિકિત્સા વિભાગમાં એસોસિએટ પ્રોફેસર તરીકે કાર્યરત વૈદ્ય જીતેન્દ્ર વરસાકીયાને આમંત્રિત થયા હતા. વૈદ્ય જીતેન્દ્રએ વિષય અનુરૂપ તેમણે પ્રકાશિત કરેલા લેખોનો પણ સંદર્ભ આપી વિવિધ દર્દીઓના પોઝિટિવ પરિણામો વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરી પ્રભાવિત કર્યા હતા. લેક્ચરમાં વી.એમ. મેહતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદના વિદ્યાર્થીઓ અને સમગ્ર પ્રાધ્યાપકગણ હાજર રહ્યા હતા. અંતમાં વૈદ્ય જીતેન્દ્રને તેમના માહિતીસભર લેક્ચર બદલ સ્મૃતિચિહ્ન આપી આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના સફળ સંચાલન બદલ ગાર્ડી વિદ્યાપીઠના મેનેજિંગ ડિરેક્ટર જયભાઈ મેહતા અને વી. એમ. મેહતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદના પ્રિન્સિપાલ વૈદ્ય રવિકાંત ગોયલએ કાયચિકિત્સા વિભાગના પ્રાધ્યાપકોને શુભેચ્છા પાઠવી હતી.

# ૨૬ થી ૨૯ જૂન સુધી ફુટબોલ ટુર્નામેન્ટનું આયોજન

રાજકોટ,તા.૧૭

ડિસ્ટ્રીકટ ફુટબોલ એસોસિએશન, રાજકોટ દ્વારા આયોજિત તથા આર.સી.સી. બેંક દ્વારા પ્રાયોજિત તા.૨૬ થી તા.૨૯ જૂન દરમ્યાન સ્વ. શેઠ જયંતિલાલ કુંડલીયા મેમોરીયલ (ચોથી) U-14 તથા U-17 ભાઈઓની ઓપન રાજકોટ ફુટબોલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ ટુર્નામેન્ટ માટે તા. ૨૨ જૂન સુધીમાં એન્ટ્રી કરાવવાની રહેશે.

આ ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે ગુણુભાઈ ડેલાવાળા તથા પુરૂષોતમભાઈ પીપળીયાની આગેવાની હેઠળ એસોસિએશનના હોદ્દેદારો જહેમત ઉઠાવી રહ્યા છે.





# એરિસઈન્ફ્રા સોલ્યુશન્સ લિમિટેડનો રૂ. ૪૯૯.૫૯ કરોડનો આઈપીઓ બુધવાર, ૧૮ જૂન, ૨૦૨૫ના રોજ ખૂલશે

અમદાવાદઃ એરિસઈન્ફ્રા સોલ્યુશન્સ લિમિટેડ બુધવાર, ૧૮ જૂન, ૨૦૨૫ના રોજ ઇક્વિટી શેર્સના તેના આઈપીઓ સંદર્ભે તેની બિડ/ઇશ્યૂ ખોલશે.

એન્કર ઇન્વેસ્ટર બિડિંગ તારીખ મંગળવાર, ૧૭ જૂન, ૨૦૨૫ રહેશે. બિડ/ઇશ્યૂ બુધવાર, ૧૮ જૂન, ૨૦૨૫ના રોજ સબ્સ્ક્રીપ્શન માટે ખૂલશે અને શુક્રવાર, ૨૦ જૂન, ૨૦૨૫ના રોજ બંધ થશે. બિડ્સ લઘુતમ ૬૭ ઇક્વિટી શેર્સ અને ત્યારબાદ ૬૭ ઇક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાશે.

ઇશ્યૂની પ્રાઇઝ બેન્ડ ઇક્વિટી શેર દીઠ રૂ. ૨૧૦થી રૂ. ૨૨૨ નક્કી કરવામાં આવી છે.પ્રત્યેક રૂ. ૨ની ફેસ વેલ્યુના ઇક્વિટી શેર્સની કુલ ઇશ્યૂ સાઇઝ રૂ. ૪૯૯.૫૯ કરોડ છે જેમાં ઇક્વિટી શેર્સના માત્ર ફ્રેશ ઇશ્યૂનો સમાવેશ થાય છે.

ઇક્વિટી શેર્સ મુંબઈ ખાતે મહારાષ્ટ્રની રજિસ્ટ્રાર ઓફ કંપનીઝમાં ૧૧ જૂન, ૨૦૨૫ના રોજ ફાઇલ કરેલા કંપનીના રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ દ્વારા ઓફર કરવામાં આવી રહ્યા છે. ઇશ્યૂના હેતુઓ માટે એનએસઈ નિયુક્ત શેર બજાર રહેશે.

આ ઇશ્યૂ સેબી આઈસીડીઆર નિયમનોના નિયમન ૩૧ સાથે વાંચતા એસસીઆરઆરના નિયમ ૧૯(૨)(બી)ના સંદર્ભે કરવામાં આવ્યો છે. ઇશ્યૂ સેબી આઈસીડીઆર નિયમનોના નિયમન ૬ (૨)ના સંદર્ભે બુક બિલ્ડિંગ પ્રોસેસ દ્વારા કરવામાં આવ્યો છે જેમાં ઓફરના કમસે કમ ૭૫ ટકા ક્વોલિફાઇડ ઇન્સ્ટિટ્યૂશનલ બાયર્સને ફાળવણી માટે ઉપલબ્ધ રહેશે, એ શરતે કે અમારી કંપની બુક રનિંગ લીડ મેનેજર્સ સાથેની ચર્ચા બાદ ક્યુઆઈબી હિસ્સાનો ૬૦ ટકા સુધીનો હિસ્સો વિવેકાધીન ધોરણે એન્કર ઇન્વેસ્ટસને ફાળવી શકે છે જે પૈકી એક-તૃત્યાંશ હિસ્સો સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ્સ માટે અનામત રાખવામાં આવશે, જે સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ તરફથી સેબી આઈસીડીઆર નિયમનો મુજબ ઇક્વિટી શેર્સની જે કિંમતે એન્કર ઇન્વેસ્ટર્સને ફાળવણી કરવામાં આવી હોય તે અથવા તેનાથી વધુ કિંમતે મળેલી માન્ય બિડ્સને આધીન રહેશે. એન્કર ઇન્વેસ્ટર પોર્શનમાં અંડર-સબ્સ્ક્રીપ્શન અથવા નોન-એલોકેશનના કિસ્સામાં બાકીના ઇક્વિટી શેર્સ ક્યુઆઈબી કેટેગરીમાં ઉમેરવામાં આવશે.





# એલઆરડી નીપરીક્ષાર્થીઓ માટે રાજકોટ એસ.ટી. નિગમ અને બોલબાલા ટ્રસ્ટ દ્વારા ભોજનની વ્યવસ્થા કરી

રાજકોટ,તા.૧૭

રાજકોટમાં એલઆરડીની પરીક્ષા માટે પધારેલા હજારો ઉમેદવારો આવ્યા હતા. ત્યારે રાજકોટ ખાતે એલઆરડીની પરીક્ષા આપવા માટે આવેલ ઉમેદવારો માટે એસ.ટી.નિગમના અધિકારીઓ દ્વારા બોલબાલા ટ્રસ્ટના સહયોગથી રાજકોટ બસ પોર્ટ ખાતે ભોજનની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી હતી. વરસતા વરસાદ વચ્ચે રાજકોટ એસ.ટી. નિગમ અને બોલબાલા ટ્રસ્ટની આ સેવા પ્રશંસનીય બની હતી. અનેક ઉમેદવારો અને તેમને સાથે આવેલા સ્નેહજનો દ્વારા આ માનવતાપૂર્ણ વ્યવસ્થાની પ્રશંસા કરવામાં આવી હતી અને હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરાયો હતો.

# ૧૨ જુલાઈએ પતીતપાવન ભગવાન સેવા સમિતિ રાજકોટ દ્વારા સાધુ-સંતોનો ભંડારાનું આયોજન

## ગલ્તાજી-જયપુર (રાજસ્થાન) ખાતે ભંડારો યોજાશેઃ મોટી સંખ્યામાં ગુરૂભાઈઓ-બહેનો પણ મહાપ્રસાદનો લાભ લેશે

રાજકોટ, તા.૧૭

પરમ પૂજ્યપાદ પરમહંસ શ્રી સદગુરૂદેવ શ્રી રણછોડદાસજી બાપુની પ્રેરણા તથા પરમ પૂજ્ય મહામંડલેશ્વર ૧૦૦૮ શ્રી હરિચરણદાસ બાપુના આર્શીવાદથી પતીત પાવન ભગવાન સેવા સમિતિ-રાજકોટ દ્વારા ગલ્તાજી-જયપુર (રાજસ્થાન) ખાતે સાધુ-સંતોનો ભંડારો યોજાશે.

સર્વે ગુરૂ ભાઇઓ-બહેનો તથા ગુરૂ ભક્તજનોના સાથ સહકારથી, આગામી તા.૧૨ જુલાઈને શનિવારના રોજ કનક બિહારી મંદિર, ગલ્તા ગેઈટ, જયપુર (રાજસ્થાન) ખાતે થનાર આ ભંડારામાં સેંકડો સાધુ-સંતો પધારશે, તેમજ મોટી સંખ્યામાં ગુરૂભાઇઓ-બહેનો પણ મહાપ્રસાદનો અલભ્ય લાભ લેશે. સમગ્ર આયોજન અંગે રાજકોટ-(સદગુરૂ સદન ટ્રસ્ટ.પૂ.રણછોડદાસજી બાપુનો આશ્રમ)નો સહયોગ મળી રહ્યો છે. સમગ્ર આયોજનમાં દાતાઓનો સહયોગ મળ્યો છે. સમગ્ર આયોજનને સફળ બનાવવા પતીત પાવન ભગવાન સેવા સમિતિ-રાજકોટના સુરેશભાઈ ગોળવાળા, ગીરીશભાઈ વસાણી, કનુભાઈ રાચ્છ સહિતની ટીમ જહેમત ઉઠાવી રહ્યા છે.

# નીટની પરીક્ષામાં એલન રાજકોટના વિદ્યાર્થીઓ ચમકયા



રાજકોટ,તા.૧૭

નીટની પરીક્ષાનું પરિણામ જાહેર થયું છે ત્યારે નીટ ૨૦૨૫ પરીક્ષામાં એલન રાજકોટનો નમ્ય પાનેલીયા ઓલ ઇન્ડિયા રેન્ક ૫૫ મેળવી ને સૌરાષ્ટ્ર ટોપર બન્યો અને રૂદ્ર બાવીશીએ ઓલ ઈન્ડિયા રેન્ક ૫૭ પ્રાપ્ત કરી સૌરાષ્ટ્રમાં દ્વિતીય સ્થાન મેળવ્યું છે.



# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વી.પી. વૈષ્ણવએ સ્વ.વિજયભાઈ રૂપાણીને અશ્રુભીની શ્રધ્ધાંજલી અર્પણ કરી

## રાજકોટમાં કોઈ એવું ઘર નથી કે જયાં શોક છવાયો ન હોય, વિજયભાઈ રૂપાણી નગરસેવક હતાઃ પ્રમુખ વી.પી. વૈષ્ણવ

રાજકોટ, તા.૧૭

અમદાવાદ ખાતે એર ઈન્ડિયાના વિમાન ક્રેશ દુર્ઘટનામાં ગુજરાત રાજયના પુર્વ મુખ્યમંત્રી સ્વ.વિજયભાઈ રૂપાણીનું દુઃખદ અવસાન થયેલ છે. તેમની ચીર વિદાયને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ વી.પી. વૈષ્ણવ ઘેરા શોક અને દુઃખની લાગણી વ્યકત કરી અશ્રુભીની શ્રધ્ધાંજલી પાઠવે છે. તેમજ તેમના પરિવાર પર આવી પડેલ આ વિયોગનું દુઃખ સહન કરવાની પરમકૃપાળુ પરમાત્મા શક્તિ આપે તેવી પ્રાર્થના.

સ્વ.વિજયભાઈ રૂપાણી સતત પ્રજા માટે ચિંતાશીલ રહેનાર, સરળ વ્યક્તિત્વ જીવન ધરાવનાર અને એક કોમનમેનની છાપ છોડીને રાજકોટની પ્રજાને અચાનક જ અલવિદા કહી દેવાથી ખુબ જ આઘાત લાગ્યો છે. આવા ખમીરવંતાની વિદાયથી રાજકોટ-સૌરાષ્ટ્રને ખુબ જ મોટી ખોટ પડી છે. હજુ પણ માનવામાં આવતું નથી કે સ્વ.વિજયભાઈ આપણી વચ્ચે નથી રહ્યા, રાજકોટમાં કોઈ એવું ઘર નથી કે જયાં શોક છવાયો ન હોય, એ નગરસેવક હતા ત્યારે કે પછી મુખ્યમંત્રી બન્યા ત્યારે પણ માયાળુ અને સંવેદનશીલ રહ્યા છે.

છેવાડાના માનવીની સેવામાં સદાય ઓતપ્રોત રહેલા એવા સ્વ.વિજયભાઈ રૂપાણી સાથે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ વી.પી. વૈષ્ણવના સંભારણા જીંદગીભર યાદ રહેશે. તેમજ આ દિવ્ય આત્માને પરમકૃપાળુ પરમાત્મા શાંતિ અર્પે તેવી પ્રાર્થના. તેમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની યાદીમાં જણાવેલ છે.






# અમરેલી જિલ્લો જળબંબોળ: દોઢથી દસ ઈંચ વરસાદથી નદીઓ વહી: બસ ફસાઈ

## અમરેલી, લીલીયા, સાવરકુંડલા, ખાંભા, રાજુલા સહિતના તાલુકાઓમાં પ્રથમ વરસાદે જ વાવણી: લીલીયા નજીક નદીના પુરમાંથી મુસાફરોનો બચાવ: બસ પાણીમાં ગરક

(મિલાપ રૂપારેલ)
અમરેલી, તા.૧૭

અમરેલી જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી વરસાદ શરૂ થવા પામેલ છે. ત્યારે ગઈકાલે સોમવારે બારે મેઘ ખાંગા થયા હોવાની પરિસ્થિતિ જોવા મળી રહી છે. ત્યારે દોઢ ઈંચથી લઇ દશ ઇંચ વરસાદ પડયો છે. ત્યારે લીલીયા નજીકભોરીંગડા ગામમાં કોઝવે બનાવવામાં આવી રહ્યો હોવાથી ડાયવર્ઝન કાઢવામાં આવ્યું છે. તે ડાયવર્ઝનમાં પાણી ભરાઈ જવાથી તેમાં એસ.ટી. બસપાણીમાં ફસાઈ ગઈ હતી. જયારે ધારી નજીક ખાનગી બસ રોડ સાઈડમાં ઉતરી જવા પામેલ હતી. તો રાજુલાના હડમતિયા અને દેવકા વચ્ચે ભારે પાણીના પ્રવાહને કારણે આશરે ૨૫ બકરા નદીમાં તણાઈ ગયા હતા. આગામી ૨૪ કલાકમાં વધુ વરસાદની આગાહી કરવામાં આવેલ છે.

અમરેલી શહેરમાં સવારથી જ ધીમીધારે વરસાદ શરૂ થયા બાદ બપોરથી અનરાધાર વરસાદ શરૂ થતાં અમરેલી શહેરની મુખ્ય બજારો ભીડભંજન ચોક, રાજકમલ ચોક, સરદાર સર્કલ પાણીમાં ગરકાવ થયા હતા. જયારે શહેરના નિચાણવાળા વિસ્તારો પાણી પાણી થઇ ગયા હતા. જયારે અમરેલીમાં ભારે વરસાદથી વાહન ચાલકો પરેશાન થઈ ઉઠયા હતા.

લીલીયા પંથકમાં પણ અનરાધાર વરસાદ પડયો હતો. લીલીયા તાલુકાના ભોરીંગડા ગામમાં કોઝવે બનાવવામાં આવી રહ્યો હોવાથી ત્યાં ડાયવર્ઝન કરવામાં આવેલ છે. આ ડાયવર્ઝનમાં વરસાદી પાણી ભરાઈ જવાથી અમરેલીથી ગારિયાધાર જઈ રહેલી એક એસ.ટી. બસ પાણીમાં ફસાઈ જવા પામી હતી. જેમાં બેસેલા ૨૦ જેટલા મુસાફરોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા હતા. લીલીયાના ભોરીંગડા ગામે નદીના પાણી ગામમાં ઘુસીજવા પામેલ હતા. જયારે નાના લીલીયાથી લોકી જવાનો માર્ગ તથા શેઢાવદરથી લીલીયા જવાનો માર્ગ બંધ થયો હતો અને નાના લીલીયા ગામમાં વરસાદી પાણી ઘુસી ગયા હતા.

રાજુલાગ્રામ્ય વિસ્તારોમાં સવારથી અવિરત ધોધમાર વરસાદ શરૂ થવા પામેલ છે. જેમાં રાજુલાના છાપરી ગામે વરસાદના કારણે છાપરી ગામની જોલાપરી નદીમાં પૂર આવી જતાં પૂર જોવા આવતા સ્થાનિકો પૂરનો પ્રવાહ જોવા ઉમટયા હતા.

ત્યારે રાજુલાના હડમતિયા અને દેવકા વચ્ચે ભારે વરસાદના કારણે નદીના પાણીના પ્રવાહને કારણે આશરે ૨૫ જેટલાં બકરા નદીમાં તણાઈ ગયા. જે પૈકી સ્થાનિક લોકો દ્વારા ૧૦ બકરીઓને બચાવી લેવાય હતી. જયારે ભારે વરસાદને કારણે જોલાપુરી નદીમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી.

રાજુલા તાલુકાની મોરંગી ગામની સ્થાનિક રામતલીયા નદીમાં નદીમાં પૂર આવતાં રામતલીયા નદી બે કાંઠે થઈ વ્હેતી થઈ હતી. જયારે રાજુલાના ડુંગર, સાંજણવાવ, રાભડા, મોરંગી સહિતના ગામોમાં ધોધમાર વરસાદ પડયો હતો.

સાવરકુંડલા શહેરમાં અનરાધાર વરસાદ પડતા સાવરકુંડલાની નાવલી નદીમાં આવ્યું પૂર આવતાં નાવલી નદી ચોમાસાના પ્રથમ વરસાદે બે કાંઠે વ્હેતી થઈ હતી. જયારે વીરડી ગામે ભારે વરસાદ પડયો છે.

ખાંભા શહેર સાથે ગીરના ગામોમાં ભાવરડી, ડેડાણ, માલકનેસ ગામોમાં વરસાદમાં વાવણી લાયક વરસાદથી ખેડૂતોમાં ખુશી જોવા મળી રહી છે.

ધારી શહેર સહિતના મોરજર, ખીચા, વીરપુર, દૂધાળા, પાતળા સહિતના ગામોમાં સવારથી ધીમીધારે વરસાદ શરૂ થવા પામેલ છે. ધારીના અમરેલી માર્ગ પર સુરતથી ધારી આવતી ખાનગી બસ રોડની સાઈડમાં ઉતરી જતા અકસ્માત સર્જાયો હતો. આ બસમાં રહેલા ૨૦ જેટલા મુસાફરોનો આબાદ બચાવ થયો હતો.

લાઠી શહેર સાથે લાઠી ગ્રામ્ય વિસ્તાર ભુરખિયા, તાજપર, નાના રાજકોટ, પ્રતાપગઢ, દૂધાળા ગામોમાં ધીમીધારે વરસાદ પડયો હતો.અમરેલી જિલ્લા ફલડ કંટ્રોલ રૂમ ખાતે આજે સવારે ૬ વાગ્યે પુરા થતા છેલ્લા ચોવીસ કલાકમાં સુધીમાં કુંકાવાવ-વડીયામાં ૭૦ મી.મી.(૧૧૭), બાબરામાં ૧૨૧ મી.મી.(૧૯૨), લાઠી ૮૨ મી.મી.(૯૧), લીલીયા ૧૭૧ મી.મી.,(૧૭૮), અમરેલી ૧૭૨ મી.મી.,(૧૮૯), બગસરા ૬૫ મી.મી.(૭૪), ધારી ૪૮ મી.મી.(૫૦), સાવરકુંડલા ૨૫૪ મી.મી.(૨૭૧), ખાંભા ૧૦૩ મી.મી.(૧૬૮), જાફરાબાદ ૪૩ મી.મી.(૪૭), જયારે રાજુલા ૧૮૮ મી.મી. (૨૦૬) મી મી. વરસાદ નોંધાયો છે.

# રાજુલાનો ધાતરવાડી ડેમ-૨ ઓવરફલો: દરવાજા ખોલાયા

## રાજુલાના હડમતીયા-દેવકા ગામ વચ્ચેની નદીમાં ૨૫ ઘેટા-બકરા તણાયા: ૧૦ ને બચાવાયા: રીંગણીયાળા ગામ બેટમાં ફેરવાયું: ત્રણ ભેંસો પણ તણાઇ ગઇ



(મિલાપ રૂપારેલ)
અમરેલી, તા.૧૭

રાજુલા તાલુકામાં આજે મેઘરાજે મહેર કરી છે જોકે આ મહેરમાં ઘણી નુકસાન થયાના સમાચાર મળી રહ્યા છે ત્યારે મળતી માહિતી મુજબ રાજુલા તાલુકામાં ભારે વરસાદને લીધે રાજુલા તાલુકાના બંને ધાતરવડી ડેમ એક અને ધાતરવડી ડેમ ૨ ઓવરફલો થયા છે ત્યારે ધાતરવડી ડેમ ૨ ના સાત દરવાજા તંત્રને ખોલવાની ફરજ પડી છે.

રાજુલામાં આ વરસાદમાં બીજી ઘટના રાજુલા શહેરના જકાતનાકા પાસે ઈલેકટ્રીકના પોલ પડી જતા રાજુલા સાવરકુંડલા અમરેલી રાજકોટ જવાનો રસ્તો બંધ થયેલો અને વીજળી પુરવઠો ખોરવાયો હતો ભારે વરસાદના કારણે ધાતરવડી ડેમમાં નવું પાણી આવતા આ પોલ પાણીમાં ખેંચાયા અને ઈલેક્ટ્રીક પોલ પડી જતા વાયર રોડ ઉપર આવતા ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા ત્યારે રાજુલા પોલીસ દ્વારા ચાલુ વરસાદમાં કપરી કામગીરી કરી અને આ રસ્તો ખુલ્લો કરવામાં આવેલો તેમજ આ પાણીમાં ત્રણ ભેસ ડૂબી જવા પામેલ જોકે થોડા સમય બાદ ફરીથી વીજળી પુરવઠો તેમજ આ રસ્તો શરૂ કરી દેવામાં આવ્યો હતો અને રાજુલા સ્થાનિક પોલીસની મદદથી આ હાઇવે શરૂ કરી દેવામાં આવેલો રાજુલા તાલુકામાં નાનું એવું રીંગણીયાળા ગામ જયાં ચારે બાજુ પાણી જળબંબાકાર જોવા મળ્યું અને આ ગામમાં અવરજવરનો રસ્તો પણ બંધ થવા પામેલો મળતી વધારે વિગત મુજબ રાજુલા તાલુકાનું હડમતીયા અનેદેવકા ગામની વચ્ચે આવેલી નદીમાં ૨૫ જેટલા ઘેટા બકરા તણાયા હતા જેમાં સ્થાનિક લોકો દ્વારા ૧૦ ઘેટાનું રેસ્કયુ કરવામાં આવેલું તેમજ રાજુલા તાલુકાનું વાવેરા ગામ જયાં ૧૫ વર્ષમાં પહેલીવાર ગામ લોકો એ પાણી જોયું આ ગામમાં જયાં નજર નાખો ત્યાં પાણી પાણી જોવા મળેલ. જોકે શહેરમાં આટલો વરસાદ પડતાં રાજુલા શહેરની વિવિધ સોસાયટીઓ જેવી કે મન મંદિર રેમ્બો સોસાયટી મારતી નગર એસટી વર્કશોપ સહિતના વિસ્તારોમાં પાણી ભરાયેલા ત્યારે આ વિસ્તારના લોકો ખૂબ જ મુશ્કેલીમાં મુકાયેલા.

# ગઢડા પંથકમાં શ્રીકાર વર્ષાથી જળબંબાકાર: એક રાતમાં ચૌદ ઈંચ વરસાદથી નદી-નાળા છલકાયા

## ગઢડામાં પ્રથમ વરસાદે રમાઘાટ ડેમ ઓવરફ્લો થતાં રેકર્ડ સર્જાયો: મોટાભાગના રસ્તાઓમાં પાણી ભરાયા: જનજીવન પ્રભાવિત




(પ્રભાકર મોદી) ગઢડા,તા.૧૭

ગઢડા(સ્વામીના) પંથકમાં ચોમાસાની સમયસર સારી શરૂઆત થતા સમગ્ર પંથકમાં સતત શરૂ રહેલા વરસાદના પગલે જળબંબાકાર જેવી પરિસ્થિતિ જોવા મળી હતી. આ વરસાદના કારણે મોટાભાગના ડેમ તેમજ નદીનાળાં છલકાઈ જતા સિઝનના પ્રથમ વરસાદે રેકોર્ડ સર્જ્યો હતો.

ગઢડા શહેર તેમજ સમગ્ર પંથકમાં ગત સાંજથી રાત્રિ દરમિયાન સતત વરસાદ શરૂ રહયો હતો. ઉપરવાસમાં પણ સારા વરસાદના કારણે મોટાભાગના નદીનાળાં છલકાઈ જતા વાતાવરણ ઠંડુગાર બની જવા પામેલ છે. શ્રીકાર વરસાદના પગલે અને પાણીની આવક ધરતીપુત્રોમાં આશાના સંચાર વચ્ચે આનંદની લહેર છવાઈ જવા પામી છે. ગઢડા શહેરમા ગત સાજથી સવાર સુધીમાં ચૌદ ઈંચ વરસાદ નોંધાયો હતો. આ વરસાદના કારણે મોટાભાગના રસ્તાઓ ઉપર પાણી ફરી વળતા મોટાભાગના રસ્તાઓ બંધ થઈ જતા એસ.ટી. સહિત વાહનવ્યવહાર ઠપ્પ થઈ ગયો હતો. આ વરસાદમાં ઘેલો નદી સહિત કેટલીક જગ્યાએ નાના મોટા વાહનો સાથે ચાલકો ફસાવાની તથા તણાઈ જવાની ઘટના બનતા રેસકયુ કરી બચાવકાર્ય હાથ ધરાયું હતુ. વરસાદ દરમિયાન તકેદારીના ભાગરૂપે સરકારી તંત્ર સજજ થતા નિરિક્ષણ કામગીરી શરૂ કરવામાં આવી છે. તેમજ વરસાદમાં પૂર જેવી જોખમી પરિસ્થિતિમાં સુરક્ષા માટે અવરજવર નહી કરવા તેમજ ઘરમાં રહેવા તંત્ર દ્વારા લોકોને અપીલ કરવામાં આવી છે. વધારે જાણવા મળતી વિગત અનુસાર સતત વરસાદના કારણે ગઢડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં મુશળધાર વરસાદ પડતા નદિ નાળા ઓવરફ્લો થતાં અનેક ગામોના રસ્તાઓ થયા બંધ થઈ ગયા છે. જેમાં ગઢડા થી નિંગાળા -રોહિશાળા, ઉગામેડી થી ઝીઝાવદર, પ્રહલાદગઢ થી રાજપીપળા, રાજપરાના પાટીયા થી હામાપર ગામ તરફ, બોડકી વનાળી અને ગઢાળી, ટાટમ થી ભીમડાદ રોડપર બાવળ પડતા રસ્તો બંધ, સમઢીયાળા - મોટી કુંડળ ભીમોરીમાના મંદિર પાસે નવુ બનેલ નાળા મા ગાબડું પડવા સહિતના કારણે રસ્તાઓ બંધ થઈ ગયા હતા.

# પાલીતાણા તાલુકાના ત્રણ ગામોમાંથી ભારે વરસાદમાં ફસાયેલા ૩૧ લોકોને રેસ્કયુ કરાયા

## સેંજળીયા ગામેથી ૧૯, મોખડકા ગામેથી ૧૧ તથા આકોલાળી ગામેથી ૧ વ્યક્તિને રેસ્કયુ કરાયા

(વિપુલ હિરાણી) ભાવનગર તા.૧૭

ભાવનગર જિલ્લાના તાલુકાઓમાં ગઈકાલથી શરૂ થયેલા વરસાદમાં આઠથી બાર ઇંચ સુધી વરસાદ વરસી ચુક્યો છે ત્યારે ગઈકાલે રાત્રે પાલીતાણા તાલુકાના કુલ ત્રણ અલગ અલગ ગામોએ રેસ્કયુ કરવાની જરૂરિયાત ઊભી થયેલ હતી જેમાં કુલ ૩૧ જેટલા લોકોને તંત્ર દ્વારા સહી સલામત રેસ્કયુ કરવામાં આવ્યા હતા.

જે અન્વયે સેંજળીયા ગામેથી કુલ ૧૯ લોકો, મોખડકા ગામેથી કુલ ૧૧ લોકો તેમજ આકોલાળી ગામેથી ૧ વ્યકિત એકદમ સલામત રીતે રેસ્ક્યુ કરવામાં આવેલ હતા.

આ રેસ્ક્યુ કામગીરીમાં સેંજળીયા ગામે મામલતદારશ્રી, મોખડકા ગામે તાલુકા વિકાસ અધિકારીશ્રી તેમજ આકોલાળી ગામે પી.આઈ.શ્રી રૂરલ પો.સ્ટે. દ્વારા ઓપરેશન લીડ કરવામાં આવેલ હતું.

આ કામગીરીમાં રેવન્યુ વિભાગ, પંચાયત વિભાગ, નગરપાલિકા તથા ફાયર વિભાગ, આગેવાનો, ગામ લોકો તથા ખાનગી વાહન માલિકશ્રીઓ રત્નાભાઈ વિગેરે દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. તેમજ સૌથી મોટી ભૂમિકા સિંચાઈ વિભાગના શ્રી આશિષ ભાઈ બાલધીયા દ્વારા જરૂર જણાય ત્યાં ડેમના પાણીનું સ્તર ઘટાડીને કે દરવાજા બંધ કરીને પણ પાણીનો પ્રવાહ ઓછો કરવા માટે મહત્વપૂર્ણ પ્રયત્ન કરેલો હતો.

આમ, આખો રાત પાલીતાણા




તાલુકામાં અલગ અલગ સ્થળોએ વહીવટી તંત્ર દ્વારા રેસ્ક્યુની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

# બાબરાના નાની કુંડળ પાસે રાજકોટની કાર તણાઈ

## ૧૦૮, ફાયર, પોલીસની મદદથી રાજકોટનાં ત્રણનો બચાવ

(મિલાપ રૂપારેલ)અમરેલી, તા.૧૭

અમરેલી જિલ્લામાં ગઈકાલે પડેલા ભારે વરસાદના કારણે અનેક લોકો ફસાયા હતા. ત્યારે ગઈકાલે રાત્રે બાબરા પંથકમાં પણ અનરાધાર વરસાદથી નાની કુંડળ ગામે કોઝવેમાં રાજકોટ ગામે રહેતા ત્રણ મુસાફરો ભરેલ કાર ફસાઈ જવા પામેલ હતી. મધ્યરાત્રિના પાણીના પ્રવાહમાં પાણીના પ્રવાહમાં કારનું રેસ્કયૂ ઓપરેશન કરાયું હતું. જેમાં ૧૦૮, ફાયર, અને પોલીસ આ પરિવાર માટે દેવદૂત સાબિત થઈ હતી.



આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ રાજકોટ ગામે રહેતા કલ્પેશ ચૌહાણ, તેનો દીકરો અને એક મિત્ર ગઈકાલે મધ્યરાત્રિના સમયે પોતાની કાર લઇ અને બાબરાથી રાજકોટ જતા હતા. ત્યારે બાબરાના નાની કુંડળ ગામે આવેલ કોઝવેમાં પાણીનો પ્રવાહ વધારે હોય તેમાંથી કાર પસાર કરવા કાર પાણીમાં કાર તણાઈ હતી. ત્યારે ગઈકાલે મધ્યરાત્રિના સમયે પાણીના પ્રવાહ વચ્ચે પણ એમ્બ્યુલન્સ ૧૦૮, ફાયર, અને પોલીસ દ્વારા કારનું રેસ્કયૂ ઓપરેશન કરવામાં આવેલ હતું. અને

આ કારની સાથે ફસાયેલા બે પુરુષ અને એક બાળક મળી ત્રણ વ્યક્તિને બચાવવા તંત્રની જહેમતને મળી સફળતા મળી હતી.

# અમરેલી જિલ્લામાં એરફોર્સનું હેલિકોપ્ટર ઉડયું : ૩૦ લોકોનું રેસ્કયુ

## રાજુલાના પીપાવાવ પોર્ટ પા.પૂ. બોર્ડની સાઇટ પર ફસાયેલા ૨૪ નાગરિકોનું કોસ્ટગાર્ડ દ્વારા અને સાવરકુંડલા ફિફાદ ગામે હેલિકોપ્ટરની મદદથી પાંચનું બચાવ કાર્ય : ઝાડ પર ચડી ગયેલા એક નાગરિકને ફાયર ટીમે બચાવ્યો : અનેક વિસ્તારો પાણી પાણી

અમરેલી / રાજુલા, તા. ૧૭

અમરેલી જિલ્લામાં સાર્વત્રિક વરસાદ થયો હતો. જિલ્લાના રાજુલા તાલુકાના પીપાવાવ અને વિકટર ગામ વચ્ચે પાણી પુરવઠાની સાઇટ પર ૨૪ નાગરિકો પાણીમાં ફસાયા હતા.

આ નાગરિકોને સલામત સ્થળે ખસેડવા માટે અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયા અને અમરેલી જિલ્લા વહીવટી તંત્ર તથા રાજુલા તાલુકા વહીવટી તંત્ર દ્વારા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા.

પીપાવાવ અને વિકટર ગામની બાજુ પાણી પુરવઠાની સાઇટના સ્થળ પર પહોંચવાનો કાચો માર્ગ પાણીથી તરબોળ થયો હતો, આવી સ્થિતિમાં આ નાગરિકોને સલામત સ્થળે ખસેડવા માટે અમરેલી જિલ્લા કલેકટરશ્રી અજય દહિયાએ પીપાવાવ કોસ્ટ ગાર્ડને જરૂરી દિશાનિર્દેશો આપ્યા હતા.

અમરેલી જિલ્લાના પીપાવાવ કોસ્ટ ગાર્ડ અને પીપાવાવ કોસ્ટ ગાર્ડની ટીમ દ્વારા ત્રણ બોટમાં આ લોકોને રેસ્કયુ કરી




વિકટર ગામની શાળા ખાતે સલામત રીતે ખસેડવામાં આવ્યા હતા. જિલ્લાના સાવરકુંડલા તાલુકાના ફીફાદ ગામે ભારે વરસાદની સ્થિતિના પગલે પાણી ભરાયા હતા.

સાવરકુંડલાના ફીફાદ ગામે ખાનગી બસમાં સવાર હતા તેવા છ મુસાફરો પાણીમાં ફસાયા હતા તેની જાણ સાવરકુંડલા પ્રાંત અને સાવરકુંડલા તાલુકા વહીવટી તંત્રને થતાં સમગ્ર ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી અને રેસ્કયુ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આ સ્થળ પર ફસાયેલા મુસાફરો સુધી પહોંચવા વહીવટી તંત્ર દ્વારા એકથી વધુ માર્ગે રેસ્ક્યુ માટે પ્રયાસો કરવામાં આવ્યા હતા. રેસ્કયુ કરવા માટે અમરેલી જિલ્લાના માર્ગની સાથોસાથ ભાવનગર જિલ્લાના ગારિયાધારના માર્ગ તરફથી પણ રેસ્કયુ કામગીરી શરૂ કરવામાં આવી હતી.

બસની અંદર પાણી ભરાઇ જતાં મુસાફરો દ્વારા અમરેલી જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન, જિલ્લા કંટ્રોલ રુમ અને સાવરકુંડલા તાલુકા વહીવટી તંત્રને જાણ કરવામાં આવી હતી.

આ બાબતની ગંભીરતાને ધ્યાને લઇ અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયાએ રાહત કમિશનર આલોક પાંડેને આ સ્થિતિથી અવગત કર્યા હતા, તેમના દ્વારા દિશાનિર્દેશો થતાં જામનગર એરફોર્સનું હેલિકોપ્ટર ફીફાદ ખાતે મોકલવામાં આવ્યું હતું, આ દરમિયાન ગારિયાધારના માર્ગેથી આ છ મુસાફર પૈકીના પાંચ મુસાફરને રેસ્કયુ કરવામાં સફળતા મળી હતી.

છ પૈકીના એક મુસાફર ઝાડ પર ચડી ગયો હતો, આ એક મુસાફરને રેસ્કયુ કરવા અમરેલી જિલ્લા કલેકટરે ફાયર ટીમને સૂચના આપી હતી. ફાયર ટીમની બોટ દ્વારા બાકી રહેલા આ એક મુસાફરને રેસ્કયુ કરવાની કામગીરી હાથ ધરી હતી, તેથી આ મુસાફરને પણ સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

શેત્રુંજીના કાંઠે લીલીયા તાલુકાના બવાડી ગામના ખેતર વિસ્તારમાં છ નાગરિકો અને નદીકાંઠે આવેલા રાજુલા નગરપાલિકા સત્યજીત સોસાયટી વિસ્તારમાં બે નાગરિકો પાણીમાં ફસાયા હતા તેમને પણ રેસ્કયૂ કરી સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

જિલ્લા ઇમરજન્સી ઓપરેશન સેન્ટરથી, અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયા, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા અને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દિલીપસિંહ ગોહિલના ટીમ વર્કથી આ તમામ રેસ્કયૂ કામગીરીનું નિરિક્ષણ કરવામાં આવ્યુ હતુ.

# તલગાજરડા અને રાતોલ ગામે ૩૫ છાત્રોનું કોસ્ટગાર્ડની મદદથી રેસ્કયુ




ભારે વરસાદના કારણે નદીનું પાણી આવી જતા ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના રાતોલ અને તલગાજરડા ગામના ૩૫ જેટલા તલગાજરડા મોડેલ સ્કુલના વિદ્યાર્થીઓ ઘરે જતી વખતે ફસાયા હતા. જે બાબતે તાત્કાલીક જગ્યા પર પહોંચી જઇ ભાવનગર જિલ્લા પોલીસે કોસ્ટગાર્ડ અને સિવિલીયન સ્ટાફની મદદથી તમામ વિધ્યાર્થીઓનું તથા ફસાયેલા ગામ લોકોનું સફળતાપુર્વક રેસક્યુ કરેલ છે. (તસ્વીર : વિપુલ હિરાણી)




# ગુરૂવારે સ્વ.લાખાભાઇ ખાદાની ૨૫મી પુણ્યતિથિ નિમિતે મહારકતદાન કેમ્પનું આયોજન

## મહેર ગ્રુપ તથા ખાદા પરિવારના સભ્યો આયોજિત કેમ્પમાં એકત્રિત બ્લડ સિવિલ હોસ્પિટલના થેલેસેમીયાગ્રસ્ત દર્દીઓને અપાશે

રાજકોટ, તા.૧૭

વવાણીયા ગામના આહીર રત્ન સ્વ.દેવાણંદબાપા ખાદા પોતાના વડીલોને અનોખી રીતે શ્રધ્ધાંજલી આપવા માટે સમાજ ઉપયોગી કાર્ય કરવાનું પ્રેરાણાદાયી કાર્યનું બીડુ ઝડપ્યું છે. સ્વ.લાખાભાઇ ખાદાની ૨૫મી પુણ્યતિથિ નિમિતે મહારકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાતીઓના લોહીમાં દાન છે. એટલે જ લોહીનું દાન સૌથી વધારે આપને ગુજરાતીઓ કરીએ છીએ.

વવાણીયા ગામના આહીર શ્રેષ્ઠ સ્વ.લાખાભાઇ ખાદાના પુણ્ય સ્મણાર્થ આગામી તા.૧૯ જુનને ગુરૂવારના રોજ સવારે ૭ કલાક થી ૧૨ કલાક સુધી મહારકતદાન કેમ્પનું શિવમ પાર્ક કોમન પ્લોટ, વિરાબાપાના મંદીરની બાજુમાં મવડી સ્વામીનારાયણ ગુરૂકુળ,આદર્શ એવન્યુ પાછળ રાજકોટ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં એકત્ર થયેલ બ્લડ સિવિલ હોસ્પિટલના થેલેસેમીયા ગ્રસ્ત દર્દીઓ માટે આપવામાં આવશે.

આ રકતદાન કેમ્પના આયોજનમાં મહેર ગ્રુપ તથા ખાદા પરિવારના સભ્યો વાલાભાઇ ખાદા, રાણાભાઈ ખાદા, મેરામભાઇ ખાદા, દિનેશભાઈ ખાદા, રમેશભાઈ ખાદા, આયદાનભાઈ ખાદા, મહેશભાઇ ખાદા, કૈલાશભાઇ ખાદા, કીરીટભાઈ ખાદા, વિરેન્દ્રભાઈ ખાદા, સાગરભાઈ ખાદા, સહદેવભાઈ ખાદા, કુલદીપભાઈ ખાદા, રાજભાઈ ખાદા, પાર્થભાઈ ખાદા, વિશાલભાઇ ખાદા અને જયવીરભાઈ ખાદા તથા ખાદા પરિવાર દ્વારા મહારકતદાન કેમ્પમાં ઉપસ્થિત રહેશે.

# સૌરાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં શ્રીકાર વર્ષા: અડધાથી નવ ઈંચ વરસાદ

## અમરેલી, જુનાગઢ, મોરબી, જામનગર, ભાવનગર જિલ્લામાં અનરાધાર વરસાદથી નદી, નાળા, ચેકડેમો, ડેમ છલયાયા: પ્રથમ વરસાદે જ વાવણી થતા ખેડૂતોમાં હરખ: હજુ પણ મેઘાવી માહોલ યથાવત

રાજકોટ તા.૧૭

હવામાન વિભાગના પૂર્વાનુમાન મુજબ સૌરાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં ગઈકાલથી આજે સવાર સુધીમાં દ્વારકા, ભાવનગર, જામનગર જિલ્લામાં અડધાથી નવ ઈંચ વરસાદ વરસતા નદી, નાળા, તળાવો, ચેકડેમો, ડેમ છલકાયા છે. નદીઓમાં ઘોડાપુર આવતા વાહન, પશુઓ તણાયા હોવાના બનાવો પ્રકાશમાં આવ્યા છે. વાવણી જોગ વરસાદ વરસતા ધરતીપૂત્રોમાં આ વર્ષ સારૂ નિવડે તેવી આશા જાગી છે. સાથોસાથ આગોતરા વાવેતરને ફાયદો થયો છે.



### રાજકોટ

રાજકોટ જિલ્લામાં હળવો ભારે વરસાદ નોંધાયો છે રાજકોટ શહેરમાં બે ઈંચ અને તાલુકાઓના ગ્રામ્ય વિસ્તારોમાં બેથી ચાર ઈંચ વરસાદ નોંધાયો છે. જસદણ શહેર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ૪ ઈંચ વરસાદ વરસતા જસદણમાં પસાર થતી ભાદર નદી બે કાંઠે વહી હતી.

### મોરબી

મોરબી જિલ્લાના પાંચ તાલુકામાં એકથી સવા ચાર ઈંચ વરસાદ નોંધાયો છે. મોરબીમાં સવા ચાર, ટંકારા-હળવદમાં સવા ત્રણ, વાંકાનેર-માળીયા મીયાણામાં સવા ઈંચ વરસાદ વરસ્યો હતો. અનેક સ્થળોએ વીજ પુરવઠો ખોરવાયો હતો. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા.

### ભાવનગર

ભાવનગર જિલ્લામાં શ્રીકાર વરસાદના કારણે જિલ્લાભરમાં ધોધમાર વરસાદથી નદી નાળા ચેક ડેમો છલકાયા છે. સૌરાષ્ટ્રના સૌથી મોટા શેત્રુંજી ડેમમાં ૧૦ ફુટ પાણીની આવક થઈ રહી છે. ડેમની સપાટી વધીને ૩૧ ફૂટે પહોંચી છે. પાલીતાણામાં આવેલ ખારો ડેમ પણ ભારે વરસાદને કારણે ઓવરફ્લો થયો છે. નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા.

### જામનગર

જામનગર જિલ્લામાં અડધાથી બે ઈંચ વરસાદ નોંધાયો છે. જામનગર શહેરમાં એક ઈંચ, જોડીયા બે ઈંચ, ધ્રોલ દોઢ ઈંચ, કાલાવડ સવા ઈંચ, લાલપુર એક ઈંચ, જામજોધપુર સવા ઈંચ વરસાદ નોંધાયો હતો. અનેક ગ્રામ્ય વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો.

### ગીર સોમનાથ

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકામાં છેલ્લા ૨૪ કલાકમાં બે ઈંચ વરસાદ વરસ્યો હતો. ધીમી ધારે વરસાદ વરસતા પાણી જમીનમાં ઉતરતા વાવણી લાયક વરસાદથી ખેડૂતોમાં ખુશી છવાઈ છે.

### અમરેલી

અમરેલી જિલ્લામાં અડધાથી નવ ઈંચ શ્રીકાર વરસાદથી જિલ્લો તરબોળ થયો છે. સાવરકુંડલાના ઉપરવાસમાં ભારે વરસાદથી નાવલી નદીમાં પુર આવ્યું હતું. ખાંભા તાલુકામાં પ્રથમ વરસાદે જ નદીમાં પુર આવ્યા છે. રાજુલા તાલુકામાં ધાતરવાડી-૨ ડેમ ઓવરફ્લો થયો છે. જયારે ધાતરવાડી-૧ ડેમ ભરાતા નિચાણવાળા વિસ્તારોને એલર્ટ કરાયા છે.

### દ્વારકા

દ્વારા જિલ્લામાં અડધાથી બે ઈંચ વરસાદ નોંધાયો છે. ભાણવડ, સલાયા, ખંભાળીયામાં નોંધપાત્ર વરસાદ વરસતા ખેડૂતોમાં ખુશી છવાઈ જવા પામી છે. છેલ્લા ૨૪ કલાકમાં કલ્યાણપુર અઢી ઈંચ, દ્વારકા બે ઈંચ, ભાણવડ બે ઈંચ, ખંભાળીયા એક ઈંચ વરસાદ વરસ્યો હતો.

### સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર જિલ્લામાં અનરાધાર વરસાદ વરસ્યો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન દસાડા બે ઈંચ, લખતર દોઢ, વઢવાણ પોણા બે ઈંચ, મુળી સાડા ત્રણ ઈંચ, ચોટીલા છ ઈંચ, લીંબડી દોઢ ઈંચ, અને થાનમાં ચાર ઈંચ વરસાદ નોંધાયો છે.

# લોધીકાની એશિયન એન્જીનીયરીંગ કંપની સાથે વિશ્વાસઘાત: એકાઉન્ટન્ટે ખાનગી ડેટા હરીફ પેઢીને આપી દીધો

## કંપનીએ સાત વર્ષની મહેનતે ઓટોમેટિક મશીન બનાવ્યું'તું : સતીષ રાદડીયા નામના શખ્સે કોમ્પ્યુટરમાંથી ડેટા ચોરી અન્ય પેઢીને આપી પોતે ભાગીદાર પણ બની ગયો: પોલીસે ગુનો નોંધી આરોપીને સકંજામાં લીધો

રાજકોટ. તા.૧૭

લોધીકાના તરવડા ગામની સીમમાં આવેલ સુરભી ગોલ્ડ ઇન્ડસ્ટ્રીઝ ઝોનમાં આવેલી એશીયન એન્જીનીયરીંગ કંપનીએ સાત વર્ષની મહા મહેનતે બનાવેલ ઓટોમેટિક મશીનના ખાનગી ડેટા એકાઉન્ટન્ટે અન્ય કંપનીને આપી દેતા લોધીકા પોલીસમાં કારખાનેદારે ફરિયાદ નોંધાવી છે. બનાવ અંગે મૂળ લોધીકાના મોટી મેંગણી ગામના વતની અને હાલ રાજકોટ શહેરના પુનિતનગર મેઈન રોડ પર રામેશ્વર પાર્ક શેરી નંબર-૧ માં રહેતા કારખાનેદાર ભગવાનજીભાઈ વાલજીભાઈ પાનસુરીયાએ લોધીકા પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે સતીશ મગન રાદડિયાનું નામ આપતાં પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ લોધીકાના તરવડા ગામની સીમમાં સુરભી ગોલ્ડ ઈન્ડ્રસ્ટીઝ ઝોન પ્લોટ નં.-૨૯ માં એશીયન એન્જીનીયરીંગ નામે ફેક્ટરી ચલાવે છે. કંપનીમાં ભાગીદાર તરીકે તેમના ભાઈ અલ્પેશભાઇ પાનસુરીયા છે. કંપની ૨૦૦૩ થી ચાલુ કરેલ છે. તેમજ ૨૦૨૦ થી સુરભી ગોલ્ડ ઈન્ટ્રસ્ટીઝ ઝોનમાં કંપની ચાલુ કરેલ છે. કંપનીમાં જુદી જુદી મશીનરી બનાવે છે.

વધુમાં કારખાનેદારએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૦ થી સુરભી ગોલ્ડ ઇન્ડ્રસ્ટીઝ ઝોનમાં કંપની ચાલુ કરતા ઓફીસમાં કોમ્પ્યુટર ઉપર કામ કરી શકે તેવા માણસોની જરૂરત હતી. જેથી સતીષ મગન રાદડીયા તથા ધર્મેશ રાદડીયાને નોકરી ઉપર રાખેલ હતા. સતીષ રાદડીયા કંપનીમાં એકાઉન્ટીંગ તથા માર્કેટીંગનુ કામ કરતો તથા તેનો ભાઈ ધર્મેશ કસ્ટમરની સાથે ટેલીફોનીક લાયઝનીંગ કરી ફોલોઅપ લેવાનુ કામ કરતો હતો.

સતીષ રાદડીયાને માસીક રૂ.૩૫ હજાર પગાર આપતા હતા. સતીષે તા.૦૧/૦૧/૨૦૨૪ થી ૩૧/૧૦/૨૦૨૪ સુધી કંપનીમાં કામ કરેલ હતું. તેમજ ધર્મેશએ તા.૦૧/૦૫/૨૦૨૪ થી તા.૦૧/૦૮/૨૦૨૪ સુધી કામ કરેલ હતુ. કંપનીમાં પ્રથમ હાઇડ્રોલીક મશીન ઉપર મેન્યુઅલી કામ કરતા અને ત્યારબાદ છેલ્લા ૧૦ વર્ષથી ઓટોમેટીક પેપર પ્લેટ મશીન બનાવવા માટે શોધખોળ કરતા હતા. તે માટે લોખંડ, એસ.એસ.સ્ટીલ, એલ્યુમીનીયમ, ન્યુ મેટીક વાલ, ન્યુ મેટીક સીલીન્ડર, મોટર ગીયર બોક્સ, કન્વેટ બેલ્ટ, ડાઈ, કાસ્ટીક ડાઈ, પ્લાસ્ટીક રબર વિગેરે મટીરીયલમાંથી ફુલ્લી ઓટોમેટીક મશીન બનાવેલ હતું. પહેલા ૩૦૦ પેકેટનું ઉત્પાદન થઈ શકે તેવા મશીન મેન્યુફેકચરીંગ કરતા હતા અને તેને બદલે ફૂલ્લી ઓટોમેટીક પેપર પ્લેટ મશીન કરવાથી આશરે ૧૨૦૦ પેકેટ ઉત્પાદન થઇ શકે તેવા મશીનનુ મેન્યુફેકચરીંગ કરવા માટે મશીનનો ડેટા કંપનીના કોમ્પ્યુટરમાં રાખેલ હતો.

સતીષ રાદડીયા કંપનીમાં કોમ્પ્યુટર ઉપર બેસતો હોય અને કોમ્પ્યુટરમાં કંપનીના ફુલ્લી ઓટોમેટીક મશીન બનાવવાના ખાનગી ડેટા હોય જે સતીષ રાદડીયાએ ફરીયાદીની જાણ બહાર કંપનીના કોમ્પ્યુટરમાંથી ડેટા લઇ લીધેલ અને વેસ્પા એન્જીનીયરીંગ સોલ્યુસન નામની વિપુલભાઈ પટેલ સાથે ભાગીદારી કરી પેઢી ચાલુ કરેલ હતી.

જે બાબતની જાણ થતા સતીષ રાદડીયાને કંપનીમાંથી છુટા કરે દીધેલ હતો. બાદમાં જાણ થયેલ કે, સતીષએ કોમ્પ્યુટરમાંથી ગ્રાહકોના સંપર્ક, ડેટા, ફુલ્લી ઓટોમેટીક પેપર પ્લેટ મશીન બનાવવાના ડેટા લઇ લીધેલ છે અને જેતપુરમાં આવેલ હરીફ કંપની વેસ્પા એન્જીનીયરીંગ સોલ્યુસનમાં ભાગીદારીમાં રહી તેમાં કંપનીના ડેટા શેર કરેલ હતા. જે મશીન છેલ્લા સાત વર્ષથી તેઓ મહેનતથી બનાવી રહયા હતા તે મશીન સતીષએ વેસ્પા એન્જીનીયરીંગ સોલ્યુસન નામની કંપનીમાં ડેટા લઇ બનાવી રહ્યા હોય તેવી જાણ થયેલ હતી.

બનાવ અંગે કારખાનેદારે ફરિયાદ આપતાં લોધીકા પોલીસે ગુન્હાહિત વિશ્વાસઘાત સહીતની કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગોંડલ હાઈવે પર સૌરાષ્ટ્ર હોટેલ નજીક ગાંજાની ડિલિવરી આપવા આવેલી મહિલા કેરિયર ઝડપાઈ

## શાપર પોલીસનો દરોડો: ૮.૬૩૮ કિલોગ્રામ માદક પદાર્થ સાથે રસુલપરાની કરીન ઉર્ફે ફરીદાની ધરપકડ કરી રિસીવરની શોધખોળ આદરી



રાજકોટ. તા.૧૭

રાજકોટ નજીક ગોંડલ રોડ હાઇવે પર આવેલી સૌરાષ્ટ્ર હોટેલ નજીકથી રીક્ષામાંથી શાપર પોલીસની ટીમે રૂ. ૮૬,૩૮૦ ની કિંમતનો ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો છે. ૮.૬૩૮ કિલોગ્રામ ગાંજાની ડિલિવરી આપવા આવેલી મહિલા કેરિયરની ધરપકડ કરવામાં આવી છે જયારે ડિલિવરી લેવા આવનાર શખ્સની શોધખોળ હાથ ધરી છે.

દરોડાની વિગત મુજબ, શાપર વેરાવળ પોલીસ પીએસઆઈ વી જી જેઠવા ટીમ સાથે પેટ્રોલીંગમાં હતાં ત્યારે સાથેના એએસઆઈ મયુરસિંહ જાડેજા, દિવ્યરાજસિંહ સરવૈયા, હેડ કોન્સ્ટેબલ તુષારસિંહ જાડેજા, કોન્સ્ટેબલ લગધીરસિંહ જાડેજા, અલ્પેશ ડામસિયાને રાજકોટની ભાગોળે ગોંડલ રોડ પર આવેલ કાંગસિયાળી ગામની સીમમાં માલધારી ચોકથી સૌરાષ્ટ્ર હોટલ તરફ જતા રોડ પર એક ઓટો રીક્ષા નં. જીજે-૦૩-બીયુ-૬૦૪૦ માં બેસી એક મહિલા પોતાના કબ્જામાં ગેરકાયદેસર રીતે ગાંજાનો જથ્થો રાખી ડિલિવરી કરવા જવાની છે, જે ચોક્કસ બાતમીના આધારે સ્ટાફે દોડી જઈ ગોંડલ રોડ પર આવેલી સૌરાષ્ટ્ર હોટેલ નજીક વોચ ગોઠવી હતી.

દરમિયાન સાંજના સમયે માલધારી ચોક નેશનલ હાઈવે તરફ આવતી એક રીક્ષાને અટકાવી તેમાં બેસેલ મહિલાનું નામ પૂછતા પોતાનું નામ કરીનબેન ઉર્ફે ફરીદા કરીમ શાહમદાર (ઉ.વ.૩૦ રહે. કોઠારીયા સોલવન્ટ, રસુલપરા શેરી નંબર-૧૭,રાજકોટ) તેમજ રીક્ષા ચાલકે પોતાનું નામ મુસ્તાક હબીબ નકાણી (ઉ.વ. ૪૦ રહે. રસુલપરા મસ્જિદ નજીક, રાજકોટ) જણાવ્યું હતું. બાદમાં રીક્ષાની ઝડતી કરતા કરીન ઉર્ફે ફરીદા પાસેથી મળી આવેલ એક કાળા કલરનો થેલામા ચેક કરતા બે પેકેટ મળી આવ્યા હતા, જે પેકેટમાં તપાસ કરતા વનસ્પતિજન્ય માદક પદાર્થ મળી આવતા મહિલાને તે પદાર્થ અંગે પૂછતા તેણે માદક પદાર્થ ગાંજો હોવાનું જણાવ્યું હતું.

બાદમાં પોલીસે એફએસએલ ટીમને જાણ કરી મહિલા ડ્રગ્સ કેરિયર પાસેથી કુલ ૮.૬૩૮ કિલોગ્રામ ગાંજો રૂ. ૮૬, ૩૮૦ મુદામાલ કબ્જે કરી કરી કરીન ઉર્ફે ફરીદા કરીમભાઈ શાહમદારની ધરપકડ કરી હતી.

હવે શાપર પોલીસે આ ગાંજાનો જથ્થો મહિલા ક્યાંથી લાવી હતી, કોને આપવાનો હતો, કોણ ડિલિવરી લેવા આવવાનું હતું, કેટલો સમયથી મહિલા ડ્રગ્સ કેરિયર નશાના કાળા કારોબારમાં સંડોવાયેલી છે સહીતની દિશામાં તપાસ શરૂ કરી છે.

# રાજકોટથી વતન ઓરીસ્સા જવા નીકળેલો યુવક ભેદી રીતે ગુમ: પોલીસે તપાસ આદરી

રાજકોટ તા.૧૭



નિર્મલા કોન્વેન્ટ સ્કુલ રોડ પર આવેલા બાલમુકુંદ પ્લોટ શેરી નં.૪ સેફાલી ટાવર પાછળ રહેતાં અને ઘરકામ કરતા મોતીલાલ અભિભાઈ સેનાપતિનો ૧૮ વર્ષીય પુત્ર સુમિતગઈ તા.૧૧ ના સવારે ૧૧ વાગ્યે પોતાના પિતા પાસેથી રૂ.૨ હજાર લઈ વતનમાં જવાનું કહી નિકળ્યા બાદ ભેદી રીતે ગુમ છે. તેનુ વતન ઓરીસ્સા કાલાહોંડી જીલ્લાના બિનિકેલા (પો.સ્ટેશન કેસીંગા) ગામ છે. જો યુવાન ૧૧મીએ તે હાવડા ટ્રેન મારફતે ગયો હોય તો બે દિવસમાં તેના વતન પહોંચી શકે છે પરંતુ આજ દિવસ સુધી વતનમાં નહિ પહોંચતા તેના માતા-પિતા અત્યંત વ્યથિત બની ગયા છે.

યુવક પાસે મોબાઈલ ફોન પણ ન હતો. જે અંગે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનને જાણ કરવામાં આવી છે. ફોટોમાં નજરે પડતા સુમિત મોતીલાલ સેનાપતિ અંગે કોઈને જાણ થાય તો (મો.૯૬૬૨૨૧૫૯૬૨) ઉપર જાણ કરવા જણાવાયું છે.

# કાલે રાષ્ટ્રીય અસ્મિતા સંઘ દ્વારા વિરાણી સ્કુલમાં પાંચમાં મહારકતદાન કેમ્પનું આયોજન

## મહારક્તદાન કેમ્પના રકતદાતા અને મુલાકાતીઓ માટે નિ:શુલ્ક મેડીકલ ચેકઅપ કેમ્પ યોજાશે

રાજકોટ, તા.૧૭

રાષ્ટ્રીય અસ્મિતા સંઘ આયોજીત તેમજ શા.વે.વિરાણી ટ્રસ્ટ હાઈસ્કુલ તેમજ શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગ દ્વારા આ વર્ષે પણ સિવિલ હોસ્પિટલના થેલેસેમીયા ગ્રસ્ત બાળકો અને દર્દીના લાભાર્થે તેમજ પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને શ્રધ્ધાંજલિ આપવા માટે સંગઠન દ્વારા પાંચમા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.




આ રક્તદાન કેમ્પ આવતીકાલ તા.૧૮ ને બુધવારે શા.વે.વિરાણી હાઈસ્કુલ (ટાગોર રોડ)માં સવારના ૮ થી સાંજે ૪ વાગ્યા સુધી રક્તદાન કેમ્પ યોજાશે. રાષ્ટ્રીય અસ્મિતા સંઘના બધા કાર્યકર્તા અને સહયોગી મિત્ર મંડળ સાથે મળી રક્તદાન કેમ્પમાં વધુમાં વધુ રક્ત બોટલ થાય તે માટે જહેમત ઉઠાવી રહ્યા છે. આ કેમ્પમાં રાજકોટ સિવિલ હોસ્પિટલ માટે વધુમાં વધુ રક્તબોટલ એકત્ર થાય તે માટે પ્રયત્ન કરવામાં આવશે. રક્તદાતાઓ માટે ઉપહારની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ સાથે તમામ મુલાકાતી અને રકતદાતા માટે નિ:શુલ્ક મેડીકલ ચેકઅપ કેમ્પ પણ રાજ હોસ્પિટલ દ્વારા યોજાશે.'સાંજ સમાચાર'ની મુલાકાતે ઉદયભાઈ સબાડ, પંકજભાઈ બકુત્રા, વિનયભાઈ જસાણી, વિજયભાઈ ચાવડા, બહાદુરભાઈ લાવડીયા, રાજભાઈ સબાડ અને વનરાજભાઈ ખાટરીયા આવ્યા હતા.


# અવસાન નોંધ

ભાવનગર: દાઉદી વ્હોરા અબ્બાસભાઈ શેખ (ઉ.વ.૫૬ લક્કીવાળા) તે ઇબ્રાહિમભાઈ મુસાજીભાઈ શેખના સુપુત્ર અલી અસગરભાઈ, મ.સજ્જાદભાઈ, અઝીઝભાઈ, શબ્બીરભાઈ, બાનુબેન, વજીરાબેન, સાબેરાબેનના ભાઈ માસુમાબેનના પતિ તાહેરભાઈ, તાહાભાઈના પિતા અલીહુશેનભાઈ મુલ્લા રાજભાઈ માંકડાના જમાઈ તા.૧૬ જુન ૨૦૨૫ને સોમવારના રોજ ભાવનગર મુકામે વફાત પામેલ છે મર્હુમની જીયારત (કુરાનખ્વાની) તા.૧૮ને બુધવારના રોજ સવારે ૧૧ કલાકે મહંમદી બાગ ભાવનગર ખાતે રાખવામાં આવેલ છે

**રાજકોટ:** હેમંતભાઈ હરિભાઈ વાઘેલા (ઉ.૭૦) તે હીમાંશુભાઈ, નિમેશભાઈના પિતાશ્રી તા.૧૫ના રોજ અવસાન થયેલ છે. ઉઠમણું તા.૧૯ને ગુરૂવારે સાંજે ૪થી ૬ બેકબોન રેસિડેન્સી, સી-વિંગ રાજકોટ મુકામે રાખેલ છે.

**રાજકોટ:** ગુજરાતી શ્રીગૌડ માળવીય બ્રાહ્મણ મૂળ ત્રાકુડા નિવાસી હાલ રાજકોટ રહેતા કિશનભાઈ ચુનીલાલ જોષી (ઉ.વ.૭૮) તે સ્વ.ચુનીલાલ પ્રભુલાલ જોષીના જયેષ્ઠ પુત્ર તે જયેશભાઈ જોષી અને અતુલભાઈ જોષીના પિતા તથા હિતેન્દ્રભાઈ, હરેન્દ્રભાઈ અને રાજેન્દ્રભાઈના મોટાભાઈ તે વાસાવળ નિવાસી સ્વ.ફુલશંકર વનમાળી જોષીના જમાઈનું તા.૧૬ને સોમવારે અવસાન થયું છે.સદ્ગતનું બંને પક્ષનું બેસણું તા.૧૯ને ગુરૂવારે રામેશ્વર હોલ, રામેશ્વર પાર્ક, ચંદન પાર્ક સામે, ઓમકારેશ્વર મંદિર નજીક, રૈયારોડ રાજકોટ ખાતે સાંજે ૪.૩૦ કલાક થી ૬ કલાક સુધી રાખવામાં આવ્યું છે.

**રાજકોટ/ નવાં વાઘણીયા:** મૂળ નવાં વાઘણીયા હાલ રાજકોટ નિવાસી સૌરાષ્ટ્ર બાજ ખેડાવળ બ્રાહ્મણ સ્વ.હિમતલાલ શિવલાલ પાઠક (નિવૃત એસ.ટી.કર્મચારી) (ઉ.વ.૭૨) તેઓ સ્વ.ઈશ્વરલાલ તથા અરવિંદભાઈના નાનાભાઈ તેમજ શશિકાંતભાઈ, ભરતભાઈ, હસમુખભાઈના મોટાભાઈ તેમજ વિજયભાઈ, શૈલેષભાઈ, અનિતાબેનના પિતાશ્રી તેમજ સંજયભાઈ, અલ્પેશભાઈ, હિતેશભાઈના કાકાનું તા.૧૫/૦૬/૨૦૨૫ રવિવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે.તેમનું બેસણું તા.૧૯/૦૬/૨૦૨૫ને ગુરૂવારના રોજ તેમના નિવાસસ્થાન શહીદ સુખદેવ ટાઉનશિપ, બ્લોક નં.ડી.૨-૩૦૫, દ્વારકાધીશ હાઈટ્સ સામે, શિતલ પાર્ક ખાતે સમય ૪:૦૦ થી ૬:૦૦ કલાકે રાખેલ છે.તેમજ (ગામડે) નવાં વાઘણીયા મુકામે બેસણું તા.૨૦/૦૬/૨૦૨૫ને શુક્રવારે રાખેલ છે.



# ભગવતીપરામાં પારકા ઝઘડામાં વચ્ચે પડેલ યુવાનને છરીના ઘા ઝીંકાયા

## યુવાનને લોહીલુહાણ હાલતમાં સારવારમાં ખસેડાયો: અજાણ્યાં શખ્સોને પકડવા પોલીસે તપાસ આદરી

રાજકોટ તા. ૧૭



ભગવતીપરામાં પારકા ઝઘડામાં વચ્ચે પડેલ યુવાનને અજાણ્યાં શખ્સોએ છરીના ઘા ઝીંકી દેતાં લોહીલુહાણ હાલતમાં સારવારમાં ખસેડાયો હતો. બનાવ અંગે બી.ડિવિઝન પોલીસે તપાસ આદરી છે.

ભગવતીપરા હુશેનીયા મસ્જીદ પાસે રહેતો સમીર અયુબભાઇ સોરા (ઉ.વ.૨૯) રાતે બે વાગ્યેટ આશાબા પીરની દરગાહ પાસેથી ચાલીને જતો હતો ત્યોરે અજાણ્યાા શખ્સોં તેના હાથમાં છરી કે તિક્ષ્ણ હથીયારનો ઘા મારી દેતાં લોહીલુહાણ થઈ ગયો હતો. તેને તુરંત જ લોહીલુહાણ હાલતમાં સિવિલ હોસ્પિટલમાં સારવારમાં ખસેડાયો હતો. બનાવ અંગે હોસ્પિોટલ ચોકીના સ્ટાફે બી-ડિવીઝન પોલીસને જાણ કરી હતી. ઈજાગ્રસ્ત સમીરના કહેવા મુજબ તે ટ્રક ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવે છે. રાતે કામેથી ઘરે જતો હતો ત્યાગ રસ્તાતમાં બે અજાણ્યાવ શખ્સોવ ઝઘડો કરતાં હોઇ પોતે છોડાવવા વચ્ચેન પડતાં અજાણ્યીએ તેના પર ઘા કરી દીધો હતો. પોલીસે વધું તપાસ યથાવત રાખી છે.

## ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કિટેકચર દ્વારા

# ગુરૂવારે ધો.૧૦ તથા ૧૨ બાદ સ્થાપત્યકલા શિક્ષણ થકી કારકિર્દી નિર્માણની તકો ઉજાગર કરતા વાર્તાલાપનું આયોજન

રાજકોટ, તા.૧૭

ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કિટેકચર દ્વારા આગામી તા.૧૯ જૂનને ગુરૂવારના રોજ સવારે ૧૧ કલાકે ઈન્દુભાઈ પારેખ સ્કુલ ઓફ આર્કિટેક્ચર, કાલાવડ રોડ, મોટેલ ધી વિલેજ સામે, વાજડી-વીરડા, રાજકોટ ખાતે ધો. ૧૦ તથા ૧૨ બાદ સ્થાપત્યકલા શિક્ષણ થકી કારકિર્દી નિર્માણની તકો ઉજાગર કરતા વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું છે.વ્યવસાયી વિદ્યા પ્રતિસ્થાન ટ્રસ્ટ દ્વારા, ભાવી કારકિર્દીની પસંદગીના નિર્ણાયક સમયે સૌરાષ્ટ્ર-કચ્છમાં સર્વપ્રથમ સ્નાતક કક્ષાનો સ્થાપત્ય કલા શિક્ષણનો અભ્યાસક્રમ શરૂ કરવાનું બહુમાન ધરાવતી તેમજ હાલ પોતાની શૈક્ષણિક નિપૂર્ણતાના સિલ્વર 'જ્યુબિલી વર્ષ'માં પ્રવેશી ચૂકેલ ઇન્દુભાઇ પારેખ સ્કૂલ ઓફ આર્કિટેક્ચર-રાજકોટ ખાતે 'ધો.૧૦ તથા ૧૨ પછીની કારકિર્દી વિશેના વાર્તાલાપ' યોજાશે. પ્રસ્તુત વાર્તાલાપ અંતર્ગત સ્થાપત્યકલા અભ્યાસક્રમની તલસ્પર્શી વિગત, કારકિર્દી અંગેના વિકલ્પો, તેમાંની તકો, તથા તે અંગેની સ્પષ્ટ અને ઉપયોગી માહિતીનું પ્રદાન કરવામાં આવશે, તદુપરાંત શૈક્ષણિક નિષ્ણાંતોની સાથે સીધા સંવાદ થકી મૂંઝવતા પ્રશ્નોના નિરાકરણ પણ લાવવામાં આવશે

# મહિલા

(પહેલા પાનાનું ચાલું)

હતું અને ટીવી એન્કર સહરા થોડી વાર માટે દુર થઈ ગયા હતા અને જેઓ ધુમાડો ઓછો થયો કે તુર્તજ ફરી તેણે આવીને ટીવી સમાચાર વાંચવાનું શરુ કરી દીધુ હતું. ઈરાનના સુપ્રીમ લીડર અયાતુલ્લાહ ખામેનેઈ એ પણ આ મહિલા ટીવી એન્કરની પ્રશંસા કરી અને કહ્યું કે આ ઈરાનનો અવાજ છે તો ઈરાનના મહિલા અને પરિવારના ઉપરાષ્ટ્રપતિ જહરા બહરામ જાદેહ આઝર એ પણ મહિલા ટીવી એન્કરની પ્રશંસા કરી હતી અને તેને બહાદુરીના પ્રતીક ગણાવ્યા હતા. તહરા ઈમામી ૨૦૧૦થી મીડીયામાં કામ કરે છે.

# ગુજરાત

(છેલ્લા પાનાનું ચાલું)

તથા વાગરામાં સાડા ત્રણ ઈંચ, ભરૂચમાં અઢી ઈંચ વરસાદ હતો.મધ્ય ગુજરાતમાં પણ સાર્વત્રિક વરસાદ હતો. અમદાવાદ શહેરમાં દોઢ ઈંચ સહિત જીલ્લાના તમામ તાલુકામાં બે ઈંચ સુધીનો વરસાદ હતો. વડોદરાના પાંદરામાં અઢી ઈંચ વરસાદ હતો. ખેડા, આણંદ, છોટા ઉદેપુર, મહિસાગર, પંચમહાલમાં સાર્વત્રિક બે ઈંચ વરસાદ નોંધાયો હતો.રાજયમાં વિધિવત ચોમાસાના પ્રથમ વરસાદે જ સાર્વત્રિક મેઘકૃપા વરસાવતા લોકોના હૈયે ટાઢક વળી છે. હવામાન વિભાગના રિપોર્ટ મુજબ દક્ષિણ ગુજરાત તથા સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના ભાગોમાં ચોમાસાનો પ્રવેશ થઈ ગયો છે

# રાજકોટ

(છેલ્લા પાનાનું ચાલું)

વર્ષનો બાળકને ગંભીર રીતે દાઝી ગયો હતો, જેમને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જેથી વાલીઓએ તેમના બાળકોને ઝઝૂમી રહેલ મોત નીચે તો નથી રમી રહ્યાં ને તેનું ધ્યાન રાખવું જોઈએ.પ્રામ વિગત મુજબ રૈયાધાર મફતિયા પરા મચ્છુનગરમાં રહેતા જીવનભાઈ ડઢાણીયાની ચાર વર્ષની પુત્રી કિંજલબેન તેમની માતા સાથે નજીકમાં જ રહેતા તેમના માસીના ઘરે આટો મારવા ગયેલ હતા. જે દરમિયાન સાંજના સાડા પાંચ વાગ્યાની આસપાસ તેઓ ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે ધોધમાર વરસાદ વરસી રહ્યો હતો. દરમિયાન બાળકી રમતા રમતા ઘરે જઈ રહી હતી ત્યારે રસ્તામાં જીવતા વીજ વાયરને અડી જતા જોરદાર વિહ કરંટ લાગ્યો હતો અને ત્યાં જ તે બેભાન થઈ ઢળી પડી હતી. તેમની માતાએ તુરંત જ ૧૦૮ મારફત તેને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડી હતી જ્યાં ફરજ પરના તબીબોએ તેને તપાસી મૃત જાહેર કરી હતી. બનાવ અંગે સિવિલ ચોકડીના સ્ટાફે યુનિવર્સિટી પોલીસને જાણ કરતા એએસઆઈ હિતેશ જોગડા સહિતનો સ્ટાફ હોસ્પિટલએ દોડી આવ્યો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે ખસેડ્યો હતો.વધુમાં મળેલું વિગત મુજબ બાળકી એક ભાઈની એકની એક બહેન હતી. તેમના પિતા મજૂરી કામ કરે છે બનાવથી પરિવારમાં કલ્પાંત છવાયો હતો.જ્યારે બીજા બનાવમાં લોધિકા નજીક રાવકીમાં આવેલ ડોટેન્સ નામના કારખાનામાં રહેતા રૂહલે અમીન મોહોજાકીર નામનો નવ વર્ષનો બાળક ગઈકાલે સાંજે ૫ વાગે વરસાદની મજા માણી રહ્યો હતો ત્યારે કારખાના નજીક આવેલ ટીસીમાં અચાનક જ ભડકો થયો હતો અને ટીસી ફાટ્યું હતું. નવ વર્ષનો બાળક ટીસીની નીચે જ રમી રહ્યો હતો જેથી ટીસી ફાટતા જ બાળક પણ ગંભીર રીતે દાઝી ગયો હતો. જેમને તુરંત જ દોડી આવે તેમના પરિવારજનોએ સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડયો હતો. બનાવ અંગે લોધિકા પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

# દવા

(પહેલા પાનાનું ચાલું)

માટે કોઈ સ્પષ્ટ કાયદો નથી. જૂનો કાયદો ડ્રગ્સ એન્ડ કોસ્મેટિકસ એકટમાં દવાઓના બારામાં સ્પષ્ટ દિશા-નિર્દેશ નથી, આ સ્થિતિમાં સરકાર આવી કંપનીઓ પર કાર્યવાહી કરવામાં ખુદને મજબૂર સમજી રહી છે. હવે નવો કાયદો આધુનિક ઈ-ફાર્મસીને કવર કરશે. ભારતમાં કુલ રિટેલ ફાર્મસીનું માર્કેટ ૨.૪ લાખ કરોડ રૂપિયાનું છે. જેમાં ૮૫ ટકા ભાગ અનઓર્ગેનાઈઝડ સેકટર પાસે છે.

# ટ્રમ્પ

(પહેલા પાનાનું ચાલું)

શકયુ નથી. બન્ને દેશો દ્વારા સામસામા હુમલા ચાલુ જ રહ્યા છે. આજે વ્હેલી સવારે ઈઝરાયેલે ઈરાનના મહત્વના સ્થાનોને નિશાન બનાવીને હુમલા કર્યા હતા. ગઈરાત્રે ઈરાની મિસાઈલો ત્રાટકયા હોય તેમ તેલઅવિવમાં સાઈરનો ગુંજતા રહ્યા હતા.

મધ્યપુર્વના આ ઘર્ષણમાં હવે નિર્ણાયક વળાંક આવવાનો હોય તેમ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મહત્વનુ વિધાન કર્યુ છે. જી-૭ દેશોની સમીટમાં ભાગ લેવા ગયેલા ડોનાલ્ડ ટ્રમ્પે બેઠક અધવચ્ચેથી છોડીને પરત ફરવાનું જાહેર કર્યુ છે એટલુ જ નહીં ઈરાની નાગરિકોને પાટનગર તહેરાન છોડી દેવાની ધમકી આપી છે. આ ચેતવણીનો અર્થ ઈરાન પર હવે અમેરિકા ત્રાટકશે તેવો કાઢવામાં આવી રહ્યો છે. સંઘર્ષવિરામના પ્રયાસો તેજ કરવાની પણ કોશિશ કરવામાં આવી રહી છે.

અમેરિકી વ્હાઈટ હાઉસના અધિકારીએ જણાવ્યું હતું કે જી-૭ દેશો દ્વારા ઈઝરાયેલ-ઈરાન વચ્ચેનુ યુદ્ધ રોકવા તથા તણાવ ઘટાડવા માટે થનારા પ્રસ્તાવમાં પણ સહી નહીં કરવાનો પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે નિર્ણય લીધો છે. તેના આધારે ટ્રમ્પ તથા સાથી રાષ્ટ્રો વચ્ચે મતભેદ હોવાની સાબીતી મળવા લાગી છે.

અમેરિકી પ્રમુખ ટ્રમ્પે ટ્રુથ સોશ્યલ મીડીયા પર જણાવ્યું હતું કે ઈરાને અણુ કરાર કરી લેવાની જરૂર હતી. માનવ જીંદગીઓનો ભોગ લેવાય રહ્યો છે. ઈરાને અણુશસ્ત્રો રાખવાની જરૂર નથી અને આ વાત હું વારંવાર કરી રહ્યું છે. તમામ લોકો તાત્કાલીન તહેરાન છોડી દયે.

જી-૭ દેશોમાં ટ્રમ્પ ઉપરાંત અમેરિકાના અન્ય નેતાઓ પણ અધવચ્ચે નિકળી ગયા છે. બીજી તરફ ઈરાન-ઈઝરાયેલ વચ્ચે હુમલા ચાલુ છે. તહેરાનમાં આજે સવારે પ્રચંડ વિસ્ફોટો સંભળાયા હતા અને અણુ સુવિધા ધરાવતા નેતોઝમાં એર ડીફેન્સ સિસ્ટમ એકટીવેટ કરવામાં આવી હતી. મધરાત બાદ ઈઝરાયેલમાં પણ આકાશી હુમલાના સાયરન વાગ્યા હતા અને મિસાઈલ હુમલાના ધડાકા સંભળાયા હતા.

# ફલાઈટ

(પહેલા પાનાનું ચાલું)

સમસ્યાની શંકાએ પરત દિલ્હી ફરવું પડયું હતું. આ ઉપરાંત રવિવારે લંડનના હિથ્રો એરપોર્ટથી ચેન્નાઈ (ભારત) જવા રવાના થયેલ બ્રિટીશ એરવેઝની ઉડાન બીએ૩૫ને ઉડાન ભર્યાની કેટલીક મીનીટો બાદ ટેકનીકલ ખામી અનુભવાઈ હતી. તો બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનર બપોરે ૧.૧૬ વાગ્યે (બ્રિટીશ સમય મુજબ) ૩૬ મીનીટ મોડુ ઉડયું હતું. લગભગ ૧૫ હજાર ફુટની ઉંચાઈ પર પાયલોટો ફ્લેપ સિસ્ટમમાં ગરબડના સંકેત મળતા વિમાનને ડોવરની ખડી ઉપર હોલ્ડીંગ પેટર્નમાં અનેક ચકકર લગાવવા પડયા હતા. આ દરમિયાન વિમાન લગભગ ૧૨ હજાર ફુટ પર રહ્યું અને સુરક્ષિત લેન્ડીંગ માટે વધારાનું ઈંધણ હવામાંજ ફેંકી દીધું, જેથી વજન ઓછું થઈ શકે, લગભગ એક કલાક ૪૫ મીનીટ બાદ હીથ્રોના રનવે પર સુરક્ષિત લેન્ડીંગ કરાવી, બધા યાત્રીઓ કુને સુરક્ષિત ઉતારાયા હતા.

# મેઘરાજા

(પહેલા પાનાનું ચાલું)

અમરેલી જીલ્લામાં પણ જોરદાર મેઘસવારી હતી. સાવરકુંડલામાં ૧૦ ઈંચ વરસાદ ખાબકતા સર્વત્ર જળબંબાકાર હતો. તલગાજરડા સહિતના ગામો બેટમાં ફેરવાયા હતા. આ સિવાય રાજુલામાં સાડા સાત ઈંચ, અમરેલી શહેરમાં સાત ઈંચ, બાબરામાં પાંચ ઈંચ, ખાંભામાં ચાર ઈંચ વરસાદ હતો. ભારે વરસાદમાં નદી-નાળામાં પુર ઉમટયા હતા અને નીચાણવાળા ભાગો જળબંબાકાર બન્યા હતા.અનરાધાર વરસાદને પગલે ભાવનગર જીલ્લાના તલગાજરડા તથા રાતોલ ગામે શાળાના ૩૫ વિદ્યાર્થી ફસાયા હતા જેઓને રેસ્કયુ કરવામાં આવ્યા હતા. આ સિવાય રાજુલાના પીપાવાવ પોર્ટ પર ફસાયેલા ૨૪ લોકોને કોસ્ટગાર્ડે બચાવ્યા હતા. સાવરકુંડલાના ફીફાદ ગામે ૬ લોકોનુ રેસ્કયુ કરાયુ હતુ. પુરથી બચવા એક વ્યક્તિ ઝાડ પર ચડી જતા ફાયરબ્રિગેડે બચાવ્યા હતા. રેસ્કયુ ઓપરેશન માટે ફાયરબ્રિગેડની મદદ લેવામાં આવી હતી.

ભાવનગર, બોટાદ, અમરેલી સિવાય સુરેન્દ્રનગરમાં ૬ ઈંચ સુધી, રાજકોટ-મોરબી જીલ્લામાં ૪ ઈંચ સુધી, જુનાગઢ તથા ગીર સોમનાથમાં અઢી ઈંચ સુધી વરસાદ નોંધાયો હતો.

પ્રથમ વરસાદમાં જ જામનગર, પોરબંદર તથા દેવભૂમિ દ્વારકા સિવાયના તમામ વિસ્તારોમાં પાણી વરસતા ખેડુતો ખુશખુશાલ થયા હતા.

### એકસમાં વડાપ્રધાને લખ્યું-ગ્લોબલ સાઉથની પ્રાથમિકતા પર જોર દઈશ

# મોદી જી-૭ સમિટમાં પહોંચ્યાઃ આતંકવાદનો મુદ્દો ઉઠાવીશઃ પીએમ

## એરપોર્ટ પર કેનેડાના વડાપ્રધાન કાર્નીએ વડાપ્રધાન મોદીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું, અગાઉની કેનેડાની સરકાર સાથે ખાલિસ્તાનીઓ મુદ્દે ભારતના સંબંધ બગડેલા, નવી સરકાર બાદ સંબંધો સુધારવા પ્રયાસ થશેઃ મોદી વિવિધ રાષ્ટ્રાધ્યક્ષો સાથે કરશે દ્વિપક્ષીય વાર્તાલાપ

કેલગરી (કેનેડા) તા.૧૭

કેનેડામાં જી-૭ શિખર સંમેલનમાં ભાગ લેવા માટે વડાપ્રધાન મોદી કેનેડા પહોંચી ગયા છે. અહીં તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. જી-૭ સમિટમાં તેમની આ સતત છઠ્ઠી ભાગીદારી છે. જી-૭ને લઈને વડાપ્રધાન મોદીએ એકસ પર પોસ્ટ કરી લખ્યું હતું- જી-૭ શિખર સંમેલનમાં ભાગ લેવા માટે કેનેડાના કેલગરી પહોંચી ગયો છું. શિખર સંમેલનમાં વિવિધ નેતાઓ સાથે વાત કરશે અને મહત્વપૂર્ણ વૈશ્વિક મુદ્દા પર મારા વિચાર શેર કરીશ. ગ્લોબલ સાઉથની પ્રાથમિકતા પર




પણ જોર આપીશ.

ઉલ્લેખનીય છે કે જસ્ટિન ટ્રુડોની સરકાર દરમિયાન ભારત અને કેનેડાના સંબંધો બગડી ગયા હતા. હવે નવી સરકારે ભારત સાથે દોસ્તીની પહેલ કરી છે. ભારતે જસ્ટિન ટ્રુડોની સરકાર પર કેનેડાની ધરતી પરથી ખાલિસ્તાની સમર્થક તત્વોને કામ કરવા દેવાની મંજૂરી આપવાનો આરોપ લગાવ્યો હતો. અર્થશાસ્ત્રી કાર્નીએ ટ્રુડોને શીર્ષ પદથી હટાવ્યા બાદ કેનેડાના વડાપ્રધાન તરીકે નવો કાર્યભાર સંભાળ્યો હતો. છેલ્લા કેટલાક મહિનામાં ભારત અને કેનેડાના સુરક્ષા અધિકારીઓએ ફરી સંપર્ક કર્યો છે અને બન્ને પક્ષો નવા હાઈ કમિશનની નિયુક્તિની સંભાવના પર વિચાર કરી રહ્યા છે.

**જી-૭માં મોદી ઉઠાવશે આતંકવાદનો મુદ્દો**

ઓપરેશન સિંદૂર બાદ વડાપ્રધાન મોદી જી-૭ સમિટમાં પહોંચ્યા છે. અહીં મોદી આતંકવાદનો મુદ્દો ઉઠાવશે. વડાપ્રધાન શિખર સંમેલન દરમિયાન અનેક દ્વિપક્ષીય બેઠકો પણ કરશે. આ શિખર સંમેલન ભારત તરફથી ઓપરેશન સિંદૂરના એક મહિના બાદ થઈ રહ્યું છે. ઉલ્લેખનીય છે કે ૨૨ એપ્રિલે પહેલગામ હુમલાના જવાબમાં ભારતે ઓપરેશન સિંદૂરથી પાકિસ્તાનના આતંકી અડ્ડાઓને નિશાન બનાવ્યા હતા. જેમાં અનેક આતંકીઓ માર્યા ગયા હતા.

**શા માટે છે પીએમ મોદીની કેનેડાની મુલાકાત**

આ પહેલા ખાલિસ્તાની સમર્થક અલગાવવાદી હરદીપસિંહ નિજજરની હત્યા બાદ બન્ને દેશો વચ્ચે ખરાબ થઈ ગયા હતા. ગત વર્ષે ઓકટોબરમાં ભારતે પોતાના હાઈ કમિશન અને પાંચ અન્ય રાજદ્વારીઓને પાછા બોલાવી લીધા હતા. હાલ કેનેડામાં સરકાર બદલાઈ છે ત્યાં મોદીની કેનેડા મુલાકાત મહત્વની બની છે.

**ટ્રમ્પને લઈને જી-૭માં અપડેટ**

હાલની ગ્લોબલ હાલત, ઈરાન-ઈઝરાયેલ વચ્ચે યુધ્ધના કારણે ટ્રમ્પ જી-૭ સમિટમાંથી જલદી નીકળી જશે. પીએમ મોદી સાથે મુલાકાતની ઓછી સંભાવના છે.

## રૂમ એ.સી.ના વેચાણમાં શરૂઆત સારી હતી પણ બાદમાં ઘટાડો થયો !

નવી દિલ્હી,તા.૧૬

ઉત્તર અને પૂર્વીય વિસ્તારોમાં સતત ગરમીનાં પ્રકોપને કારણે જૂન મહિનામાં રૂમ એરકન્ડિશનર (એસી)ના વેચાણમાં ઉછાળો આવ્યો છે. જો કે, દેશનાં ઘણાં ભાગોમાં પીક સીઝન દરમિયાન તૂટક તૂટક વરસાદને કારણે કંપનીઓને આ વર્ષે વેચાણનો અંદાજ ઘટાડીને ૧૦-૧૫ ટકા કરવાની ફરજ પડી છે. આ ઉનાળામાં, રૂમ એસી, એસી ઉત્પાદકો માટે સૌથી વધુ માંગવાળી સીઝન નિરાશ રહી છે. જો કે, જૂનમાં ગરમીનાં કારણે ઝડપી ખરીદીને કારણે આશાના કેટલાક કિરણો પણ જોવા મળી રહ્યાં છે. ઉત્પાદકોએ જણાવ્યું હતું કે ફેબ્રુઆરી અને માર્ચમાં સંખ્યાઓને પ્રોત્સાહિત કર્યા પછી, ઉનાળાનાં વહેલાં આગમનથી તેમને મદદ મળી હતી, તેઓ ગયા વર્ષની તુલનામાં લગભગ ૨૫ ટકાની ઊંચી વેચાણ વૃદ્ધિની અપેક્ષા રાખતા હતાં, અને તેઓએ ઈન્વેન્ટરી પણ બનાવી હતી.

બ્લૂ સ્ટારના એમડી બી થિયાગરાજનએ જણાવ્યું હતું કે, ''અમે બધાએ ૨૫થી ૩૦ ટકા વધારાની યોજના બનાવી હતી, જે થવાનું નથી. આ એક નિરાશાજનક ઉનાળો છે. તે સાચું છે.''આપણે પરિસ્થિતિનું સંચાલન કરવું



પડશે અને આગળ વધવું પડશે. ફેબ્રુઆરી અને માર્ચમાં સારી શરૂઆત હોવા છતાં, આરએસી ઉદ્યોગ આ વર્ષે ૧૦ થી ૧૫ ટકાના દરે વૃદ્ધિ કરશે. ભારતીય હવામાન વિભાગ (આઇએમડી)એ ગયાં અઠવાડિયે કહ્યું હતું કે જૂનનાં મધ્યથી તાપમાનમાં ધીમે ધીમે ઘટાડો થવાની સંભાવના છે કારણ કે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સથી ઠંડા પવન, વરસાદ અને વાવાઝોડાની સંભાવના છે. વોલ્ટાસના એમડી સીઇઓ પ્રદીપ બક્ષીએ જણાવ્યું હતું કે ૨૦૨૪ ના વેચાણની તુલનામાં છેલ્લાં બે મહિનામાં ઉદ્યોગ માટે ભાગ્યે જ કોઈ વૃદ્ધિ થઈ છે. ''હકીકતમાં, ઉદ્યોગની વૃદ્ધિમાં ઘટાડો થયો છે. તેથી, મને નથી લાગતું કે લોકો હવે પ્રથમ ત્રિમાસિક ગાળા (જૂન ત્રિમાસિક) માં મોટા વૃદ્ધિના આંકડાની અપેક્ષા રાખી શકાય ''તેમણે જણાવ્યું હતું.

### વિશ્વનો 'લકી મેન'

## ભાગ્યશાળી ફેનભાઈ બસ-રેલ્વે-કાર અને વિમાન અકસ્માતમાં આબાદ બચ્યાઃ રૂા.૮.૩૬ કરોડની લોટરી પણ લાગીઃ ૮૭ વર્ષે કુદરતી રીતે જ મૃત્યુ થયું !

ક્રોએશિયા,તા.૧૭

પ્લેન-ક્રેશને કારણે અકસ્માતમાં થતાં અચાનક મૃત્યુના ચોમેરથી સમાચાર આવી રહ્યા છે. ત્યારે ક્રોએશિયાના એક ભાઈની વાત પણ સોશ્યલ મીડિયા પર વાઈરલ થઈ છે. ફ્રેન સેલક નામના આ ભાઈના જીવનમાં એક બે નાના અકસ્માત કે ત્રણ નહી, પાંચ ભીષણ અકસ્માત અને બે નાના અકસ્માત થયા હતાં. પણ એમાંનું કશું તેમનો વાળ પણ વાંકો નહોતું કરી શકયું સૌથી પહેલો અકસ્માત ૧૯૫૭માં થયેલો જેમાં તેઓ જે બસમાં સફર કરી રહ્યા હતા.એ નદીમાં ખાબકી હતી બસમાં માત્ર ચારથી પાંચ જણ બચેલા જેમાં ફ્રેનભાઈ પણ હતા.એ પછી તેઓ જે ટ્રેનમાં ટ્રાવેલ કરી રહ્યા હતા.એ પછી તેઓ જે ટ્રેનમાં ટ્રાવેલ કરી રહ્યા હતા.એ પછી તેઓ જે ટ્રેનમાં ટ્રાવેલ કરી રહ્યા હતા એ બરફીલી નદીમાં જઈ પડી એ ટ્રેનમાં બધા પ્રવાસીઓ મરી ગયા, પણ ફ્રેનભાઈ બચી ગયાએ પછી એક વિમાનયાત્રા દરમ્યાન ટેકિનકલ ખામી સર્જાઈ.તેઓ જયાં બેઠા હતા.એ ઈમર્જન્સી એકિઝટ હતો. અને એ



દરવાજો ખુલ્લી જતાં તેઓ પ્લેનમાંથી નીચે પડયા. થોડી વાર બાદ પ્લેન ક્રેશ થયું અને કોઈને બચાવી શકાયા નહોતા, જો કે થોડીક્ષણો પહેલાં નીચે પડેલા ફ્રેન જયાં પડયા હતાં. ત્યાં નીચે ઘાસનો ઢગલો હતો એટલે તેઓ બચી ગયા.

એટલું જ નહી, ફ્રેનનો કાર-અકસ્માત પણ થયો હતો.એકવાર એન્જિનમાં ધડાકો થયો અને કાર સળગી ગઈ. જો કે એ પહેલાં તેઓ કારમાંથી કૂદી પડયા અને બચી ગયા એક વાર તો તેઓ પહાડી રસ્તા પર કાર લઈને જઈ રહ્યા હતાં.અને કાર અનિયંત્રિત થઈ જતાં કાર ખાઈમાં જઈ પડી જોકે એ પહેલાં ફ્રેનભાઈએ કારમાંથી કુદકો મારી દીધો હતો અને ઢોળાવ પરના વૃક્ષની ડાળી પર લટકી જતાં બચી ગયા.માત્ર જીવ બચવા બાબતે જ ફ્રેન સેલક લકી હતા એવું નથી. વ્યવસાયે મ્યુઝિક-ટીચર ફ્રેનની જિંદગી સામાન્ય હતી.જો કે ૧૯૯૮માં તેમનું ભાગ્ય વધુ ખૂલ્યું તેમણે લોટરીની ટિકિટ ખરીદી અને તેમને ૧ મિલ્યન ડોલર એટલે કે લગભગ આઠ કરોડ રૂપિયાનો જેકપોટ લાગ્યો.જોકે તેમણે એ રકમ પરિવાર અને મિત્રોમાં ખુલ્લા હાથે વહેંચી દીધી હતી.૨૦૧૬માં ૮૭ વર્ષની ઉંમરે આ દાદા કુદરતી રીતે મૃત્યુ પામ્યા હતાં.

### હોંગકોંગના આર્ટિસ્ટે બનાવેલી

## લાબુબુ ડોલનો યુવાનોમાં ગાંડો ક્રેઝઃ ૪ ફુટની એક ડોલ રૂા.૧.૨૭ કરોડમાં !

હોંગકોંગ,તા.૧૭

કેસિંગ લંગ નામના હોન્ગકોન્ગના આર્ટિસ્ટે ક્રીએટ કરેલી લાબુબુ નામની મોન્સ્ટર શેપની ઢીંગલીઓ આજકાલ ખૂબ પાઇરલ થઈ છે. મૂળે આ ડોલ્સને પોપ માર્ટ નામની કંપનીએ માર્કેટમાં મૂકી હતી જે વિશ્વભરમાં બ્લાઇન્ડ બોકસ ટોપ્સ તરીકે જાણીતી બની છે. આમ તો આ રમકડાની કિંમત લગભગ ૫૦૦ રૂપિયા જેટલી હોય છે,પરંતુ તાજેતરમાં ચીનની રાજધાની બીજિંગમાં યોન્ગલ ઈન્ટરનેશનલ ઓકશન દ્વારા લાબુબુ ડોલ્સનું ઓકશન યોજવામાં આવ્યું હતું. એમાં ૪.૪ ઇંચ એટલે કે લગભગ ૧૩૧ સેન્ટિમીટર લાંબી બ્લુ રંગની લગભગ



માણસની સાઇઝની એક લાબુબુ ડોલ ૧.૨૭ કરોડ રૂપિયામાં વેચાઈ હતી. આ એકિઝબિશન-કમ-ઓકશનમાં લગભગ ૪૮ આઈટમો મૂકવામાં આવી હતી. એમાં ૨૦૦ ખરીદ દારોએ ભાગ લીધો હતો. અહીં સવા કરોડની ઢીંગલીની સાથે કુલ ૩.૯ કરોડ રૂપિયાની લાબુબુ ડોલ્સ વેચાઈ હતી.

## એક કે બે નહીં ત્રણ -ત્રણ સુપર ઓવર રમાઈઃ ક્રિકેટ ઈતિહાસની અસામાન્ય ઘટના

### છેવટે નેધરલેન્ડે નેપાળને પરાજીત કર્યું




ગ્લાસગો, તા.૧૭

ગ્લાસગોમાં રમાયેલી રોમાંચક મેચમાં નેધરલેન્ડ્સે નેપાળને હરાવ્યું. આ મેચ એટલી રોમાંચક હતી કે ત્રણ સુપર ઓવર રમાઈ હતી. બંને ટીમોએ ૨૦ ઓવરમાં ૧૫૨ રન બનાવ્યા હતા, ત્યારબાદ મેચ ટાઇ થઈ હતી. ત્યારબાદ સુપર ઓવરમાં પણ મામલો ટાઇ થયો. અંતે, નેધરલેન્ડ્સે ત્રીજી સુપર ઓવરમાં જીત મેળવી.

જેક લિયોન-કેશટે શાનદાર બોલિંગ કરી અને નેધરલેન્ડ્સને યાદગાર જીત અપાવી. તેમણે છેલ્લી સુપર ઓવરમાં કોઈ રન આપ્યા વિના બે વિકેટ લીધી. આ મેચ સ્કોટલેન્ડ ટી૨૦ ત્રિકોણીય શ્રેણીની બીજી મેચ હતી. નેધરલેન્ડ્સે પહેલા બેટિંગ કરીને ૭ વિકેટે ૧૫૨ રન બનાવ્યા. વિક્રમજીત સિંહ (૩૦), તેજા નિદામાનુરૂ (૩૫) અને સાકિબ ઝુલ્ફીકાર (૧૨ બોલમાં ૨૫ રન, અણનમ) એ ટીમ માટે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. નેપાળના બોલરોએ નેધરલેન્ડના બેટ્સમેન પર દબાણ જાળવી રાખ્યું. સંદીપ લામિછાનેએ ૩ વિકેટ લીધી અને તેણે ફક્ત ૧૮ રન આપ્યા. નંદન યાદવે પણ સારી બોલિંગ કરી અને ૨ વિકેટ લીધી.

નેપાળની શરૂઆત સારી નહોતી. લોકેશ બામ અને અનિલ સાહ શરૂઆતમાં આઉટ થઈ ગયા હતા. પરંતુ કેપ્ટન રોહિત પૌડેલે ૩૫ બોલમાં ૪૮ રન બનાવીને ઈનિંગ સંભાળી. કુશલ ભુર્તેલે પણ ઝડપથી ૩૪ રન બનાવ્યા. નેપાળની સતત વિકેટ પડી હતી. નંદન યાદવે અંતમાં ૪ બોલમાં ૧૨ રન બનાવ્યા, પરંતુ તે ટીમને વિજય બનાવી શક્યો નહીં. નેપાળે ૮ વિકેટે ૧૫૨ રન બનાવ્યા અને સ્કોર બરાબર થઈ ગયો. નેપાળે પ્રથમ સુપર ઓવરમાં ૧૯ રન બનાવ્યા. કુશલ ભુર્તેલે ૫ બોલમાં ૧૮ રન બનાવ્યા. પરંતુ નેધરલેન્ડ્સે પણ સરળતાથી ૧૯ રન બનાવ્યા. મેક્સ ઓ'ડાઉડ માત્ર ૩ બોલમાં ૧૨ રન બનાવ્યા અને લેવિટે ૬ રન બનાવ્યા.

બીજા સુપર ઓવરમાં, નેધરલેન્ડ્સે પ્રથમ બેટિંગ કરી અને ૧૭ રન બનાવ્યા. સ્કોટ એડવર્ડ્સે છગ્ગો ફટકાર્યો. નેપાળ પર દબાણ હતું, પરંતુ રોહિત પૌડેલ (૭) અને આરી (૧૦) એ મળીને સ્કોર બરાબરી કરી દીધો. બંને ટીમો હાર માનવા તૈયાર નહોતી, તેથી મેચ ત્રીજા સુપર ઓવરમાં ગઈ. આ વખતે લાયન-કેચેટે નેધરલેન્ડ્સ માટે શાનદાર બોલિંગ કરી. તેણે પહેલા બોલ પર રોહિત પૌડેલને આઉટ કર્યો અને પછી ત્રણ બોલ પછી રૂપેશ સિંહને આઉટ કર્યો. નેપાળ એક પણ રન બનાવી શક્યું નહીં અને દબાણમાં ભાંગી પડ્યું. નેધરલેન્ડ્સને જીતવા માટે ફક્ત એક રનની જરૂર હતી. માઈકલ લેવિટે પહેલા જ બોલ પર લામિછાને બોલ પર છગ્ગો ફટકારીને ટીમને વિજય અપાવ્યો.

લાયન-કેચેટને 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યો. તેણે મુખ્ય ઈનિંગ્સમાં ૧૧ રન બનાવ્યા હતા અને ૨૨ રન આપીને ૧ વિકેટ પણ લીધી હતી. નેપાળનો આગામી મુકાબલો મંગળવારે સ્કોટલેન્ડ સામે છે. નેપાળે આ મેચ જીતવી પડશે.

## માર્કો પાર્ટ-૨ નહી બનેઃ ઉન્ની મુકુંદની જાહેરાત

ચેન્નાઈ,તા.૧૭

મલયાલમ ભાષાની ફિલ્મ માર્કો વર્ષ ૨૦૨૪માં રિલીઝ થઈ હતી. ૩૦ કરોડના બજેટમાં બનેલી આ ફિલ્મે બોક્સ ઓફિસ પર ૧૦૦ કરોડનું કલેક્શન કર્યું હતું. આ ફિલ્મ ઉગ્ર એક્શનથી ભરપૂર હતી. આ એક્શન દ્રશ્યોને કારણે 'માર્કો' બોક્સ ઓફિસ પર સફળ રહી હતી અને સાઉથથી લઈને નોર્થ સુધીના દર્શકોએ તેને ખૂબ જ પસંદ કરી હતી.

ફિલ્મની સફળતા બાદ મેકર્સ તેની સિક્વલની તૈયારી કરી રહ્યા હતાં. માર્કો ૨ ની પણ જાહેરાત કરવામાં આવી હતી. પરંતુ હવે ફિલ્મનાં લીડ એક્ટર ઉન્ની મુકુંદનના નવા નિવેદને બધાને ચોંકાવી દીધા છે.

**'માર્કો ૨' હવે નહીં બને :-**

ઉન્ની મુકુંદને 'માર્કો ૨' બનાવવાનો વિચાર પડતો મૂક્યો છે. આ વાતનો ખુલાસો ત્યારે થયો જ્યારે એક ચાહકે ઉન્નીને 'માર્કો ૨' વિશે પૂછ્યું. તેના જવાબમાં ઉન્ની મુકુંદને કહ્યું કે, ''ભાઈ, હું દિલગીર છું, પરંતુ મેં 'માર્કો' ફિલ્મ આગળ વધારવાનો પ્લાન છોડી દીધો છે. આ પ્રોજેક્ટની આસપાસ ઘણી બધી નકારાત્મકતા હતી. હું 'માર્કો' કરતા કંઇક મોટું અને વધુ સારું લાવવાનો પ્રયત્ન કરીશ. તમારા બધાના પ્રેમ અને સકારાત્મકતા માટે આભાર. ઉન્ની મુકુંદનના આ નિવેદન બાદ હવે 'માર્કો



૨' કોલ્ડ સ્ટોરેજમાં ગઇ હોવાનું સ્પષ્ટ થઇ ગયું છે.

**'માર્કો' હિટ રહી હતી :-**

ફિલ્મ 'માર્કો'નું નિર્દેશન હનીફ અદેનીએ કર્યું હતું. આ ફિલ્મ ૨૦૨૪માં રિલીઝ થઇ હતી અને ૧૦૦ કરોડથી વધુની કમાણી કરી હતી. આ સાથે, તે મલયાલમ સિનેમાની પ્રથમ 'એ' રેટેડ ફિલ્મ બની. આ ફિલ્મમાં ઉન્ની મુકુંદને એક ભયાનક ગેંગસ્ટરની ભૂમિકા ભજવી હતી. જો કે હજુ સુધી ઉન્નીએ પોતાના નવા પ્રોજેક્ટ વિશે કોઇ ખુલાસો કર્યો નથી. પરંતુ હવે જોવાનું એ રહે છે કે શું ઉન્ની નવા પ્રોજેક્ટ સાથે આ જ પ્રકારનું કામ કરી શકે છે કે નહીં કારણ કે માર્કો બાદથી દર્શકોને ઉન્ની પાસેથી એક્શન ફિલ્મોની અપેક્ષા હતી.

## વિશ્વમાં ૨૭ કરોડથી વધુ બાળકો શાળાઓમાં વિવિધ કારણોથી જતા નથી



નવી દિલ્હી : યુનેસ્કોની ગ્લોબલ એજયુકેશન મોનિટરિંગ ટીમ (જીઇએમ)ના રિપોર્ટમાં ખુલાસો થયો છે કે વિશ્વભરમાં ૨૭ કરોડથી વધુ બાળકો અને યુવાનો શાળાથી વંચિત છે. આ સંખ્યા અગાઉનાં અંદાજ કરતાં ૨.૧ કરોડ વધુ છે. ખાસ કરીને યુદ્ધ, ગરીબી કે અન્ય કટોકટી સામે ઝઝૂમી રહેલાં દેશોમાં આ સમસ્યા વિકટ છે. ડ્રોપઆઉટ અથવા બાળકોની નોંધણી એ ચિંતાનો વિષય છે. યુનેસ્કોએ વિશ્વભરનાં દેશોને શિક્ષણમાં રોકાણ વધારવા, શાળાઓ સુધી પહોંચવાની ખાતરી કરવા અને ડેટા કલેક્શનમાં સુધારો કરવા હાકલ કરી છે. રિપોર્ટ અનુસાર, બાળકોને શાળાએ પાછા લાવવા માટે વૈશ્વિક સ્તરે સંકલિત પ્રયત્નો અને નીતિગત કાર્યવાહીની જરૂર છે.

**શૈક્ષણિક કટોકટી વધી**

- દુનિયાભરમાં શાળાથી દુર રહેતાં બાળકોની સંખ્યા વધી રહી છે.
- યુદ્ધ, ગરીબી અને કુદરતી આપત્તિઓ જેવી કટોકટીએ શાળાઓમાં નોંધણી અટકાવી દીધી છે.

**વય જૂથ પર અસર**

પ્રાથમિક શાળાના બાળકો (૧૧



ટકા), જુનિયર હાઈસ્કુલ (૧૫ ટકા) અને સિનિયર હાઈસ્કુલ (૩૧ ટકા)માં ડ્રોપઆઉટ રેટ સૌથી વધુ છે.

**ચોક્કસ માહિતીનો અભાવ**

ઘણાં દેશોમાં, બાળકોનાં શિક્ષણની સ્થિતિ પર સચોટ ડેટા ઉપલબ્ધ નથી, જેનાં કારણે નીતિઓ ઘડવી મુશ્કેલ બને છે. યુદ્ધ અથવા અસ્થિરતાવાળા દેશોમાં, બાળકોની શાળાએ ન જવાની સમસ્યા સૌથી ગંભીર હોય છે.

**વૈશ્વિક લક્ષ્યાંકો હજુ પણ અધૂરા છે**

સંયુકત રાષ્ટ્રનાં સસ્ટેઇનેબલ ડેવલપમેન્ટ ગોલમાં ૨૦૩૦ સુધીમાં તમામ બાળકો માટે શિક્ષણનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે, પરંતુ હાલની પરિસ્થિતિ આને મુશ્કેલ બનાવી રહી છે. શિક્ષણનાં સ્તરને સુધારવા માટે વૈશ્વિક પ્રયાસોની જરૂર છે.

**ભારતમાં શિક્ષણની સ્થિતિ**

યુનેસ્કોના એન્યુઅલ સ્ટેટસ ઓફ એજ્યુકેશન રિપોર્ટ (એએસઇઆર) ૨૦૨૩-૨૪ અનુસાર, ભારતમાં ૧૫ લાખ શાળાઓ અને ૨૫ કરોડથી વધુ વિદ્યાર્થીઓ છે. રિપોર્ટ અનુસાર ગ્રામીણ ભારતમાં પ્રી-સ્કૂલ એનરોલમેન્ટમાં વધારો થયો છે, પરંતુ ૨૫ ટકા બાળકો (૧૪-૧૮ વર્ષ) ધોરણ ૨નું લખાણ વાંચી શકતાં નથી. ગ્રામીણ શાળાઓમાં શિક્ષકો, શૌચાલયો અને વીજળીની અછત છે. રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ ૬થી ૧૪ વર્ષની વયનાં બાળકોને મફત શિક્ષણ મળે છે.

- **શાળામાં ન જતા બાળકોની કુલ સંખ્યા ૨૭.૨ કરોડ.**
- **૭.૮ કરોડ પ્રાથમિક શાળાની વયનાં બાળકો શિક્ષણથી વંચિત.**
- **૬.૪ કરોડ જુનિયર હાઇ સ્કૂલની વયનાં કિશોરો શાળાએ જતાં નથી.**
- **૧૩ કરોડ સિનિયર હાઇ સ્કૂલની વયના યુવાનો જે શિક્ષણથી વંચિત છે.**

## ઈઝરાયેલ-ઈરાનના યુદ્ધમાં ફસાયેલા ભારતીયો માટે કંટ્રોલ રૂમ શરૂ

### સરકાર સતર્ક બનીઃ હેલ્પલાઈન નંબર જાહેર

નવીદિલ્હી તા.૧૭

ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે ચાલુ સંઘર્ષને જોતા ભારત સરકાર સતર્ક થઈ ગઈ છે. ભારતે આ સૈન્ય ખેંચતાણ વચ્ચે ફસાયેલા ભારતીય નાગરિકો માટે કંટ્રોલ રૂમ સ્થાપિત કર્યો છે. આ સાથે જ સરકારે હેલ્પલાઈન નંબર પણ જાહેર કર્યા




છે. વિદેશ મંત્રાલય અંતર્ગત સ્થાપિત કરવામાં આવેલ આ કંટ્રોલ રૂમમાં સતત ૨૪ કલાક કામ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે હાલ ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે ખૂબ જ ખરાબ સ્થિતિ છે. બન્ને દેશો એકબીજા પર દારૂગોળા પર આવી રહ્યા છે.





## 'શહેનશાહ' આજે પણ હયાત છે! પત્ની માટે 'તાજમહેલ' બનાવ્યો, અલબત, તેની નાની કોપી!

### તાજમહેલની ડિઝાઈનમાં બનાવેલ ઘરમાં ચાર બેડરૂમ અને એક મેડીટેશન હોલ

ઈન્દોર તા.૧૭

તાજમહેલને પ્રેમનું પ્રતીક માનવામાં આવે છે. શહેનશાહે તેની મુમતાઝ બેગમની યાદમાં તાજમહેલ બનાવ્યો હતો. આ કથા જાણે રિપીટ થઈ છે! મધ્યપ્રદેશના એક વેપારી આધેડે તેની પત્ની માટે તાજમહેલ તો નહીં પણ તાજમહેલ જેવું ઘર બનાવી આપ્યું છે. આ તાજમહેલની ડિઝાઈનનું ઘર સોશિયલ મીડીયામાં વાયરલ થઈ રહ્યું છે. આ ઘર આનંદ પ્રકાશ ચૌકસેએ બનાવ્યું છે અને તે પત્નીને સમર્પિત કર્યુ છે.

આ વેપારીએ જણાવ્યું હતું કે આ ઘર એ મકરાના માર્બલમાંથી બનાવાયું છે. જેનાથી અસલી તાજમહેલ બન્યો છે. તાજમહેલની અસલી લંબાઈ-પહોળાઈને ફુટમાં માપીને એક ત્રીજા ભાગનો આકાર આપવામાં આવ્યો છે. આ ઘર ઈન્દોરમાં એક સ્કુલના પરિસરમાં બન્યું છે, જે ખુબ આનંદ ચોકસેએ શરુ કર્યું હતું. આ ઘરમાં ચાર બેડરૂમ, એક મેડીટેશન રૂમ પણ છે.

### વેબસિરીઝ : રાણા નાયડુ પાર્ટ-૨

## રાણા નાયડુ આ વખતે ફિક્કો રહ્યો : નબળી વાર્તા-વોલ્યુમની ગરબડી દેખાય છે

બહારનાં લોકો માટે અમીરોની લાઈફ ઠીક કરનાર નંબર વન ફિક્સર રાણા નાયડુ, પરંતુ પરિવાર માટે પ્રાણ આપનાર ફેમિલી મેન ફરી એકવાર દર્શકોની વચ્ચે આવી ગયો છે. સાઉથના સ્ટાર રાણા દગ્ગુબાતીને મુખ્ય ભૂમિકામાં ચમકાવતી આ શ્રેણીની પ્રથમ સીઝનમાં સેક્સ દ્રશ્યો, અપશબ્દો અને હિંસાને કારણે ટીકાઓનો સામનો કરવો પડ્યો હોવા છતાં તેને તેની સ્ટાઇલિશ એક્શન, થ્રિલ અને ફેમિલી ડ્રામા માટે પસંદ કરવામાં આવી હતી. તેથી નિર્માતાઓ હવે આ જ મસાલા સાથે રાણા નાયડુની બીજી સીઝન લાવ્યાં છે.

આ વખતની શ્રેણીમાં રાજકારણ, સિનેમા, ક્રિકેટનું કોકટેલ મજબૂત એક્શન, હિંસા, બોલ્ડ સીન જેવાં જૂના ટેમ્પરામેન્ટ સાથે પીરસવામાં આવ્યું છે. જોકે આ બધાં મસાલાઓ હોવા છતાં ઓરિજિનલ



**રેટીંગ :** ૫ માંથી ૨.૫ સ્ટાર
**દિગ્દર્શક :** કરણ અંશુમાન, સુપર્ણ એસ વર્મા, અભય ચોપરા.
**કલાકારો :** રાણા દગ્ગુબતી, વેંકટેશ, અર્જુન રામપાલ, કૃતિ ખરબંદા, સુરવીન ચાવલા, સુશાંત સિંહ, અભિષેક બેનર્જી, ડિનો મોરિયા વગેરે.
**એપિસોડ્સ :** ૮ એપિસોડ્સ (૪૫ મિનિટ)
**શૈલી :** ક્રાઇમ, થ્રિલર, ડ્રામા
**સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ :** નેટફ્લિક્સ

કન્ટેન્ટ એટલે કે સ્ટોરીના વોલ્યુમની ગડબડીને કારણે સિરીઝનો ફ્લેવર ફિક્કો પડી ગયો છે.

અમેરિકન ક્રાઇમ થ્રિલર સિરિઝ રે ડોનોવાનનો દેશી અવતાર રાણા નાયડુ (રાણા દગ્ગુબતી) હવે બીજાની ગંદકી ઠીક કરવાનો પોતાનો જૂનો ધંધો છોડીને એક સંપૂર્ણ પારિવારિક વ્યક્તિ બનવાનો નિર્ણય કરે છે. જો કે, જ્યારે તે આવું કરવાનું વિચારી રહ્યો હોય છે, ત્યારે રઉફ મિર્ઝા (અર્જુન રામપાલ)નું સ્વરૂપ ધારણ કરીને તેનો ભૂતકાળ તેની સામે આવે છે અને તેના પુત્રનું અપહરણ થઈ જાય છે. દેખીતી રીતે જ રાણાએ ગુનાખોરીમાં એ કકળાટમાં પાછા આવવું પડશે. આ બાબતમાં તેનો મુકાબલો વિરાજ ઓબેરોય (રજત કપૂર) સાથે થાય છે, જે બ્લેક બિઝનેસ કરે છે. પરિવારના ભવિષ્યને સુરક્ષિત કરવા માટે રાણા આ દુષ્ટ ઓબેરોય પરિવારની નજીક આવે છે. અહીં વિરાજની પુત્રી આલિયા (કૃતિ ખરબંદા) અને પુત્ર ચિરાગ (તનુજ વિરવાણી) વચ્ચે ક્રિકેટના વિષય પર બની રહેલ ફિલ્મ એક અલગ જ ઝઘડો ચાલી રહ્યો છે.

અહીં જયારે રાણા રઉફના હજૂરિયાઓથી પોતાના પુત્રને બચાવે છે ત્યારે એક અકસ્માતના કારણે તેની દીકરી તેના નિશાના પર આવી જાય છે. રાણાના પિતા નાગા (વેંકટેશ)નો પૈસાને લઈને અલગ જ વિવાદ છે. સાથે જ પ્રેમ અને પૈસાને લઈને તેમના ભાઈઓ તેજ (સુશાંત સિંહ) અને જફા (અભિષેક બેનર્જી)ના જીવનમાં ઉતાર ચઢાવ આવે છે, જેની અસર રાણા સાથેના તેમના સંબંધો પર પણ પડે છે. આ સિવાય તેની અને તેની પત્ની નૈના (સુરવીન ચાવલા) વચ્ચે મોટી તિરાડ પડે છે, જેના કારણે નૈના એક ગુપ્ત પોલીસ કર્મી નવીન (ડીનો મોરિયા)ની નજીક આવી જાય છે.

હવે રાણા પોતાના જીવનના આ તમામ ઉતારચઢાવ કેવી રીતે ઠીક કરે છે તે જાણવા માટે તમારે શ્રેણી જોવી પડશે. જો કે કરણ અંશુમાન, કર્મણ્ય આહુજા, અનન્યા મોદી, રાયન સોરેસ અને કરણ ગૌર જેવા લેખકોની વિશાળ ટીમે કથાના નામે એક નબળી વાર્તા રજૂ કરી છે, જેને ખુદ રાણાની એકટિંગ પણ બચાવી શકી નથી. કરણ અંશુમાન, સુપર્ણ વર્મા અને અભય ચાવલા દિગ્દર્શિત આ સિઝનની કથા તદ્દન વેરવિખેર છે. સર્જક કરણ અંશુમાને પોતાની જૂની સિરિઝ ઇનસાઇડ એજની ક્રિકેટ કોમેન્ટ્રીનું પુનરાવર્તન કર્યું હતું. તેમાં માત્ર કૃતિ ખરબંદાનું પાત્ર જ સામે આવ્યું છે,

પ્રી-ક્લાઇમેક્સ એ મિર્ઝાપુરની નકલ છે. સાથે જ રઉફ અને રાણાની હરીફાઇનો ટ્રેક પણ લયમાં આગળ વધતો નથી. રાણા દગ્ગુબતી અને અર્જુન રામપાલની એક્ટિંગ અને પર્સનાલિટી જ તમને જકડી રાખે છે. રાણા દગ્ગુબાતીએ આ વખતે સિમ્પલ એક્ટિંગ કરી છે. સાથે જ રઉફનો વિલન અવતાર પણ અર્જુન રામપાલને શોભે છે. નાગા તરીકે વેંકટેશ પુષ્કળ મનોરંજન આપે છે. નૈના તરીકે સુરવીન ચાવલા ગુસ્સા અને ભાવનાત્મક દ્રશ્યોમાં ચમકે છે. બાકીના કલાકારોમાં સુશાંત સિંઘ, અભિષેક બેનર્જી, ઇશિતા અરૂણ વગેરેનું કામ પણ સારું છે.

**શા માટે વેબસિરીઝ જોવી જોઈએ :-**

જો તમે રાણા દગ્ગુબાતીના ફેન હોવ તો આ મસાલેદાર એક્શન થ્રિલર વેબ સીરીઝ જોઇ શકો છો.

# પાક. સૈન્ય વડા મુનીરની હાલત કફોડીઃ ઈસ્લામાબાદના કસાઈ-ઠગ માર્શલ તરીકે ટીકા

## અમેરિકાએ ખાસ કોઠુ ન આપ્યુ અને ઘર આંગણે વિપક્ષ તૂટી પડયો

વોશિંગ્ટન તા.૧૭

એપ્રિલે પહલગામમાં પ્રવાસી પર થયેલા આતંકી હુમલાનો બદલો ભારતે ઓપરેશન સિંદૂરથી લીધો હતો. ભારતની કાર્યવાહીથી રઘવાયા થયેલા પાકિસ્તાને ભારતના ઘણા શહેરોને નિશાન બનાવવાની કોશિશ કરી હતી પરંતુ સેનાએ તમામ પ્રયત્નો નિષ્ફળ બનાવ્યા હતા. જે બાદ પાકિસ્તાને ભારત વિરુદ્ધ જૂઠ્ઠાણા ફેલાવ્યા હતા. મોદી સરકારે વિવિધ દેશોમાં બહુપક્ષીય પ્રતિનિધિમંડળ મોકલીને દૂધનું દૂધ અને પાણીનું પાણી કર્યું હતું. આ ઘટનાક્રમ પછી પાકિસ્તાનના સેના પ્રમુખ જનરલ આસિમ મુનીર રણનીતિક યાત્રા પર અમેરિકામાં છે. આ પહેલા દાવો કરવામાં આવ્યો હતો કે, મુનીર વોશિંગ્ટન ડીસીમાં અમેરિકન સૈન્ય પરેડમાં સામેલ થશે. જોકે વ્હાઈટ હાઉસ દ્વારા રિપોર્ટનું ખંડન કરવામાં આવ્યું હતું. સમારોહમાં કોઈ વિદેશી સૈન્ય નેતાને આમંત્રણ આપવામાં આવ્યું ન હોવાનું વ્હાઈટ હાઉસે સ્પષ્ટતા કરી હતી.



મુનીરની આ યાત્રાનું ખાસ મહત્ત્વ છે. ભારત સાથે ગત મહિને થયેલા સંઘર્ષ બાદ અમેરિકા સાથે સતત વાતચીત કરી રહ્યું છે. મુનીર અમેરિકન જનરલ સાથે મુલાકાત કરવા માંગતા હતા પરંતુ ઈરાન ઈઝરાયલ સંઘર્ષથી અડચણો આવી છે. ૧૩ જૂને ઈઝરાયલ દ્વારા ઈરાનના ન્યૂક્લિયર સાઈટ્સ પર હુમલો કર્યા બાદ ઈસ્લામાબાદે તેહરાનને સમર્થન જાહેર કર્યું છે. પાકિસ્તાનના નેતા મુસ્લિમ દેશો માટે એકજૂથ થવા અને ઈરાન સામે ઇઝરાયલની કાર્યવીહની નિંદાનો આગ્રહ કરી રહ્યા છે. સૂત્રોના કહેવા પ્રમાણે, મધ્ય પૂર્વમાં જે તણાવ છે તે પાકિસ્તાની પ્રતિનિધિમંડળ સાથે અમેરિકાની ભાગીદારીને મર્યાદીત કરી શકે છે.

પાકિસ્તાન અમેરિકાનું સમર્થન મેળવવા માંગે છે, પરંતુ તેણે ઈઝરાયલના હુમલાની નિંદા કરી છે અને તેહરાન સાથે સંબંધોને મજબૂત કરવા માટે કામ કરી રહ્યું છે. જનરલ મુનીર માટે ઈરાન પ્રત્યેનું કૂણું વલણ મુશ્કેલી ઉભી કરી શકે છે. આ દરમિયાન ઈમરાન ખાનના પક્ષ પીટીઆઈના સભ્યોએ વોશિંગ્ટનમાં ડિજિટલ વેન તૈનાત કરી છે. જેમાં મુનીરને નિશાન બનાવીને વિજ્ઞાપન લગાવવામાં આવી છે. આ વિજ્ઞાપનમાં મુનીરને ઈસ્લામાબાદનો કસાઈ અને છેતરપિંડી કરનારો માર્શલ ગણાવાયા છે.

# વધુ એક નકલીઃ CMના સુરક્ષા કાફલામાં હોવાનું કહી નકલી Dyspએ બિલ્ડર પાસે ૩૮ લાખ પડાવ્યા

## બિલ્ડરની ફરિયાદ બાદ નકલી પોલીસ અધિકારીની ધરપકડ

અમદાવાદ તા.૧૭

બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના છાપી ગામે અસલી પોલીસે નકલી ડીવાયએસપીને ઝડપી જેલ હવાલે કર્યો હતો. મુખ્યમંત્રીની સુરક્ષામાં ફરજ બજાવતો હોવાનું બતાવી, બિલ્ડરને પોતાની વાતોમાં ભેળવીને ૩૮ લાખ રૂપિયા પડાવી લીધા હતા. બિલ્ડરની ફરિયાદ બાદ અસલી પોલીસે નકલી ડિવાયએસપીને દબોચી લીધો હતો.

છાપી ખાતે આવેલ શુકુન વિલા બંગ્લોઝમાં છ માસ પૂર્વે મૂળ રહે સરડોઈ તા. મોડાસાનો જીતેન્દ્રસિંહ ઉદેસિંહ રાઠોડ નામનો એક શખ્સ પોતે ડીવાયએસપી હોવાનું તેમજ પોતે મુખ્યમંત્રીની સુરક્ષામાં ફરજ



બજાવતો હોવાનું બતાવીને મકાન માટે બાનુ આપ્યું હતું. ૩૦ લાખના મકાન માટે પચાસ હજાર રૂપિયાનું બાનું આપ્યું હતું. પરંતુ મકાનનું કામ અધૂરું હોવાના કારણે અન્ય જગ્યાએ ભાડે મકાન રાખીને રહેતો હતો. અવારનવાર બિલ્ડરની ઓફિસમાં આવી બેસતો હતો.

ગત તારીખ ૨૦/૨/૨૫ના રોજ બિલ્ડર વિજયભાઈ ચૌધરી તેમજ તેમનો ભાઈ ધનરાજભાઈને કહ્યું કે, મેં ગાંધીનગરના કુંડાસણ ગામે ૭૦ લાખમાં જમીન ખરીદી છે. જેના માટે મારે પંદર દિવસ માટે રૂપિયા આપવાના છે. બિલ્ડર આ ડીવાયએસપીની વાતોમાં આવી જતા છેતરાઈને ૩૮ લાખ રોકડ ઉછીના આપ્યા હતા.

બિલ્ડરને કરેલા વાયદા પ્રમાણે પૈસા પરત ન આપતા અને ફરાર થઈ ગયેલા નકલી ડીવાયએસપી અંગે તપાસ કરાવી. તો જાણવા મળ્યું કે આ નામની કોઈ પણ વ્યકિત પોલીસ ડિપાર્ટમેન્ટમાં અને મુખ્યમંત્રીની સુરક્ષામાં તૈનાત નથી. આ વાત જાણતા પોતે છેતરાયા હોવાનું ભાન થતાં પીડિત બિલ્ડરે છાપી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપી જીતેન્દ્રસિંહ રાઠોડને ઈકો સ્પોર્ટ કાર સાથે છાપી હાઈવેથી ઝડપી લઈને જેલ હવાલે કર્યો હતો.

# જુનિયર ક્રિકેટમાં બે વખત ખેલાડીઓના બોન ટેસ્ટ કરાશે

## ક્રિકેટ બોર્ડનો જુનિયર ક્રિકેટરોના હિતમાં નિર્ણય

નવી દિલ્હી: ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે એક મહત્વપૂર્ણ પગલુ ભરતા જુનિયર સ્તરે ખેલાડીઓ માટે વધારાના બોન ટેસ્ટ કરાવવાનો નિર્ણય લીધો છે જેથી એ સુનિશ્ચિત કરી શકાય કે કોઇ પણ ખેલાડી વધારાની સીઝન રમવાથી ચૂકી ન જાય.



હાલના ધોરણો મુજબ, ખેલાડી ટીડબલ્યૂ૩ પદ્ધતિ (હાડકાની ઉંમરનું મૂલ્યાંકન કરવા માટે વપરાતી કસોટી) દ્વારા ઉંમર નક્કી કરવા માટે હાડકાના પરીક્ષણમાંથી પસાર થાય છે. આમાં, હાડકાના પરીક્ષણની ઉંમરમાં એક ઉંમેરીને તેની ઉંમરનું મૂલ્યાંકન કરવામાં આવે છે. નિયમમાં ફેરફાર સાથે અંડર-૧૬ છોકરાઓની શ્રેણીમાં ક્રિકેટરને આગામી સીઝનમાં સમાન વય જૂથમાં રમવા માટે તેની લાયકાત નક્કી કરવા માટે બીજો બોન ટેસ્ટ કરાવવો પડશે.

બીસીસીઆઈના એક સૂત્રએ જણાવ્યું હતું કે, આ ચોક્કસ ઉંમર જાણવાની સાથે એ સુનિશ્ચિત કરવા માટે કરવામાં આવી રહ્યું છે કે કોઈ ખેલાડી વૈજ્ઞાનિક ગણતરીના બદલે ગાણિતિક ગણતરીઓને કારણે રમવાથી ચૂકી ન જાય.

# બાઈકમાં પ્રેમિકાને આગળ બેસાડી ખુલ્લેઆમ રોમાન્સઃ રૂા.૫૩૫૦૦નો ટ્રાફિક દંડ

## વિડીયો વાયરલ થયા બાદ પોલીસ એકશનમાં

નવી દિલ્હી તા.૧૭

દિલ્હી-એનસીઆરના સૌથી વ્યસ્ત એક્સપ્રેસવે પૈકીના એક નોઇડા-ગ્રેટર નોઇડા એક્સપ્રેસવે પર એક પ્રેમી યુગલ દ્વારા કરવામાં આવેલા વિચિત્ર સ્ટંટનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં આ યુગલ બાઇક પર રોમાન્સ કરતા જોવા મળે છે. આ દરમિયાન બંનેએ ખુલ્લેઆમ ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કર્યું હતું. જોકે, વીડિયો વાયરલ થયા બાદ ટ્રાફિક પોલીસે કડક કાર્યવાહી કરી છે.



વાયરલ વીડિયોમાં જોઈ શકાય છે કે એક યુવક હાઇ સ્પીડ બાઇક ચલાવી રહ્યો છે અને છોકરી આગળ બેઠી છે અને તેને ગળે લગાવી રહી છે. એટલું જ નહીં, બંનેએ હેલ્મેટ પણ પહેર્યું નથી. આ વીડિયો એક્સપ્રેસવે પરથી પસાર થતી કારમાં બેઠેલા લોકોએ તેમના મોબાઇલ ફોન કેમેરામાં કેદ કર્યો હતો, જે હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં બાઇકનો નંબર પણ સ્પષ્ટ જોઈ શકાય છે.

વીડિયો વાયરલ થયા બાદ સોશિયલ મીડિયા પર યુઝર્સે તેના પર અલગ અલગ પ્રતિક્રિયા આપી હતી અને ટ્રાફિક પોલીસ પાસેથી તાત્કાલિક કાર્યવાહીની માંગ કરી હતી. વાયરલ વીડિયોને ધ્યાનમાં લેતા નોઇડા ટ્રાફિક પોલીસે મોટર વ્હીકલ એક્ટ હેઠળ બાઇક માલિક પર રૂ.૫૩,૫૦૦ નો ભારે દંડ ફટકાર્યો છે. નોઇડા પોલીસ હવે વીડિયોમાં દેખાતા યુવકની ઓળખ કરવામાં લાગી ગઈ છે.

## સુવિચાર

**માણસનું અભિમાન કહે છે કે,મને કોઈની જરૂર નથી,**
**પરંતુ અનુભવ કહે છે કે સમય આવે ત્યારે ધુળની પણ જરૂર પડે છે..**

# મનુષ્ય સૃષ્ટિરૂપી વૃક્ષ અને પ્રલય

**મૂલ્યોની મહેક** ■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

**મમ્માના મુખેથી પરમાત્મા મહાવાક્યો-**

મનુષ્ય સૃષ્ટિની સરખામણી વૃક્ષ સાથે કરાય છે જેવી રીતે એક ઝાડમાં નાની મોટી ડાળીઓ પોતાના સમય પર આવે છે પરંતુ જ્યારે તે ઝાડનું આયુષ્ય પુરૂ થવાનું હશે ત્યારે તેનો અંત એકસાથે થશે એટલે કે તે ડાળીઓ, પત્તા, થડ બધુ જ એક સાથે નાશ પામશે. શરૂઆત દરેકની પોત પોતાના સમય પર થાય છે પરંતુ તેનો અંત એક સાથે થાય છે ગીતામાં પણ મનુષ્ય સૃષ્ટિને વૃક્ષ સાથે સરખાવેલ છે આ વૃક્ષની ઉત્પતિ પોતાના સમય પર અને તેમાં વૃધ્ધિ પણ પોત-પોતાના સમય પર થાય છે એવું નહી કે આખુ ઝાડ એક સાથે ઉગી નીકળે છે પરંતુ પહેલા મૂળ, પછી થડ, પછી ડાળીઓ અને પાંદડા, પછી ફૂલ અને ફળ. એમ કરીને પોતાના સમય પર દરેક આવે છે પરંતુ તેનો નાશ એકી સાથે એક સમયે થાય છે પહેલા પાંદડા નાશ પામે, પછી સમય પર બધી ડાળીઓ નાશ પામે, પછી થડની વારી, એવું નથી થતુ પરંતુ એક સાથે નાશ પામે છે તો આ બધી બાબતો બુધ્ધિમાં રાખવાની છે આ મનુષ્ય સૃષ્ટિરૂપી વૃક્ષની ઉત્પતિ થવી, તેમની વૃધ્ધિ થવી અને તેનો નાશ થવો એ બધુ જ એ ધરતી પરના સ્થૂળ વૃક્ષ સમાન થાય છે આથી બન્નેને સરખાવાય છે અત્યારે મનુષ્ય સૃષ્ટિરૂપી વૃક્ષ તેમની જર્જરીભૂત(અંતિમ સડી ગયાની સ્થિતિ) અવસ્થામાં પહોચ્યુ છે હવે તેનો અંતનો સમય છે બધા ધર્મવાળાઓ માને છે કે હવે વિનાશનો સમય આવી ગયો છે ક્યામતનો સમય ચાલે છે દરેક પોત પોતાના ધર્મ ગ્રંથોના આધારે માને છે કે આ સૃષ્ટિચક્રનો અથવા સૃષ્ટિવૃક્ષનો હવે અંતિમ સમય ચાલે છે એટલે કેટલાક લોકો એવું માને છે કે પ્રલય થઈ જશે. પ્રલય અર્થાત એવું નહી કે બધુ જ નાશ પામી જશે, આ આખીયે સૃષ્ટિનો નાશ થઈ જશે. મનુષ્ય સૃષ્ટિ તો અનાદિ છે, આથી એતો ફરી આ રીતે વૃધ્ધિને પામે છે અને ફરી તેનો અંત પણ થાય છે અત્યારે અંતની નિશાનીઓ પણ જોઈ રહ્યા છીએ. યુધ્ધ, ગૃહયુધ્ધ, કુદરતી આપદાઓ, મનુષ્યમાં જોવા મળતી અતિની વિકૃતિઓ, મહામારી, બીમારીઓ, અતિ વસ્તી વિસ્ફોટ, વિકારોની ચરમસીમાની અતિ આ બધુ જ દુનિયાના અંતના અણસાર છે દેખાય છે ને? એવુ તો નથી સમજતા ને કે આ દુનિયા આમ જ ચાલતી આવી છે ને આમ જ ચાલતી રહેશે? દુનિયા તો રહેશે પરંતુ તેમાં પરિવર્તન બહુ જ ભારી થશે. આ બધી બાબતોને બુધ્ધિમાં રાખીએ કે- હમણાં શું થઈ રહેલ છે શું થવામાં છે અને આપણે શું કરવાનું છે? આ બધુ જ પરમાત્મા સમ્મુખ આવીને સમજાવી રહ્યા છે

માતેશ્વરીજીના વિશેષ ગુણ અને શક્તિઓ:

**નિરહંકારીતાના ગુણ દ્વારા નમ્રતાની શક્તિને ધારણ કરવી**

મમ્મા તો યજ્ઞની દેખભાળ જ કરતા, છતાંયે બાબા મમ્માને પોતાનાથી આગળ રાખતા તેવું મમ્મા જાણતા હોવા છતાંયે તેમનામાં અહમભાવ ન આવ્યો. સદા કહેતા શિવ પરમાત્મા પિતાનું કાર્ય છે અને તેઓ જ કર્મ કરાવનાર છે. આવા ગુણથી મમ્માના બોલ, ચાલ, ચલન અને વ્યવહારમાં નમ્રતા જોવા મળતી. કદી વાણીનો રોબ ન જોવાયો. ભગવાનના સૌ બાળકો, ભગવાનનું કાર્ય છે તેમાં આપણે સૌ ભાગ્ય બનાવવા નિમિત બન્યા છીએ. એવી નમ્રતાનો અવતાર, આ શક્તિથી સમ્પન્ન જેવી રીતે મમ્મા રહ્યા તેમ આપણે બનીએ.

## ઈઝરાયલે બતાવ્યું કે આર્ટીફિશયલ ઈન્ટેલિજન્સથી તૈયાર થયેલા હથિયારો કેટલા સચોટ છે

# યુધ્ધમાં AI

હવે યુદ્ધ માત્ર ગોળીઓ અને મિસાઇલોથી જ નહીં, પરંતુ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઇ), ડેટા અને મશીન લર્નિંગનું પણ બન્યું છે, એટલે હવે ચિત્ર સંપૂર્ણપણે બદલાઈ ગયું છે. ૧૩ જૂનની સવારે ઈરાનની રાજધાની તેહરાનમાં વિસ્ફોટોનો અવાજ ગૂંજી ઉઠ્યો, ત્યારે દુનિયા ચોંકી ગઈ. આ હુમલો સચોટ હતો તેના કરતાં વધુ ટેકનિકલ હતો. ઈઝરાયેલે બતાવ્યું છે કે યુદ્ધનો ચહેરો બદલાઈ ગયો છે. અહીં વ્યૂહરચના નથી, એલ્ગોરિધમ હુમલો કરે છે, સૈનિક નહીં, એઆઈ દુશ્મનને શોધી કાઢે છે. ચાલો સમજીએ કે ઇઝરાઇલની ૯ ખાસ એઆઈ સિસ્ટમ, જેનાં કારણે હુમલો એકદમ સચોટ હતો.

## ઈઝરાયલની ૯ તાકાતો

### ફાયર ફેક્ટરી

દુશ્મન ક્યાં છે, શું છે, આસપાસ નાગરિકોની વસ્તી કેટલી છે, આપણી પાસે કયાં હથિયારો છે, હવામાન શું છે, તે ઘણી વસ્તુઓને ગોઠવીને હુમલા માટે એક યોજના બનાવે છે.

### ગોસ્પેલ :

આ એક સુપર-સ્માર્ટ ડિટેક્ટિવ જેવું છે. સેનાને ઘણા બધા વીડિયો, સેટેલાઈટ તસવીરો અને જાસૂસી રિપોર્ટ મળે છે. આવી માહિતીને થોડીક સેકન્ડમાં સમજીને ટાર્ગેટને ઓળખી કાઢવામાં આવે છે, પછી ફાયર ફેક્ટરીને અપડેટ કરે છે.

### લૈવંડર

આર્મી પાસે ઘણાં બધાં કોમ્યુનિકેશન રેકોર્ડ, લોકોની એક્ટિવિટી, સોશિયલ મીડિયા ડેટા વગેરે છે. લૈવંડર આ ડેટાનો ઉપયોગ શંકાસ્પદ લોકોની પ્રોફાઇલ બનાવવા માટે કરે છે. હજારોની ભીડમાં તે શંકાસ્પદ વ્યક્તિની ઓળખ કરી શકે છે

### વેયર ઈઝ ડેડી

આ એઆઈ સિસ્ટમ મુખ્યત્વે શંકાસ્પદ વ્યક્તિના સ્થાન પર નજર રાખે છે અને તેનું નિરીક્ષણ કરે છે. કોલ ડેટા, ડ્રોન ફૂટેજ અને અન્ય ઇનપુટ્સના આધારે, તે જણાવે છે કે શંકાસ્પદ વ્યક્તિ આ સમયે ક્યાં હોઈ શકે છે.

### Ai ઈન્ફ્યુઝ્ડ ઓડિયો

ઘણાં અવાજો ટાર્ગેટ હોય ત્યાંથી આવે છે, જેમ કે લોકોની વાતચીત, રેડિયોનો અવાજ, શસ્ત્રોનો અવાજ અથવા વાહનોનો અવાજ. તે આવા અવાજોને ફિલ્ટર કરી શકે છે અને કહી શકે છે કે કોણ શું બોલે છે.

### એઆઇ ફેશિયલ રેકગ્નિશન

ઇઝરાયલ તેનો ઉપયોગ વેસ્ટ બેન્કમાં પેલેસ્ટાઇનીઓ પર નજર રાખવા માટે કરે છે. આ સિસ્ટમ આંખ, નાક, મોઢાનું અંતર અને શરીરનાં કદને સ્કેન કરે છે. પછી ડેટાબેઝમાં હાજર લાખો ચહેરાઓ સાથે મેળ ખાય છે. તે લાખોની ભીડમાં શંકાસ્પદની ઓળખ પણ કરે છે.

### અરેબિક ચેટબોટ્સ

ઘણી વખત શંકાસ્પદ લોકો અરેબિકમાં કોડ વર્ડમાં વાત કરે છે. આ ચેટબોટ આવી વાતચીતને ફિલ્ટર કરે છે અને જણાવે છે કે શંકાસ્પદના ઇરાદા શું છે. તે સૈન્યને લોકો સાથે મનોવૈજ્ઞાનિક રીતે પણ જોડે છે.

### મલ્ટિમીડિયા વિશ્લેષણ

ફોટોગ્રાફ્સમાંથી પેટર્ન, ચહેરાઓ, અવાજો, ઓબ્જેક્ટ્સ અને કીવર્ડ્સ, સેંકડો વિડિઓ ક્લિપ્સ અને કલાકોના ઓડિયો રેકોર્ડિંગ્સને ઓળખે છે. તે બહુવિધ મીડિયા પ્રકારોની માહિતીને પણ લિંક કરી શકે છે.

### ડિસિઝન સપોર્ટ સિસ્ટમ :

હુમલો કરવાનો શ્રેષ્ઠ સમય અથવા કયો માર્ગ સૌથી સલામત છે તે નક્કી કરવા માટે બાકીની એઆઇ સિસ્ટમના પરિણામોનું વિશ્લેષણ કરે છે. તે જટિલ પરિસ્થિતિઓમાં માહિતીને સ્પષ્ટ કરે છે, જોખમોના દરેક પાસાને સમજાવે છે.



## ૬ પોઇન્ટમાં સમજો, કેવી રીતે વિકાસ થયો

- આ એઆઇ પ્રણાલીઓનો મોટો ભાગ યુનિટ ૮૨૦૦ ની અંદર તૈયાર કરવામાં આવ્યો જે એઆઈ બીઆઈજી ઇઝરાયલનું પ્રીમિયર સિગ્નલ ઇન્ટેલિજન્સ યુનિટ છે.
- ગૂગલ, મેટા (ફેસબુક), માઇક્રોસોફ્ટ, ઇઝરાયેલી રિઝર્વ સૈનિકો જેવી વૈશ્વિક ટેક કંપનીઓના ભૂતપૂર્વ કર્મચારીઓ આ વિકાસમાં સામેલ થયા હતાં.
- ઇઝરાયેલે માઇક્રોસોફ્ટ, ઓપનએઆઇ, ગૂગલ, એમેઝોન જેવી અમેરિકન કંપનીઓના કોમર્શિયલ એઆઇ મોડલ્સ, ક્લાઉડ સેવાઓનો ઉપયોગ કર્યો હતો.
- પ્રોજેક્ટ નિમ્બસ ઇઝરાયલ સરકારનો ગૂગલ અને એમેઝોન સાથેનો ક્લાઉડ કમ્પ્યુટિંગ પ્રોજેક્ટ છે, જયાંથી ઇન્ફ્રાસ્ટ્રક્ચર મળી આવ્યું હતું.
- અમેરિકન કંપની વોલન્ટિયર, જે ડેટા એનાલિટિકસમાં નિષ્ણાત છે, તે ડેટા ઇન્ટિગ્રેશન અને વિશ્લેષણમાં ઇઝરાઇલી ઇન્ટેલિજન્સને પણ મદદ કરે છે.
- ઇઝરાયલની યુનિવર્સિટીઓ પણ એઆઈના વિકાસમાં ફાળો આપે છે, ખાસ કરીને એઆઈ સંશોધન અને વિકાસમાં મદદરૂપ થઈ હતી.

# કોસ્ટગાર્ડ માટે બનાવાયેલુ ‘અચલ’ જહાજ તરતુ મુકાયુ

## ૮માંથી પ્રથમ જહાજ લોન્ચઃ દરિયાઈ સુરક્ષા-આત્મ નિર્ભરતા માટે મહત્વનું કદમ

પણજી તા.૧૭

ગોવા શિપયાર્ડ લિમિટેડએ ભારતીય કોસ્ટ ગાર્ડ માટે બનાવવામાં આવી રહેલા આઠ ફાસ્ટ પેટ્રોલ જહાજોમાંથી એકનું સફળતાપૂર્વક લોન્ચિંગ કર્યું હતું. આ જહાજનું નામ ‘અચલ’ રાખવામાં આવ્યું છે.



આ જહાજ કવિતા હરબોલાએ પરંપરાગત વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે સમુદ્રમાં લોન્ચ કર્યું હતું. આ પ્રસંગે કોસ્ટ ગાર્ડના અધિક મહાનિર્દેશક અનિલ કુમાર હરબોલા સહિત ઘણા વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.

GSL ખાતે ભારતીય કોસ્ટ ગાર્ડ માટે આઠ ઝડપી પેટ્રોલ જહાજો બનાવવામાં આવી રહ્યા છે.

આ કરાર ૨૦૨૨ માં કરવામાં આવ્યો હતો. તે ૬૦ ટકાથી વધુ સ્વદેશી સામગ્રી સાથે બનાવવામાં આવી રહ્યું છે. સ્વદેશી સામગ્રીથી રચાયેલ આ જહાજ દરિયાઈ દેખરેખ, સુરક્ષા અને પેટ્રોલિંગમાં મદદ કરશે. તેનું નિર્માણ આત્મનિર્ભરતા તરફ એક મજબૂત પગલું છે.

### વિશેષતાઃ

- આ જહાજ ભારતમાં જ ડિઝાઇન કરાયું છે અને બનાવવામાં આવ્યું છે.
- તેના ૬૦% થી વધુ ભાગો દેશમાં બનાવવામાં આવે છે, જેના કારણે તેને આત્મનિર્ભર ભારત તરફ એક મોટું પગલું માનવામાં આવી રહ્યું છે.
- આ જહાજ ૫૨ મીટર લાંબુ છે અને ૨૭ નોટ (લગભગ ૫૦ કિમી પ્રતિ કલાક) ની ઝડપે મુસાફરી કરી શકે છે.
- આનાથી કોસ્ટ ગાર્ડને દરિયાઈ દેખરેખ, સુરક્ષા અને પેટ્રોલિંગમાં મદદ મળશે.
- આ પ્રોજેક્ટથી સ્થાનિક ઉદ્યોગો, MSME કંપનીઓ અને મજૂરોને રોજગાર મળ્યો છે.
- ‘અચલ’નું લોન્ચિંગ ભારતની દરિયાઈ સુરક્ષા અને આત્મનિર્ભરતા તરફ એક મજબૂત પગલું છે.

## આજનું ચિંતન



### પરિસ્થિતિ

- **પરિસ્થિતિ એક જ હોય છે, નિષ્ફળ વ્યકિત પાસે કારણો હોય છે અને સફળ વ્યકિત પાસે તારણો હોય છે.**
- **પરિસ્થિતિ ગમે તેવી હોય પણ મકકમ રહેજો, યોગ્ય સમય આવતા ખાટી કેરી પણ બદલાઈને મીઠી થઈ જાય છે.**
- **પરિસ્થિતિ વિપરીત હોય ત્યારે ‘પ્રભાવ’ અને ‘પૈસા’ નહીં પણ સ્વભાવ અને સબંધ કામ આવે છે.**
- **પરિસ્થિતિથી મોટો અને ખોટો દેખાડો માણસને કરજમાં ડૂબાડી દે છે.**
- **પરિસ્થિતિની પાઠશાળા જ માણસને વાસ્તવિક શિક્ષણ આપે છે.**
- **પરિસ્થિતિની ચિંતા ના કરો, તમે જે સ્થાને છો તેનાથી ઉપર જવાની કોશિષ કરો પ્રયત્નો કદી નિષ્ફળ જતા નથી.**
- **આજે માણસ બે પરિસ્થિતિમાં જીવે છે સૂવે ત્યારે સમાધિ, જાગે ત્યારે ઉપાધિ.**
- **કેવી દુઃખદ પરિસ્થિતિ છે આપણી ? ખોટી પ્રશંસા આપણને ગમે છે અને સાચી ટીકાથી આપણે ત્રાસી જઈએ છીએ.**

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧ : વીર સંવત- ૨૫૫૧, શાલિવાહન સંવત-૧૯૪૬
જેઠ વદ-૭, તા.૧૮/૬/૨૫, બુધવાર

સૂર્યોદય : ૬-૦૪, સૂર્યાસ્ત : ૭-૩૦, જૈન નવકારશી : ૬.૫૨
રાશિ : કુંભ (ગ.સ.શ.ષ.), ૧૮.૩૪થી મીન (દ.ચ.ઝ.થ.)

**ગૌચરના ગ્રહો**
સૂર્ય-મિથુન, મંગળ-સિંહ, રાહુ-કુંભ, કેતુ-સિંહ, બુધ-મિથુન, ગુરૂ-મિથુન, હર્ષલ-વૃષભ, પ્લુટો-મકર, શુક્ર-મેષ, શનિ-મીન, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-કુંભ

**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ


## રાશીફળ

**મેષ :** દિવસ દરમ્યાન સતત કાર્યભાર રહેવાનો, શકિતઓનો યોગ્ય ઉપયોગ કરજો, ભાગીદારી યોજનામાં સફળતા મળવાની.
**વૃષભ :** વધુ પડતી મહત્વકાંક્ષાને કાબુમાં રાખજો, ખર્ચ ઉપર કાબુ રાખજો, વિજાતીય સંબંધોમાં મતભેદોની શકયતા ઉભી થાય.
**મિથુન :** સામાજિક પ્રતિષ્ઠા વધવાની ટેકનીકલ લાઈનમાં સફળતા મળવાની, દોડધામથી જાળવવું, ભાઈ બહેનોથી લાભ રહે.
**કર્ક :** મહત્વના કાર્યો ઉપર અંગત ધ્યાન દેજો, આવકનું પ્રમાણ જળવાઈ રહે, ધાર્મિક સંસ્થામાં સારો હોદો મેળવશો.
**સિંહ :** મહેનતનું ફળ મળવાનુ છે, નોકરીમાં અધિકારીઓ સાથે સુમેળ વધવાનો, વિદેશ સાથેના વ્યવસાયમાં સફળતા મળે.
**કન્યા :** ભાગીદારો સાથે વ્યવસાય વધારવાનું આયોજન સફળ થાય, આત્મવિશ્વાસ વધારે તેવા મિત્રોથી લાભ રહે.
**તુલા :** જન્મના ગ્રહો પ્રમાણે નિતનવા વિચારો રહે, સાંજ પછીનો સમય ન ધારેલી સફળતા, પ્રવાસની ઈચ્છા ફળે.
**વૃશ્ચિક :** વ્યકિતત્વનો લાભ મળવાનો, આત્મવિશ્વાસ વધારવો, ભૌતિક સુખનો લગાવ પણ રહેવાનો છે.
**ધન :** પ્રતિષ્ઠા વધવાની, જનસંપર્ક બાબત સફળતા રહે, કુટુંબના સભ્યો સાથે ઉપેક્ષિત વલણ ન રાખવું.
**મકર :** વિશેષ લાભ સાઈડ બિઝનેસથી મળે, નોકરીમાં ધ્યાન રાખવુ જરૂરી રહે, માનસિક તનાવ રહેવાનો.
**કુંભ :** મહત્વના કાર્યોમાં ધ્યાન દેજો, નજીકની વ્યકિતથી સહકાર ન રહે, સ્વાસ્થ્ય બાબત સાધારણ નબળુ.
**મીન :** લાગણીઓને યોગ્ય રીતે રજુ કરવાની સલાહ છે, સગાઈ લગ્નના કાર્યોમાં સફળતા રહેવાની.

# મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત



■ માધવી નરેશ શાહ ■



### આડી ચાવી

૧. સુરતનું પ્રતિષ્ઠિત અખબાર (૬)
૪. બોમ્બે (૩)
૬. મજબુત, સખત (૩)
૭. રખડુ (૪)
૧૦. ઇડલી માટેનો શબ્દ (૩)
૧૨. સર..., ...પાર (૨)
૧૩. વાસના (૩)
૧૫. પતિના ફાધરની વાઇફ (૨)
૧૬. મૃત્યુનો ‘શોક’ (૩)
૧૭. જીતેન્દ્રની એક ફિલ્મ (૫)
૧૯. સાંજ (૨)
૨૦. કોર્ટ જોડણી છુટ્ટી પાડો (૩)
૨૧. અમિતાભ-વિજય આનંદની ફિલ્મ (૬)
૨૪. ફરિયાદ (૨)
૨૫. હવા ખાવાનો પેલેસ (૫)
૨૭. પતિ સાથે ચિતા પર ચડવાની પ્રથા (૪)
૨૮. તમારી વાત...ખોટી છે (૩)

### ઉભી ચાવી

૧. રાહથી ભટકી ગયેલો (૪)
૨. કચ્છનું એક નગર (૩)
૩. મુંબઇનું ટેબ્લોઇડ ગુજરાતી અખબાર (૩)
૪. ગુજરાતી ભાષાનું જુનુ અખબાર (૭)
૫. ગાડામાં બંધાતુ પશુ (૩)
૮. ટપાલ હિન્દી (૨)
૯. લસણ હિન્દી (૪)
૧૧. સાવજનું વિશેષણ (૪)
૧૪. એક બદનામ પંચાયત (૨)
૧૫. ...ગયા, લિસોટા રહ્યા (૨)
૧૭. ભારતનું એક શહેર (૫)
૧૮. અણમોલ - હિન્દી (૩)
૨૦. કોમ વચ્ચેનો વિગ્રહ (૪)
૨૨. રિલીફ (૩)
૨૩. એક વાદ્ય (૩)
૨૪. ગાયક : ... વિહારી દેસાઇ (૨)
૨૬. ...વચન અને કર્મ (૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| હ | ર | ફ | ન | મૌ | લા | | મુ | દ | ત |
| વા | ચા | ળ | | લિ | ખ | | દ્દા | | જ |
| | વિ | | શુ | ક | ન | | મા | મી | |
| અ | | ગ | | કો | | મો | લ | | અ |
| બ્રા | હ્મ | ણ | | ટ | ક્ક | ર | | સા | ડી |
| હ | | વે | | ક | | | ક | ક | ક |
| મ | | શ | ક | | ભા | પ | | | ડી |
| લિં | | | લા | ખા | વ | ડ | | હ | વા |
| ક | | અ | કા | લ | | ત | | લ | વ |
| ન | ળ | | ર | | પ | ર | સે | વો | |



ઈરાન પર ઈઝરાયલના હુમલાએ દર્શાવ્યું આપ્યું છે કે ઈઝરાયલ કે અમેરિકા હવે વધુ કોઈપણ મુસ્લિમ દેશ અણુ તાકાત બને તે સ્વીકારશે નહીં અને એ ૧૯૮૦માં એ પણ આયોજન હતું કે પાકિસ્તાનની અણુ ક્ષમતાને તોડી પાડવામાં આવે આ માટે ઈઝરાયલે ભારતને ઓફર કરી હતી જામનગર અને ઉધ્ધપુરના એરબેઝ પરથી હુમલાની બ્લુ પ્રિન્ટ પણ બની ગઈ હતી અને આ માટે ઈઝરાયલી હવાઈ દળના એફ-૧૬ સહિતના ફાઈટર વિમાન તૈયાર હતા અને ભારતના જગુઆરની પણ પાકિસ્તાનમાં ઉંડે જઈને તૈયારી હતી પણ અચાનક જ શા માટે આ પ્લાન કેન્સલ થયો ?

### પાકિસ્તાને જે રીતે ઈસ્લામિક બોમ્બ બનાવ્યો હોવાનો દાવો કર્યો હતો તેથી ભારત જ નહીં સૌથી મહત્વનું ભવિષ્યમાં ઈઝરાયલ માટે પણ એક સૌથી મોટુ જોખમ સર્જાયુ છે

# ઈઝરાયલ એક સમયે પાકિસ્તાનની અણુ બોમ્બ ક્ષમતાને પણ ખત્મ કરવા માંગતુ હતું !



પાકિસ્તાને ઘાસ ખાઈને પણ અણુ બોમ્બ બનાવવાની જાહેરાત કરી હતી કારણ કે તે જાણીતું હતું કે સીધી લડાઈમાં ભારતને કદી તે પરાજીત કરી શકશે નહીં પણ જો અણુ બોમ્બ હશે તો ભારત હુમલાનું જોખમ લેશે નહીં અને તેથી જ ભારતના અણુ કાર્યક્રમના પગલે પાકિસ્તાને પણ અણુ તાકાત મેળવી લીધી અને તેને ઈસ્લામિક બોમ્બ નામ આપ્યું અને તેનાથી ઈઝરાયલ ભડક્યું તે જાણતું હતું કે પાકિસ્તાનના અણુ બોમ્બ જો લીબીયા કે અન્ય ઈસ્લામિક દેશોના હાથમાં આવે તો તેનું પ્રથમ નિશાન ઈઝરાયલ જ બનશે અને તેથી જ ઈઝરાયલના તત્કાલીન વડાપ્રધાન બેગીને ભારતના તે સમયના વડાપ્રધાન ઈન્દિરા ગાંધીને પાક.ના અણુમથકોને ખત્મ કરવાની ઓફર કરી હતી




એક સમાચારે દુનિયાને ચોંકાવી દીધા જેમાં ઈરાનીયન સ્ટેટ ટેલીવિઝનના એક કાર્યક્રમ સમયે ઈરાનના એક ટોચના ઓફિસર જનરલ મોહસીન રેઝીએ એવો દાવો કર્યો કે જો ઈઝરાયલ ઈરાન ઉપર હુમલા વધારશે અને મધ્ય પૂર્વમાં તનાવ વધશે તો પાકિસ્તાન ઈરાન ઉપર અણુ બોંબ ફેંકી શકે છે. તેમણે એમ પણ કહ્યું કે પાકિસ્તાનને અમને આ ખાતરી આપી છે. આ વાકય બોલનાર ઈરાનના રેવોલ્યુશનરી ગાર્ડ કોર્પના સીનીયર અધિકારી છે અને નેશનલ સિકયુરીટી કાઉન્સીલના સભ્ય પણ છે. જોકે પાકિસ્તાને પોતે આવું કોઈ કરવા કહ્યું હોવાનો ઈન્કાર કર્યો પરંતુ એ વાસ્તવિકતા છે કે આજે જેમ ઈરાનનો અણુ કાર્યક્રમ એ ઈઝરાયલ અને અમેરિકા માટે સૌથી મોટું જોખમ બની ગયું છે અને તેના કારણે જ ઈઝરાયલે હવે ઈરાનના અણુ કાર્યક્રમને અને તેની લશ્કરી તાકાતને પૂરી રીતે તોડી પાડવા માટે અભિયાન છેડયું છે. પરંતુ ઈસ્લામિક દેશોમાં એક માત્ર પાકિસ્તાન જ અણુ બોમ્બ ધરાવે છે તેને ભુતકાળમાં ઈસ્લામિક બોમ્બ તરીકે પણ નામ આપ્યું હતું આમ કહીને પાકિસ્તાને મુસ્લિમ દેશો માટે પોતે અણુ રાષ્ટ્ર બન્યું છે તેવો સંદેશ આપવા પણ પ્રયત્ન કર્યો અને સૌથી વધુ જોખમ ભારત માટે જ છે કે પાકિસ્તાને ભારતના અણુ કાર્યક્રમના પગલે પોતે ઘાસ ખાઈને પણ અણુ બોમ્બ બનાવશે તેવી જે શેખી મારી હતી તેને વાસ્તવિકતા બનાવી છે. પરંતુ એક સમયે ઈઝરાયલના ટાર્ગેટ પર પાકિસ્તાનનો અણુ કાર્યક્રમ હતો અને કદાચ ભવિષ્યમાં હોઈ પણ શકે છે.

વાસ્તવમાં એક નવા સનસનીખેજ ધડાકા મુજબ ૧૯૮૦માં ઈઝરાયલે જ પાકિસ્તાનના કાહુટા અણુ મથકને ઉડાવી દેવાની ભારત સમક્ષ ઓફર કરી હતી અને આ વાત ધ ગ્લોબલ વેપનર્સ કોન્સ્પીરન્સીમાં બે લેખક એડ્રીલીયન લેવી અને કેથરીન સ્કોટ-કલાર્કએ લખી છે અને તેમાં જણાવાયું છે કે પાકિસ્તાને જે રીતે ઈસ્લામિક બોમ્બ બનાવ્યો હોવાનો દાવો કર્યો હતો તેથી ભારત જ નહીં સૌથી મહત્વનું ભવિષ્યમાં ઈઝરાયલ માટે પણ એક સૌથી મોટુ જોખમ સર્જાયુ હતું. ઈઝરાયલના પ્લાન મુજબ આ માટે અમેરિકી લડાયક વિમાન એફ-૧૬ તથા એફ-૧૫નો તે સમયે ઉપયોગ કરવાનો હતો અને તે માટે જામનગર અને ઉધ્ધમપુર એમ બે એરબેઝ કે ભારત હવાઈ દળના છે તેનો ઉપયોગ કરીને આ હુમલો કરી શકયો હતો અને ભારતે તેમાં પાકિસ્તાન ઉપર અંદર સુધી સ્ટ્રાઈક કરવા જેગુઆર વિમાનને તૈયાર રાખવાના હતા વાસ્તવમાં ૧૯૮૧માં જ ઈઝરાયલે બાદમાં ઈરાકના ઓસીરાક રીએક્ટર પર હુમલો કર્યો હતો અને ઈઝરાયલે ભારતને આ ઓફર કરી તે સમયે શ્રીમતી ઈન્દિરા ગાંધી દેશના વડાપ્રધાન હતા અને એક તબક્કે તે પ્લાન મંજૂર પણ કર્યો હતો. પરંતુ બાદમાં તેણે એટલા માટે મુલત્વી રાખ્યો કે તેઓ આ યશ રાજીવ ગાંધીને આપવા માંગતા હતા ઈન્દિરાએ તે સમયે પોતાના વારસદાર તરીકે રાજીવ ગાંધીને તૈયાર કરવાની શરૂઆત કરી દીધી હતી અને તેઓ માનતા હતા કે બહુ જલ્દી રાજીવને તેઓ સુકાન સોંપી શકે છે. પરંતુ તે સમય પછી કદી આવ્યો જ નહીં.

ઈઝરાયલે જોકે આ પ્લાન હવામાં ન બનાવ્યો હતો તેણે અગાઉ પાકિસ્તાનના અણુ મથક અને પાકિસ્તાનની ક્ષમતાની એક બ્લુ પ્રિન્ટ પણ તૈયાર કરી હતી. વાસ્તવમાં ઈઝરાયલ પાકિસ્તાનના અણુ કાર્યક્રમને ખત્મ કરવા ભારતથી પણ વધુ આક્રમક હતું અને ૧૯૬૫ તથા ૧૯૭૧ના યુધ્ધમાં પરાજીત થયા બાદ પાકિસ્તાન અણુ બોમ્બ બનાવવા કોઈપણ ભોગે આગળ વધવા માંગતુ હતું અને તે સમયના પાકિસ્તાનના વડાપ્રધાન ઝુલ્ફીકાર અલી ભુટ્ટોએ પણ કહ્યું હતું કે ઘાસ ખાઈને પણ અમે અણુ બોમ્બ બનાવશું કારણ કે તેને એક ખાતરી હતી કે એક વખત પાકિસ્તાન અણુ રાષ્ટ્ર બની જાય તો ભારત તેના પર હુમલો કરવાની કદી ભુલ કરશે નહીં અને સંભવતઃ પાકિસ્તાનની આ વ્યુહરચના સાચી પણ હતી. ૧૯૭૧ બાદ કદી પણ ભારત અને પાકિસ્તાન વચ્ચે પૂર્ણ યુધ્ધ થયું નથી. ૧૯૯૯ની કારગીલ લડાઈ એ જુદી બાબત હતી. પરંતુ હાલના ઓપરેશન સિંદુર સમયે પણ પાકિસ્તાને ભારતને અણુબોમ્બની ધમકી આપી હતી તે વાસ્તવિકતા છે.

જોકે પાકિસ્તાન કરતા ભારત વહેલું અણુ રાષ્ટ્ર બની ગયું ૧૯૭૪માં તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ પહેલો અણુ ધડાકો કર્યો તેનાથી અમેરિકા પણ સમસમી ઉઠી હતી. જોકે બાદની મોરારજી દેસાઈ સરકાર એ તે કાર્યક્રમને વધુ આગળ વધવા દીધો નહીં તે અલગ બાબત છે અને પાકિસ્તાનને પોતાનો ઈસ્લામિક બોમ્બ બનાવવાની તક પણ આપી દીધી હતી.

ભારતમાં તે સમયે રાજકીય સ્થિરતા સતત ચાલુ હતી. ૧૯૭૮માં ઈન્દિરાના પરાજય અને ત્યારબાદ મોરારજી દેસાઈ તેમજ ચરણસિંઘ સહિતની સરકાર આવીને ગઈ ભલે ચૌધરી ચરણસિંઘે ૪૯ દિવસ જ રાજ કર્યુ પરંતુ તે સમયે ઈઝરાયલના વડાપ્રધાન બેગીને પણ બ્રિટીન વડાપ્રધાન માર્ગારેટ થેચરને પત્ર લખીને પાકિસ્તાનના અણુ કાર્યક્રમ અંગે ચિંતા વ્યકત કરી હતી.

### શા માટે ઈન્દિરાએ પીછેહઠ કરી તેના પણ અનેક કારણો છે તે જ સમયે સોવિયેટ સંઘે અફઘાનિસ્તાનમાં ઘુસણખોરી કરી હતી અને અમેરિકા માટે પાકિસ્તાન મહત્વનું બની ગયું હતું, ભારતમાં પણ આંતરીક રીતે એક તરફ પંજાબમાં ત્રાસવાદ વધી રહ્યો હતો અને બીજી તરફ કાશ્મીર પણ વધુ સળગવાનું શરૂ થયું હતું, ઈન્દિરા માનતા હતા કે એક વખત ઈઝરાયલ હુમલો કરીને ખસી જશે પણ પરિણામ ભારતને જ ભોગવવાના આવશે તેથી જ તેઓએ આંતરિક રીતે ભારતની પરિસ્થિતિ ઉપર કાબુ લેવાનો નિર્ણય લીધો, ઈઝરાયલના વડાપ્રધાને બ્રિટનના તે સમયના વડાપ્રધાન માગરિટ થેચર સમક્ષ પણ પાકિસ્તાનના અણુ બોમ્બ અંગે ચિંતા વ્યકત કરી હતી

ખાસ કરીને પાકિસ્તાન અને લીબીયા વચ્ચે જે નજીકના સંબંધ હતા તેથી ઈઝરાયલનો ડર હતો કે પાકિસ્તાન તે સમયના લીબીયાના વડા કર્નલ ગદ્દાફીને અણુ બોમ્બ સોંપશે અને જો તેમ થાય તો તે ઈઝરાયલ માટે પણ મોટું જોખમ હશે અને તેથી જ તે પાકિસ્તાનના અણુ કાર્યક્રમને ખત્મ કરવા માટે આતુર હતું. અને ઈઝરાયલ તેમાં સાચુ પણ પડયું એક વર્ષ બાદ જ પાકિસ્તાનના અણુ કાર્યક્રમના માસ્ટર માઈન્ડ અણુ વૈજ્ઞાનિક અબ્દુલ કાદીર ખાને આ અણુ ટેકનોલોજી લીબીયા અને અનેક દેશોને વેંચી હોવાનો પણ બહાર આવ્યું હતું. ઈઝરાયલની તે સમયને બેગીન સરકારે ઈરાકના ઓસીરાકના મથક પર હુમલો કર્યો અને તેમને ભય હતો કે સદામ હુસેન પણ અણુ શસ્ત્ર બનાવવા માંગે છે જોકે બાદમાં તેમાં ઘટસ્ફોટ થયો કે સદામ હુસેન પાસે કદી આવી ટેકનોલોજી હતી જ નહીં પરંતુ ઈઝરાયલ જાણતું હતું કે જો કોઈ ઈસ્લામિક દેશ અણુ રાષ્ટ્ર બનશે તો તેનું મુળ પાકિસ્તાનમાં હશે અને તે સમયના પાકિસ્તાનના લશ્કરી શાસક તરીકે ઝીયા ઉલ હકક હતા જેઓ પણ ઈસ્લામિક શાસક તરીકે પોતાને ઓળખાવવામાં જરા પણ સંકોચ રાખતા ન હતા.

પ્રશ્ન એ છે કે શા માટે ઈન્દિરા ગાંધીએ ઈઝરાયલના આ પ્લાનને મંજૂર રાખ્યો નહીં પરંતુ તે માટે તેમની પાસે અનેક કારણો હતો ખાસ કરીને પંજાબમાં ત્રાસવાદ સતત વધી રહ્યો હતો એટલું જ નહીં અફઘાનિસ્તાનમાં સોવિયેટ સંઘની ઘુષણખોરી અને અમેરિકાએ જે રીતે તેને ખદેડવા માટે પાકિસ્તાનનો સહયોગ લીધો તેના કારણે પણ પરિસ્થિતિ જુદી બની હતી. જમ્મુ કાશ્મીર પણ ઉકળી રહ્યું હતું. ખાસ કરીને જમ્મુ કાશ્મીર લીબ્રેશન ફંડના સ્થાપક મકબુલ ભાટને જે રીતે ફાંસીએ ચડાવ્યા તે પછી ઈન્દિરા માટે પડકાર વધ્યા હતા અને સીયાચીન ગ્લેશીયરમાં પણ પાકિસ્તાન સાથે ભારતને ટકકર વધી ગઈ હતી. બીજી વાત એ પણ હતી ઈઝરાયલ એક વખત હુમલો કરીને ખસી જશે પણ તેના પરિણામ ભારતને જ ભોગવવા જ પડશે અને પાકિસ્તાન એટલું ક્ષમતા નહીં ધરાવતું હોય કે તે છેક ઈઝરાયલ પર જઈને હુમલો કરી શકે છે. આ ઉપરાંત ભારતને તે સમયે અમેરિકા સાથે પણ ડીલ કરવાની હતી અફઘાનિસ્તાનના પગલે અમેરિકા અને પાકિસ્તાનની દોસ્તી જામી હતી અને એક અહેવાલ એવા પણ છે કે અમેરિકી જાસુસી એજન્સી સીઆઈએના એજન્ટે આ અંગે પાકિસ્તાનને માહિતી આપી હતી પાકિસ્તાન તેની સામે તૈયારી કરવા અમેરિકા પાસેથી એફ-૧૬ ફાઈટર વિમાન મેળવી લીધા હતા. બાદમાં ૧૯૮૪માં ઈન્દિરા ગાંધીની હત્યા તથા ૧૯૮૮માં ઝીયા ઉલ હકક પણ માર્યા ગયા પછી આ પ્લાન ઉપર કાયમ માટે પડદો પડી ગયો અને પાકિસ્તાનનો અણુ કાર્યક્રમ આગળ વધ્યો જેના કારણે આજે પણ પાકિસ્તાન ભારતને અણુ ધમકી આપી શકે છે.

# વિજ્ઞાપનની કમાણીમાં વિશ્વમાં સ્ટીફન નંબર-૧

પોર્ટુગલનો લેજન્ડરી ફૂટબોલર ક્રિસ્ટીયાનો રોનાલ્ડો વર્ષ ૨૦૨૪માં સૌથી વધુ કમાણી કરનારો ખેલાડી હતો, પરંતુ શું તમે જાણો છો કે બાસ્કેટબોલ ખેલાડી સ્ટીફન કરી અને બેઝબોલ ખેલાડી શોહેડ ઓહતાની જાહેરાતોમાંથી થતી કમાણી સૌથી વધારે છે.




## સ્ટીફન અને ઓહતાની કુલ કમાણીમાં પાછળ

અમેરિકામાં બાસ્કેટબોલ અને બેઝબોલ સૌથી વધુ લોકપ્રિય છે અને અહીંનું બજાર પણ વિશાળ છે. આ કારણે સ્ટીફન કરી અને શોહે ઓહતાની વિજ્ઞાપનમાં કિંગ છે. પરંતુ ફૂટબોલ એ વિશ્વની સૌથી લોકપ્રિય રમત છે. આ કારણે સૌથી વધુ કમાણીમાં રોનાલ્ડો સૌથી આગળ છે.

| ખેલાડી | કમાણી | રમત |
|---|---|---|
| ક્રિસ્ટિયાનો રોનાલ્ડા | ૨૩૭૧ કરોડ રૂપિયા | ફુટબોલ |
| સ્ટીફન કરી | ૧૩૪૫ કરોડ રૂપિયા | બાસ્કેટબોલ |
| સોહી ઓહતાની | ૮૮૯ કરોડ રૂપિયા | બેઝબોલ |

# ૨૦ જુનથી ઈંગ્લેન્ડ સામે પાંચ ટેસ્ટ મેચની સિરીઝ

## નવી 'કેપ્ટન કેરિયર'ની કસોટી માટે ગિલ તૈયારઃ 'રોહિતના રસ્તે ચાલીશ'



લંડન, તા.૧૭

શુભમન ગિલ ઈંગ્લેન્ડમાં પોતાની પહેલી ટેસ્ટ માટે સંપૂર્ણપણે તૈયાર છે. ગિલની સાથે, યુવા ટીમને પણ ઈંગ્લેન્ડમાં રેડ બોલ ક્રિકેટમાં કઠિન કસોટીનો સામનો કરવો પડશે. ટીમ ૧૮ વર્ષમાં ઈંગ્લેન્ડમાં પોતાની પહેલી શ્રેણી જીતવા પર નજર રાખી રહી છે. ટીમે ૨૦૦૭ થી ઈંગ્લેન્ડ સામે તેમના ઘરે શ્રેણી જીતી નથી. પાંચ મેચની શ્રેણી સાથે, ભારતીય ટીમ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (ઠઝઈ) ના નવા ચક્રની પણ શરૂઆત કરશે.

''મેં ક્યારેય સ્વપનમાં પણ વિચાર્યું ન હતું કે હું ભારતીય ક્રિકેટ ટીમનો કેપ્ટન બનવા માંગુ છું. તેથી બધી ટ્રોફી હોવા છતાં, હું એક એવી ટીમ સંસ્કૃતિ બનાવવા માંગુ છું જ્યાં દરેક વ્યક્તિ ખૂબ જ સુરક્ષિત અને ખુશ હોય. હું જાણું છું કે તે ખૂબ જ મુશ્કેલ હોઈ શકે છે. ખાસ કરીને બધી સ્પર્ધાઓ અને આપણે જેટલી મેચ રમીએ છીએ તે સાથે, ત્યાં અલગ અલગ ટીમો છે. પરંતુ જો હું તે કરી શકું, તો મને લાગે છે કે તે મારું લક્ષ્ય હશે. તેથી સલામત વાતાવરણ જાળવવું અને ખેલાડીને તેમની ક્ષમતાઓ અને ક્ષમતાઓમાં સુરક્ષિત અનુભવ કરાવવો એ સૌથી મહત્વપૂર્ણ બાબતોમાંની એક છે જે મને લાગે છે કે એક નેતાએ કરવી જોઈએ,'' ગિલે રવિવારે જણાવ્યું હતું.

ગિલે સ્વીકાર્યું કે રોહિત શર્માએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાથી તેના માટે એક સ્પષ્ટ રસ્તો ખુલ્યો છે. તેણે કહ્યું કે, એવું લાગે છે કે તે આક્રમક નથી. પરંતુ રોહિત તેની વ્યૂહરચનાની દ્રષ્ટિએ ખૂબ જ આક્રમક છે. તે એવી વ્યક્તિ છે જે મેચ પહેલા, શ્રેણી દરમિયાન અને તે પછી પણ ખેલાડીઓ પાસેથી શું ઇચ્છે છે તે અંગે ખૂબ જ સ્પષ્ટ છે.

**રોહિતના માર્ગે ચાલીશઃ** ગિલે કહ્યું કે તે હંમેશા ટીમનું નેતૃત્વ કરનાર રોહિતના માર્ગે ચાલવા માંગે છે. વ્યક્તિગત ખેલાડીઓ કરતાં તેને આગળ રાખો. તેમણે કહ્યું, રોહિત ભાઈ જે પ્રકારનું વાતાવરણ જાળવી રાખ્યું છે, ભલે રોહિત ભાઈ તમને ગાળો આપે, તમે તેને તમારા હૃદય પર નહીં લો. આ તેમનું વ્યક્તિત્વ છે. મને લાગે છે તે ખૂબ જ સારો ગુણ છે. તે મક્કમ છે પણ ભલે તે તમારા પર કઠોર હોય, તમે જાણો છો કે તે તેના હૃદયમાંથી નથી આવી રહ્યું. તે ટીમના દ્રષ્ટિકોણથી આવી રહ્યું છે. તેણે રોહિત સાથે ટીમના ભવિષ્ય વિશે વાતચીત કરી છે.

**શાર્દુલની સદીઃ** ટીમ બેકનહામમાં ઈન્ડિયા એ સામે પ્રેક્ટિસ મેચ રમી રહી છે. રવિવારે મેચના ત્રીજા દિવસે, શાર્દુલ ઠાકુરે ૧૨૨ રન બનાવીને ટીમમાં પોતાનો દાવો મજબૂત બનાવ્યો છે. તેણે ૧૯ રનથી પોતાની ઈનિંગની શરૂઆત કરી હતી. આગળ વધ્યું. પહેલા બીજા દિવસે, સફરાઝ ખાને પણ સદી ફટકારી હતી. જોકે, તેને ટીમમાં સામેલ કરવામાં આવ્યો નથી. તે ઈન્ડિયા એ તરફથી રમી રહ્યો છે. ગિલ અને રાહુલે પણ પહેલા દિવસે અડધી સદી ફટકારી હતી.

### બુમરાહની ગેરહાજરીમાં મુશ્કેલ કસોટી થશે

ગિલની કટોકટીની કસોટી ત્યારે થશે જ્યારે તેને મુખ્ય ઝડપી બોલર જસપ્રીત બુમરાહના બોલિંગ લોડ પર નિર્ણય લેવાનો હશે. મુખ્ય પસંદગીકાર અગરકરે પહેલાથી જ સ્પષ્ટ કરી દીધું હતું કે ભારતને આખી શ્રેણી માટે બુમરાહની સેવાઓ મળે તેવી શક્યતા ખૂબ જ ઓછી છે. ગિલે કહ્યું, તે મેચ ટુ મેચ પર આધારિત છે અને તે જોવાનું રહેશે કે તેના પર કેટલો વર્કલોડ છે. અમે આ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. તમારે જોવાની જરૂર છે કે આ ચોક્કસ મેચમાં તેના પર કેટલો બોજ હતો. અમે પૂર્વનિર્ધારિત માનસિકતા રાખવા માંગતા નથી. કારણ કે એવા ઘણા પરિબળો છે જે આગામી મેચ રમશે કે નહીં તે નક્કી કરવામાં તમારા પક્ષમાં નહીં હોય.

### ગૌતમની કોચિંગનો શૈલી અનુભવ

ગિલે IPLમાં કોલકાતા નાઈટ રાઈડર્સ સાથેના સમયથી ગંભીરની કોચિંગ શૈલીનો અનુભવ કર્યો છે. તેમને વિશ્વાસ છે કે તેઓ રાષ્ટ્રીય વાતાવરણમાં સારી રીતે ગોઠવાઈ જશે. તેમણે કહ્યું, ગૌતમ ભાઈ ખૂબ જ દૃઢ અને પ્રતિબદ્ધ છે. તેમના સંદેશાવ્યવહારમાં પણ આ વાત ખૂબ જ સ્પષ્ટ છે. તેઓ ટીમ કે ખેલાડીઓ પાસેથી કેવા પ્રકારના વલણ કે માનસિકતાની જરૂર છે તેના પર વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે.

### કોહલી પાસેથી ઘણું શિખ્યા

૨૫ વર્ષીય ગિલે એમ પણ કહ્યું કે તેણે વિરાટ કોહલીના નેતૃત્વમાંથી ઘણું શીખ્યું છે. તેણે કહ્યું, જ્યારે હું વિરાટના નેતૃત્વમાં રમતો હતો, ત્યારે મને લાગે છે કે ફિલ્ડિંગ, વિચારો અથવા ટેસ્ટ મેચોમાં તેની વિચારસરણીમાં તેની સક્રિયતા મને ગમતી હતી અને મેં તેને અપનાવી હતી. જો તેને લાગે કે આ યોજના કામ કરી રહી નથી તો તે તરત જ બીજી યોજના બનાવે છે. તે બોલરને કહે છે કે તે તેમની પાસેથી શું ઇચ્છે છે.

### નવા કેપ્ટનને પોતાની પાસેથી અપેક્ષાઓ છે

ગિલે નેતૃત્વની ભૂમિકા સંભાળતા પહેલા મુખ્ય કોચ ગૌતમ ગંભીર અને મુખ્ય પસંદગીકાર અજિત અગરકર સાથેની વાતચીતનો સાર પણ આપ્યો. ''તેઓ ફક્ત ઇચ્છે છે કે હું મારી જાતને એક નેતા તરીકે વ્યક્ત કરું. તેમણે મને કહ્યું છે કે કોઈ અપેક્ષાઓ નથી. તેઓ મારી પાસેથી એવું કંઈક કરવાની અપેક્ષા રાખતા નથી જે હું કરવા સક્ષમ નથી. પરંતુ એક નેતા અને ખેલાડી તરીકે તમને ચોક્કસપણે તમારી પાસેથી ચોક્કસ અપેક્ષાઓ છે. તેથી મને પણ મારી પાસેથી જ અપેક્ષાઓ છે,'' તેમણે કહ્યું.

# મહિલા ક્રિકેટ વર્લ્ડકપનો કાર્યક્રમ જાહેરઃ ઓપરેશન સિંદૂર બાદ ભારત-પાક. પ્રથમ મેચ રમશે!



## ભારત-પાક. ટીમો વચ્ચેનો મેચ ૫ ઓકટોબરે શ્રીલંકામાં રમાશે

મુંબઈ તા.૧૭

મહિલા ક્રિકેટ વનડે વર્લ્ડ કપ ૨૦૨૫ ભારત અને શ્રીલંકામાં ૩૦ સપ્ટેમ્બરથી ૨ નવેમ્બર દરમિયાન યોજાશે. ૮ ટીમો વચ્ચે ટુર્નામેન્ટમાં કુલ ૩૧ મેચ રમાશે, જેનું સંપૂર્ણ શેડ્યૂલ જાહેર કરવામાં આવ્યું છે.

મહિલા ODI વર્લ્ડ કપ ૨૦૨૫ ની પહેલી મેચ મંગળવાર, ૩૦ સપ્ટેમ્બરના રોજ બેંગલુરુના એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે રમાશે. આમાં યજમાન ભારત અને શ્રીલંકા એકબીજા સામે ટકરાશે. હાઈબ્રિડ મોડેલમાં યોજાનારી આ ઈવેન્ટમાં, પાકિસ્તાન ક્રિકેટ ટીમ તેની બધી મેચ કોલંબોના આર પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે રમશે.

યજમાન ભારત ઉપરાંત, વર્લ્ડ કપમાં ઓસ્ટ્રેલિયા, બાંગ્લાદેશ, ઈંગ્લેન્ડ, ન્યુઝીલેન્ડ, પાકિસ્તાન, દક્ષિણ આફ્રિકા અને શ્રીલંકાનો સમાવેશ થાય છે. રાઉન્ડ-રોબિન પછી, નોકઆઉટ તબક્કામાં ૨ સેમિફાઈનલ રમાશે.

ભારત અને પાકિસ્તાન વચ્ચેની આ મહિલા વર્લ્ડ કપ મેચ ૫ ઓક્ટોબરે રમાશે. આ મેચ શ્રીલંકાના કોલંબોના આર પ્રેમદાસા સ્ટેડિયમમાં રમાશે.

### વર્લ્ડકપમાં ભારતીય ટીમનો કાર્યક્રમ

**૩૦ સપ્ટેમ્બરઃ** ભારત વિરુદ્ધ શ્રીલંકા - બેંગલુરુ - બપોરે ૩ વાગ્યે
**૫ ઓક્ટોબરઃ** ભારત વિરુદ્ધ પાકિસ્તાન - કોલંબો - બપોરે ૩ વાગ્યે
**૯ ઓક્ટોબરઃ** ભારત વિરુદ્ધ દક્ષિણ આફ્રિકા - વિઝાગ - બપોરે ૩ વાગ્યે
**૧૨ ઓક્ટોબરઃ** ભારત વિરુદ્ધ ઓસ્ટ્રેલિયા - વિઝાગ - બપોરે ૩ વાગ્યે
**૧૯ ઓક્ટોબરઃ** ભારત વિરુદ્ધ ઈંગ્લેન્ડ - ઈન્દોર - બપોરે ૩ વાગ્યે
**૨૩ ઓક્ટોબરઃ** ભારત વિરુદ્ધ ન્યુઝીલેન્ડ - ગુવાહાટી - બપોરે ૩ વાગ્યે
**૨૬ ઓક્ટોબરઃ** ભારત વિરુદ્ધ બાંગ્લાદેશ - બેંગલુરુ - બપોરે ૩ વાગ્યે

પાકિસ્તાન મહિલા ક્રિકેટ ટીમ વર્લ્ડ કપની સેમિફાઈનલમાં પહોંચે છે, તો ૨૯ ઓક્ટોબરે પ્રથમ સેમિફાઈનલ મેચ કોલંબોમાં રમાશે, અને જો તે જીતીને ફાઈનલમાં પહોંચે છે, તો ટાઈટલ મુકાબલો પણ ત્યાં જ યોજાશે. જો પાકિસ્તાન સેમિફાઈનલમાં પહોંચવામાં નિષ્ફળ જાય છે, તો પ્રથમ સેમિફાઈનલ ગુવાહાટીમાં અને ફાઈનલ બેંગલુરુમાં યોજાશે.

## ચોમાસાના વિધિવત પ્રવેશ સાથે પ્રથમ જ સાર્વત્રિક મેઘસવારીથી ખેડુતો-લોકો ખુશ

# ગુજરાતના ૯૦ ટકા ભાગોમાં વરસાદઃ ૨૨૧ તાલુકામાં મેઘકૃપા

### વલસાડ, વડોદરા, ભરૂચ જેવા જીલ્લાઓમાં ભારે વરસાદઃ ચાલુ સપ્તાહમાં વરસાદી દોર જારી રહેવાની આગાહી





રાજકોટ તા.૧૭

ગુજરાતના અનેક ભાગોમાં નૈઋત્ય ચોમાસાના વિધિવત પ્રવેશ સાથે જ સાર્વત્રિક મેઘસવારી શરૂ થઈ ગઈ હોય તેમ રાજ્યના ૯૦ ટકા ભાગોમાં હળવોથી ભારે વરસાદ નોંધાયો હતો. સૌરાષ્ટ્રના ગઢડામાં સૌથી વધુ ૧૪ ઈંચ વરસાદ થવા સાથે દક્ષિણ તથા મધ્ય ગુજરાતમાં પણ નોંધપાત્ર વરસાદ વરસ્યો હતો. રાજ્યના ૨૫૨માંથી ૨૨૧ તાલુકામાં વરસાદ હતો.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના રીપોર્ટ પ્રમાણે ગુજરાતના તમામ ૩૩ જીલ્લાના ૨૨૧ તાલુકામાં વરસાદ વરસ્યો હતો. સૌરાષ્ટ્રના તમામ તાલુકામાં વરસાદ હતો. ગઢડામાં સૌથી વધુ ૨૫૨ મી.મી. હતો. રાજ્યમાં કુલ ૬૯.૭૨ મી.મી. વરસાદ થયો છે અને સિઝનના સરેરાશ કરતા ૭.૯૦ ટકા પાણી વરસી ગયુ છે.

સૌરાષ્ટ્ર ઉપરાંત દક્ષિણ તથા મધ્ય ગુજરાતમાં પણ મુશળધાર વરસાદ હતો. ઉત્તર ગુજરાતમાં જોર હળવુ હતુ. વલસાડના ઉમરગામમાં ત્રણ ઈંચ, નવસારી જીલ્લામાં સાર્વત્રિક એક ઈંચ, સુરતના ઓલપાડમાં સાડા ત્રણ ઈંચ, તાપીના ડોલવાનમાં બે ઈંચ પાણી વરસ્યુ હતું. ભરૂચના હાંસોટમાં સાડા પાંચ ઈંચ વરસાદથી નીચાણવાળા ભાગોમાં જળબંબાકારની હાલત હતી. અંકલેશ્વર

(અનુસંધાન ૧૨ મા પાને)

## અમદાવાદમાં ગાજવીજ સાથે ધોધમાર વરસાદઃ અંડરબ્રિજ જળબંબાકાર, ટ્રાફિકજામ અને વાહનો ખોટકાયા



અમદાવાદ, તા.૧૭

અમદાવાદ શહેરમાં વીજળીના કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. અચાનક આવેલા આ ભારે વરસાદને કારણે શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા, જેના પગલે જનજીવન પ્રભાવિત થયું હતું.

ગાજવીજ સાથે વરસેલા ધોધમાર વરસાદના કારણે અમદાવાદ શહેરના કેટલાક અંડરબ્રિજમાં પાણી ભરાઈ ગયા હતા, જેથી વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. અનેક મુખ્ય રસ્તાઓ પણ પાણી પાણી થઈ ગયા હતા. મોટાભાગના મુખ્ય રોડ અને ચાર રસ્તા પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. પાણી ભરાયેલા રસ્તા પર વાહન ચલાવનારાઓના વાહનો પણ ખોટકાયા હતા, જેને કારણે ટ્રાફિકની સમસ્યા વધુ વકરી હતી. કેટલીક જગ્યાએ સ્થાનિકોએ સ્વયંભૂ રીતે ગટરના ઢાંકણા પણ મહામહેનતે ખોલી નાખ્યા હતા, જેથી રસ્તા પર ભરાયેલું પાણી ઝડપથી વહી જાય અને લોકોને રાહત મળે.

ઘી કાંટા નજીક પોળ પાસે એક યુવકનું કરંટ લાગવાના કારણે મૃત્યુ થયું છે. ઈલેક્ટ્રિક થાંભલાનો વાયર ખુલ્લો હોવાના કારણે કરંટ લાગ્યો હતો.

# આજી-૧, ભાદર-૧માં પાણીની આવકના શુકન : સૌની યોજનાનું પાણી બંધ કરાયું

રાજકોટ, તા. ૧૭

સૌરાષ્ટ્રમાં ચોમાસુ એન્ટ્રી સાથે જ રંગમાં આવી ગયું છે. ભાવનગર, અમરેલી જિલ્લામાં તો એવો વરસાદ વરસ્યો છે કે જળાશયો છલકાયાના પણ અહેવાલ છે. તેવામાં રાજકોટ શહેર જિલ્લાના ડેમોમાં પણ ધીમા વરસાદથી પાણીની આવક શરૂ થઇ છે. રાજકોટને પીવાનું પાણી પુરૂ પાડતા આજી-૧ અને ભાદર-૧ ડેમમાં પાણીની સામાન્ય આવક થઇ છે. તો ન્યારી ડેમમાં સૌની યોજનાથી પાણીની આવક ચાલુ રહ્યા બાદ અને હવે ચોમાસુ બેસતા મહાપાલિકાએ સિંચાઇ વિભાગ પાસેથી નર્મદાનું આ પાણી લેવાનું બંધ કર્યુ છે.

### રાજકોટમાં ધીમી ધારે વરસાદથી જળાશયોમાં પણ સામાન્ય આવક : ન્યારીનું લેવલ નર્મદા નીરથી વધ્યું : જિલ્લાના કુલ ૯ સહિત સૌરાષ્ટ્રના ૨૨ ડેમોમાં વરસાદી પાણીની આવક શરૂ થતા રાહત

રાજકોટ જિલ્લાના ૯ સહિત સૌરાષ્ટ્રના ૨૨ જેટલા ડેમોમાં પાણીની આવક શરૂ થઇ છે.

૨૯ ફુટના આજી-૧ ડેમમાં ૦.૧૦ ફુટ પાણીની આવક થતા ડેમની સપાટી ૨૩.૫૦ ફુટ પર પહોંચી છે. સિંચાઇ વિભાગે ભાદરમાં પણ ૦.૭૯ અને ન્યારી-૧માં ૦.૩૩ ફુટ આવક થયાનું કહ્યું છે. જોકે મનપા વોટર વર્કસ વિભાગે ભાદરમાં કોઇ પાણી નહીં આવ્યાનું અને ન્યારીનો વધારો સૌની યોજનાના પાણીના કારણે હોવાનું કહ્યું હતું. ૩૪ ફુટના ભાદર ડેમનું લેવલ હાલ ૨૧.૪૦ ફુટ, ૨૫.૦૯ ફુટના ન્યારી-૧ ડેમનું લેવલ ૧૭.૭૦ ફુટ પર પહોંચ્યું છે. આ બાદ ગત રાતથી જ સૌની યોજનાનું પાણી લેવાનું બંધ કરાયું છે. આ રીતે રાજકોટને પીવાનું પાણી પુરૂ પાડતા ડેમોમાં વરસાદી પાણીની આવકના સામાન્ય સુકન થયા છે. આજી-૧ ડેમાં ૫૭૮.૭૩ અને ન્યારી-૧ ડેમમાં ૫૫૫.૯૭ એમસીએફટી જળ જથ્થો રહેલો છે.

દરમ્યાન સિંચાઇ વિભાગના રીપોર્ટ મુજબ રાજકોટ જિલ્લાના કુલ ૨૭ ડેમ પૈકી ૯ ડેમમાં પાણી આવ્યું છે. ન્યારી-૨માં ૦.૧૬, મોતીસરમાં ૦.૩૧, ફાડદંગ બેટીમાં ૦.૨૩, ભાદર-૨માં ૦.૨૦, ઘેલો સોમનાથમાં ૪ ફુટ પાણીની આવક થઇ છે.

આ સિવાય મોરબી જિલ્લાના મચ્છુ-૧ ડેમમાં ૦.૯૮, મચ્છુ-૨માં ૧.૫૭, ઘોડાધ્રોઇમાં ૪.૧૦, બ્રાહ્મણી-૨માં ૧.૯૭ ફુટ પાણીની આવક થઇ છે. જામનગર જિલ્લામાં ઉમિયાસાગર ડેમમાં ૨૪ કલાકમાં ૦.૦૭ ફુટ પાણી આવ્યું છે. દ્વારકા જિલ્લાના કોઇ જળાશયોમાં ૨૪ કલાકમાં પાણીની આવક થઇ નથી.

સુરેન્દ્રનગર જિલ્લામાં વાત કરીએ તો વઢવાણ ભોગાવો-૧ (નાયકા) ડેમમાં



૫.૮૧ ફુટ પાણીની આવક થઇ છે. લીંબડી ભોગવો-૨માં ૭.૮૧ ફુટ પાણી આવ્યું છે. વાંસલ ડેમમાં ૦.૩૩, મોરસલમાં ૧૫.૭૮, સબુડીમાં ૧૮.૦૪, ત્રિવેણી ખાંગામાં ૨.૬૨, નિંભણીમાં ૨.૧૩ અને ધારી ડેમમાં ૮.૨૦ ફુટ પાણી આવ્યાનું સિંચાઇ વિભાગે કહ્યું છે.

આ રીતે ચોમાસુ બેસવા સાથે રાજકોટ સહિતના જિલ્લાના જળાશયોમાં પાણીની આવક શરૂ થઇ છે. હજુ પણ પુરૂ ચાલુ સપ્તાહ સારા વરસાદની આગાહી હોય જળાશયોમાં વધુ પાણી આવવાની આશા વ્યકત કરવામાં આવી રહી છે.

## પ્રથમ વરસાદમાં જ વિજતંત્રની માઠીદશાઃ ૩૮૦ ભાગોમાં અંધારપટઃ ૮૭૦ ફીડર ઠપ્પ

### રાજકોટ ગ્રામ્યમાં ૬૩ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં ૩૮૧ થાંભલા પડી ગયા

રાજકોટ તા.૧૭

સૌરાષ્ટ્રમાં ચોમાસાનો પ્રથમ વરસાદ જ સાર્વત્રિક અને ભારે રહ્યો હતો. કેટલાંક ભાગોમાં તોફાની પવન પણ ફુંકાયો હતો. પરિણામે વિજતંત્રની માઠી દશા સર્જાઈ હતી. સૌરાષ્ટ્ર-કચ્છમાં ૮૭૩ ફીડર બંધ થઈ ગયા હતા જયારે ૩૮૦ ગામડામાં અંધારપટ છવાયો હતો. ૩૮૧ વિજથાંભલા પણ ધરાશાયી થયા હતા.

પશ્ચીમ ગુજરાત વિજ કંપનીના સૂત્રોએ કહ્યું કે આજે સવારની સ્થિતિએ સૌરાષ્ટ્ર-કચ્છમાં ૮૭૩ વિજફીડરો ઠપ્પ થયા હતા તેમાં સૌથી વધુ ૨૨૧ ફીડર માત્ર ભાવનગર જીલ્લામાં ઠપ્પ થયા હતા. અમરેલીમાં ૧૩૧, સુરેન્દ્રનગરમાં ૧૨૯, બોટાદમાં ૩૬, ભુજમાં ૪૪, જામનગરમાં ૩૪, જુનાગઢમાં ૫૧, પોરબંદરમાં ૨૮, મોરબીમાં ૪૨ તથા રાજકોટ ગ્રામ્યમાં ૭૦ ફીડર ઠપ્પ થયા હતા.

સૌથી વધુ વરસાદ ભાવનગર જીલ્લામાં પડયો હતો જયાં ૧૯૪ ગામડાઓમાં વિજપુરવઠો ખોરવાયો હતો. અમરેલીના ૫૪ સુરેન્દ્રનગરના ૮૧, રાજકોટ ગ્રામ્યના ૧, પોરબંદરના ૯, મોરબીના ૧૨ તથા બોટાદના ૩૯ ગામો વિજળી વિહોણા બન્યા હતા.

આ સિવાય ૩૮૧ વિજથાંભલાને નુકશાન થયુ હતુ. ભાવનગરના ૧૨૮, અમરેલીના ૧૩૬, સુરેન્દ્રનગરમાં ૨૭, બોટાદમાં ૧૪ તથા રાજકોટ ગ્રામ્યમાં ૬૩ થાંભલાને ક્ષતિ પહોંચી હતી. રાજકોટ ગ્રામ્યમાં ચાર ટ્રાન્સફોર્મરને પણ નુકશાન થયુ હતું. અમરેલીમાં ૬, ભાવનગરમાં પાંચ સહિત ૧૬ ટ્રાન્સફોર્મરને નુકસાન હતું.

રાજકોટ શહેરમાં વરસાદ ધીમી ધારે અને હળવો હતો એટલે કોઈ વિજ સમસ્યા સર્જાઈ ન હોવાનો દાવો કરાયો છે.

### ચોમાસુ ફરી ઝડપથી દોડવા લાગ્યુ

## ચોમાસાએ સમગ્ર સૌરાષ્ટ્ર તથા ગુજરાતનો મોટાભાગના વિસ્તાર ‘કવર’ કરી લીધોઃ હજુ સક્રીય રહેશે

### જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઈ પટેલનો નિર્દેશઃ ગુજરાત તથા બંગાળમાં લો-પ્રેસર સક્રીય



રાજકોટ તા.૧૭

નૈઋત્ય નવેસરથી સક્રીય થયા બાદ ફરી કુદકા મારતુ ઝડપભેર આગળ વધવા લાગ્યુ હોય તેમ આજે સમગ્ર સૌરાષ્ટ્ર સહિત ગુજરાતના મોટાભાગના વિસ્તારોને કવર થઈ ગયા હોવાનું જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઈ પટેલે કહ્યુ છે.

તેઓએ આજે કહ્યું કે ચોમાસાની ઉતરીય પાંખ હવે ડીસા પાસેથી પસાર થઈ રહી છે. જે કચ્છના મોટાભાગને કવર કરી રહી છે. ડીસા ૨૪.૪ નોર્થ પર છે જયારે કચ્છ ૨૪.૭ પર છે. આમ હવે માત્ર કચ્છનો નાનકડો ભાગ તથા ડીસા-પાલનપુરથી રાજસ્થાન બોર્ડર સુધીનો ભાગ જ બાકી રહી ગયો છે. બાકીના રાજયના તમામ ભાગો કવર થઈ ગયા છે. બે દિવસમાં સમગ્ર ગુજરાત, અરબી સમુદ્ર, વિદર્ભ, મધ્યપ્રદેશ, છતીસગઢ, ઓડીશાને કવર કરશે.

ચોમાસુ રેખા ડીસા, ઈન્દોર, પંચમઢી, મંડલા, અંબિકાપુર, હઝારીબાગ તથા સુપૌલ પરથી પસાર થાય છે.

ગુજરાતમાં ચોમાસુ હજુ સક્રિય રહેવાની સંભાવના દર્શાવતા તેમણે કહ્યુ કે ગુજરાત રીજીયન તથા આસપાસના વિસ્તારોમાં લો-પ્રેસર સર્જાયેલુ છે તે આવતા ચોવીસ કલાકમાં મોટાભાગે ઉતરદિશામાં આગળ વધવાની સંભાવના છે. આ સિવાય દક્ષિણ પશ્ચીમ બાંગ્લાદેશ અને ગેંગેરિક પશ્ચીમ બંગાળમાં રહેલુ લો-પ્રેસર પણ યથાવત છે. જો પશ્ચીમ-ઉતરપશ્ચીમ તરફ ગતિ કરીને આવતા ૨૪ કલાકમાં વધુ મજબૂત થવાની સંભાવના છે.

# રાજકોટમાં ધીમી ધારે મેઘરાજાનું આગમન : અઢી ઈંચ : ખુશનુમા વાતાવરણ

### ગત સાંજથી ઝરમર શરૂ થયેલો વરસાદ રાત્રે ૧૨ વાગ્યે તૂટી પડયો : સૂર્ય દેવતા ગાયબ : બાળકો રેઈનકોટ અને છત્રી સાથે શાળાએ પહોંચ્યા

રાજકોટ, તા.૧૭

રાજકોટ શહેરમાં ગઇકાલે સાંજથી આજે સવાર સુધીમાં અઢી ઇંચ વરસાદ પડી જતા ઠંડક પ્રસરી ગઇ હતી. મધરાત્રે સારો વરસાદ વરસ્યા બાદ સવારે વરસાદ અટકયો હતો પરંતુ માર્ગો સુકાયા ન હતા અને સવારમાં વિદ્યાર્થીઓ સહિતના લોકો રેઇનકોટમાં જોવા મળ્યા હતા. આજે સવારે પૂરા શહેરમાં ખુશનુમા વાતાવરણ જોવા મળતું હતું.

મહાનગરમાં ગઇકાલ સાંજથી ધીમો વરસાદ શરૂ થયો હતો. રાત્રે ૧૨ વાગ્યે સારૂ એવું જોર દેખાયું હતું. સવાર સુધી ધીમી ધારે વરસાદ હતો. ગઇકાલે સાંજથી આજે બપોર સુધીમાં ઝોનવાઇઝ જોઇએ તો વેસ્ટ ઝોનમાં ૬૭ મીમી, ઇસ્ટ ઝોનમાં ૪૮ મીમી અને સેન્ટ્રલ ઝોનમાં ૫૮ મીમી પાણી પડી ગયાનું ફાયર બ્રિગેડના સુત્રોએ કહ્યું હતું. જોકે વરસાદ ખુબ શાંત અને ધીમી ધારે હોવાથી કયાંય પાણી ભરાવા કે વૃક્ષ પડવા સહિતની કોઇ ફરિયાદો નહીં આવ્યાનું પણ વિભાગે જણાવ્યું હતું. ૨૪ કલાક પૈકીનો બે ઇંચ વરસાદ તો મોડી રાતથી સવાર સુધીનો જ હતો.

છેલ્લા ઘણા દિવસોથી ઉકળાટ અને ગરમીથી પરેશાન રહેલા રાજકોટવાસીઓ આખરે હાલ રાહતનો અનુભવ કરી રહ્યા છે. ગત તા.૧૪ ને શનિવાર સાંજેથી જ મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી રાજકોટમાં થયેલ છે. શહેર તેમજ જિલ્લાના ગ્રામ્ય પંથકોમાં સાંજના ૬ વાગ્યા બાદ વાતાવરણમાં પલટો નોંધાયો હતો. રાજકોટ શહેરમાં સાંજના ૬ વાગ્યાથી લઈ આજે બપોર સુધીમાં અઢી ઇંચ જેટલો વરસાદ વરસ્યો હતો. તે પછીથી સુરજદાદાએ તેના દર્શન દુર્લભ કર્યા છે.



શનિવારે સાંજે પડેલ વરસાદ બાદ રવિવારે મેઘરાજાએ વિરામ લીધો હતો પરંતુ ગઈકાલે સાંજથી જ મેઘરાજાએ ફરી વરસ્યા હતા. શહેરમાં ગઇકાલ સાંજેથી ધીમીધારે વરસાદ શરૂ થયો છે. વરસાદ શરૂ થતાં વાતાવરણમાં થોડી ઠંડક પ્રસરી ગઈ છે, પરંતુ શનિવારે પડેલ વરસાદ બાદ લોકોએ આકરા બફારાનો સામનો પણ કરવો પડ્યો હતો. ગઈકાલ સાંજથી શરૂ થયેલ વરસાદ સતત આખી રાત સતત ધીમીધારે વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. મહાનગરના વિવિધ વિસ્તારોમાં રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા.

### વરસાદથી શહેરના માર્ગો પર પાણી ફરી વળ્યા : આજે પણ વરસાદ વરસે તેવો માહોલ-ટાઢક : હવામાન વિભાગે વધુ વરસાદની આગાહી કરી

શહેરમાં ગઈકાલે વહેલી સવારથી જ વાદળછાયું વાતાવરણ જોવા મળતું હતું. જેની વચ્ચે ધીમી ધારે વરસાદ શરૂ થયો હતો. સાંજે ઝરમર અને રાતભર વરસાદ ધીમીધારે વરસતો રહ્યો હતો. જેને કારણે લોકોએ ઉનાળાની આકરી ગરમીથી થોડી રાહત અનુભવી છે. શહેરના કાલાવડ રોડ, યુનિવર્સિટી રોડ, નાનામવા રોડ, મવડી, પેડક રોડ, ગોંડલ ચોકડી, ૧૫૦ ફૂટ રીંગ રોડ, માધાપર ચોક સહિતના વિસ્તારો વરસાદથી ભીંજાઈ ગયા હતા. ગઈકાલ સાંજે શરૂ થયેલ વરસાદનો પ્રભાવ આજે સવારે પણ અનુભવાયો હતો. જ્યાં શાળાઓમાં વિદ્યાર્થીઓ રેઇનકોટ અને છત્રી સાથે પહોંચી રહ્યા હતા. રાજમાર્ગો પર અને બજારોમાં પણ આજે છત્રી તથા રેઇનકોટ દેખાયા હતા.

**ઝોનવાઇઝ વરસાદ**

ગત સાંજથી આજે બપોર સુધી ઝોનવાઇઝ પડેલો વરસાદ આ મુજબ છે. સેન્ટ્રલ ઝોન ૫૮ મીમી, ઇસ્ટ ઝોન ૪૮ મીમી, વેસ્ટ ઝોન ૬૭ મીમી. કયાંય પાણી ભરાયા કે વૃક્ષ પડયાની ફરિયાદ આવી ન હતી.

## જીલ્લા પંચાયતની જર્જરિત દિવાલ તૂટી પડીઃ આસપાસના મકાનને નુકશાન



રાજકોટ તા.૧૭

રાજકોટ જીલ્લા પંચાયતના નવા બિલ્ડીંગની કામગીરી ચાલી રહી છે તેવા સમયે વરસાદી માહોલમાં જુની-જર્જરીત દિવાલ ધસી પડી હતી. જો કે સદનસીબે કોઈ જાનહાની ન હતી. પરંતુ નજીકના અન્ય એક મકાનને નુકસાન થયુ હતું.

રાજકોટમાં ગઈકાલ સાંજથી એકધારો હળવો વરસાદ વરસી રહ્યો છે. આ દરમ્યાન જીલ્લા પંચાયતની ભીલવાસમાં પાછળના ભાગની જર્જરીત દિવાલ ધસી પડી હતી. જીલ્લા પંચાયતના વર્તમાન બિલ્ડીંગનું નવનિર્માણ થઈ રહ્યું છે. મુખ્ય બિલ્ડીંગ તો તોડી નાખવામાં આવ્યુ છે. કમ્પાઉન્ડ વોલ કે તેને લાગુ દિવાલોનું કામ છેલ્લી ઘડીએ કરવાનુ થતુ હોય છે.

સૂત્રોના કહેવા પ્રમાણે જીલ્લા પંચાયતની કમ્પાઉન્ડ વોલ, ભીલવાસ, યાજ્ઞીકરોડ, પોલીસ કમિશ્નર કચેરી જેવા ભાગમાં આવતી હોય છે. ભીલવાસમાં પડતી દિવાલ ધસી પડી હતી. કોઈ જાનહાની ન હતી. પરંતુ બાજુના મકાન પર દિવાલનો ભાગ પડતા તેમાં નુકશાન થયુ હતું એમ કહેવાય છે કે આ દિવાલ તોડવાના બદલે કુદરતી રીતે જ તૂટી હતી. સદનસીબે જાનહાની ન હોવાથી હાશકારો અનુભવાયો હતો.

### વાલીઓ ધ્યાન રાખે, બાળકો મોત નીચે તો નથી રમી રહ્યા ને...

## રાજકોટમાં રમતા રમતા ચાર વર્ષની બાળકી જીવતા વાયરને અડી જતા વિજ કરંટ લાગ્યોઃ કરૂણ મોત

### રાવકીમાં ચાલુ વરસાદે ટીસી ફાટ્યુ, નીચે રમી રહેલ ૯ વર્ષીય બાળક ગંભીર રીતે દાઝયો, સારવારમાં

રાજકોટ. તા.૧૭

ચોમાસાની સીઝન શરૂ થતા જ ધોધમાર વરસાદ વરસી રહ્યો છે ત્યારે વાલીઓ માટે લાલ બતી સમાન કહી શકાય તેવા કિસ્સાઓ સામે આવી રહ્યાં છે, ગઈકાલે રાજકોટમાં ધોધમાર પડેલ વરસાદ દરમિયાન રૈયા ગામ વિસ્તારમાં એક ચાર વર્ષની બાળકી રમતાં રમતાં જીવતા વાયરને અડી જતા મોતને ભેંટી હતી, જ્યારે રાવકી વિસ્તારમાં ચાલુ વરસાદે ટીસી ફાટતા નીચે રમી રહેલા નવ

(અનુસંધાન ૧૨ મા પાને)

કાર રીમોટ
ઓરીજનલ રીમોટ સેલ (પાવર)
ગેરેંટી સાથે બદલી આપવામાં આવશે.
રાજુ ડીઝીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, ઢેબર રોડ, ભારત પેટ્રોલ પંપની બાજુમાં, રાજકોટ. M.: 94297 85836

Auto E-INVOICE / E-WAY BILL
શ્રી C-POINT
એકાઉન્ટ, બીલીંગ તથા સ્ટોક માટેનો શ્રેષ્ઠ
સૌથી સરળ કોમ્પ્યુટર પ્રોગ્રામ
FOR DEMO : C-POINT
9773428998, 0281-2464241

જોઈએ છે
G737 મેટોડા જી.આઈ.ડી.સી - રાજકોટ
આકર્ષક પગાર ફુલ ટાઈમ
લેથ / શેપીંગ / ઓલરાઉન્ડર
મિસ્ત્રી જોઈએ છે
ગુર્જરને પહેલી પસંદગી
લી ઓટોમેશન
બાયોડેટા ફકત વોટસએપ કરવો
9099911381

પાવરપ્રેસ વેચવાના છે
દિગ્વીજય કંપની જૂજ વપરાયેલ
5 / 10 / 20 / 30 Ton
મેટોડા GIDC
9099911381



### પાકિસ્તાને જે રીતે ઇસ્લામિક બોમ્બ બનાવ્યો હોવાનો દાવો કર્યો હતો તેથી ભારત જ નહીં સૌથી મહત્વનું ભવિષ્યમાં ઇઝરાયલ માટે પણ એક સૌથી મોટુ જોખમ સર્જાયુ છે

# ઇઝરાયલ એક સમયે પાકિસ્તાનની અણુ બોમ્બ ક્ષમતાને પણ ખત્મ કરવા માંગતુ હતું !



**પાકિસ્તાને ઘાસ ખાઇને પણ અણુ બોમ્બ બનાવવાની જાહેરાત કરી હતી કારણ કે તે જાણીતું હતું કે સીધી લડાઇમાં ભારતને કદી તે પરાજીત કરી શકશે નહીં પણ જો અણુ બોમ્બ હશે તો ભારત હુમલાનું જોખમ લેશે નહીં અને તેથી જ ભારતના અણુ કાર્યક્રમના પગલે પાકિસ્તાને પણ અણુ તાકાત મેળવી લીધી અને તેને ઇસ્લામિક બોમ્બ નામ આપ્યું અને તેનાથી ઇઝરાયલ ભડકયું તે જાણતું હતું કે પાકિસ્તાનના અણુ બોમ્બ જો લીબીયા કે અન્ય ઇસ્લામિક દેશોના હાથમાં આવે તો તેનું પ્રથમ નિશાન ઇઝરાયલ જ બનશે અને તેથી જ ઇઝરાયલના તત્કાલીન વડાપ્રધાન બેગીને ભારતના તે સમયના વડાપ્રધાન ઇન્દિરા ગાંધીને પાક.ના અણુમથકોને ખત્મ કરવાની ઓફર કરી હતી**

**ઇરાન પર ઇઝરાયલના હુમલાએ દર્શાવ્યું આપ્યું છે કે ઇઝરાયલ કે અમેરિકા હવે વધુ કોઇપણ મુસ્લિમ દેશ અણુ તાકાત બને તે સ્વીકારશે નહીં અને એ ૧૯૮૦માં એ પણ આયોજન હતું કે પાકિસ્તાનની અણુ ક્ષમતાને તોડી પાડવામાં આવે આ માટે ઇઝરાયલે ભારતને ઓફર કરી હતી જામનગર અને ઉધ્ધપુરના એરબેઝ પરથી હુમલાની બ્લુ પ્રિન્ટ પણ બની ગઇ હતી અને આ માટે ઇઝરાયલી હવાઇ દળના એફ-૧૬ સહિતના ફાઇટર વિમાન તૈયાર હતા અને ભારતના જગુઆરની પણ પાકિસ્તાનમાં ઉંડે જઇને તૈયારી હતી પણ અચાનક જ શા માટે આ પ્લાન કેન્સલ થયો ?**

એક સમાચારે દુનિયાને ચોંકાવી દીધા જેમાં ઇરાનીયન સ્ટેટ ટેલીવિઝનના એક કાર્યક્રમ સમયે ઇરાનના એક ટોચના ઓફિસર જનરલ મોહસીન રેઝીએ એવો દાવો કર્યો કે જો ઇઝરાયલ ઇરાન ઉપર હુમલા વધારશે અને મધ્ય પૂર્વમાં તનાવ વધશે તો પાકિસ્તાન ઇરાન ઉપર અણુ બોંબ ફેંકી શકે છે. તેમણે એમ પણ કહ્યું કે પાકિસ્તાનને અમને આ ખાતરી આપી છે. આ વાકય બોલનાર ઇરાનના રેવોલ્યુશનરી ગાર્ડ કોર્પના સીનીયર અધિકારી છે અને નેશનલ સિકયુરીટી કાઉન્સીલના સભ્ય પણ છે. જોકે પાકિસ્તાને પોતે આવું કોઇ કરવા કહ્યું હોવાનો ઇન્કાર કર્યો પરંતુ એ વાસ્તવિકતા છે કે આજે જેમ ઇરાનનો અણુ કાર્યક્રમ એ ઇઝરાયલ અને અમેરિકા માટે સૌથી મોટું જોખમ બની ગયું છે અને તેના કારણે જ ઇઝરાયલે હવે ઇરાનના અણુ કાર્યક્રમને અને તેની લશ્કરી તાકાતને પૂરી રીતે તોડી પાડવા માટે અભિયાન છેડયું છે. પરંતુ ઇસ્લામિક દેશોમાં એક માત્ર પાકિસ્તાન જ અણુ બોમ્બ ધરાવે છે તેને ભુતકાળમાં ઇસ્લામિક બોમ્બ તરીકે પણ નામ આપ્યું હતું આમ કહીને પાકિસ્તાને મુસ્લિમ દેશો માટે પોતે અણુ રાષ્ટ્ર બન્યું છે તેવો સંદેશ આપવા પણ પ્રયત્ન કર્યો અને સૌથી વધુ જોખમ ભારત માટે જ છે કે પાકિસ્તાને ભારતના અણુ કાર્યક્રમના પગલે પોતે ઘાસ ખાઇને પણ અણુ બોમ્બ બનાવશે તેવી જે શેખી મારી હતી તેને વાસ્તવિકતા બનાવી છે. પરંતુ એક સમયે ઇઝરાયલના ટાર્ગેટ પર પાકિસ્તાનનો અણુ કાર્યક્રમ હતો અને કદાચ ભવિષ્યમાં હોઇ પણ શકે છે.

વાસ્તવમાં એક નવા સનસનીખેજ ધડાકા મુજબ ૧૯૮૦માં ઇઝરાયલે જ પાકિસ્તાનના કાહુટા અણુ મથકને ઉડાવી દેવાની ભારત સમક્ષ ઓફર કરી હતી અને આ વાત ધ ગ્લોબલ વેપનર્સ કોન્સ્પીરન્સીમાં બે લેખક એડ્રીલીયન લેવી અને કેથરીન સ્કોટ-કલાર્કએ લખી છે અને તેમાં જણાવાયું છે કે પાકિસ્તાને જે રીતે ઇસ્લામિક બોમ્બ બનાવ્યો હોવાનો દાવો કર્યો હતો તેથી ભારત જ નહીં સૌથી મહત્વનું ભવિષ્યમાં ઇઝરાયલ માટે પણ એક સૌથી મોટુ જોખમ સર્જાયુ હતું. ઇઝરાયલના પ્લાન મુજબ આ માટે અમેરિકી લડાયક વિમાન એફ-૧૬ તથા એફ-૧૫નો તે સમયે ઉપયોગ કરવાનો હતો અને તે માટે જામનગર અને ઉધ્ધમપુર એમ બે એરબેઝ કે ભારત હવાઇ દળના છે તેનો ઉપયોગ કરીને આ હુમલો કરી શકયો હતો અને ભારતે તેમાં પાકિસ્તાન ઉપર અંદર સુધી સ્ટ્રાઇક કરવા જેગુઆર વિમાનને તૈયાર રાખવાના હતા વાસ્તવમાં ૧૯૮૧માં જ ઇઝરાયલે બાદમાં ઇરાકના ઓસીરાક રીએકટર પર હુમલો કર્યો હતો અને ઇઝરાયલે ભારતને આ ઓફર કરી તે સમયે શ્રીમતી ઇન્દિરા ગાંધી દેશના વડાપ્રધાન હતા અને એક તબક્કે તે પ્લાન મંજૂર પણ કર્યો હતો. પરંતુ બાદમાં તેણે એટલા માટે મુલત્વી રાખ્યો કે તેઓ આ યશ રાજીવ ગાંધીને આપવા માંગતા હતા ઇન્દિરાએ તે સમયે પોતાના વારસદાર તરીકે રાજીવ ગાંધીને તૈયાર કરવાની શરૂઆત કરી દીધી હતી અને તેઓ માનતા હતા કે બહુ જલ્દી રાજીવને તેઓ સુકાન સોંપી શકે છે. પરંતુ તે સમય પછી કદી આવ્યો જ નહીં.

ઇઝરાયલે જોકે આ પ્લાન હવામાં ન બનાવ્યો હતો તેણે અગાઉ પાકિસ્તાનના અણુ મથક અને પાકિસ્તાનની ક્ષમતાની એક બ્લુ પ્રિન્ટ પણ તૈયાર કરી હતી. વાસ્તવમાં ઇઝરાયલ પાકિસ્તાનના અણુ કાર્યક્રમને ખત્મ કરવા ભારતથી પણ વધુ આક્રમક હતું અને ૧૯૬૫ તથા ૧૯૭૧ના યુધ્ધમાં પરાજીત થયા બાદ પાકિસ્તાન અણુ બોમ્બ બનાવવા કોઇપણ ભોગે આગળ વધવા માંગતુ હતું અને તે સમયના પાકિસ્તાનના વડાપ્રધાન ઝુલ્ફીકાર અલી ભુટ્ટોએ પણ કહ્યું હતું કે ઘાસ ખાઇને પણ અમે અણુ બોમ્બ બનાવશું કારણ કે તેને એક ખાતરી હતી કે એક વખત પાકિસ્તાન અણુ રાષ્ટ્ર બની જાય તો ભારત તેના પર હુમલો કરવાની કદી ભુલ કરશે નહીં અને સંભવત: પાકિસ્તાનની આ વ્યુહરચના સાચી પણ હતી. ૧૯૭૧ બાદ કદી પણ ભારત અને પાકિસ્તાન વચ્ચે પૂર્ણ યુધ્ધ થયું નથી. ૧૯૯૯ની કારગીલ લડાઇ એ જુદી બાબત હતી. પરંતુ હાલના ઓપરેશન સિંદુર સમયે પણ પાકિસ્તાને ભારતને અણુબોમ્બની ધમકી આપી હતી તે વાસ્તવિકતા છે.

**સ્પોટ-લાઇટ**
**કે.આર.**
krisht555@gmail.com

જોકે પાકિસ્તાન કરતા ભારત વહેલું અણુ રાષ્ટ્ર બની ગયું ૧૯૭૪માં તત્કાલીન વડાપ્રધાન ઇન્દિરા ગાંધીએ પહેલો અણુ ધડાકો કર્યો તેનાથી અમેરિકા પણ સમસમી ઉઠી હતી. જોકે બાદની મોરારજી દેસાઇ સરકાર એ તે કાર્યક્રમને વધુ આગળ વધવા દીધો નહીં તે અલગ બાબત છે અને પાકિસ્તાનને પોતાનો ઇસ્લામિક બોમ્બ બનાવવાની તક પણ આપી દીધી હતી.

ભારતમાં તે સમયે રાજકીય સ્થિરતા સતત ચાલુ હતી. ૧૯૭૮માં ઇન્દિરાના પરાજય અને ત્યારબાદ મોરારજી દેસાઇ તેમજ ચરણસિંઘ સહિતની સરકાર આવીને ગઇ ભલે ચૌધરી ચરણસિંઘે ૪૯ દિવસ જ રાજ કર્યુ પરંતુ તે સમયે ઇઝરાયલના વડાપ્રધાન બેગીને પણ બ્રિટીન વડાપ્રધાન માર્ગરિટ થેચરને પત્ર લખીને પાકિસ્તાનના અણુ કાર્યક્રમ અંગે ચિંતા વ્યકત કરી હતી.

**શા માટે ઇન્દિરાએ પીછેહઠ કરી તેના પણ અનેક કારણો છે તે જ સમયે સોવિયેટ સંઘે અફઘાનિસ્તાનમાં ઘુસણખોરી કરી હતી અને અમેરિકા માટે પાકિસ્તાન મહત્વનું બની ગયું હતું, ભારતમાં પણ આંતરીક રીતે એક તરફ પંજાબમાં ત્રાસવાદ વધી રહ્યો હતો અને બીજી તરફ કાશ્મીર પણ વધુ સળગવાનું શરૂ થયું હતું, ઇન્દિરા માનતા હતા કે એક વખત ઇઝરાયલ હુમલો કરીને ખસી જશે પણ પરિણામ ભારતને જ ભોગવવાના આવશે તેથી જ તેઓએ આંતરિક રીતે ભારતની પરિસ્થિતિ ઉપર કાબુ લેવાનો નિર્ણય લીધો, ઇઝરાયલના વડાપ્રધાને બ્રિટનના તે સમયના વડાપ્રધાન માગરિટ થેચર સમક્ષ પણ પાકિસ્તાનના અણુ બોમ્બ અંગે ચિંતા વ્યકત કરી હતી**

ખાસ કરીને પાકિસ્તાન અને લીબીયા વચ્ચે જે નજીકના સંબંધ હતા તેથી ઇઝરાયલનો ડર હતો કે પાકિસ્તાન તે સમયના લીબીયાના વડા કર્નલ ગદ્દાફીને અણુ બોમ્બ સોંપશે અને જો તેમ થાય તો તે ઇઝરાયલ માટે પણ મોટું જોખમ હશે અને તેથી જ તે પાકિસ્તાનના અણુ કાર્યક્રમને ખત્મ કરવા માટે આતુર હતું.

અને ઇઝરાયલ તેમાં સાચુ પણ પડયું એક વર્ષ બાદ જ પાકિસ્તાનના અણુ કાર્યક્રમના માસ્ટર માઇન્ડ અણુ વૈજ્ઞાનિક અબ્દુલ કાદીર ખાને આ અણુ ટેકનોલોજી લીબીયા અને અનેક દેશોને વેંચી હોવાનો પણ બહાર આવ્યું હતું. ઇઝરાયલની તે સમયને બેગીન સરકારે ઇરાકના ઓસીરાકના મથક પર હુમલો કર્યો અને તેમને ભય હતો કે સદામ હુસેન પણ અણુ શસ્ત્ર બનાવવા માંગે છે જોકે બાદમાં તેમાં ઘટસ્ફોટ થયો કે સદામ હુસેન પાસે કદી આવી ટેકનોલોજી હતી જ નહીં પરંતુ ઇઝરાયલ જાણતું હતું કે જો કોઇ ઇસ્લામિક દેશ અણુ રાષ્ટ્ર બનશે તો તેનું મુળ પાકિસ્તાનમાં હશે અને તે સમયના પાકિસ્તાનના લશ્કરી શાસક તરીકે ઝીયા ઉલ હકક હતા જેઓ પણ ઇસ્લામિક શાસક તરીકે પોતાને ઓળખાવવામાં જરા પણ સંકોચ રાખતા ન હતા.

પ્રશ્ન એ છે કે શા માટે ઇન્દિરા ગાંધીએ ઇઝરાયલના આ પ્લાનને મંજૂર રાખ્યો નહીં પરંતુ તે માટે તેમની પાસે અનેક કારણો હતો ખાસ કરીને પંજાબમાં ત્રાસવાદ સતત વધી રહ્યો હતો એટલું જ નહીં અફઘાનિસ્તાનમાં સોવિયેટ સંઘની ઘુષણખોરી અને અમેરિકાએ જે રીતે તેને ખદેડવા માટે પાકિસ્તાનનો સહયોગ લીધો તેના કારણે પણ પરિસ્થિતિ જુદી બની હતી. જમ્મુ કાશ્મીર પણ ઉકળી રહ્યું હતું. ખાસ કરીને જમ્મુ કાશ્મીર લીબ્રેશન ફંડના સ્થાપક મકબુલ ભાટને જે રીતે ફાંસીએ ચડાવ્યા તે પછી ઇન્દિરા માટે પડકાર વધ્યા હતા અને સીયાચીન ગ્લેશીયરમાં પણ પાકિસ્તાન સાથે ભારતને ટકકર વધી ગઇ હતી. બીજી વાત એ પણ હતી ઇઝરાયલ એક વખત હુમલો કરીને ખસી જશે પણ તેના પરિણામ ભારતને જ ભોગવવા જ પડશે અને પાકિસ્તાન એટલું ક્ષમતા નહીં ધરાવતું હોય કે તે છેક ઇઝરાયલ પર જઇને હુમલો કરી શકે છે. આ ઉપરાંત ભારતને તે સમયે અમેરિકા સાથે પણ ડીલ કરવાની હતી અફઘાનિસ્તાનના પગલે અમેરિકા અને પાકિસ્તાનની દોસ્તી જામી હતી અને એક અહેવાલ એવા પણ છે કે અમેરિકી જાસુસી એજન્સી સીઆઇએના એજન્ટે આ અંગે પાકિસ્તાનને માહિતી આપી હતી પાકિસ્તાન તેની સામે તૈયારી કરવા અમેરિકા પાસેથી એફ-૧૬ ફાઇટર વિમાન મેળવી લીધા હતા. બાદમાં ૧૯૮૪માં ઇન્દિરા ગાંધીની હત્યા તથા ૧૯૮૮માં ઝીયા ઉલ હકક પણ માર્યા ગયા પછી આ પ્લાન ઉપર કાયમ માટે પડદો પડી ગયો અને પાકિસ્તાનનો અણુ કાર્યક્રમ આગળ વધ્યો જેના કારણે આજે પણ પાકિસ્તાન ભારતને અણુ ધમકી આપી શકે છે.

# સ્વ.વિજયભાઇ રૂપાણીની પ્રાર્થના સભાઃ શહેરીજનોની પુષ્પાંજલી













દિવંગત મુખ્યમંત્રી તથા રાજકોટના પનોતા પુત્ર સ્વ. વિજયભાઇ રૂપાણીની આજે મેઘાવી માહોલ વચ્ચે રેસકોર્ષ મેદાનમાં પ્રાર્થનાસભાનો પ્રારંભ થયો છે અને રાજકોટના શહેરીજનો તેમના આ દિવંગત નેતાને શ્રદ્ધાંજલી આપવા ઉમટયા છે. સ્વ. રૂપાણીને ગઇકાલે જ અંતિમ વિદાય આપવામાં આવી હતી. આજે પ્રાર્થનાસભા બાદ હવે ગુરૂવારે ગાંધીનગરમાં બે અલગ અલગ પ્રાર્થનાસભા યોજાશે. આજે પ્રાર્થનાસભામાં વિવિધ ધર્મ સંપ્રદાયના સાધુ-સંતો પણ ઉપસ્થિત રહ્યા હતા તથા દિવંગતને શ્રદ્ધાસુમન તથા પરિવારજનોને સાંત્વના પાઠવી હતી.

(તસ્વીરઃ પંકજ શિશાંગીયા)

# વિજ્ઞાપનની કમાણીમાં વિશ્વમાં સ્ટીફન નંબર-૧

પોર્ટુગલનો લેજન્ડરી ફૂટબોલર ક્રિસ્ટીયાનો રોનાલ્ડો વર્ષ ૨૦૨૪માં સૌથી વધુ કમાણી કરનારો ખેલાડી હતો, પરંતુ શું તમે જાણો છો કે બાસ્કેટબોલ ખેલાડી સ્ટીફન કરી અને બેઝબોલ ખેલાડી શોહેડ ઓહતાની જાહેરાતોમાંથી થતી કમાણી સૌથી વધારે છે.




## સ્ટીફન અને ઓહતાની કુલ કમાણીમાં પાછળ

અમેરિકામાં બાસ્કેટબોલ અને બેઝબોલ સૌથી વધુ લોકપ્રિય છે અને અહીંનું બજાર પણ વિશાળ છે. આ કારણે સ્ટીફન કરી અને શોહે ઓહતાની વિજ્ઞાપનમાં કિંગ છે. પરંતુ ફૂટબોલ એ વિશ્વની સૌથી લોકપ્રિય રમત છે. આ કારણે સૌથી વધુ કમાણીમાં રોનાલ્ડો સૌથી આગળ છે.

| ખેલાડી | કમાણી | રમત |
|---|---|---|
| ક્રિસ્ટિયાનો રોનાલ્ડા | ૨૩૭૧ કરોડ રૂપિયા | ફુટબોલ |
| સ્ટીફન કરી | ૧૩૪૫ કરોડ રૂપિયા | બાસ્કેટબોલ |
| સોહી ઓહતાની | ૮૮૯ કરોડ રૂપિયા | બેઝબોલ |

# ભાવનગર પંથકમાં મેઘ કહેરથી હાલત ખરાબ : કાળુભાર નદીનું રૌદ્ર રૂપ-૬૦ લોકો ફસાયા

## મલગાણા ગામે પાંચ લોકો ફસાયા, બચાવવા જતા રેસ્કયુ ટીમ પણ અટવાઇ

**છેલ્લા સમાચાર**

ભાવનગર પંથકમાં એકધારા ભારે વરસાદના કારણે હાલત ખરાબ થઇ રહી હોય તેમ અનેક ગામોમાં વિકટ સ્થિતિનું નિર્માણ થયું છે. કાળુભાર નદીનું રૌદ્ર સ્વરૂપ બન્યું હતું. નદીના પાણી થાપનાથ ગામમાં ઘુસી જતા ૬૦ લોકો ફસાઇ ગયા હતા. સમગ્ર ગામ પાણીમાં ગરકાવ બન્યું છે અને લોકો ઉંચા મકાનોમાં ચડી ગયા છે.

ગામમાં પહોંચવાની સ્થિતિ ન હોવાથી રેસ્કયુ ઓપરેશન પણ પડકારરૂપ બન્યું છે. આ સિવાય મલગાણા ગામમાં પણ નદીના પાણીમાં પાંચ લોકો ફસાતા તેને બચાવવા ઓપરેશન હાથ ધરાયું હતું તેમાં રેસ્કયુ ટીમ પણ ફસાઇ ગઇ હતી. તમામને બહાર કાઢવા પ્રયાસો હાથ ધરાયા છે. શેત્રુંજય નદી આસપાસ પણ અનેક ગામો સંપર્કવિહોણા બન્યા છે.